નંબર કેએચ/એસએચએમસી/-/એજેઆર/આઇડીઆર/૭૭૯/૯૮.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કોન્ટ્રાકટરશ્રી રામચરણ માલી (કલરવાળા) કલોલ અને તેના કામદારશ્રી શ્યામ બિહારી દર્શનલાલ શ્રીવાસ્તવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૭૭) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ (૧) ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. કે. પરમાર, મદદનીશ મજુર કમિશનર, મહેસાણા મજુર અદાલત-કલોલને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી શ્યામ બિહારી દર્શનલાલ શ્રીવાસ્તવને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

મહેસાણા, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯.

આર. કે. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
મહેસાણા.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/-/એજેઆર/આઇડીઆર/૭૮૦/૯૮.-મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કોન્ટ્રાકટરશ્રી રામચરણ માલી (કલરવાલા) કલોલ અને તેના કામદારશ્રી ગજેદસિંહ મદનસિંહ શ્રીવાસ્તવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ (૧) ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમને સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હુ, શ્રી આર. કે. પરમાર, મદદનીશ મજુર કમિશનર, મહેસાણા મજુર અદાલત-કલોલને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગજેન્દ્રસિંહ મદનસિંહ શ્રીવાસ્તવને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ?

મહેસાણા, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯.

આર. કે. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
મહેસાણા.

INDEX

મદદનીશ મજુર કમિશ્નર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમપીસી/-/એનએસ/આઇડીઆર/૧૯૮/૯૮.-મદદનીશ મજુર કમિશ્નરનો એવો અભિપ્રાય થયો છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શક્તિ સીરામીક વર્કસ પ્રા.લી., પીલવાઇ અને તેના કામદારશ્રી પ્રતાપભાઇ મોહનભાઇ ભટ્ટી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૯-(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ (૧) ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશ્નરોને તેમને સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. કે. પરમાર, મદદનીશ મજુર કમિશ્નર, મહેસાણા મજુર અદાલત-કલોલને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસુચિ

શ્રી પ્રતાપભાઇ મોહનભાઇ ભટ્ટીને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?

મહેસાણા, તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૯.

આર. કે. પરમાર,
મદદનીશ મજુર કમિશ્નર,
મહેસાણા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY, FEBRUARY 14, 2002/MAGHA 25, 1923 [No. 7

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૨.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૫/૨૦૦૨-એજેએસ-૧૦૯૯-એફઆર-૪૪-મ(૨).–આ વિભાગના તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૯ના હુકમ ક્રમાંક કેએચઆર-૧૯૬-એજેએસ-૧૦૯૯-એફઆર-૪-મ(૨) અન્વયે ''એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ લી., રણોલી'' અને તેના કામદારો ચ્ચેની તકરાર બાબતે સમાધાન અધિકારી, વડોદરાના કન્સીલીએશન કેસ નં. ૨૪/૯૯ ાય નિર્ણય અર્થે વડોદરા ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ ને સોંપાયેલ છે.

INDEX

અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઇસીસ લી. કંપની હેઠળના ધારા હેઠળ અલગ અલગ રીતે નોંધાયેલ જુદા જુદા યુનિટ કાર્યરત છે. જેમાંના એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ યુનિટના કામદારો અન્ય યુનિટ એટલે કે સારાભાઈ કેમીકલ્સ યુનિટમાં ટ્રાન્સફર થતાં તે કામદારો સારાભાઈ કેમીકલ્સના કામદારો બને છે. આમ આ સંજોગોમાં ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા ખાતેના અનિર્ણિત કન્સીલીએશન કેસ નં. ૨૪/૯૯ માંના પક્ષકાર એસ. જી. ફાર્માસ્યુટીકલ્સના બદલે ''સારાભાઈ કેમીકલ્સ'' નામ બદલવા / સુધારવા બાબતે મદદનીશ મજુર કમિશનરશ્રી, વડોદરાના અભિપ્રાય મેળવવામાં આવેલ છે. આ અભિપ્રાય ધ્યાને લેતાં, ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા ખાતેના કન્સીલીએશન કેસ નં. ૨૪/૯૯ સંબંધમાં હાલના અનિર્ણિત તબક્કેથી આગળની કાર્યવાહી માટે હવે પછી પક્ષકારનું નામ ''એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ લી. રણોલી'' ના બદલે ''મે. સારાભાઈ કેમીકલ્સ લી.'' સુધારીને વાંચવું.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એલ. જોશી,
સેકશન અધિકારી.

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૦૨.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૧૬/૨૦૦૨-એજેએસ-૧૦૯૯-એફઆર-૪૧-મ(૨).–આ વિભાગના તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૯ના હુકમ ક્રમાંક કેએચઆર-૨૦૫-એજેએસ-૧૦૯૯-એફઆર-૪૧-મ(૨) અન્વયે ''એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ લી., રણોલી'' અને તેના કામદારો વચ્ચેની તકરાર બાબતે સમાધાન અધિકારી, વડોદરાના કન્સીલીએશન કેસ નં. ૪૬/૯૯ ન્યાય નિર્ણય અર્થે વડોદરા ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ ને સોંપાયેલ છે.

INDEX

અંબાલાલ સારાભાઈ એન્ટરપ્રાઇસીસ લી. કંપની ધારા હેઠળ અલગ અલગ રીતે નોંધાયેલ જુદા જુદા યુનિટ કાર્યરત છે. જેમાંના એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ યુનિટના કામદારો અન્ય યુનિટ એટલે કે સારાભાઈ કેમીકલ્સ યુનિટમાં ટ્રાન્સફર થતાં તે કામદારો સારાભાઈ કેમીકલ્સના કામદારો બને છે. આમ આ સંજોગોમાં ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરા ખાતેના અનિર્ણિત કન્સીલીએશન કેસ નં. ૪૬/૯૯ માંના પક્ષકાર એસ. જી. ફાર્માસ્યુટીકલ્સના બદલે ''સારાભાઈ કેમીકલ્સ'' નામ બદલવા / સુધારવા બાબતે મદદનીશ મજુર કમિશનરશ્રી, વડોદરાના અભિપ્રાય મેળવવામાં આવેલ છે. આ અભિપ્રાય ધ્યાને લેતાં, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરા ખાતેના કન્સીલીએશન કેસ નં. ૪૬/૯૯ સંબંધમાં હાલના અનિર્ણિત તબક્કેથી આગળની કાર્યવાહી માટે હવે પછી પક્ષકારનું નામ ''એસ. જી. ફાર્માસ્યુટીકલ્સ લી. રણોલી'' ના બદલે ''મે. સારાભાઈ કેમીકલ્સ લી.'' સુધારીને વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એલ. જોશી,
સેકશન અધિકારી.

ભાગ ૧ - એલ

અસાધારણ રાજ્યપત્રની યાદી

(ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૩૦મી જુન, ૧૯૮૭ના ઠરાવ ક્રમાંક મદન/૧૦૮૫/૫૨૯૫/ડ, ના આધારે).

તારીખ ૩, ૧૦, ૧૭, ૨૪, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૦૨ના રોજ પુરા થયેલા અઠવાડીયામાં નીચે જણાવેલ ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રો પ્રસિદ્ધ થયેલા છે.

INDEX

અનુ. નંબર ૧	અસાધારણ રાજ્યપત્રનો ક્રમાંક અને તારીખ ૨	જાહેરાતનો નંબર અને તારીખ ૩	વિભાગ અથવા કચેરી ૪	વિષય (ટૂંકી વિગત) ૫
1	Extra No. 1 2-1-2002	કેએચઆર-૨૦૦૧-૨૨૫-આઇડીએ-૧૬૮૧-૧૦૬૮૫-મ-(૪), તા.૩૧-૧૨-૨૦૦૧.	શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	
2	Extra No. 2 2-1-2002	કેએચઆર-૨૦૦૧-૨૨૬-આઇડીએ-૧૦૯૭-૫૫૯૫-મ-(૪), તા.૩૧-૧૨-૨૦૦૧.	"	
3	Extra No. 3 19-1-2002	કેએચઆર-૨૦૦૨-૬-આઇડીએ-૧૦૯૬-૯૯-મ-(૪), તા.૧૭-૧-૨૦૦૨.	"	
4	Extra No. 4 21-1-2002	KH-S H M C-33596-MWA-6 dt. 17-1-2002 કેએચ-એસએચએમસી-૩૩૫૯૬. તા.૧૭-૧-૨૦૦૨.	Deputy Comm. of Labour and Comp. Auth., Ahmedabad. નાયબ મજૂર કમિ.અને લ.વે. અન્વયે સક્ષમ અધિકારી, અમદાવાદ.	
5	Extra No. 5 22-1-2002	કેએચઆર-૨૦૦૨-૮-આઇડીએ-૨૦૦૦-૪૨૫૯-મ-(૪), તા.૧૯-૧-૨૦૦૨	શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	

૧	૨	૩	૪	૫
6	Extra No. 6 24-1-2002	કેએચઆર-૨૦૦૨-૯-આઇડીએ-૨૦૦૧-૧૨૯૧-મ-(૪), તા.૨૨-૧-૨૦૦૨.	શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	
7	Extra No. 7 29-1-2002	કેએચઆર-૨૦૦૨-૧૧-બીઆઇઆર-૨૦૦૦-૨૭૬૨-મ-(૪), તા.૨૫-૧-૨૦૦૨.	"	
8.	Extra No. 8 29-1-2002	KHR-12-2002-MWA-102001-700-M(2), Dt. 25-1-2002.	Labour and Employment Deptt., Sachivalaya, Gandhinagar.	

I-L-470

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 7, *Gujarat Government Gazette,* Part I—L dated 14th February, 2002, and for pages VAD-3013 to VAD-3444 (in 1 set) *read* page Nos. 3687 to 4118.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૭ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૦૧૩ થી વીએડી-૩૪૪૪ (૧ બંચમાં) ને પાન નંબર ૩૬૮૭ થી ૪૧૧૮ વાંચવા.

Vadodara, 14th February, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૪૮૨/૫.૫/આઇડીઆર/એજે/એચ/૭૨/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હોટલ ઈન્દર રેસીડન્સી, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામ ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ ૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઅં (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯ ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરત સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુ કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૪, અમદાવાદને સદર તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોનું વર્ગીકરણ અને નીચે મુજબનો પગ ધોરણો આપવા જોઈએ કે કેમ ?

(ક) બહુકુશળ : ૨૦૦૦-૨૦૦-૩૦૦૦-૩૦૦-૪,૫૦૦/-

(ખ) કુશળ : ૧૫૦૦-૧૫૦-૨૪૦૦-૨૦૦-૩,૪૦૦/-

(ગ) અર્ધકુશળ : ૧૨૦૦-૧૦૦-૧૩૦૦-૧૫૦-૨,૬૦૦/-

(ઘ) બીનકુશળ : ૧૦૦૦-૭૫-૧૩૫૦-૧૦૦-૨,૨૫૦/-

INDEX

(૨) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને અમદાવાદ શહેરના મીલ કામદારોને આપવામાં આવતાં મોંઘવારી ભથ્થાનાં ધોરણે મોંઘવારી ભથ્થું કેટેગરી પ્રમાણે દર માસે આપવું જોઈએ કે કેમ ?

(ક) બહુકુશળ	: ૨૦૦૦/-
(ખ) કુશળ	: ૧૫૦૦/-
(ગ) અર્ધકુશળ	: ૧૨૦૦/-
(ઘ) બિનકુશળ	: ૧૦૦૦/-

3) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે ટેરીકોટનના ૪ જોડી યુનિફોર્મ, ૪ પેન્ટ, ૪ શર્ટ તેમજ દર માસે રૂા. ૨૦૦/- ધોલાઈ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

૪) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને માસિક ૪ નંગ ઈન્ટરનેશનલ લક્સ સાબુ, આપવા જોઈએ કે કેમ ?

૫) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે ૨(બે) જોડી બાટાના બુટ, ૪ જોડી પગના મોજા, ૧ જોડી ગરમ કાપડનો શુટ તેમજ ૧ જોડી રેઈનકોટ આપવા જોઈએ કે કેમ ?

;) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હકકરજા અને હકક રજાઓ ૨૪૦ દિવસ સુધી જમા કરી શકે તે રીતે આપવી જોઈએ કે કેમ? ૨૪૦ દિવસ કરતાં વધુ રજા જો કામદારના ખાતામાં જમા થાય તો તેટલી રજાના રોકડ નાણાં ચુકવી આપવા જોઈએ કે કેમ ?

)

) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે ૨૦ દિવસની કેજ્યુઅલ રજા, ૩૦ દિવસની માંદગીની રજા તેમજ ૨૦ દિવસની તહેવારની રજા ભર પગારે આપવી જોઈએ કે કેમ ?

) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને માસિક રૂા. ૫૦૦/- ઘરભાડા તરીકે આપવા જોઈએ કે કેમ ?

) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર મહિને રૂા. ૩૦૦/- મુસાફરી ભથ્થાં તરીકે આપવા જોઈએ કે કેમ ?

) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર માસે સ્પે. ડ્યુટી એલાઉન્સ રૂા. ૩૦૦/- આપવા જોઈએ કે કેમ ?

INDEX

(૧૩) સંસ્થામાં જે કામદારો રુમ એટેન્ડેન્ટની કામગીરી સંભાળતા હોય તેવા તમામ કામદારોને દર માસે રૂા. ૨૫૦/- સ્પે. ડ્યુટી એલાઉન્સ પેટે આપવા જોઈએ કે કેમ?

(૧૪) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને દર વર્ષે રૂા. ૫૦૦/- એલ. ટી. સી. આપવું જોઈએ કે કેમ ?

(૧૫) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને સામાજીક, ધાર્મિક પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- ની લોન વગર વ્યાજે આપવી જોઈએ કે કેમ ? અને ૪૦ હપ્તેથી વસુલ કરવી જોઈએ કે કેમ ?

(૧૬) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો જ્યારે તેઓની ફરજ પર હોય ત્યારે વિનામૂલ્યે જમવાનું આપવું જોઈએ કે કેમ ?

(૧૭) જે કામદારોને સ્પે. સર્વીસમાં બહાર મોકલવાનો હોય કે બીજા કારણોસર બહાર મોકલવાનો હોય તેમને દરરોજનું રૂા. ૨૫૦/- દૈનિક ભથ્થું તેમણે કરેલ મુસાફરીનો ખર્ચ પૂરેપૂરો ચુકવી આપવો જોઈએ કે કેમ ?

(૧૮) સંસ્થામાં કામ કરતાં તમામ કામદારો જે તે જગ્યાએ કામ કરતાં હોય અને જ્યારથી કામ કરતાં હોય ત્યારથી તે જગ્યાએ કાયમી કરી કાયમી પાસ આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૪૮૩/૫.૫/આઇડીઆર/એજે/ડી/૨૨/૯૭.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી દિનેશ મીલ્સ લી., બડકોદરા, તા. અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા

ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર-૨, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૨(૨) : ફીક્સ મોંઘવારી ભથ્થુ :-

તમામ કામદારોને દર માસે કામના ૨૬ દિવસો માટે રૂા. ૯૦૦/- ફીક્સ મોંઘવારી ભથ્થુ ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩(૪) : એજ્યુકેશન એલાઉન્સ :-

કામદારોને અને તેમના બાળકોના ઉતરોત્તર કેળવણીની પ્રગતિ માટે દર માસે રૂા. ૧૦૦/- એજ્યુકેશન એલાઉન્સ તરીકે ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં.૩ (૬) : લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ :- તમામ કામદારોને દર વર્ષે રૂા. ૫૦૦૦/- લીવ ટ્રાવેલ એલાઉન્સ તરીકે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪(૩) : માંદગીની રજા :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને ૧૦ માંદગીની રજાઓ આપવી. આવી રજાઓ ૯૦ દિવસ સુધીની ભેગી કરવા દેવી ત્રણ કે ત્રણથી વધુ રજા ડોક્ટરી પ્રમાણપત્રના આધારે મંજુર કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪(૬) : નિમણુંકપત્ર-કામનું વર્ગીકરણ :- કામદારોને નીમણુંકપત્ર આપવામાં આવેલ ન હોય જે તમામ કામદારોને આપવા, ક્યા કામદારને ક્યો હોદ્દો આપવો તે ક્યા હોદ્દા પાસેથી શું શું કામ લેવુ તે, દરેક ખાતામાં કે વિભાગમાં ક્યા હોદ્દાના કેટલા કામદારોની જરૂરીયાત છે તે તેમજ કામદારોનો પાછલો અનુભવ, અભ્યાસ, વર્તમાન અનુભવ, કામનો પ્રકાર ધ્યાનમાં લઈ કામનું વર્ગીકરણ મીલ/યુનીયને વાટાઘાટો દ્વારા નક્કી કરવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૮ લોન :- હાલ મીલમાં કામ કરતાં કામદારોને લોન આપવામાં આવતી નથી કે લોન આપવા માટે કોઈ નીતીનિયમો નક્કી કરેલ ન હોય હવે પછી નીચે મુજબની લોનો આપવી. દર વરસે કેટલા કામદારોને અને કેવી રીતે લોન આપવી તે યુનીયન સાથે વાટાઘાટો દ્વારા કરવું જોઈએ કે કેમ ?

(૮) ૧ હાઉસીંગ લોન :- જે કામદાર લેખીતમાં હાઉસીંગ લોનની માંગણી કરે ત્યારે તેમને નોકરી દરમ્યાન એક વખત એમને મળતા ગ્રોસ ૧૦૦ પગાર હાઉસીંગ લોન તરીકે આપવા અને લોનની વસુલાત ૪% ના વ્યાજ સહીત પરત કરવી જોઈએ કે કેમ ?

(૮) ૨ વ્હીકલ લોન :- વધુમાં વધુ રૂા. ૪૦૦૦૦/-આપવી.

(૮) ૩ મેરેજ લોન :- કામદારના પોતાના યા તો પોતાની પુત્રીના લગ્ન માટે રૂા. ૨૫૦૦૦/- પુત્રના લગ્ન માટે રૂા. ૨૦૦૦૦/- અને ભાઈબહેનના લગ્ન માટે રૂા. ૧૫૦૦૦/- આપવા જોઈએ કે કેમ ?

(૮) ૪ આકસ્મીક લોન :- કામદારો પર આકસ્મીક તકલીફ આવી પડે ત્યારે વધુમાં વધુ રૂા. ૧૦૦૦૦/- ની લોન માંગણી કર્યાના બે કલાકમાં આપવી જોઈએ કે કેમ ? આવી લોનની ચુકવણી કર્યા પછી ચકાસણી કરતાં માલુમ પડે કે કામદારોએ યોગ્ય કારણ વીના છેતરપીંડી કરીને લોન લીધી છે તો તેવી લોન ૧૨ % વ્યાજ સહીત વસુલાત લેવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ કેન્ટીનની ફેસીલીટી :- કારખાના અધિનિયમ, ૧૯૪૭ હેઠળ કામદારો માટે મીલમાં કેન્ટીનની વ્યવસ્થા કરવી અને નીચે મુજબની સવલતો આપવી જોઈએ કે કેમ ?

(૯) ૧ ડીશ :- તમામ કામદારોને રૂા. ૨ માં અનલીમીટેડ લંચ અને ડીનર મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ કે કેમ ?

(૯) ૨ ફીસ્ટ :- મહીનામાં બે વાર ફીસ્ટ આપવી જોઈએ કે કેમ અને તેમ કરવામાં નિષ્ફળ જાય તો કામદારોને એક દિવસના ફીસ્ટના રૂા. ૨૦ લેખે માસીક પગારમાં ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

(૯) ૩ ચા-કોફી :- હાલ કામદારોને રૂા. ૨/- માં ચાનો કપ મળે છે તેને બદલે રૂા. ૦.૫૦ પૈસામાં ચા, કોફી મળે તે માટેનો પ્રબંધ કરવો જોઈએ કે કેમ ?

(૯) ૪ નાસ્તો :- તમામ કામદારોને રૂા. ૦.૫૦ પૈસામાં ૫૦ ગ્રામ નાસ્તો મળેતે માટેનો પ્રબંધ કરવો જોઈએ કે કેમ ?

(૯) ૫ દુધ :- તમામ કામદારોને ફરજ દરમ્યાન ૨૦૦ એમએલ દુધ મળે તે માટેનો પ્રબંધ કરવો જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૦ યુનિફોર્મ :-

(૧૦) ૧ ટેરીકોટન યુનીફોર્મ :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને દર વરસે ટેરીકોટન યુનીફોર્મ પેન્ટ અને ફુલ શર્ટની બે જોડી જાન્યુઆરી માસમાં આપવી જોઈએ કે કેમ ? કાપડની પસંદગી યુનિયને વિશ્વાસમાં લઈ કરવાની રહેશે કે કેમ ?

(૧૦) ૨ જરસી :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને દર વરસે સપ્ટેમ્બર માસમાં સારી ગુણવત્તાની જરસી આપવી જોઈએ કે કેમ ? ગુણવત્તા યુનીયને વિશ્વાસમાં લઈ કરવાની રહેશે કે કેમ ?

(૧૦) ૩ ઓવરકોટ :- સીક્યુરીટી ખાતામાં કામ કરતાં તમામ કામદારોને દર ૫ વરસે સારી ગુણવત્તાનો વુલન ઓવર કોટ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ મોજા :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને દર વરસે બે જોડી નાયલોન મોજા આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ રેઈનકોટ/ગમબુટ :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને દર ૩ વર્ષે સારી ગુણવત્તાના રેઈનકોટ/ગમબુટ જુન માસના પ્રથમ અઠવાડીયામાં આપવા જોઈએ કે કેમ ? રેઈનકોટ/ગમબુટની પસંદગી યુનીયને વિશ્વાસમાં લઈ કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ નેપકીન/ટુવાલ/સાબુ :- મીલમાં કામ કરતાં તમામ કામદારોને દર માસે ટર્કીશ નેપકીન, સારી ગુણવત્તાનો બાથશોપ તેમજ દર ૩ માસે ટર્કીશ ટુવાલ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૪ યુનીયન ઓફીસ/યુનીયનના પ્રતિનિધિઓની રજા :- મીલમાં ઔદ્યોગીક શાંતી અને શિસ્ત જાળવવા તેમજ સુવ્યવસ્થિત કામદાર પ્રવૃત્તિ માટે અદ્યતન ફર્નીચર, ફોનની વ્યવસ્થા સહીતની ઓફીસ યુનીયને ફાળવી જોઈએ કે કેમ ? અને કામદારોના બે પ્રતિનિધિઓને કામદારોના પ્રશ્નો પરત્વે જ્યારે જ્યારે બહાર જવાનું થાય ત્યારે ફરજ પર હાજર છે તેમ ગણી ભરપગારની રજા તથા ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૫ રીસ્ટ્રોપેક્ટીવ ઈફેક્ટ :- ઉપરોક્ત તમામ માંગણીના લાભો ૧લી નવેમ્બર, ૪થી આપવાના શરુ કરવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૪૯૭/પ.પ/આઇડીઆર/એજે/એમ/૩૧/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ. લિ. વટવા, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૫, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફને મોંઘવારી ભથ્થું માસિક રૂા. ૫૦૦/- આપવું જોઈએ કે કેમ ?

(૨) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફને રૂા. ૫૦૦/- ઘરભાડું આપવું જોઈએ કે કેમ ?

(૩) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફને રૂા. ૨૦૦/- માસિક સાયકલ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

(૪) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને પ્રોડક્શન વધારવા માટે રોજનું રૂા. ૫૦ પ્રોડક્શન એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

(૫) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફને એલ. ટી. સી. વાર્ષિક રૂા. ૫,૦૦૦/ આપવા જોઈએ કે કેમ ?

(૬) સંસ્થામાં કામ કરતા સ્ટાફના ઓફીસવાળાને તહેવારની રોકડીની પ્રેઝન્ટ પુરવી જોઈએ કે કેમ ?

(૭) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફ વગર વ્યાજની લોન રૂા. ૧૦,૦૦૦/- આપવી જોઈએ કે કેમ ?

(૮) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તથા સ્ટાફને સીઝનોલ જરુરીયાત મુજબ સાધનસામગ્રી આપવી જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૪૯૯/૫.૫/આઇડીઆર/એજે/પી/૪૨/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પારસ ઈન્ડસ્ટ્રીઝ, અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

(૧) કંપનીમાં કામ કરતા દરેક કામદારને સને ૧૯૯૬-૯૭ ના હિસાબી વર્ષ માટે બોનસ ધારા હેઠળ મળવાપાત્ર બોનસ ૨૦% ના દરે ચુકવી આપવું જોઈએ કે કેમ?

(૨) કંપનીમાં કામ કરતા દરેક કામદારને સને ૧૯૯૬-૯૭ ના હિસાબી વર્ષના ગાળા માટે હાંસલ કરેલ ઉત્પાદન માટે ઉત્પાદકતા બોનસ તરીકે વાર્ષિક કુલ કમાઈના ૨૦% ટકાના દરે ઉત્પાદકતા બોનસ ચુકવી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એમ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૦૦/૫.૫/આઇડીઆર/એજે/એચ/૧૦/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હિંમતનગર નગરપાલિકા, હિંમતનગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ગ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૭, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) સંસ્થાના આવશ્યક સેવાના તમામ કાયમી કર્મચારીઓને જાહેર રજાનો તેમજ બીજા ચોથા શનીવારની રજાઓના લાભ મળતો ન હોઈ, તેના બદલે દર વરસે માસ-૧(એક)નો પગાર રોકડમાં ચુકવી આપવો જોઈએ કે કેમ ?

(૨) સંસ્થાના ચોથા વર્ગના તમામ કર્મચારીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ ગણવેશ તથા શિયાળામાં ગરમ વસ્ત્રો અને ચોમાસામાં રેઈનકોટ તેમજ બુટચંપલ આપવા જોઈએ કે કેમ તથા સરકારશ્રીના ધારા ધોરણ મુજબ વખતોવખતના સુધારા વધારા પ્રમાણે વોશીંગ એલાઉન્સ પગાર સાથે રોકડમાં ચુકવવું જોઈએ કે કેમ ?

(૩) સંસ્થાના તમામ કર્મચારીઓને આકસ્મીક સંજોગોમાં ફરજ દરમ્યાન ગંભીર શારીરીક ઈજાઓ પહોંચે તેવા સમયે થતી સારવારની પુરેપુરી રકમ સંસ્થાએ ચુકવવી જોઈએ કે કેમ ?

(૪) સંસ્થાના તમામ કર્મચારીઓને લોનના નીચે મુજબના લાભ આપવા જોઈએ કે કેમ?

અ :- **વાહન લોન** :- વાહનની કિંમતના ૮૦% મુજબ ના સરકારશ્રીના ધારા ધોરણ મુજબની વાહન લોન આપવી જોઈએ કે કેમ ?

બ :- **મકાન લોન** :- ના. સરકારશ્રીના ધારા ધોરણ મુજબ સંસ્થાના તમામ કર્મચારીઓને મકાન બાંધવા તેમજ ખરીદવા સારુ મકાન લોન આપવી જોઈએ કે કેમ ?

(૫) ૨૪૦ દિવસથી વધુ ફરજ બજાવેલ હોય તેવા રોજ પરના કર્મચારીઓને કાયમી કરવા જોઈએ કે કેમ ?

(૬) કર્મચારીની ગંભીર માંદગી, ગંભીર અકસ્માત કે કર્મચારીના અવસાનના સમયે તાત્કાલિક રાહત રૂા. ૨,૫૦૦/- તેમજ રાહત પેશગી રૂા. ૨,૫૦૦/- આપવી જોઈએ કે કેમ ?

(૭) **વાહન ભથ્થુ** :- વાહન ધરાવતા અને આઉટડોર ડ્યુટી બજાવતા કર્મચારીઓને વાહનભથ્થું રૂા. ૨૦૦/- માસિક ચુકવવું જોઈએ કે કેમ ?

(૮) ખાસ સંજોગોમાં જ્યારે જ્યારે ચોથાવર્ગના કર્મચારીઓને ઉપલી જગ્યાનો ચાર્જ આપવામાં આવે કે ફરજો બજાવવા સોંપવામાં આવે ત્યારે આવા કર્મચારીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ચાર્જ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

INDEX

(૯) આઉટડોર ડ્યુટી બજાવતા સંસ્થાના તમામ કર્મચારીઓને સાયકલ એલાઉન્સ માસિક રૂા. ૨૫/- રોકડમાં ચુકવવું જોઈએ કે કેમ ?

(૧૦) સંસ્થાના વોટરવર્કસના કર્મચારીઓ તથા વાયરમેનની શોકપ્રુફ હાથના મોજા તથા બુટ આપવા જોઈએ કે કેમ ? તેમજ અકસ્માત વીમા યોજનાની જોગવાઈ કરાવવી જોઈએ કે કેમ ?

(૧૧) સંસ્થાના વોટરવર્કસના પંપ ઓપરેટરની કામગીરી બજાવતા કર્મચારીઓને પંપ એટેન્ડેન્ટનું પગાર ધોરણ આપવામાં આવે છે. તેના બદલે પંપ ઓપરેટરના પગાર ધોરણ (૧૧૫૦-૧૫૦૦) મુજબ સુધારીને આપવા જોઈએ કે કેમ ?

(૧૨) સંસ્થાના ઓક્ટ્રોય વિભાગના તમામ કર્મચારીઓને ઈન્સેન્ટીવ તરીકે એક વધારાનો પગાર દર વરસે રોકડમાં ચુકવવો જોઈએ કે કેમ ?

(૧૩) સંસ્થાના ઓક્ટ્રોય વિભાગના જે કર્મચારીઓ ઓક્ટ્રોય નાકા ઉપર ફરજ બજાવે છે તેઓને હેવીડ્યુટી એલાઉન્સ માસિક રૂા. ૧૦૦ આપવું જોઈએ કે કેમ?

(૧૪) સંસ્થાના ઓક્ટ્રોય વિભાગના જે કર્મચારીઓ રાત્રી દરમ્યાન ફરજ બજાવે છે તેવા કર્મચારીઓને નાઈટ એલાઉન્સ રૂા. ૧૦૦ આપવું જોઈએ કે કેમ ?

(૧૫) કેશ એલાઉન્સ :- કેસની જવાબદારી સંભાળતા કર્મચારીને કેશ એલાઉન્સ માસિક રૂા. ૨૦૦/- આપવું જોઈએ કે કેમ ?

(૧૬) સંસ્થાના બનાવેલ ઓક્ટ્રોય નાકાઓ પર પ્રાથમીક જરુરીયાતો પુરી પાડવી જોઈએ કે કેમ ? તેમજ નાકાઓની દુરસ્તી કરી નવીન બનાવવા તેમજ નાકા પરના કર્મચારીઓની સલામતીની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૦૧/૫.૫/આઇડીઆર/એજે/ટી/૧૭/૯૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર થેમીસ કેમીકલ્સ, જિ. વાપી અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર , સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ 'અ'

(૧) મુળ પગાર :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તેમનું વર્ગીકરણ કરી તમામના વર્ગીકરણ પ્રમાણે મુળ પગારના ૬૦૦ રૂ. ના પગાર વધારો કરવો જોઇએ કે કેમ ?

(૨) મોંઘવારી ભથ્થુ :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદાર-કર્મચારીઓને અમદાવાદ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝના કામદારોને મળતા મોંઘવારી ભથ્થાના આંક મુજબ ૧૦૦ મોંઘવારી ભથ્થું ચુકવવું જોઇએ કે કેમ ?

(૩) હાઉસરેન્ટ એલાઉન્સ :-

દરેક કામદાર કર્મચારીઓને પ્રતિમાસ સંસ્થામાં કામ કરતા રૂા. ૪૦૦ હાઉસરેન્ટ એલાઉન્સ પેટે ચુકવવું જોઇએ કે કેમ ?

(૪) લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ :-

સંસ્થામાં કામ કરતાં તમામ કામદાર-કર્મચારીઓને વાર્ષિક બે ગ્રોસ સેલરી જેટલું એલટીએ ચુકવવું જોઇએ કે કેમ ? જેમાં કામદાર કર્મચારીઓ ઓછામાં ઓછા ૬ દિવસની રજા પર જવાનું રહેશે કે કેમ ?

(૫) એજ્યુકેશન એલાઉન્સ :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદાર-કર્મચારીઓને પ્રતિમાસ રૂા. ૨૫૦ એજ્યુકેશન એલાઉન્સ પેટે ચુકવવું જોઇએ કે કેમ ?

INDEX

(૬) કન્વેયન્સ એલાઉન્સ :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદાર-કર્મચારીઓને રૂા. ૩૦૦ માસિક કન્વેયન્સ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

(૭) ટી એલાઉન્સ :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદારો/કર્મચારીઓને રૂા. [illegible] માસિક ટી એલાઉન્સ પેટે ચુકવવું જોઈએ કે કેમ ?

(૮) મેડીકલ એલાઉન્સ :-

સંસ્થામાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને રૂા. ૩૦૦ માસિક મેડીકલ એલાઉન્સ પેટે ચુકવવું જોઈએ કે કેમ ?

(૯) હેઝાર્ડ એલાઉન્સ :-

સંસ્થાની ઉત્પાદક પ્રક્રિયામાં એનઓ.૨.એસ.ઓસ.ઓ. ૨ ગેસ જેવા સ્વાસ્થ્યને હાનિકારક રસાયણો વપરાતા હોય કર્મચારીઓને સ્વાસ્થ્ય જોખમાય અને જીવન ટુંકાય એવા પુરા સંજોગોમાં લઈ દરેક કામદાર કર્મચારીઓને પ્રતિમાસ રૂા. ૪૦૦/- હેઝાર્ડ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ? સાથે પ્રતિ કર્મચારીઓને બે બે બોટલ (૨૦૦ એમ. એલ.) દુધ પ્રતિદિન આપવું જોઈએ કે કેમ ?

(૧૦) હાજરી બોનસ :-

સંસ્થામાં જે કામદાર કર્મચારી તમામ અધિકૃત રજાઓ સાથે મહીનાના પુરેપુરા કામના દિવસો હાજર રહે તેને ૬ દિવસનો પુરો પગાર હાજરી બોનસ પેટે ચુકવવો જોઈએ કે કેમ ?

(૧૧) વોશીંગ એલાઉન્સ :-

સંસ્થાના પ્રતિ કામદાર કર્મચારીઓને પ્રતિમાસ રૂા. ૨૦૦ વોશીંગ એલાઉન્સ પેટે ચુકવવું જોઈએ કે કેમ ?

(૧૨) પ્રોડકશન બોનસ :-

સંસ્થામાં ઉત્પાદન લક્ષ્યાંક વધારવા પ્રોડકશન બોનસની યોજના સુચનો આધારે ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

(૧) $\frac{\text{ઉત્પાદન}\times૧૦૦}{૩૫}$ ટકા વધુ ઉત્પાદન

(૨) $\frac{\text{[illegible]}\times૬૦૦}{૩૫}$ રૂપીયા દર માસે ચુકવવાનું ઉત્પાદક બોનસ

INDEX

(૧૩) યુનીફોર્મ :-

સંસ્થાના તમામ કામદાર કર્મચારીઓને પ્રતિમાસ બે જોડી ટેરીકોટનના યુનીફોર્મ (ફુલ પેન્ટશર્ટ) આપવા જોઈએ કે કેમ ? જે કાપડની પસંદગી કમીટી અને યુનીયન કરશે કે કેમ ?

(૧૪) શેફટી શુઝ :-

સંસ્થાના તમામ કામદાર કર્મચારીઓને પ્રતિવરસ બે જોડી બાટા કંપનીનાં શેફટી શુઝ આપવા જોઈએ કે કેમ ?

(૧૫) શીફટ એલાઉન્સ :-

સંસ્થાના તમામ કામદાર કર્મચારીઓને નીચે મુજબ શીફટ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

(૧) પહેલી પાળી પ્રતિપાળી રૂા. ૧૦ પ્રતિ કર્મચારીને
(૨) બીજી પાળી પ્રતિપાળી રૂા. ૧૫ પ્રતિ કર્મચારીને
(૩) ત્રીજી પાળી પ્રતિપાળી રૂા. ૨૦ પ્રતિ કર્મચારીને
(૪) જનરલ પાળી પ્રતિપાળી રૂા. ૫ પ્રતિ કર્મચારીને

(૧૬) રજાઓ :-

(૧) પી. એલ. વાર્ષિક ૩૫ આપવી જોઈએ કે કેમ ?
(૨) સી. એલ. વાર્ષિક ૨૦ આપવી જોઈએ કે કેમ ?
(૩) એસ. એલ. વાર્ષિક ૧૫ આપવી જોઈએ કે કેમ ?
(૪) પેઈડ હોલીડ વાર્ષિક ૧૫ આપવી જોઈએ કે કેમ ?

૧૭) પેકટીંગ એલાઉન્સ :-

ંસ્થામાં કામ કરતા તમામ કામદાર કર્મચારીઓને પ્રતિ દિને હાયગ્રેડના કામ માટે તે ેડના ૫૦% એમના પોતાના પગાર સાથે ચુકવવા જોઈએ કે કેમ ?

૧૮) લોન :-

સ્થાના જે કામદાર કર્મચારીઓને લગ્ન, ઘર કે આવી બીજી જરુરીયાતો ઉભી થાય ે વિના વ્યાજે સરળ હપ્તાથી ચુકવવી થાય તે રીતે રૂા. ૨૫,૦૦૦ ની લોન આપવી ાઈએ કે કેમ ?

૯) કાયમી કરવા બાબત :-

કર્મચારી સંસ્થામાં ૨૪૦ દિવસો કામ કરે તેને કાયમી કર્યા બાબતનો લેખિતમાં પત્ર ાપવો અને કાયમી કર્મચારીઓના તમામ લાભો કાયદા મુજબ આપવા જોઈએ કે કેમ?

INDEX

(૨૦) યુનિયન પ્રતિનિધિઓને સ્પેશીયલ લીવ અને ભથ્થા :-

યુનિયનના પ્રતિનિધિઓ જ્યારે જ્યારે યુનિયનના કામ અર્થ બહાર જાય ત્યારે ત્યારે તેમને સ્પેશીયલ લીવ આપવી જોઈએ કે કેમ ? અને આવવા જવાનું ખર્ચ સંસ્થાએ ચુકવવું જોઈએ કે કેમ ?

(૨૧) રીસ્ટ્રોસ્પેક્ટીવ ઈફેક્ટ :-

ઉપરોક્ત તમામ માંગણીઓના સંસ્થાએ તા. ૧લી જુલાઈ, ૯૫ થી કરવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૦૨/૫.૫/આઇડીઆર/એજે/જી/૭૭/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, સંચાલિત યુવામંડળ આ આયુર્વેદ ચિકિસ્તાલયમાં ક્વાલીફાઈડ કંપાઉન્ડરનો પગાર ગ્રેડ તા. ૧લી જાન્યુઆરી ૮૧થી લાગુ થાય તે રીતે રૂા. ૧૩૫૦-૨૨૫૦ નો પાછલા વળતર સહિત ચુકવી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૦૩/૫.૫/આઇડીઆર/એજે/મુ/૭૪/૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર યુનાઈટેડ ફોસ્ફરસ લિ., યુનીટ નં. ૨, અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

કંપનીએ તા. ૧૯મી ઓગષ્ટ થી જ્યાં સુધી લોકઆઉટ ઉઠાવે નહી ત્યાંસુધ સમયગાળાના પુરેપુરો પગાર કામદારોને ચુકવી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, ર૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. [illegible],
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસઓચઓમસી/૩૨૫૦૪/૫.૫/આઇડીઆર/એજે/એસ/૪૯/૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સર્લ ઈન્ડીયા લિ., અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરા સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરના ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલ ૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાર (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુર સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મ કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૨, વડોદરાને સદરહું તક તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ામાં કામ કરતા દરેક કામદારને સને ૧૯૯૬-૯૭ ના હિસાબી વર્ષના ગાળા
ીના લ કરેલ ઉત્પાદન માટે ઉત્પાદકતા બોનસ માટે વાર્ષિક કુલ કમાઇના ૨૦% ના
ાદકતા બોનસ ચુકવી આપવું જોઈએ કે કેમ ?

ાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૦૫/૫.૫/આઇડીઆર/એજે/ક્યુ/૮૪/૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી કવેસ્ટ એપેરલ મેન્યુ. કું., મમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત
રકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા
માંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-
ાની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ
દર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯,
, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી
ગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭
ે ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર
શનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૫, અમદાવાદને સદરહું
ાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

પરિશિષ્ટ

૧ વર્ગીકરણ પગાર :

સંસ્થામાં કામ કરતા કામદારો માટે ના. ગુજરાત સરકાર તરફથી જે લઘુતમ વેતનો ફીક્સ કરવામાં આવેલા છે તે અને મીનીમમ વેજીસ એક્ટ હેઠળ જે વર્ગીકરણ કરવામાં આવેલા છે તે વર્ગીકરણ પ્રમાણે નીચે મુજબના બેઝીક પગાર અને ગ્રેડ તા. ૧લી ઓક્ટોબર, ૯૭ ના રોજથી કામદારોનો આપવા જોઈએ કે કેમ ?

વર્ગ (૧)	૨૦૦૦-૧૦૦-૨૫૦૦-૧૨૫-૩૧૨૫-૧૫૦-૩૮૭૫
વર્ગ (૨)	૧૯૦૦-૯૦-૨૩૫૦-૧૧૫-૨૯૨૫-૧૪૦-૩૬૨૫
વર્ગ (૩)	૧૮૦૦-૮૦-૨૨૦૦-૧૦૫-૨૭૨૫-૧૩૦-૩૩૭૫
વર્ગ (૪)	૧૭૦૦-૭૦-૨૦૫૦-૯૫-૨૫૨૫-૧૨૦-૩૧૨૫
વર્ગ (૫)	૧૬૦૦-૬૦-૧૯૦૦-૮૫-૨૩૨૫-૧૧૦-૨૮૭૫

ઉપર મુજબના બેઝીક પગાર આપવા અને દરેક કામદારને તેના ત્રણ વર્ષની નોકરી માટે વધારાનું ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

૨ ફીક્સ ડી. એ. :

સંસ્થામાં કામ કરતા કામદારને હાલમાં મળતા ડી. એ. માં માસિક રૂા. ૨૦૦ નો વધારો તા. ૧લી ઓક્ટોબર, ૯૭ ના રોજથી આપવો જોઈએ કે કેમ ?

૩ હાઉસરેન્ટ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કામદારોને તા. ૧લી ઓક્ટબર, ૯૭ ના રોજથી માસિક રૂા. ૨૦૦ નો એચ. આર. એ. માં વધારો કરી આપવો જોઈએ કે કેમ ?

૪ એજ્યુકેશન એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કામદારોને તા. ૧લી ઓક્ટોબર, ૯૭ ના રોજથી એજ્યુકેશન એલાઉન્સમાં માસિક રૂા. ૧૦૦નો વધારો કરી આપવો જોઈએ કે કેમ ?

૫ ટ્રાવેલીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તા. ૧લી ઓક્ટોબર, ૯૭ ના રોજથી માસિક રૂા. ૧૦૦ નો ટ્રાવેલીંગ એલાઉન્સમાં વધારો કરી આપવો જોઈએ કે કેમ ?

૬ રજાઓ :

હક્ક રજા : દરેક કામદારને ૧૨ દિવસે એક દિવસની હક્કરજા આપવી જોઈએ કે કેમ?

કેજ્યુઅલ રજા : દરેક કામદારને દર વર્ષે ૧૩ દિવસની કેજ્યુઅલ રજાઓ ભર પગાર આપવી જોઈએ કે કેમ ?

INDEX

જાહેર તહેવારની રજા : દરેક કામદારને દર વર્ષે ૧૫ જાહેર તહેવારની રજાઓ આપવી જોઈએ કે કેમ ?

માંદગીની રજા : દરેક કામદારને દર વર્ષે માંદગીની રજા ૧૫ રજાઓ ભર પગારે આપવી જોઈએ કે કેમ ?

૭. યુનીફોર્મ એન્ડ વોશીંગ એલાઉન્સ :

દરેક કામદારને દર વરસે બે જોડ સારી ક્વોલીટીના જીન્સના પેન્ટ અને બે જોડ શર્ટસ ફુલ બાંયના આપવા જોઈએ કે કેમ ? અને સ્ત્રી કામદારોને બે જોડ સાડીઓ આપવી જોઈએ કે કેમ ?

૮. ગરમડ્રેસ :

દરેક કામદારને દર ત્રણ વર્ષે એક વુલન જેકેટ અથવા કંપનીનું સારી ક્વાલીટીનું એક જેકેટ આપવું જોઈએ કે કેમ ?

૯. હાલમાં કામદારોને જે ડીસ્કાઉન્ટ કુપનો આપવામાં આવે છે. તેમાં બેનો વધારો કરી આપવો જોઈએ કે કેમ ? અને જાન્યુઆરી મહીનાની ૧૫મી તારીખ સુધીમાં આપી દેવી જોઈએ કે કેમ ?

તા. ૧લી ઓક્ટોબર, ૯૭ ના રોજથી ઉપરોક્ત માંગણીઓનો અમલ કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઓદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૨૫૨૫/૫.૫/આઇડીઆર/એજે/બી/૬૮/૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઓદ્યોગિક તકરાર બોરસરા મશીન્સ લિ., સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

INDEX

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઞ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય, ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) કંપનીએ તેમાં કામ કરતા કામદારોને નીચે મુજબનો ગ્રેડ આપવો જોઈએ કે કેમ?

ગ્રેડ-(૧)	રૂા. ૮૦૦-૫૦-૧૦૫૦-૫૫-૧૩૨૫-૬૦-૧૬૨૫
ગ્રેડ-(૨)	રૂા. ૬૫૦-૪૦-૮૫૦-૪૫-૧૦૭૫-૫૦-૧૩૨૫
ગ્રેડ-(૩)	રૂા. ૫૦૦-૩૦-૬૫૦-૩૫-૮૨૫-૪૦-૧૦૨૫
ગ્રેડ-(૪)	રૂા. ૩૫૦-૨૦-૪૫૦-૨૫-૫૭૫-૩૦-૭૨૫

(૨) કંપનીએ દરેક કામદારને હાલમાં તેને મળતા બેઝીક પગારમાં રૂા. ૧૦૦ ઉમેરો કરી તેઓને નવા ગ્રેડ સ્ટ્રકચર પ્રમાણેનો ગ્રેડ આપવો જોઈએ કે કેમ ?

(૩) કંપનીએ તમામ કામદારોને રૂા. ૫૦૦ દર મહીને ફીકસ મોંઘવારી ભથ્થું આપવ જોઈએ છે કે કેમ ?

(૪) કંપનીએ તમામ કામદારોને કન્ઝ્યુમર ઈન્ડેક્ષ નં. (૧૯૬૦-૧૦૦) માં થતાં પ્રત્યે વધારાના પોઈન્ટ દીઠ રૂા. રૂા. ૨/- ચલીત મોંઘવારી ભથ્થા તરીકે આપવા જોઈએ કેમ ?

(૫) કંપનીએ દરેક કામદારને નીચે મુજબનું મકાનભાડા ભથ્થુ આપવું જોઈએ કે કેમ

ગ્રેડ-(૧)	રૂા. ૭૦૦/-
ગ્રેડ-(૨)	રૂા. ૬૫૦/-
ગ્રેડ-(૩)	રૂા. ૬૦૦/-
ગ્રેડ-(૪)	રૂા. ૫૫૦/-

INDEX

(૬) કંપનીએ કામદારને તેના એક બેઝીક પગાર તથા ફીક્સ મોંઘવારી ભથ્થું અને ચલીત મોંઘવારી ભથ્થા જેટલું લીવ ટ્રાવેલ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

(૭) કામદારે ભરપગારી હક્કરજા, આકસ્મીક રજા અને માંદગીની રજા સાથે તથા વર્કીંગ દિવસો કામ કરેલ મહીનામાં બે દિવસનો પુરો પગાર (બેઝીક વીડીએ એક ડીએ) એટેન્ડન્સ એલાઉન્સ તરીકે કંપનીએ ચુકવવું જોઈએ કે કેમ ?

(૮) કંપનીએ કામદારોને નીચે મુજબની રજાઓ આપવી જોઈએ કે કેમ ?

(૧) ભરપગારી રજા : દર ૧૫ દિવસે એક રજા
(૨) માંદગીની રજા : વર્ષ દીઠ બાર દિવસ
(૩) આકસ્મીક રજા : વર્ષ દીઠ બાર દિવસ

(૯) કંપનીએ દરેક કામદારને વર્ષ દીઠ ૧૦ દિવસ જાહેર તહેવારની ભરપગારે રજા આપવી જોઈએ કે કેમ ?

(૧૦) કંપનીએ દરેક કામદારને દર મહીને નીચે મુજબના ભથ્થાઓ આપવા જોઈએ કે કેમ ?

(૧)	વોશીંગ એલાઉન્સ	રૂા. ૧૫૦ દર મહીને
(૨)	કેન્ટીન એલાઉન્સ	રૂા. ૧૦૦ દર મહીને
(૩)	મેડીકલ એલાઉન્સ	રૂા. ૫૦૦ દર મહીને
(૪)	એજ્યુકેશન એલાઉન્સ	રૂા. ૩૫૦ દર મહીને
(૫)	કન્વેયન્સ એલાઉન્સ	રૂા. ૭૦૦ દર મહીને

(૧૧) શિફ્ટ એલાઉન્સ : કંપનીએ દરેક કામદારને રાતપાળીના રૂા. ૧૫ અને દિવસપાળીના રૂા. ૧૦ શીફ્ટ એલાઉન્સ તરીકે આપવા જોઈએ કે કેમ ?

(૧૨) કંપનીએ દરેક કામદારને નીચે મુજબ યુનીફોર્મ વગેરે આપવું જોઈએ કે કેમ ?

(૧) દર વર્ષે ત્રણ જોડી સીવેલો યુનીફોર્મ
(૨) દર વર્ષે એક જોડી બુટ
(૩) દર ત્રણ મહીને એક જોડી શેફટી શુઝ
(૪) દર બે વર્ષે એક રેઈનકોટ
(૫) દર બે વર્ષે એક સ્વેટર

(૧૩) કંપનીએ કામદારોને નીચે મુજબની વ્યાજ મુકત લોન આપવી જોઈએ કે કેમ ?

(૧) કન્ઝયુમર લોન રૂા. ૨૦,૦૦૦, ૩૬ સરખા હપ્તાની કપાત કરવી જોઈએ કે કેમ ?

(૨) મકાન મીલ્કતની લોન રૂા. ૫૦,૦૦૦, ૬૦ સરખા હપ્તાની કપાત કરવી જોઈએ કે કેમ ?

(૧૪) ફુડ એલાઉન્સ : ૧૨ સરખા હપ્તાથી કપાત થઈ શકે તેવી દર વર્ષે રૂા. ૧૨૦૦ દરેક કામદારને કંપનીએ ફુડ એલાઉન્સ તરીકે આપવા જોઈએ કે કેમ ?

(૧૫) યુનીયનની માન્યતા : હિન્દ મજદુર કિશાન પંચાયતને કામદારો માટે એક માત્ર બોર્ગેનીંગ એજન્ટ તરીકે યુનિયન તરીકે માન્યતા આપવી જોઈએ કે કેમ ?

(૧૬) યુનીયનના હકો અને અધિકારો : કંપનીએ યુનિયનને નીચે મુજબના હકો, અધિકારો અને સગવડો આપવી જોઈએ કે કેમ ?

(૧) પ્લાન્ટની અંદર પુરતા આધુનીક ઓફીસ ફર્નીચર સાધનો સાથે યુનીયનની ઓફીસ આપવી જોઈએ કે કેમ ?

(૨) યુનિયનના લવાજમ અને ડોનેશનની કપાત માટે ચેક ઓફ ફેસીલીટી આપવી જોઈએ કે કેમ ?

(૩) યુનિયનના આગેવાનો ને યુનીયનના કામો, મીટીંગો અનો કોન્ફરન્સમાં હાજરી આપવા માટે વધુમાં વધુ ૩૦ દિવસની રજા આપવી જોઈએ કે કેમ ?

(૪) મેનેજમેન્ટ સાથે મીટીંગ માટે થતો મુસાફરી અને હોટલ ખર્ચાઓની ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

(૧૭) ગ્રૂપ ઈન્સ્યોરન્સ સ્કીમ : રૂા. ૧,૦૦,૦૦૦ ના ગ્રૂપ ઈન્સ્યોરન્સ સ્કીમના પ્રિમીયમ માટે દરેક કામદારો માટે કંપનીએ ચુકવવું જોઈએ કે કેમ ?

(૧૮) મૃત્યુ પામેલ કામદારોના નોમીની આશ્રિતોને તમામ કામદારોના એક સમયના ચુકવણીની રકમની બમણી રકમ કંપનીએ ચુકવવી જોઈએ કે કેમ ?

(૧૯) કંપનીની તમામ કામદારોને યોગ્ય કન્ફરમેશન લેટર આપવા અને કામદારોની નોકરીની સીનયોરીટીને ધ્યાનમાં રાખી તેઓને અપગ્રેડેશન તથા પ્રમોશન અંગેની પોલીસી નક્કી કરવી જોઈએ કે કેમ ?

(૨૦) કંપનીએ તા. ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી તા. ૩૧મી સપ્ટેમ્બર, ૨૦૦૦ (ત્રણ વર્ષના સમય માટે)નું સમાધાન ગણવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, ૯મી માર્ચ, ૧૯૯૯.

આર. એસ. વાઘેલા,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

સુધારો

આ કચેરીના તા. ૩૦મી મે. ૯૮ ના હુકમ ક્રમાંક નામક/અવિ/ખ/આઇડીઆર/એજે/૧૨૨/૯૮/૪૫૬૬.–વંચાણે લેવા વિનંતી.

આથી હું નીચે સહી કરનાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળ મળેલ સત્તાની રૂએ આ કચેરીના તારીખ ૩૦મી મે, ૧૯૯૮ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ખ/૨૫૪૯૩/આઇડીઆર/એજે/૧૨૨/૯૮ માં નીચે મુજબ સુધારો કરું છું.

(૧) ઉપરોક્ત હુકમમાં પક્ષકાર નં. ૧ ની સાથે પક્ષકાર-૨ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ચેસ્ટ ડીસીઝ હોસ્પિટલ નરોડા રોડ, અમદાવાદને જોડવા. (૨) ઉપરોક્ત હુકમમાં માંગણી નં. ૩, નીચે મુજબ વાંચવી ''તેઓને ઓરીજનલ કામના પ્રમાણે માળીનો ગ્રેડ રૂા. ૭૭૫-૧૦૨૫- નક્કી કરી સીલેક્શન ગ્રેડમાં તેઓને ત્યારપછીનો ગ્રેડ રૂા. ૮૦૦-૧૦૫૦-ના ગ્રેડમાં છે તે તારીખથી ૯-૧૮-૨૭ના નિયમ મુજબ ફીક્સ કરીને મુજબ પગાર આકારવા કે કેમ ? તથા આ ડીમાન્ડનો નિકાલ ન આવે ત્યાં સુધી તેમના પગારમાંથી કોઇપણ રીકવરી ન કરવી કે કેમ ?''

અમદાવાદ, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૮.

એ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૨૬૮૯૭/આઇડીઆર/એજે/૩૮૬-૯૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત ટી પ્રોસેસર્સ એન્ડ પેકર્સ લી., સરખેજ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

INDEX

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, અમદાવાદ રચાયેલ કોર્ટ નં. ૭ની બનેલ મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) ૧લી જુન, ૯૮ થી પદ્મા ટ્રેડર્સના કામદારોને તેમની પાછલી સળંગ સર્વિસ સાથે સંસ્થાના કામદારો છે તેમ ગણી તા. ૧લી જુન, ૯૮ થી કરેલ કામબંદી હઠાવી લઈ પહોચાડેલો આર્થિક નુકશાન ભરપાઈ કરી ગુજરાત ટી. પ્રોસેસર્સ એન્ડ પેકર્સમાં તાત્કાલિક કામ પર ચઢાવવા કે કેમ ?

(૨) ૩૧મી મે, ૯૮ પહેલા ગુજરાત ટી. પ્રોસેસર્સના કામદારો છેલ્લા ૧૫ વર્ષથી તેમનું રાબેતા મુજબનું કામ તેમાં કેટલાંક ગેરકાયદેસર ફેરફાર તાત્કાલિક પાછા ખેંચી લઈ અને રાબેતા મુજબનું ઉત્પાંદન પ્રક્રિયા ચાલુ કરવી કે કેમ ?

(૩) ૩જી જુન, ૯૮ થી જી. ટી. પી. પી. માં કરેલ ગરેકાયદેસર કામબંદી તાત્કાલિક ઉઠાવી લઈ પડેલા દિવસોના પગાર સહિત આનુસાંગિક લાભો સાથે તાત્કાલિક કામ આપવાનું ચાલુ કરવું કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮.

એ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએય/એચએસએમસી/આર/ક/૨૬૮૯૮/આઇડીઆર/એજે/૩૮૭-૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત ટી પ્રોસેસર્સ એન્ડ પેકર્સ લીમીટેડ અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએસઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૫૮૬૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, અમદાવાદ રચાયેલ કોર્ટ નં. ૭ની બનેલ મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

નીચે જણાવેલા કામદારોને કંપનીના કામદારોને કામદાર તરીકે સમાવેશ કરી દાખલ તારીખથી મળવાપાત્ર તમામ લાભો આપવા કે કેમ ?

(૧) અજયભાઇ જગન્નાથ પ્રજાપતિ, (૨) પનાભાઇ ગોવિંદભાઇ, (૩) હીરાભાઇ ડાહ્યાભાઇ, (૪) રફીકભાઇ ભીખાભાઇ, (૫) લીલાભાઇ માલજીભાઇ દેસાઇ, (૬) જ્ઞાનસીંગ આમલીસીંગ, (૭) ગનીભાઇ કરીમભાઇ, (૮) કરણજી લક્ષ્મણજી બિહોલા, (૯) મોહનભાઇ અમરાજી, (૧૦) ભરતભાઇ કચરાજી, (૧૧) બળદેવભાઇ, (૧૨) ગંભીરભાઇ કાશીભાઇ, (૧૩) વનરાજ લખાભાઇ, (૧૪) મયુદ્દીન મુલ્લાભાઇ, (૧૫) ઇશ્વરભાઇ રામલખન.

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮.

ઓ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૨૬૮૯૯/આઈડીઆર/એજે/૩૮૮-૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એપેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લી., નરોડા, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાએ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતં સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, અમદાવાદ રચાયેલ કોર્ટ નં. ૭ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને તેમની હક્ક રજાની ગણત્રી વખત કામદારોને ભોગવેલ હક્કરજા, કેજ્યુઅલ રજા, માંદગીની રજા, ભરપગાર તહેવાર રજા, લે. ઓફના દિવસો તેમજ અન્ય ઓથોરાઈઝ રજાઓની ગણત્રીમાં લેવ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮.

એ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૨૬૯૦૦/આઇડીઆર/એજે/૩૮૯-૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, અમદાવાદ રચાયેલશ્રી કોર્ટ નં. ૬ની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા શ્રી એન. સી. પંડ્યાને જી. એસ. ઓ. ૨૪૭ મુજબનો લાભ આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮.

એ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેઓય/એચએસઓમસી/આર/ક/૨૬૯૦૧/આઈડીઆર/ઓએ/૩૮૯-૯૮ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિઝાર્ડ એલ્યુમીનિયમ પ્રા. લી., અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, અમદાવાદ રચાયેલશ્રી કોર્ટ નં. ૯ની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા કામદારશ્રી કીશનદેવ નંદલાલને તા. ૧૬-૨-૯૮ ના રોજ તેમની નોકરીના નિયત સમયે ખંત અને વફાદારી પૂર્વક તેમની નોકરીની ફરજ બજાવેલ હોવા છતાં સંસ્થાએ તેમનાં હાજરી કાર્ડમાં તા. ૧૩-૨-૯૮ ની રોજની અડધા દિવસની હાજરી પુરી તા. ૧૬-૨-૯૮ ના દિવસની અડધા દિવસનો પગાર ચુકવેલ છે કે તદ્દન ગેરકાયદેસર ગેરવ્યાજબી, અન્યાયી તથા બદ ઈરાદવાળુ કૃત્ય હોઈ કામદારશ્રી કિશનદેવ નંદલાલને તા. ૧૬-૨-૯૮ ની દિવસનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૮.

એ. કે. પટેલ,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૨૬૯૦૨/આઈડીઆર/એજે/૩૯૧-૯૮.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી વેસ્ટર્નગામ એન્ડ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ, અને તેના કામદારો વચ્ચેની છે.

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

આંક-૧૩

ઔદ્યોગિક અદાલત સમક્ષ

શ્રી પી. આર. દવે, સભ્યશ્રી

અપીલ (આઈ.સી.) નં. ૨૭/૨૦૦૦.

શ્રી નિરંજન મિલ્સ લી., **એપેલન્ટ;**
ફાલસાવાડી, રીંગરોડ, સુરત.

વિરૂદ્ધ

શ્રી પ્રકાશ મેઘરાજ કહયારે, **રીસ્પોન્ડન્ટ;**
દક્ષિણ ગુજરાત જનરલ મઝદૂર યુનિયન,
પાટીલ નગર, ગુરૂનગર, ઉધના, સુરત.

INDEX

વિષય :- મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૮૪ અન્વયેની અપીલ,
(૧) લેબર કોર્ટ, સુરત સમક્ષની ટી. અરજી નંબર ૪૪૩/૧૯૯૦ના ચુકાદા વિરૂદ્ધ.

પ્રતિનિધિ :- એપેલન્ટ તરફે :- એડવોકેટ શ્રી કનુભાઇ એચ. રાણા,
રીસ્પોન્ડન્ટ તરફે :- એડવોકેટ શ્રી એસ ટી. ચૌધરી.

(૧) આ કામના એપેલન્ટ નિરંજન મિલ્સ, લી. (મૂળ કામના સા[illegible]વાળા) તરફથી મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૮૪ હેઠળની આ અપીલ સુરતની લેબર કોર્ટે તેની સમક્ષની ટી. અરજી નંબર ૪૪૩/૯૦ આ કામમાં આ કામના રીસ્પોન્ડન્ટ (મૂળ કામના અરજદાર) ની તરફેણમાં તેમને પડેલા દિવસના પગાર સહિત સળંગ નોકરીની મૂળ જગ્યાએ પુન: સ્થાપિત કરવાના કરેલા હુકમથી નારાજ થઇ આ અદાલત સમક્ષ કરવામાં આવી છે. આ અપીલમાં એપેલન્ટે લેબર કોર્ટ સુરતને તા. ૪થી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ આંક-૭૧થી પસાર કરેલો હુકમ ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી હોવાથી રદ કરવા તેમજ તા. ૨૦મી જુન, ૧૯૯૭ના રોજ ખાતાકીય તપાસ અંગેનો હુકમ આંક-૧૩ પણ રદ કરવા દાદ માંગી છે. આ અીપલમાં આ પ્રમાણેની હકીકત જણાવી છે.

(૨) રીસ્પોન્ડન્ટ એટલે કે, મુળ કામના અરજદારે લેબર કોર્ટ, સુરત સમક્ષ ટી. અર
નંબર ૪૪૩/૯૦ દાખલ કરેલી, જેનો કંપનીએ આંક-૮થી સાચો જવાબ આપેલ જેમાં જણાવે
કે, અરજદારને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવેલા અને તેમને જણાવવ
આવેલ કે, તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજથી તપાસ પૂરી થયેલ છે, જેથી તેમને તા. ૨જ
૧૯૯૦ના રોજનોકરી ઉપર હાજર થવું પરંતુ, તેઓ હાજર થયેલા નહિ, જેથી તેમ
૮મી જુન, ૧૯૯૦ના પત્રથી ફરી હાજર થવા જણાવેલ, તેમ છતાં તેઓ હાજર થયેલા
ફરી તા. ૧૮મી જુન, ૧૯૯૦ના રોજ લેખિત રીતે જાણ કરવામાં આવેલ અને તાકીદે
ઉપર હાજર થવા જણાવેલ પરંતુ, અરજદાર હાજર થયેલા નહિ, તેથી તારીખ ૨૯મી
૧૯૯૦ના પત્રથી મીલ્સ કંપનીએ જણાવેલ કે તેમનું નામ કાયમી કામદારમાંથી બદલી કામદ
તરીકે ફેરવવામાં આવે છે, પરંતુ અરજદાર બદલી ભરવા આજદિન સુધી કંપનીમાં હાજ
થયેલા નથી. આમ હકીકતમાં મિલ્સ કંપનીએ અરજદારને નોકરીમાંથી છૂટા કરેલા નથી કે તેમની નોકરીની શરતમાં કોઇ ફેરફાર કરેલો નથી. છતાં કોર્ટે સંબંધીત કામદારને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલા તે બાબતની તથા સંબંધિત કામદારની ગેરહાજરીને માટે ખાતાકીય તપાસ કરેલ નથી, તેમ મુલવણી કરેલ છે, જે હકીકતોની ભૂલ છે, કારણ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇઓ મુજબ કાયમી કામદાર ગેરહાજર રહે અને તેમને નોકરી ઉપર હાજર થવા જણાવવામાં આવે તે છતાં હાજર થાય નહિ કે સંતોષકારક ખુલાસો રજુ કરે નહિ તો તેનું નામ બદલી લીસ્ટ ઉપર મુકવાની જોગવાઇ છે, તેને ધ્યાનમાં નહિ લેવાની કોર્ટે કાયદાકીય તથા હીકકતોની ભૂલ કરેલી છે, વળી રજુ થયેલ કંપનીના કાગળોની કોર્ટે મુલવણી કરી નથી પણ ફકત સંબંધિત કામદારે રજુ કરેલા કાગળોની મુલવણી

INDEX

કરે છે અને તેમ કરી એક તરફી ન્યાયનિર્ણય કરેલ છે, કોર્ટે બન્ને પક્ષકારોની લેખિત રજુઆતો, દસ્તાવેજોને સમકક્ષ ગણી ન્યાયનિર્ણય કરવો જરૂરી છે. એપેલન્ટે સદરહુ હુકમથી નારાજ થઇ આ અપીલ રજુ કરી છે અને તેમાં નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરેલ છે.

મુદ્દા નં. ૧ સંબંધિત કામદાર ફીટર-કમ-ડીજી ઓપરેટરના હોદ્દા ઉપર ફરજો બજાવતાં હતા એમ અરજીના પેરા-પ માં જણાવેલ છે. તેઓને નં. ૧૦/૧ની કારણદર્શક નોટીસ તા. ૨૮મી મે, ૧૯૯૦, આંક-૧૯થી જણાવવામાં આવેલ કે, ''આજરોજ સવારે ૯-૪૫ કલાકે પાવર ચાલી જવાથી ડીજીસેટ ચાલુ કરવા માટે જણાવ્યું ત્યારે તમે તમારા ઉપરથી અધિકારીને સદરહુ કામ કરવાની સાફ શબ્દમાં ના પાડી દીધી હતી'' જે ઉપરોકત ફરજ તમો અગાઉ પણ બજાવતા આવેલા છે. આમ કરીને તમે તમારા ઉપરી અધિકારીના વ્યાજબી હુકમનો અનાદર કરેલ છે, જે મીલ કંપનીના સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧(અ) જાણી બુઝીને ઉપરીના કાયદેસરના વ્યાજબી હુકનો અનાદર કરવો કે તેનું ઉલ્લંઘન કર્યાનો ભંગ કરેલ છે. આ અંગેની તપાસ તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજ રાખવામાં આવેલ તે તમારા તે દિવસે પૂરી થયેલ જેમાં તેઓ હાજર રહેલા, સદરહુ તપાસ એક જ દિવસ ચાલેલી અને તેમાં તેઓને જણાવવામાં આવેલ કે, 'તપાસ આજરોજ તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યે રાખેલ હતી. જે પૂરી થતાં તમોને જણાવવામાં આવે છે કે તમોએ તમારી રાબેતા મુજબની પાળીમાં તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજથી ફરજ ઉપર હાજર થઇ જવું. સદરહુ તપાસ રાબેતા મુજબીની માળીમાં તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજથી ફરજ ઉપર હાજર થઇ જવું. સદરહુ તપાસ અંગે તેઓને ચેતવણી આપવામાં આવે પણ બીજો કોઇ શિક્ષાત્મક હુકમ કરવામાં આવેલ નથી. જે નોટીસ તા. ૬ઠ્ઠી જુન, ૧૯૯૦ની છે, જેને આંક-૨૧ આપવામાં આવેલ છે. ત્યારબાદ સંબંધિત અરજદારને તા. ૮મી જુન, ૧૯૯૦ના પત્રથી જણાવવામાં આવેલ છે કે, તમો તારીખ ૨જી જુન, ૧૯૯૦ના રોજથી મીલ્સ કંપનીની કે ખાતાધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ગેરહાજર રહેલા છો. આમ હોવાં છતાં તેઓ ફરજો માટે હાજર રહેલા નહિ, જે આંક-૨૨ છે. વળી તેઓને તા. ૧૮મી જુન, ૧૯૯૦ના પત્ર જે આંક-૪૭ છે, તેમાં જણાવવામાં આવેલ કે, ''તમો તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજ તપાસમાં હાજર રહેલા. તમોને નોકરી ઉપર હાજર થવા રાબેતા મુજબની ફરજો બજાવવા જણાવેલ તેમ છતાં તમો રોજેરોજ કામ માટે હાજર થયેલ નથી કે કામ કરેલ નથી. તમોને તા. ૮ની જુન, ૧૯૯૦ના પત્રથી ફરીથી આ અંગે જણાવવામાં આવેલ છે. તમોને લેબર ઓફિસરે કોઇ ધમકી આપેલ નથી કે કોઇ અધિકારીએ બંધ કરેલ નથી આ પત્ર મળેથી તમો નોકરી ઉપર હાજર થઇ ઉપરી અધિકારીની સુચના મુજબની ફરજો બજાવી. આમ હોવા છતાં તેઓ ફરજો માટે હાજર થયેલ નથી. આવા દસ્તાવેજો પુરાવાઓ હોવા છતાં નામદાર કોર્ટે હકીકતોની મુલવણી કરવામાં બંને પક્ષકારોને સરખો ન્યાય મળે તેવી મુલવણી કરેલ નથી અને તેમ કરી કાયદાકીય તથા હકીકતોની ભુલ કરેલ છે તેમ જણાય આવે છે. આથી સદરહુ હુકમ રદ થવા પાત્ર છે.

INDEX

(૨) પડેલા દિવસોના પગાર અંગે સંબંધિત કામદારે અગાઉ જણાવ્યા મુજબ કોઈ સક્રિય પુરાવોરજુ કરેલ નથી પણ જણાવેલ છે કે, આ ઉંમરે નોકરીમાં કોણ રાખે તેમ હોવા છતાં તથા કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં જે વિલંબ થયેલ છે તે તમામને ધ્યાનમાં રાખી પડેલા દિવસોનો પગાર અંગે ન્યાય નિર્ણય કરવામાં ભુલ કરેલ છે અને એક પક્ષીય નિર્ણય કરેલ હોય તેમ દસ્તાવેજોને આધારે જણાય આવે છે. આથી પડેલા દિવસોના પગાર અંગેનો હુકમ પણ રદ થવા પાત્ર છે.

(૩) ખાતાકીય તપાસ અંગે તેઓને ચેતવણી આપેલ છે તે હુકમ નામદાર કોર્ટે રદ કરેલ છે. તેને અમો આ અપીલમાં ચેલેન્જ કરીએ છીએ કારણ સદરહુ ખાતાકીય તપાસ પણ પડેલા પુરાવાઓને આધારે યોગ્ય કે વ્યાજબી હતી તેમ ઠરાવવું જોઈતું હતું. વળી શિક્ષાત્મક હુકમ ફક્ત ચેતવણી છે જે યોગ્ય અને વ્યાજબી છે, કાયદેસરનો છે. વળી ગેરહાજરી અંગેની કોઈ કારણદર્શક નોટીસ કે ચાર્જશીટ તેઓને આપવામાં આવેલ નથી અને તેથી ખાતાકીય તપાસ કરવાનો સવાલ હતો નહિ. કંપનીએ આ અંગે સંબંધિત કામદાર સાથે થયેલ પત્ર વ્યવહાર કોર્ટમાં રજુ કરેલ છે. જે લીસ્ટને આંક-૧૦ આપવામાં આવેલ છે અને સંબંધિત જે તે કાગળોને પાકા આંક આપવામાં આવેલ છે. આ કાગળોની યોગ્ય મુલવણીનામદાર કોર્ટે કરેલ નથી અને તેમ ફરી હકીકતોની ભુલ કરેલ છે. જેથી પણ તે અંગેનો હુકમ ગેરકાયદેસરનો અને ગેર વ્યાજબી છે તેમ જ તે રદ થવા પાત્ર છે.''

(૨) એપેલેન્ટે અપીલ સાથે ટી. અરજી નં. ૪૪૩/૯૦ માં આંક-૧૩ હેઠળ તથા આંક-૭૧થી મજુર અદાલતે પસાર કરેલ હુકમની નકલો રજુ કરી છે.

(૩) આ કામમાં નીચલી કોર્ટનો રેકોર્ડ તપાસવા માટે અત્રે મંગાવવામાં આવેલ છે અને રીસ્પોન્ડન્ટ કામદારને નોટીસ કરવામાં આવેલ છે. નોટીસ બજી જતાં રીસ્પોન્ડન્ટ કામદારે તેમના વકીલશ્રી સુભાષ ટી. ચૌધરી મારફત આ કામમાં હાજર થયેલા છે અને આંક-૧૨થી તેમણે અપીલ મેમોનો લેખીત જવાબ રજુ કર્યા વિના દલીલો કરવાની હોય, તેમજ નીચલી કોર્ટના રેકોર્ડ સિવાય અન્ય કોઈ દસ્તાવોજો ઉપર આધાર રાકતા ન હોય, બંને પક્ષોની દલીલો સાંભળી યોગ્ય હુકમ ઉપર રાખવા અરજ કરેલ છે. તે સંજોગોમાં આ અપીલ વિષે બંને પક્ષનાં પ્રતિનિધિઓની દલીલો સાંભળવામાં આવી છે.

(૪) એપેલેન્ટ તરફથી તેઓના વિદ્વાન વકીલશ્રી કનુભાઈ એચ. રાણાએ નીચલી કોર્ટમાં રજુ થયેલ રેકોર્ડ અને સાક્ષીઓની જુબાની તરફ આ અદાલતનું ધ્યાન દોરતાં એવી હકીકત રજુ કરી કે, કામદારનો નીચલી કોર્ટમાં ટમીનેશનનો કેસ છે પરંતુ હકીકતમાં તેમને એકવાર પત્રો અને નોટીસથી તેમની ફરજ ઉપર હાજર થવા અને ફરજ બજાવવા સંસ્થાએ જાણ કરેલી છે અને પહેલા તેમની સામે કામની ના પાડવા અંગે ચાર્જ મુકવામાં આવેલો ત્યારે પેન્ડીંગ ઈન્કવાયરી તેમને સસ્પેન્ડ કરવામાં આવેલા પરંતુ ઈન્કવાયરી પૂરી થઈ તે દિવસે તેમની તપાસ પૂરી થઈ છે અને તેમને બીજા દિવસથી ફરજ ઉપર હાજર થવું

INDEX

તેવી સ્પષ્ટ સુચના આપવામાં આવેલી અને તે ઈન્કવાયરીમાં કામદાર જાતે હાજર હતા તે તેમણે જુબાનીમા કબુલ કરેલ છે, તેમજ તે પછી તેઓ હાજર ન થતા તેમને પત્રો લખવામાં આવ્યા છે, જેના જવાબમાં તેમણે વાંધા કાઢ્યા કર્યા છે અને ફરજ ઉપર હાજર થયા નથી. ત્યારે તેમને કાયમી કામદારમાંથી સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબ બદલી કામદાર બનાવવામાં આવ્યા છે. શ્રી રાણાએ એવી રજુઆત કરી કે ખાતાકીય તપાસ પૂરી થાય પછી પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શન પૂરું થઈ જાય છે, એટલે તપાસમાં જો કામદારને બીજા દિવસથી કામ ઉપર હાજર થઈ જવા જણાવવામાં આવે તો તે સિવાય અન્ય કોઈ લેખીત હુકમની જરૂર નથી પરંતુ આ કામમાં તો તે પછી પણ લેખીતમાં આપવામાં આવ્યું છે અને તે તમામ પુરાવાઓનું નાચલી અદાલતે યોગ્ય મુલ્યાંકન કર્યુ નથી, તે સંજોગોમાં નીચલી અદાલતનો ચૂકાદો રદ થવા પાત્ર છે.

(૫) રીસ્પોન્ડન્ટ કામદાર તરફે શ્રી એસ.ટી. ચૌધરીએ ભારપુર્વક એવી રજુઆત કરી છે કે, કામદારની મુળ અરજીમાં કામદારનો કેસ ઓરલ ટમીનેશનનો છે અને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કર્યા પછી સ્સ્પેન્શન હુકમ રદ કરતો કોઈપણ પત્ર કામદારને આપવામાં આવ્યો નથી અને તેને કંપનીમાં દાખલ થવા દેવામાં આવ્યા નથી, તે સંજોગોમાં કામદારને કામ ઉપર ન આવવા દેવા તે ટમીનેશન ગણાય, એટલું જ નહિ આ અંગેનો બચાવ પ્રથમ વખત જ કોર્ટમાં આવે છે કે કામદારનું સસ્પેન્શન રદ કરવામાં આવેલું. શ્રી ચૌધરીએ એવી પણ દલીલ કરી છે કે તપાસની કાર્યવાહી પૂરી થાય ત્યારે તેના ઉપર શું હુકમ કરવામાં આવ્યો તે પણ જણાવવું જોઈએ પરંતુ તે અંગે પણ કામદારને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવેલ નહિ અને કામદારને હાજર નહોતા લેતા તેથી જ કામદારને કોર્ટ કમિશનર મારફતે હાજર કરાવવા અરજી કેરેલી આ સંજોગોમાં આ અંગેના પુરાવાઓનું સંપૂર્ણ મુલ્યાંકન કરી નીચલી કોર્ટે કામદારને ગેરકાયદેસર છૂટા કરવામાં આવ્યા છે અને તેથી પડેલા દિવસોનો પગાર સાથે મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા તેવો હુકમ કરેલો છે તે હુકમ પુરાવા ઉપર આધારીત અને કાયદેસરનો છે, શ્રી ચૌધરીએ કામ આપવાનો ઈનકાર તે ટર્મીનેશન ગણાય તેવી રજુઆતના સમર્થનમાં ૧૯૯૪ (૨) એલ.એલ. જે ૫૧૧ પરનો નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન એસ.એમ. લી. વિરુદ્ધ શિવાજી શંકર ધાવડેના કેસમાંનો બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો તથા ૧૯૯૦ની સાલનો સુધુ વિરુદ્ધ મેસર્સ હાજીલાલ મોહમદ બીરી વર્કના કેસમાંનો નામદાર સુપ્રિમકોર્ટમાંનો ચુકાદો તેમજ ૧૯૯૬ (III એલ.એલ.જે સપ્લીમેન્ટ) ૫૯૮ પરનો જયવંત યશવંત રાઉટ વિરૂદ્ધ સીમ્લેક્ષ મીલ્સ લી. ના કેસમાંનો બોમ્બે હાકોર્ટમાંનો ચૂકાદો રજુ કરેલ છે. શ્રી ચૌધરીએ ૧૯૯૬ (૧) સી.એલ.આર. ૧૭૨ પરના ચૂકાદાનો પણ ઉલ્લેખ કરેલ છે, જે ગંગારામ કે. મેડેકર વિરુદ્ધ ઝેનીથ સેઈફ મેન્ફેકચરીંગ કંપનીના કેસમાં બોમ્બે હાઈકોર્ટે આપેલો છે. શ્રી ચૌધરીએ નીચલી અદાલતમાં તેમને રજુ કરેલા ચૂકાદાઓ પણ ઉલ્લેખેલા છે અને એવી રજુઆત કરી છે કે, જો કામદાર ગેરહાજર રહેતો હોય તો કે નોકરી છોડીને જતા રહયા હોય તો તેને નોકરી છોડી દીધી

INDEX

છે તેવું આપખુદી રીતે માની લઇ શકાય નહિ અને તેની ઇન્કવાયરી કરીને કામદાર સામે પગલાં લેવા જોઇએ પરંતુ તે સિવાયના સંજોગોમાં કામદાર હાજર થતા હોય અને માલિક કામની ના પાડે તો તે ટર્મીનેશન ગણાય, જે સંજોગોમાં નીચલી અદાલતનો ચુકાદો કાયદોસરનો અને યોગ્ય છે.

(૬) આ કામમાં નીચેના મુદ્દાઓ ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, કામદારને ગેરકાદેસર રીતે છૂટા કર્યા હોવાના કારણસર નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો નીચલી અદાલતનો હુકમ બીન પાયાદાર અને કાયદાની જોગવાઈ વિરૂધ્ધનો છે ?

(૨) શું એપેલન્ટ પુરવાર કરે છે કે નીચલી અદાલતે તેના ચુકાદામાં હકીકતોની મુલવણી કરવામાં તથા પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં કાયદાકીય તથા હકીકતોનીભૂલ કરેલ છે ?

(૩) શો હુકમ :-

ઉપરોકત મુદ્દાઓ અંગે નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણય માટેનો પક્ષકારોની રજુઆતો અને રેકોર્ડના સંદર્ભમાં તપાસીએ તો આ પ્રમાણે છે.

નીચલી અદાલતનો રેકોર્ડ જોતાં તેમજ અરજદાર કામદારે આંક-૧ થી જે અરજી આપી છે તે અરજીમાં સામાવાળાએ તેમને નોકરીની શરતોમાં ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધ એ એકતરફી નિર્ણય લઇ ફેરફાર કરે છે તેવી રજુઆત કરી છે અને સામાવાળા તેમને તેમણી ફરજ ઉપર હાજર થવા દેતા નથી તેવી રજુઆત કરી છે અને તે પ્રમાણે જાહેર કરી પડલા દિવસોના પગાર સાથે અસલ જગ્યાઓ સળંગ નોકરી સાથે પુનઃ સ્થાપિત કરવા હુકમ કરવા અરજી કરે છે. હવે તેમણે આ અરજીમાં તેમનો છેલ્લો એપ્રોચ પત્ર, તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૦ના રોજ આપેલ છે તેવો ઉલ્લેખ કરેલ છે અને તે એપ્રોચ પત્ર છતાં તેમને ફરજ ઉપર રાખેલ નથી તેથી આ કેસ કરવાની જરૂર પડેલ છે, તેવું જણાવેલ છે. હવે સદરહુ એપ્રોચ લેટર તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૦નો રજુ થયો છે અને તેમાં તેમણે સંસ્થાની તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૦ના રોજની નોટીસનો ઉલ્લેખ કરેલ છે અને તેનો ખુલાસો કરે છે. હવે તા. ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૦ના એપ્રોચ લેટરમાં તેઓ સંસ્થામાં જાય છે અને સંસ્થા તેમને ફરજ ઉપર હાજર થવા દેતી નથી તેવું જણાવેલ નથી. હવે તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૦ના રોજની જે નોટીસનો ખુલાસો

INDEX

અરજદારે તેના આ પત્રથી રજુ કર્યો છે તે તપાસીએ તો તે નોટીસ આંક-૫૦ની છે. આ નોટીસમાં સંસ્થાએ સ્પષ્ટ લખ્યું છે કે, '' તમો તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજથી ખાતાના વહીવટી અધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ગેરહાજર રહેલા છો, આ અંગે તમોને તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજ તેમજ તા. ૧૮મી જુન, ૧૯૯૦ના રોજના પત્રો રજી. એડી. તેમજ યુ.પી.સી. થી જાણ કરેલ છે, પરંતુ તમો ફરજ પર હાજર થયેલા નથી''. આંક-૫૦ની આ નોટીસમાં આ કામદારનું નામ બદલી કામદાર તરીકે ફેરવવામાં આવ્યું છે. બદલી કામદાર તરીકે બદલી કામદાર તરીકે બદલી ભરવા ખાતામાં હાજર થવું તેવું તેમને તા. ૨૯મી જુન, ૧૯૯૦ના પત્રમાં લખવામાં આવેલો તેવો ઉલ્લેખ છે અને તેમને બદલી કામદાર તરીકે ફરજ ઉપર હાજર થવુ તેવી જાણ આંક-૫૦ની આ નોટીસથી કરવામા આવેલ છે. કામદારે તેમની અરજીમાં આ નોટીસ મળ્યા હોવાની અને તેમને બદલી કામદારની જગ્યા ઉપર બદલી ભરવા ફરજ પર હાજર થવામું જણાવેલ હોવાની વાત છુપાવી છે. કામદારે આજ રીતે તેમને આપવામાં આવેલ તા. ૨૯મી જુન, ૧૯૯૦ની નોટીસ આંક-૪૮, તા. ૧૬મી જુલાઈ, ૧૯૯૦ની નોટીસ આંક-૪૯, તા. ૧૮મી જુન, ૧૯૯૦ની નોટીસ આંક-૪૭ આ કાગળોનો ઉલ્લેખ કે તેમાં તેમણે જણાવવામાં આવેલ બાબાતોનો ઉલ્લેખ તેમની અરજીમાં કરવાનું ટાળ્યું છે, હવે આ દસ્તાવેજો જોતા દસ્તાવેજો ખોટા છે કે કામદારને મળેલા નથી, તેવો બચાવ કામદાર લઇ શકે તેમ નથી કારણ કે આ પત્રોનો કામદારે જવાબ આપેલો છે. હવે આ સંદર્ભમાં કામદારનો એવો કેસ છે કે, તેઓ કંપનીમાં હાજર થવા જાય છે, પરંતુ કંપની હાજર લેતા નથી અને તે ટર્મીનેશન ગણાય, તેથી જ તેમણે ટર્મીનેશન અરજી કોર્ટમાં દાખલ કરી છે. હવે તેની સામે સંસ્થાના જવાબમાં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, સંસ્થાએ તેમને છુટાં કર્યા નથી પરંતુ કામદારને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલા અને ઇન્કવાયરી પૂરી થતા તેમને બીજા દિવસથી ફરજ ઉપર હાજર થવા ઇન્કવાયરી પૂરી થઇ તે દિવસે જણાવવામાં આવેલું છે પરંતુ, કામદાર ફરજ ઉપર હાજર થયો નથી અને તે પછી કામદારને એકથી વધારે વાર લેખીતમાં પણ ફરજ ઉપર હાજર થવા જણાવેલું પરંતુ, કામદાર ફરજ ઉપર હાજર ન થતા તેને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબ કાયમીમાંથી બદલીમાં મુકવામાં આવેલા છે. બેને પક્ષકારોના આ વિવાદ અંગે મજુર અદાલત સમક્ષ સંપૂર્ણ પત્ર વ્યવહારના દસ્તાવેજો રજુ થયા છે, જેમાં કામદારે આપેલ સૌથી પહેલી નોટીસ પણ રજુ થયા છે. કામદારે ફરજ બજાવવા અને કામ કરવાની ના પાડી તે અંગે ઇન્કવાયરી કરવામાં આવેલ અને પેન્ડીંગ ઇન્કવાયરી કામદાર સસ્પેન્ડ કરવામા આવેલા તેવા પેપર્સ છે અને બંને પક્ષકારોના સાહેદોની જુબાનીઓ પણ છે અને આ દસ્તાવેજો તથા મૌખીક પુરાવાઓ ઉપર મજુર અદાલતે તેનું મૂલ્યાંકન કરી નિર્ણય લેવાનો હતો. મજુર અદાલતે આ નિર્ણય માટે તારણો ઉપર આપવામાં કોઇ ભૂલ કરેલ છે કે કેમ ? તે ચોક્કસ કરવા માટે કામદારના કેસની વિગતો જોઇએ તો કામદારનો કેસ મજુર અદાલત સમક્ષ એવો છે કે, તેમને સામાવાળા કેસની વિગતો જોઇએ તો કામદારનો

INDEX

કેસ મજુર અદાલત સમક્ષ એવો છે કે, તેમને સામાવાળાએ ફરજ ઉપર હાજર થવા દીધેલ નથી અને તે રીતે છુટા કર્યા છે. આ અંગે કામદારની રજુઆતનો આ રેકોર્ડમાં આવેલો પ્રથમ પત્ર જોઇએ તો તે તા. ૩૦ માર્ચ, ૧૯૯૦ના રોજનો છે. આ પત્ર આ કામના રેકોર્ડમાં કામદારના દસ્તાવેજી લીસ્ટમાં આંક-૧૬થી રજુ થયેલ છે, તે પત્ર યુનિયનમાં પ્રતિનિધિએ મીલ કંપનીને લખેલ છે જેમાં કામદારે યુનિયનને ફરીયાદ કરી છે કે કામદાર ફરજ ઉપર ટાઇમસર આવે છે, પરંતુ મીલના ગેટની અંદર વોચમેન તેમને દાખલ થવા દેતા નથી અને મીલ તરફી મૌખિક રીતે બીજી પાળીમાં ડી.જી. સેટ પર જવા માટે દબાણ અને ધમકીઓ આપવામાં આવે છે. આ પત્રમાં કામદારનો માત્ર ફીટર તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે અને મીલ કંપની કામદારને ડી.જી. સેટ ઉપર કામ કરવા જવાનું જણાવે છે અને તે રીતે દબાણ કરે છે, તેવું જણાવવામાં આવેલ છે. આ અંગે જે તે સમયે કામદારને જો મીલ કંપનીમાં દાખલ થવા દેવામાં આવતા ન હોય અને કામદાર તેને ટર્મીનેશન ગણતા હોય તો તે વખતે કામદાર લેબર કોર્ટ સમક્ષ પોતાની ટર્મીનેશન અરજી દાખલ કરી શક્યા હોય પરંતુ આ પત્રના આધારે હાલની ટર્મીનેશન અરજી દાખલ કરવામાં આવી નથી એટલું જ નહિ આ પત્રનો આંક-૧ની અરજીમાં કોઇપણ ઉલ્લેખ નથી. હવે આ કામમાં કામદારે પોતાનો પત્ર તા. ૩૦મી માર્ચ, ૧૯૯૦નો આંક-૫૨ ઉપર રજુ થયો છે જેના વિશે કામદારે એપ્રોચ લેટર તેવો ઉલ્લેખ કરેલ છે. તેમાં પણ કામદારે તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના રોજથી તેમની ફરજ ઉપર આવતા રોકવામાં આવેલા છે તેવી રજુઆત કરી છે અને તેમાં સામાવાળાએ તેમને ઓફિસમાં બોલાવી નોકરી બદલી નાખશે તેવી દામકી આપી છે તેવો ઉલ્લેખ છે, પરંતુ તેમને ટર્મીનેટ કરવામાં આવ્યા છે તેવો ઉલ્લેખ નથી અને આ પત્રના આધારે મજુર અદાલત સમક્ષની ટી. અરજી દાખલ કરે નથી એટલું જ નહિ આ પત્રનો પણ તે અરજમાં ઉલ્લેખ નથી. હવે આ સમયે જો કામદારને ફરજ ઉપર ચાલુ રાખવામાં ન આવ્યા હોય અને તેઓ નોકરી ઉપર ન હોય તો તેમણે રજા રીપોર્ટ આપી રજા ઉપર જવાની જરૂર ન પડે, પરંતુ રેકોર્ડમાં જોતાં ત્યાર પછી તા. ૧૨મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ કામદારે આપેલો રજાનો રીપોર્ટ આંક-૫૪ ઉપર રજુ થેયલ છે અને તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૦નું રજાનો રીપોર્ટ આંક-૫૫થી રજુ થયેલો છે. ત્યારબાદ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૦ના ડૉકટરી સર્ટિફિકેટ ઝેરોક્ષ સામાવાળાએ રજુ કરેલા, દસ્તાવેજો જોઇ શકાય છે એટલે આ સમયે કામદારને છુટા કરવામાં આવ્યા હોય કે કામદાર નોકરીમાં ન હોય તેવો પ્રશ્ન હોઇ શકે નહિ અને આ સિવાય ત્યાર પછીના કોઇપણ પત્રમાં કામદારને તેમના કામ ઉપર ચડતા અટકાવવામાં આવ્યા છે તેવું જણાવવામાં આવેલ નથી, તેથી ઉલટું તેમને કેટેગરી કાયમીમાંથી ગેરકાયદેસર રીતે બદલવામાં આવ્યા છે કે તપાસ પૂરી થયા પછી શું થયું તે અંગે તેમને જાણ કરાવમાં આવી નથી, આવી બાબતો જ તેમણે પત્રમાં લખેલી છે. તા. ૪થી જુલાઇ, ૧૯૯૦ના પત્ર આંક-૫૮માં કે જેને પણ કામદારે એપ્રોચ લેટર તરીકે ઉલ્લેખે છે તેમાં ફકરા-૨ માં આ પ્રમાણે શબ્દો છે, " (૨) તમોએ અમારી સામે અમારી નોકરીની શરતોમાં

INDEX

ફેરફાર કરવાનું કાવતરૂ કરી અમોને કાયમીમાંથી હંગામી તરીકે કોઇપણ વાંકગુના વગર મનસ્વી રીતે કરેલ છે.'' આ વિનંતી પણ જોતા કામદારને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા છે તેવું અર્થઘટન થઇ શકે તેમ નથી. જયારે મજુર અદાલતે તેના ચુકાદામાં અધુરી હકીકતવાળુ તારણ કાઢી એવું ઠરાવેલ છે કે, '' વધુમાં સામાવાળાએ અરજદારનું નામ કાયમી કામદાર તરીકેથી કમી કરેલ છે.'' આ કાયમી તરીકે નામ કમી કરવાની પ્રક્રિયાને મજુર અદાલતે ટર્મીનેશન ગણી છે જયારે હકીકત કામદારની નોકરી બદલી કામદારની કેટેગરીમાં ચાલુ રાખવામાં આવેલ છે અને કામદારનો પોતાનો કેસ તેમને ખાતકીય તપાસ કર્યા વગર કાયમીમાંથી બદલીમાં મુકવામાં આવ્યા છે અને તે રીતે ગેરકાયદેસરનો ફેરફાર કરેલ છે તેવા પ્રકારનો નથી એટલે જે વિવાદ મજુર અદાલત સમક્ષ કામદારે રજુ નથી કર્યો તે વિવાદ અંગે મજુર અદાલત પોતાનો ચુકાદો આપે છે. કામદારને કાયમીમાંથી બદલીમાં ફેરવવાનું કૃત્ય ગેરકાયદેસર ફેરફાર હોય તો પણ કામદારે કામ ઉપર ચાલુ રહીને માલિકના તે કૃત્યને મુજર અદાલત સમક્ષ પડકારવું જોઇએ પરંતુ કામદારે તેમ કરેલ નથી અને માલિક તેમને ફરજ ઉપર અટકાવે છે અને તે રીતે ટર્મીનેટ કરે છે તેવું મજુર અદાલત પાસે રજુ કરવાની કોશીશ કરી છે.

મજુર અદાલતે પણ કામદારની અરજીમાં જે વિષય છે તે વિષય ધ્યાનમાં લેવાને બદલે કામદારે જે રજુઆત નથી કરી એટલે કે આંક-૧માં કામદારનું જે પ્લીડીંગ નથી તેના વિશે કેસ ચલાવી તેના આધારે પોતાનો નિર્ણય આપવાની કોશીશ કરી છે,તેમાં નોંધપાત્ર એ બાબત છે કે કામદારની તેની ગેરહાજરી માટે ખાતકીય તપાસ કરીને સામાવાળાએ શિક્ષા કરી નથી અને કામદાર પણ તે બાબત સ્વીકારે છે કે કહેવાતી તપાસ તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજ પૂરા થવા છતાં તે અંગેનો કોઇ નિર્ણય સામાવાળાએ આપેલો નથી. હવે મજુર અદાલતનો ચુકાદો જોતા મજુર અદાલતે પાના-૭ ઉપર સામાવાળા સંસ્થામાં કામદાર ગેરહાજર રહેતા હોય તો તે ગેરવર્તન બાબત ખાતાકીય તપાસ હાથ ધરી અરજદાર ''કામદારને બચાવ અને રજુઆત કરવાની તક આપ્યા બાદ સ્થાયી હુક[illegible]માં જણાવ્યા અનુસાર સજા કરી શકયા હોત પરંતુ આ કામે સામાવાળાએ આ પ્રકારે વર્તન દાખવેલ નથી તેવું મજુર અદાલતે લખ્યું છે પરંતુ કામદારની અરજી આંક-૧ માં કામદારે તેમને સજા કરવામાં આવી છે અને ખાતાકીય તપાસ ધર્યા વિના સજા કરવામાં આવી છે તે બાબતને પડકારેલ નથી કે તે બાબત રજુઆત કરેલ નથી અને તેની આંક-૧ની અરજીનો તે વિષય પણ નથી. સામાવાળાનું સ્ટેન્ડીંગ ઓર્ડર ૧૧ મુજબનું પગલુ હોય અને કોઇ ગેરવર્તન બદલ કામદારને સજા કરેલ હોય અથવા સજા તરીકે કોઇ હુકમ કેર હોય અને કામદારે તે હુકમ મજુર અદાલતમાં પડકારેલ હોય તો મજુર અદાલત તે અંગે નિર્ણય કરી શકત પરંતુ, કામદારે આવા કોઈ હુકમને પડકારેલ નથી એટલે કે કામદારને કાયમીમાંથી બદલીકામદારની કેટેગરીમાં મુકવામાં આવેલા છે, તેવા કૃત્ય ને કામદારે મુળ અરજીમાં પડકારેલ નથી જયારે મજુર અદાલતે તેના આધારે પોતાનો ચુકાદે ઓપ છે. એટલું જ નહિ

INDEX

કામદાર જે ખાતાકીય તપાસની વાત કરે છે તે ખાતાકીય તપાસ આ કામમાં આંક-૧૯ની નોટીસના આધારે થયેલ છે, જેમાં કામદારને ડી. જી. સેટ ચાલુ કરવાનું માલિકે જણાવ્યું ત્યારે કામદારે અધિકારીને આ કામ કરવાની ના પાડી તે ગેરવર્તણુંકનો ઉલ્લેખ છે અને તે નોટીસના સંદર્ભમાં ખાતાકીય તપાસ થયેલ છે અને તે તપાસ દરમ્યાન કામદારને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવેલા. હવે આ તપાસ કાયદેસરની છે કે ગેરકાયદેસરની છે તે મજુર અદાલત સમક્ષનો વિષય નથી કારણ કે આ તપાસના આધારે કામદારને બરતરફ કરવામાં આવ્યા છે તેવો કામદારનો કેસ નથી કે આ તપાસના આધારે શિક્ષા કરવામાં આવી છે તેવો પણ કામદારનો આ કેસ નથી. તે સંજોગોમાં આ તપાસની કાયદેસરતા પણ મજુર અદાલતનો વિષય ન ગણાય પણ મજુર અદાલતે તેને આપેલ સમય આપવાનું યોગ્ય માન્યું છે. હવે આ દસ્તાવેજો જોતા આ ખાતકીય તપાસ પણ પૂરી થઇ ત્યારે એક જ દિવસમાં તપાસ ચાલે છે તેવું જોવા મળે છે જેમાં કામદાર હાજર છે અને તેને સહી કરવાની ના પાડેલ છે તેવું જોવા મળેલ છે અને પોતાની જુબાનીમા કામદારે કબુલ કરેલ છે કે તેને તપાસ કાગળમાં સહી કરવાની ના પાડેલ છે. જો આ બાબત તપાસ અધિકારી સાચા પડતા હોય કે કામદારે તપાસની ના પાડેલ છે તો તે વખતે કામદારને કહેવામાં આવ્યું છે કે, તમને પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ કરેલા તે ઇન્કવાયરી પૂરી થતા તેમને જણાવવામાં આવે છે કે તેઓ તેમની રાબેતા મુજબની પાળીમાં તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજથી ફરજ ઉપર હાજર થવું. મજુર અદાલતે તપાસ અધિકારીએ કામદારને સહી કરવાની ના પાડી છે તેવો ઉલ્લેખ છે અને કામદાર પોતાની જુબાનીમાં સહી કરવાની ના પાડેલ છે તેવું કબુલ કરે છે તે રેકોર્ડ ધ્યાનમાં લેતા જો આ મુદ્દા ઉપર તપાસ અધિકારી સાચા હોય તો તેમણે કામદારને ફરજ ઉપર હાજર થવા જણાવ્યું તે મુદ્દા ઉપરપણ તે સાચા હોય અને તે અંગેની રજુઆત પોતાની રીતે અર્થઘટન કરી ને કામદાર મજુર અદાલતમાં ખોટી કરે છે તેવું અદાલત સમજી શકી હોત પરંતુ મજુર અદાલતે આખી બાબતના તમામ રેકોર્ડના સંદર્ભમાં મુલવવાનું ટાળ્યું છે કારણ કે અદાલત એવું માની લે છે કે, કામદારને તા. ૧લી જુન, ૧૯૯૦ના રોજ તપાસ પૂરી થતા તેણે તા. ૨જી જુન, ૧૯૯૦ના રોજ ફરજ ઉપર હાજર થવું તેવું કહેવામાં નથી આવ્યું તો પણ તેના પછીના આંક-૨૧માં તા. ૬ઠ્ઠી જુન, ૧૯૯૦નો ચેતવણીનો પત્ર રજુ થયેલો છે જેમાં તપાસમાં કામદાર કસુરવાર માલુમ પડેલ છે અને તેમને ચેતવણી આપવામાં આવેલ છે તેવો ઉલ્લેખ છે. એટલે ખાતકીય તપાસ પૂરી થઇ ગયેલ છે તેની જાણ આ પત્રથી થાય અને તેમાં કામદારને બરતરફ કે બીજી કોઇ સજા કરવામાં આવી નથી. હજુ આ બાબત પણ અધુરી લાગે તો ત્યાર પછી સંસ્થાએ તા. ૮મી જુન, ૧૯૯૦ના રોજ આંક-૨૨નો પત્ર કામદારને પોતાને સોંપવામાં આવેલ પાળીમાં હાજર થવા માટે જાણ કરવા માટે લખેલો છે, તે કામદારને મળી ગયો છે, તે રેકર્ડ ઉપર છે અને તેનો આધાર એ પણ છે કે કામદારે તા. ૧૨મી જુન, ૧૯૯૦ના રોજ પોતાના પત્રથી તા. ૮મી જુન, ૧૯૯૦ની નોટીસનો જવાબ આપેલ છે. આ જવાબ જોઇએ તો કામદારે હાજર થવાનું ટાળ્યું

INDEX

છે અને આ નોટીસ ગેરકાયદેસરની અને ગેરવ્યાજબી છે તેવું રજુઆત કરી છે અને તેમાં પણ તેણે સ્પષ્ટ રીતે લખ્યું છે કે, '' તેમ છતાં અમો સામેની તમામ ગેરકાયદેસરની કાર્યવાહી પાછી ખેંચી અમોને વ્યાજબી અને યોગ્ય હુકમ આપવામાં આવે તો અમો ફરજ ઉપર હાજર થવા રાજી છીએ.'' આ સંજોગોમાં કામદારને તેમની ફરજ ઉપર હાજર થવા માટે સસ્પેન્શન રદ કરવામાં આવે છે તેવું લખવું જરૂરી હતું તેવું શ્રી ચૌધરીની રજુઆત સાથે સંમત થઇ શકાય તેમ નથી કારણ કે જયારે કામદારને તપાસ પછી નોકરીમાંથી દૂર કરવાની સજા કરવામાં આવી ન હોય ત્યારે કંપની તેને ફરજ ઉપર હાજર થવા જણાવે અને તે સમયે ખાતાકીય તપાસ પૂરી થઇ ગઇ હોય તો પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્શન પૂરૂ થયેલ છે, તેવું આપોઆપ ફલિત થાય અને કામદારને જો કોઇપણ પ્રકારે માલિકના અન્ય કોઇ કૃત્ય સામે વાંધો હોય તો તેણે તેના કારણે પોતાની ફરજ પર હાજર ન થવું અને ઇન્કવાયરી અંગે હુકમ કરવામાં ન આવે, ત્યાં સુધી ફરજ ન બજાવવી અને માલિક પાસેથી ખાતું માંગવું તેવો કોઇ કાયદો હોઇ શકે નહિ. ફરજ ઉપર હાજર થઇને પણ તે માલિકના કૃત્ય સામે નોટીસ આપી શકે અને અદાલતમાં આવી શકે અને દાદ માંગી શકે. અહિયા કામદારે કાર્યવાહી પાછી લેવાય તોજ હાજર થવાની વાત કરે છે, એટલે કાર્યવાહી કાયદેસરની છે કે ગેરકાયદેસરની તે પણ જાતે નક્કી કરે લે છે અને તે કાર્યવાહી માટે અદાલતનાં આવતા નથી. ફરી કામદારને તા. ૧૮મી જૂન, ૧૯૯૦ ના રોજ કંપનીએ આંક-૪૭નો પત્ર લખ્યો તેમાં પણ તેમને ફરજ ઉપર હાજર થવા સુચના આપેલી છે. ફરી કામદારે તેનો જવાબ તા. ૨૭મી જૂન, ૧૯૯૦ના પત્રથી માલિકને આપ્યો છે. આમાં પણ કામદારે એવું લખ્યું છે કે, ''અમો સામેના તમામ આક્ષેપો સ્પષ્ટપણે પાછા ખેંચી તે અંગેના તપાસના તારણો અને અમો ઉપર લીધેલ પગલા અંગેના સ્પષ્ટ હુકમ સિવાય તેમજ કઇ પાળીમાં હાજર થવાનું છે તે અંગે પણ આપે ખોટા વિવાદ ઉભા કરેલ છે તેથી અમોને અમો નિર્દોષ હોય તો સ્પષ્ટ હુકમ કરી અસલ જગ્યાએ હતા તે સ્થિતિ ઉપર નોકરી ઉપર હાજર થવા સ્પષ્ટ હુકમ કરવા અરજ છે.'' અહી પણ માલિકે કામદારને નોકરી પર લેવાની ના પાડી છે અને તે રીતે છુટા કર્યા છે તેવું ફલિત થતું નથી. તેથી ઉલ્ટું સંસ્થાએ તેમને કોઇ પાળી અંગે વિવાદ ઉતાર્યા છે કે વિવાદ ઉભો કર્યો છે તેવું કામદારે જણાવ્યું છે, જો આવો વિવાદ સંસ્થાએ ઉભો કર્યો હોય તો તે અંગે કામદાર કામ ઉપર હાજર થઇ અદાલતમાં ગેરકાયદેસર ફેરફારની અરજી કરી શકત પરંતુ આ કારણસર કામદાર હાજર થવાનું ટાળી શકે નહિ. મજુર અદાલત આ પત્રની નોંધ લેવામાં પણ નિષ્ફળ ગઇ છે. ત્યારબાદ માલિકે તા. ૨૯મી જુન, ૧૯૯૦ના રોજ આંક-૪૮ પરનો પત્ર લખી કામદારને જાણ કરે છે કે, તેઓ ફરજ ઉપર હાજર થતા નથી પરંતુ હાજર થવાની ફરી તક આપવામાં આવે છે અને તેમનુ નામ કંપનીના સર્ટિફાઇડ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ મુજબ કાયમી કામદારમાંથી બદલી કામદાર તરીકે ફેરવવામાં આવે છે. કામદારે આ પત્રનો પણ સામાવાળાનો જવાબ લખેલ છે, પરંતુ માલિકે તેમને કાયમી કામદારમાંથી બદલી કામદાર તરીકે ગેરકાયદેસર રીતે કેટેગરી ફેર કરી

INDEX

મુકેલા છે તે પગલાંને મજુર અદાલત સમક્ષ આંક-૧ની અરજીમાં પડકારેલ નથી, જ્યારે
મજુર અદાલત માલિકના આ પગલા અંગે પોતાનો ચુકાદો આપતા પોતાનો ચુકાદો આપતા
પોતાના તારણો આપે છે અને તે રીતે અરજીના વિષયની બહાર જાય છે. કામદારનો
જવાબ તા. ૪થી જુલાઇ, ૧૯૯૦નો આંક-૫૮ ઉપર રેકોર્ડ પર છે અને કામદારને આ પગલાં
સામે વાંધો હતો તો તેનો તે અંગે એપ્રોચ લેટર આપી મજુર અદાલતમાં અરજી દાખલ કરી
હોત પરંતુ કામદારે તે અરજી કરવાને બદલે ટર્મીનેશનની અરજી કરી છે, તો મજુર અદાલતે
કામદારને માલિકે છૂટા કર્યા છે તેવું પુરવાર કરે છે તે મુદ્દા ઉપર નિર્ણય આપવાનો રહે.
એ બાબત નોંધવી જોઇએ કે શ્રી ચૌધરીએ ઘણા ચુકાદાઓ રજુ કર્યા છે અને તેમાં એવી
રજુઆત કરી છે કે, માલિક જો કામદારને કામ ઉપર રાખવાની ના પાડે તો તે ટર્મીનેશન
ગણાય તે બાબત ખાસ કરીને ૧૯૯૦ એલ.એલ.આર. ૫૪૧ પર સુધુ વિરુદ્ધ મેસર્સ હાજીલાલ
મોહમ્મદ બીરી વર્કસના કેસમાંનો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ભારપૂર્વક ઉલ્લેખેલ છે,
આ ચુકાદામાં માલિકે કામદારને કામ આપવાની ના પાડેલી અને કામ ઉપર આવતા
અટકાવેલો માટે તે ટર્મીનેશન ગણાય, તે બાબત હકીકતો આધારે નિર્ણય લેવામાં આવે
છે. તેવો જ કેસ ૧૯૯૪ (૨) એલ.એલ.જે. ૫૧૧ પરના બોમ્બે હાઇકોર્ટના ચુકાદામાં પણ છે,
તેમાં પણ એવું સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, કામદાર કામ ઉપર હાજર થાય ત્યારે કામ
આપવાનો ઇન્કાર કરવો તે ગેરકાયદેસર છે. આ કેસમાં સમય મર્યાદાનો પ્રશ્ન પણ ચર્ચવામાં
આવ્યો છે, સમય મર્યાદાનો મુદ્દો અહીં લાગુ પડે તેમ નથી પણ કામ આપવાની ના પાડેલી
તે ગેરકાયદેસર કૃત્ય હોય તો આ કામમાં કામદારે પૂરવાર કર્યું છે કે માલિકે તેને કામ
આપવાની ના પાડી છે ? દસ્તાવેજો જોતાં પત્ર વ્યવહારમાં કામદારનો કેસ જુદો છે અને
અરજીમાં તેની રજુઆત જુદી છે આ ભેદ પારખવામાં મજુર અદાલત નિષ્ફળ ગઇ છે,
જ્યારે કામદાર પોતાને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા છે તેમ કહે અને ટર્મીનેશનનો
કેસ દાખલ કરે ત્યારે તમામ પુરાવાઓથી ટર્મીનેશન પૂરવાર કરવું પડે. કામદાર અહિયા
પોતાના જ પત્રોથી પોતાની અરજી વિરુદ્ધની બાબત પુરવાર કરે છે અને છતાં મજુર અદાલત
જે ખાતાકીય તપાસમાં કામદારને ટર્મીનેશનની સજા કરવામાં આવી નથી અને કામદારના
કહેવા પ્રમાણે જેનો નિર્ણય આપ્યો નથી તેવી ખાતાકીય તપાસની કાયદેસરતા અંગેનો
નિર્ણય આપે છે કે જેના ઉપર કામદારની આ અરજીનો આધાર નથી. તેજ રીતે કામદારની
અરજી જોતાં કામદારને તેને કાયમીમાંથી બદલી તરીકે જુદી કેટેગરીમાં માલિકે મુકેલા છે
તેવી કાયદેસરતાને પડકારેલ નથી છતાં મજુર અદાલત કામદારને ખાતાકીય તપાસ વિના
કાયમીમાંથી બદલીની કેટેગરીમાં મુકવામાં આવ્યા છે તે કૃત્યની કાયદેસરતા અંગે નિર્ણય
આપે છે. જો કામદારના કેસમાં માલિકે તેની કેટેગરીમાં ગેરકાયદેસર રીતે ફેરફાર કર્યો
છે તેવો હોય તો માલિકે તેને નોકરીમાંથી છુટા કર્યા છે તેવો કેસ આપોઆપ ખોટો ઠરે પણ
મજુર અદાલતે તે અંગે વિચારણા જ કરી નથી અને પરિણામે ટી. અરજી ૪૪૩/૯૦ જેવી
ટર્મીનેશનની મેટરમાં માલિકે કામદારને કામ ઉપર હાજર લેવાની ના પાડી ટર્મીનેટ કર્યા છે

INDEX

તેવું પુરવાર થતું ન હોવા છતાં કેટેગરી ફેર જેવા કારણોસર કામદારનો કેસ તેને લગતો ન હોવા છતાં મજુર અદાલતે વિષય બહારની બાબત ધ્યાનમાં લઈ કામદારની તરફેણમાં તેની અરજીમાં ચુકાદો આપ્યો છે અને તે ચુકાદો આપતા તેના સમક્ષ રજુ થયેલા દસ્તાવેજો અંગે બીલકુલ ગંભીર વિચારણા કરી નથી, તેવું સ્પષ્ટ જણાય છે. તે સંજોગોમાં મજુર અદાલતનો આ હુકમ પુરાવા ઉપર આધારીત અને કાયદેસરનો માની શકાય તેવા કોઈ સંજોગો નથી અને તે કારણોસર એપેલન્ટની આ અપીલ મંજુર થવા પાત્ર છે.

(૮) ઉપરોક્ત કારણોસર આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની મજુર અદાલતના ટી. અરજી નંબર ૪૩૩/૯૦ માંના ચુકાદા સામેની આ અપીલ મંજુર કરવામાં આવે છે અને સદરહુ ચુકાદો પુરાવાઓની ચર્ચા ઉપર આધારીત કાયદાની જોગવાઈઓ પ્રમાણેનો અને યોગ્ય ન હોવોથી સદરહુ ચુકાદો રદ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૨.

(સહી) અવાચ્ય
અધિક્ષક,
ઔદ્યોગિક અદાલત, સુરત

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 19, *Gujarat Government Gazette,* Part I—L dated 9th May, 2002, and for pages VAD 8527 to VAD 9186 (in 1 set) *read* page Nos. 10928 to 11587.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૯મી મે, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૧૯માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી–૮૫૨૭ થી વીએડી–૯૧૮૬ (૧ બંચમાં) ને પાન નંબર ૧૦૯૨૮ થી ૧૧૫૮૭ વાંચવા.

Vadodara, 9th May, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૪૫૯૬/ઔ.વિ.રે/૪૨૫-૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔધોગિક વિવાદ (૧) ચેરમેનશ્રી, સ્ટેન્ડીંગ કમીટી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર (૨) ચીફ ઓડીટરશ્રી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔધોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ્-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔધોગીક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અલ્કેશભાઇ પટેલ સીની. ઓડીટર તરીકે કામ કરે છે જેઓ તા. ૧લી જુન, ૧૯૯૬થી ડેપ્યુટી ચીફ ઓડીટરની જગ્યા માટે લાયકાત ધરાવે છે. તેમને તા. ૧૯મી એપ્રિલ, ૧૯૯૯થી રૂા.૮,૦૦૦-૧૩,૫૦૦ના ગ્રેડની ડેપ્યુટી ચીફ ઓડીટરની જગ્યાએ તફાવત સાથે પ્રમોશન આપવું કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૯.

વી. આર. દવે,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૪૫૯૭/ઔ.વિ.રે/૪૨૬-૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) સ્ટેન્ડીંગ કમીટી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર (૨) ચીફ ઓડીટરશ્રી, ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો [illegible] રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગીક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મુકેશભાઇ જોષી જેઓ સીનિયર ઓડીટર તરીકે કામ કરે છે તેમને તા. ૧લી જુન, ૧૯૯૯થી ડેપ્યુટી ચીફ ઓડીટરની રૂા. ૮,૦૦૦-૧૩,૫૦૦ના ગ્રેડની જગ્યા ઉપર તફાવત સાથે પ્રમોશન આપવું કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૯.

વી. આર. દવે,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૪૫૯૮/ઔ.વિ.રે/૪૨૭-૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) ભાવનગર મહાનગરપાલીકા, ભાવનગર (૨) સી.ડી.પી.ઓ.લી. સંકલીત બાળ વિકાસ સેવા યોજના, ભાવનગર અર્બન પ્રોજેકટ નં. ૧, ભાવનગર અને તેના કામદારો વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગીક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કનકબેન આર. વ્યાસ તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૮૭થી સંકલિત બાળ વિકાસ યોજનામાં ભાવનગર પ્રોજેકટ નં. ૧ સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે તેઓને બાળ વિકાસ યોજના અધિકારીની જગ્યાએ પ્રમોશન આપવું કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૯.

વી. આર. દવે,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૪૫૯૯/ઔ.વિ.રે/૪૬૨-૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ પાલીતાણા નગરપાલીકા, પાલીતાણા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગીક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લાલજીભાઇ કરશનભાઇ મકવાણાને તેમની નોકરીના ૨૪૦ દિવસ પુરા થયાની તારીખથી ચોકીદાર તરીકે કાયમી કરવા કે કેમ ? અને કાયમી ચોકીદારને મળતા પગાર, ગ્રેડેશન, ભથ્થું તથા આનુષાંગીક તમામ લાભો હક્કો તે તારીખથી એરિયર્સ સહિત ચુકવી આપવા કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૯.

વી. આર. દવે,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૦/ઔ.વિ.રે/૯૯-૯૮.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ શ્રી કુવાડવા જુથ સેવા સહકારી મંડલી લી. કુવાડવા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક તિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી જયંતીલાલ કાબાભાઇ કાકડીયા (૨) શ્રી મોહનભાઇ કરશનભાઇ ઠુમ્મર (૩) શ્રી મહેશ કાનજીભાઇ ઠુમ્મર (૪) શ્રી બાવાલાલ નાથાભાઇ અજાણી કલાર્કને નોકરીમાં દાખલ થયા તારીખથી સરકારી ધારા ધોરણ મુજબ પગાર ગ્રેડ, મોંઘવારી, રજાના લાભો વિગેરે તમામ લાભો તથા તેમાં વખતોવખત જે જે વધારો થાય તે આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી ઓકટોબર, ૧૯૯૯.

વી. આર. દવે,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વાર

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૧/ઔ.વિ.રે/૪૦૭/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કર્મચારી શ્રી અરવિંદ કે. વસાવડા કન્ડકટર બેજ નં. ૫૦૨ને ડી. કેસ નં. ૨૦૫/૯૫ દફતરી હુકમ નં. ૨૪૦/૯૫થી કરવામાં આવેલ વાર્ષિક પગાર વધારો એક વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો સજાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? સજાને કારણે કામદારને થયેલ આર્થિક નુકશાની વ્યાજ સહીત ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૨/ઔ.વિ.રે/૪૦૮/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કર્મચારી શ્રી અરવિંદ કે. વસાવડા બેજ નં. ૫૦૨ને ડી. કેસ નં. ૧૦૩/૯૫માં દફતરી હુકમ નં. ૧૧૨/૯૫થી આગામી વાર્ષિક પગાર વધારો ૧ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની સજા રદ કરવી જોઇએ કે કેમ ? તેમજ સદરહું સજાને કારણે કામદારને થયેલ આર્થિક નુકશાની નિગમે ભરપાઇ કરી આપવી જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૩/ઔ.વિ.રે/૪૦૯/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કંડકટર શ્રી નાનજીભાઇ હિરજીભાઇ બેજ નં. ૮૬૦૦ને ડી. કેસ નં. ૩૮૫/૯૫માં દફતરી હુકમ નં. ૪૦૧/૯૬થી કંડકટરનાં મુળ પગાર પર મુકવાનો હુકમ કરેલ છે. તે રદ કરી કામદારને થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૪/ઔ.વિ.રે/૪૧૦/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કર્મચારી શ્રી બાબુલાલ એમ. ઢોલરીયા બેજ નં. ૫૯૭ને ડી. કેસ નં. ૨૩૬માં દફતરી હુકમ નં. ૬૭૮થી કરવામાં આવેલ સજા રદ કરી સદરહું સજાના કારણે કામદારને થયેલ આર્થિક નુકશાન વ્યાજ સહીત ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૫/ઔ.વિ.રે/૪૧૧/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી સાવરકુંડલા નગરપાલીકા, સાવરકુંડલા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના નીચે દર્શાવેલા કર્મચારીઓને તેમના નામ સામે દર્શાવેલ હોદ્દા ઉપર તેમની નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરી કાયમી કર્મચારીને મળતા પગાર ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ ?

ક્રમ	કામદારનું નામ	હોદ્દો	નોકરીમાં દાખલ તારીખ
૧.	શ્રીદિલીપકુમાર હર્ષદભાઇ જોષી	ઓક્ટ્રોય ઇન્સ્પેકટર	૧-૪-૯૭
૨.	,, પ્રવિણભાઇ મનસુખભાઇ જોષી	નાકા કારકુન	૧-૨-૯૭
૩.	,, આસીફ હુસેનભાઇ રાઠોડ	,,	૧-૧૨-૯૬

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૬/ઔ.વિ.રે/૪૧૨/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, રાજુલા નગરપાલીકા, રાજુલા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કામદારશ્રી અનકભાઇ ખુમાણ (૨) શ્રી મદદઅલી હબીબભાઇ વલગરીયા બંનેને તા. ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૮થી અનુક્રમે સેનેટરી ઇન્સ્પેકટર તથા વોટર વર્કસનાં હોદ્દા પર કાયમી કરી, કાયમીના મળતા પગાર ભથ્થા સહીત એરીયર્સ ચુકવી આપવું જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૭/ઓ.વિ.રે/૪૧૩/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, રાજુલા નગરપાલીકા, રાજુલા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કામદાર શ્રી ભગુભાઇ આપાભાઇને તેમના હોદ્દા સેનેટરી ઇન્સ્પેકટરમાં હાજર થયા તારીખથી તેમનાં હોદ્દા પર કાયમી કરી કાયમી કર્મચારીને મળતા પગાર તથા અન્ય લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમ/સી/૪૬૦૮/ઓ.વિ.રે/૪૧૪/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ચીફ ઓફીસરશ્રી, રાજુલા નગરપાલીકા, રાજુલા અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કામદાર શ્રી પાંચાભાઇ રણછોડભાઇ જીજાણાને નોકરીમાં દાખલ તારીખ ૧લી મે, ૧૯૮૯થી કાયમી કરી કાયમી કર્મચારીને મળતા પગાર ભથ્થા તથા એરીયર્સ તમામ લાભો ચુકવી આપવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમ/સી/૪૬૦૯/ઔ.વિ.રે/૪૨૦/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ પશુપાલન નિયામકશ્રી, મોરબી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત નં. ૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કર્મચારી શ્રી બલદેવભાઇ ભીખાભાઇને તેમણે ડ્રાયવર તરીકે જયારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય, ત્યારથી તેને ડ્રાયવર તરીકે કાયમી કરી, તફાવતની રકમ એરીયર્સ સહીત ચુકવી આપવી જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમ/સી/૪૬૧૦/ઔ.વિ.રે/૪૨૧/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ કાર્યપાલક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગ નં. ૧ રાજકોટ અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત નં. ૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાના કર્મચારી શ્રી કાનજી મનજી ભલાણીને તેમણે જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય, ત્યારથી તેને ડ્રાયવર તરીકે કાયમી કરી કાયમી કર્મચારીને મળતા તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવી જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમ/સી/૪૬૧૧/ઔ.વિ.રે/૪૨૨/૯૯.-આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી અને તેના કામદારો વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨(બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ મજુર કમિશનર, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૨, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સુરેન્દ્રનગર ડેપો ખાતે ફરજ બજાવતા શ્રી હરીલાલ કે. પરમાર, કન્ડકટર બેજ નંબર ૧૨૮૭૨ને સંસ્થાના તા. ૧૩મી ડીસેમ્બર, ૧૯૮૪ના હુકમથી કન્ડકટર કક્ષાના મુળ પગારમાં મુકવાનો હુકમ કરેલ છે. તે રદ કરવો જોઇએ કે કેમ ? તથા થયેલ આર્થિક નુકશાની ભરપાઇ કરી આપવી જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૯.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

સુરત, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY, AUG. 22, 2002 / SRAVANA 31, 1924 [No. 34

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, [illegible] and Awards (othe. than those published in Part I,
IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act
and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ દ્વારા

જાહેરનામું

તા. ૨૯-૪-૨૦૦૨ થી તા. ૩-૫-૨૦૦૨ સુધી લેવાયેલ ઉચ્ચશ્રેણી ખાતાકીય પરીક્ષાનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

ક્રમાંક : મકમ-૨-૨૦૦૨-૬૨૭૪ :-

ક્રમ	પરિક્ષાર્થીનુ નામ	પેપર નંબર ૧	૨	૩	૪	૫	કુલ	પરિણામ	કેટલી તકોમાં	રીમાર્કસ
૧	શ્રી એસ. એ. ડોકટર મ. અ. વડોદરા	-	-	૨૮	૭૦	૬૮	૧૬૬	પાસ	પ્રથમ	

ક્રમ	પરિક્ષાર્થીનુ નામ	પેપર નંબર ૧	૨	૩	૪	૫	કુલ	પરિણામ	કેટલી તકોમાં	રીમાર્કસ
૨	શ્રી બી. આર. રાઠવા મ.અ. નડીયાદ	-	-	૨૫	૫૦	૪૮+૨ = ૫૦	૧૨૩+૨ ૧૨૫	પાસ	પ્રથમ	ખાતાકીય પરીક્ષાના નિયમ ૧૩ (૩) મુજબ.

અમદાવાદ, તા. ૨૬મી જુલાઇ, ૨૦૦૨. માનનીય પ્રમુખશ્રીના હુકમથી

કુ. એલ. એન. પટેલ,
રજીસ્ટ્રાર,
ઔધોગિક અદાલત, (ગુજરાત),
અમદાવાદ.

ઔધોગિક અદાલત, ગુજરાત, અમદાવાદ દ્વારા

જાહેરનામું

તા. ૨૯-૪-૨૦૦૨ થી તા. ૩-૫-૨૦૦૨ સુધી લેવાયેલ જિલ્લાકોર્ટ ખાતાકીય પરીક્ષાનું પરિણામ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

ક્રમાંક : મકમ-૨-૨૦૦૨-ફ૨૭૫ :-

ક્રમ	પરિક્ષાર્થીનુ નામ	પેપર નંબર ૧	૨	૩	૪	૫	કુલ	પરિણામ	કેટલી તકોમાં	રીમાર્કસ
૧.	શ્રી કે. એન.પટેલ મ. અ. નડીયાદ.	૪૦	૫૦	૩૨	૬૫	૭૪	૨૬૧	નાપાસ	પ્રથમ	
૨.	શ્રી આર.એમ.પારેખ મ.અ. નવસારી.	૪૭	૩૫	૨૫	૫૫	૭૦	૨૩૨	નાપાસ	પ્રથમ	
૩.	શ્રી પી.એમ. સોલંકી મ. અ. અમદાવાદ	૪૦	૪૧	૨૬	૫૭	૪૬	૨૧૦	નાપાસ	પ્રથમ	

ક્રમ	પરિક્ષાર્થીનુ નામ	પેપર નંબર					કુલ	પરિણામ	કેટલી તકોમાં	રીમાર્કસ
		૧	૨	૩	૪	૫				
૪.	શ્રી સી. બી. પટેલ મ. અ. અમદાવાદ	૫૨	૫૦	૨૫	૫૧	૬૬	૨૪૪	પાસ	પ્રથમ	
૫.	શ્રી આર.બી.સોલંકી મ. અ. અમદાવાદ	૬૮	૫૨	૨૯	૭૩	૬૪	૨૮૬	પાસ	પ્રથમ	
૬.	શ્રી આર.બી.રાઠોડ ઓ. અ. રાજકોટ	ગેરહાજર						-	પ્રથમ	
૭.	શ્રી વી. સી. પટેલ ઓ. અ. અમદાવાદ	૬૨	૫૯	૩૦	૭૦	૬૫	૨૮૬	પાસ	પ્રથમ	
૮.	શ્રી એન.પી. ગોસ્વામી ઓ. અ. અમદાવાદ	૪૬	૪૫	૨૬	૬૦	૬૦	૨૩૭	નાપાસ	પ્રથમ	
૯.	શ્રીમતી યુ.વી.ચુડાસમા ઓ. અ. અમદાવાદ	૫૪	૩૮	૨૫	૬૦	૬૦	૨૩૭	નાપાસ	પ્રથમ	

અમદાવાદ, તા. ૨૬મી જુલાઇ, ૨૦૦૨.

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,
ડૉ. એન. એલ. પટેલ,
રજીસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત, (ગુજરાત),
અમદાવાદ.

અંક ૨૧

[illegible] શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

અપીલ (આઇ.સી.) નં. ૬/૯૭

(ટી.અરજી નં. ૫૧/૯૦માં)

રસિકભાઇ મગનભાઇ પટેલ,   એપેલન્ટ
મૂળ રહે. પટેલ ફળિયુ, મુ. બારડોલી,
તા. બારડોલી, હાલ સોની ફળિયા,
મુ. પો. અરીઘા, તા. ઝઘડીયા, જી. ભરૂચ,

વિરૂધ્ધ

શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., **રીસ્પોન્ડન્ટ**
પો. સરદાર બાગ, બાબેન, તા. બારડોલી,
જી. સુરત.

બાબત : સુરતની મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૫૧/૯૦માં આંક-૫૫ હેઠળ મજુર અદાલતે આપેલા ચુકાદા સામે બી. આઇ. આર. એક્ટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ: એપેલન્ટ તરફે એડવોકેટ શ્રી જે. બી. જરીવાલા.
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી કનુભાઇ એચ. રાણા.

ચુકાદો

(૧) આ કામના એપેલન્ટે આ અપીલ રજુ કરી સુરતની ત્રીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેની સમક્ષની ટી. અરજી નં. ૫૧/૯૦ના કામ માં કરેલ હુકમ રદ કરવા તથા અપીલ તેમજ ટી. અરજી નં. ૫૧/૯૦ મંજુર કરવા દાદ માંગી છે. અપીલની હકીકત જોતાં અપેલન્ટને રીસ્પોન્ડન્ટે નોકરીમાંથી દૂર કરતા એપેલન્ટે વિનંતી પત્ર રીસ્પોન્ડન્ટને આપી સુરતની ત્રીજી મજુર અદાલતમાં ટી. અરજી નં. ૫૧/૯૦ દાખલ કરેલી, જેની સુનાવણી પછી ત્રીજા મજુર અદાલતે તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજ એપેલન્ટની અરજી રદ કરતો હુકમ કરેલ, જેનાથી નારાજ થઇ એપેલન્ટે આ અદાલત સમક્ષ નીચેના મુદ્દાઓ પર અપીલ દાખલ કરી છે અને મજુર અદાલતના હુકમને પડકારેલ છે.

મુદ્દાઓ

(૧) નામદાર નીચલી કોર્ટનો હુકમ કેસમાં પડેલા પુરાવાની વિરુધ્ધનો હોઇ રદ થવાને પાત્ર છે.

(૨) નામદાર નીચલી કોર્ટે પુરાવાનું અર્થઘટન કરવામાં ભુલ કરેલ છે જેથી નામદાર નીચલી કોર્ટનો હુકમ રદ થવાને પાત્ર છે.

(૩) નામદાર નીચલી કોર્ટે રીસ્પોન્ડન્ટ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવા તથા જુબાનીઓનું મુલ્યાંકન કરવામાં ભુલ કરેલ છે.

(૪) નામદાર નીચલી કોર્ટે એવું માનવું જોઇતું હતું કે રીસ્પોન્ડન્ટે જે જુબાની આપેલ છે તેના ઉપરથી એપેલન્ટને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા નથી અને તેથી એપેલન્ટ નોકરીમાં ચાલુ રહ્યા છે અને તેવા સંજોગોમાં એપેલન્ટની અરજી રદ કરવી જોઇતી હતી.

(૫) નામદાર નીચલી કોર્ટે એવું માનવું જોઇતું હતું કે એપેલન્ટ તરફથી રીસ્પોડન્ટને લખવામાં આવેલ વિનંતી પત્ર અને ત્યારબાદ કરવામાં આવેલ અરજી સમય મર્યાદામાં છે.

(૬) નામદાર નીચલી કોર્ટે એવું માનવું જોઇતું હતું કે આંક ૪૦નો વિનંતી પત્ર આપ્યા બાદ સરકારી મજુર અધિકારીનો પત્ર એપેલન્ટને મળ્યા સુધી સમાધાનની કાર્યવાહી અંગેની મુદત લંબાયેલી અને તેથી અરજદાર તરફથી કરવામાં આવેલી અરજી સમયમર્યાદામાં છે અને અરજદારની અરજીને સમય મર્યાદાનો બાધ નડતો નથી.

(૭) એપેલન્ટ તરફથી આપવામાં આવેલ જુબાનીનું અર્થઘટન કરવામાં નામદાર નીચલી કોર્ટે ભુલ કરેલી છે.

(૮) નામદાર નીચલી કોર્ટે કેસ લોનું અર્થઘટન કરવામાં પણ ભુલ કરેલ છે.

(૯) નામદાર નીચલી કોર્ટે કરેલ હુકમ અન્ય રીતે પણ કાયદેસર, વાજબી અને ન્યાયી નથી અને તે રદ થવાને પાત્ર છે.

અને એપેલન્ટે અપીલ સમય મર્યાદામાં છે તેવું પણ જણાવેલ છે.

(૨) અપીલ સાથે મુળ ટી. અરજી નં. ૫૧/૯૦માં આપવામાં આવેલ ચુકાદાની સર્ટિફાઇડ કોપી રજુ થયેલ છે. આ અદાલતે નીચલી અદાલતમાંથી ટી. અરજી નંબર ૫૧/૯૦નું રેકર્ડ મંગાવેલ છે જે અપીલ સાથે સામેલ થયેલ છે. અપીલ અંગે રીસ્પોન્ડન્ટને નોટીસ કરેલી છે.

(૩) રીસ્પોન્ડન્ટ સંસ્થાએ હાજર થઇ આંક-૮થી અપીલ વિરૂધ્ધ લેખીત જવાબ રજુ કરી અપીલ કાયદેસર ચાલી શકે તેમ ન હોય રદ કરવા રજુઆત કરેલ છે અને વિનંતી પત્ર તથા અરજી બંને સમય મર્યાદા બહાર હોય તે મુદ્દા ઉપર અપીલ રદ કરવા રજુઆત કરી છે તેમજ એવી રજુઆત કરી છે કે, કોર્ટે એપેલેન્ટને બી.આઇ.આર. એકટની કલમ-૩ (૧૩) મુજબના કામદાર ઠરાવેલ છે જે ભુલ ભરેલું છે અને એપ્રોચ લેટરના મુદ્દાઓ પર જ ચુકાદો આપેલ છે તે કાયદાની જોગવાઇઓને આધીન રહીને આપેલ છે. તે બાબતોમાં હકીકતો અને વિગતોને આધારે અપીલ ચાલી શકે તેમ નથી અને રદ થવા પાત્ર છે.

(૪) આ કામમાં એપેલન્ટ તરફે એડવોકેટ શ્રી જે. બી. જરીવાલા તથા રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી કનુભાઇ એસ. રાણા વતી એડવોકેટશ્રી વિષ્ણુભાઇ કે. રાણાની દલીલો સાંભળવામાં આવી છે.

(૫) આ કામમાં મજુર અદાલતે એપેલન્ટની અરજી રદ કરવા માટે જે મુખ્ય કારણ આપ્યું છે તે એ છે કે, અરજદારે વિનંતી પત્ર મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ ૪૨ (૪) અને નિયમ ૫૩ મુજબ છુટા કર્યાની તારીખથી ૬ માસમાં આપવી જોઇએ અને વિનંતી પત્ર આપ્યા પછી ૧૫ દિવસ બાદ ત્યાર પછીના ૩ મહિનામાં અરજી દાખલ કરવી જોઇએ અને આ કામમાં તેમ કરવામાં આવ્યું નથી તેથી સમય મર્યાદાનો બાધ નડે છે. હવે મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારાની જોગવાઇઓ મુજબનો સમય મર્યાદાનો બાધ નડતો હોય તો મજુર અદાલતને તેના સમક્ષની ટી. અરજી ચલાવવા હકુમત જ ન રહે તેથી તે મુદ્દા સિવાય અન્ય મુદ્દાઓની ચર્ચા કરવાપણું રહે નહિ અને આ અરજીમાંની હકીકતો જોતાં મજુર અદાલત તે અંગેના પોતાના તારણોમાં સાચી છે અને વિનંતી પત્ર અને અરજી સમય મર્યાદામાં ન હોય અરજી ચલાવવા મજુર અદાલતને હકુમત જ રહેતી નથી તેવું સ્પષ્ટ થાય છે. શ્રી જરીવાળાએ એપેલન્ટ પક્ષે એવી રજુઆત કરી છે કે, અરજદારે તા. ૪થી ઓકટોબર, ૧૯૮૯ના રોજ આંક-૪૦નો વિનંતી પત્ર લખેલ છે તે ધ્યાનમાં લેવો જોઇએ અને મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૯ (૩) (બી) મુજબ કલમ-૪૨ (૪) અન્વયે છેલ્લા વિનંતી પત્રનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં છેલ્લા વિનંતી પત્રથી અરજી સમય મર્યાદામાં છે. હવે આ દલીલ અંગે કાયદાકીય જોગવાઇઓ જોઇએ તો બહુ સ્પષ્ટ છે. પરંતુ પ્રથમ તે જોગવાઇઓના સંદર્ભમાં કેસની હકીકતો જોઇએ તો એપેલેન્ટ કામદારને તા. ૨૫મી મે, ૧૯૮૯ના રોજ છુટા કર્યા તે તારીખથી એડવોકેટ મારફત પ્રથમ નોટીસ તા. ૧લી ઓગષ્ટ, ૧૯૮૯ના રોજ સંસ્થાને આપવામાં આવી છે. હવે તેને વિનંતી પત્ર ગણીએ તો મુળ અરજી તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૦ના રોજ રજુ કરવામાં આવી છે. એટલે કે, ૬ મહીના પછી રજુ કરવામાં આવી છે અને છુટા કર્યાની તારીખથી લગભગ ૯ મહિના પછી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના રોજ ફરી વિનંતી પત્ર લખવામાં આવ્યો છે. તેવું રેકોર્ડમાં છે તે જોઇએ તો તેની તારીખથી મુળ અરજી લગભગ ૫ મહિના પછી દાખલ કરવામાં આવી છે. જ્યારે તે પછીનો કહેવાતો વિનંતી પત્ર તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ લખવામાં આવ્યો છે, તે જોઇએ તો મુળ અરજી ત્યાર પછીના મહિનામાં દાખલ કરવામાં આવી છે. હવે આ આખી પ્રક્રીયામાં પોતે કયા વિનંતી પત્ર પર આધાર રાખે છે તે કામદારે કોઇપણ જગ્યાએ સ્પષ્ટ કર્યુ નથી તેથી આ ૩ વિનંતી પત્રના સંદર્ભમાં કાયદાની જોગવાઇઓ જોઇએ તો પ્રથમ એ સમજવું જોઇએ કે છુટા કરવાનો હુકમ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ લાગુ પાડી હોય તે પ્રકારનો ગણાય અને તેથી લેબર કોર્ટની હકુમત મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૮ (૧) (ક) (એ) (૧) મુજબ કામ ચલાવવા ઉભી થાય જેમાં તેણે હુકમની ઔચિત્યતા અથવા કાયદેસરતા અંગે નિર્ણય કરવાનો રહે અને તે બાબત કલમ-૭૯થી સમય મર્યાદા નકકી કરવામાં આવી છે, જેમાં ૭૯ (૩) (એ) મુજબ તકરાર ઉપસ્થિત થઇ હોય ત્યારથી ૩ મહિનાની અંદર

અરજી કરવી જોઇએ અને વિનંતી પત્ર આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં સમાધાન ન થાય તો તકરાર ઉપસ્થિત થયેલ છે તેવું કલમ-૭૮ના સ્પષ્ટીકરણમાં લખેલું છે. અહિયા એ બાબત નોંધવી જોઇએ કે કલમ-૭૮ ની પેટા કલમ-૧ ના પરિચ્છેદ - કના ખંડ (ક-એ) ના પેટા ખંડ ૧ અથવા ૨ માં તકરાર આવી જતી હોય તો આ જોગવાઇઓ લાગુ પડે અને તેમાં છેલ્લી વિનંતી કર્યાની તારીખથી સમય મર્યાદા ગણવાની જોગવાઇ નથી. શ્રી જે. બી. જરીવાલા કહે છે તેવું જોગવાઇ માત્ર કલમ-૭૯ (૩) (બી) હેઠળ જે તકરાર પેટા ખંડ-૩ નીચે આવી જતી હોય એટલે કે, કલમ-૭૮ના પેટા ખંડ-૩ મુજબ અનુસૂચિ-૩ની બાબતમાં આવતી હોય તેમાં જ માત્ર છેલ્લી વિનંતી કર્યાની તારીખની સમય મર્યાદા ગણવી તેવી જોગવાઇ છે, પરંતુ ખંડ-૧ ની તકરારો બાબત આવી જોગવાઇ નથી તે નોંધવુ જોઇએ અને અરજદારની અરજી કલમ-૭૮ના ખંડ-૧માં આપેલા વિષય બાબતની છે. હવે જો આ પરિસ્થિતિ હોય તો છુટા કર્યાની તારીખથી ૬ મહિનામાં અરજદારે વિનંતી પત્ર લખવો જોઇએ તેથી જો તે તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૦ના વિનંતી પત્ર પર આધાર રાખે તો તે ૬ મહિનાની સમય મર્યાદા પછી આપેલો વિનંતી પત્ર છે અને તેથી છુટા કર્યાની તારીખથી ૬ મહીનામાં વિનંતી પત્ર આપવો જોઇએ તે સમય મર્યાદામાં તેઓએ આપેલો નથી તેવું ફલિત થાય. જે કલમ-૭૮ સાથે નિયમ-૫૩ (૧) વાંચતા સ્પષ્ટ થાય છે અને જો એપેલન્ટ અરજદાર તેણે તા. ૧લી ઓગષ્ટ, ૧૯૮૯ અને ૭મી સપ્ટેમ્બર, ૧૯૭૯ના રોજ આપેલા વિનંતી પત્ર પર આધાર રાખતા હોય તો અરજીની તારીખ જોતાં અરજી સાડા ત્રણ મહીનાથી વધારે સમય પછી કરવામાં આવી છે. હવે તે માટે તેને વિનંતીપત્ર માલિકને મળી ગયા પછી માત્ર ૩ મહિનાની સમય મર્યાદા આપવામાં આવી છે. તે સંજોગોમાં અરજી ૩ મહિનાના સમય મર્યાદા પછી કરેલ હોય તેને સમય મર્યાદાનો બાધ નડે..કલમ-૭૮ની ટર્મીનેશનને પડકારવાની જોગવાઇ અને કલમ-૭૯ તથા નિયમ ૫ ને પરસ્પરના સંદર્ભમાં સાથે વિચારણામાં લેવાના રહે અને તે રીતે જોઇએ તો પ્રથમ છુટાકર્યાની તારીખથી કામદારે ૬ મહિનામાં વિનંતી પત્ર આપી તકરાર માલિકને રજુ કરવી અને તે વિનંતી પત્ર મળી ગયા પછી માલિકે ૧૫ દિવસમાં તે અંગે નિર્ણય કરવો અને જો સમાધાન ન થાય તો તે ૧૫ દિવસ પુરા થયા પછી ૩ મહિનામાં અરજી દાખલ કરવી એમ ૩ સ્ટેપની જોગવાઇ કલમ-૭૮ માની સ્ટેન્ડીંગ ઓર્ડરના હુકમને પડકારવાની જોગવાઇ અને કલમ-૭૯ નિયમ-૫૩ સાથે વાંચતા સમય મર્યાદાની જોગવાઇઓ જોતાં કાયદામાં નક્કી કરવામાં આવ્યું છે અને તે જોગવાઇઓને કોઇપણ રીતે આ હકીકતોના સંદર્ભમાં લાગુ પાડતા અરજદારની અરજી પ્રથમ બે વિનંતી પત્રના સંદર્ભમાં સમય મર્યાદા બહારની છે અને છેલ્લો વિનંતી પત્રના સંદર્ભમાં વિચારતા વિનંતીપત્ર સમયમર્યાદા બહારનો છે તે સંજોગોમાં આ અરજી ચલાવવા મજુર અદાલત પાસે હકુમત નહોતી અને જ્યારે હકુમત ન હોય તો અદાલતે અન્ય કોઇ ચર્ચા કરવાપણું રહે નહિ. તે સંજોગોમાં મજુર અદાલતના હુકમમાં કોઇપણ પ્રકારની ગેરકાયદેસરતા કે અનિયમિતતા હોવાનું

જણાતું નથી. આ સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટનો વિનંતી પત્ર અંગેનો જ આવી બાબતનો વિવાદ ઉઠાવવામાં આવ્યો હોય તેવા કેસમાંનો ચુકાદો ૧૯૭૬ (૧) એલ.એલ.જે. ૨૧૫ પર રાયપુર મેન્યુફેકચરીંગ લિ. વિરૂધ્ધ ઓખાભાઇ દેવરાજભાઇ પટણીના કેસમાં આપવામાં આવ્યો છે, જેમાં આ અંગેની જોગવાઇઓ સ્પષ્ટ કરવામાં આવી છે. આ ચુકાદો ત્યાર પછી આવેલા તમામ ચુકાદા કરતા લાર્જર બ્રાન્ચનો હોય બંધનકર્તા ગણાય અને ૧૯૮૮ (૨) એલ.એલ.જે. ૩૬૭ પર ઇશ્વરભાઇ મૂળચંદદાસ મોદી વિરૂધ્ધ વડનગર નાગરિક કો.ઓ. બેન્ક લી.ના કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે (ડીવીઝન બેન્ચ) એ તે બાબત સ્પષ્ટ કરી છે કે, આ જોગવાઇઓ બાબતમાં કોન્ડોનેશનની કોઇપણ જોગવાઇ કાયદામાં નથી અને તે સંજોગોમાં એપ્રોચ લેટર સમય મર્યાદા બહાર હોય કે એપ્રોચ લેટર મળ્યા પછી અરજી સમય મર્યાદા બહાર હોય તે બંને સંજોગોમાં આ જોગવાઇઓનો ભંગ થાય છે અને પરિણામે સમયમર્યાદાના પાલનના અભાવે મજુર અદાલતે હકુમત રહેતી નથી. તે સંજોગોમાં અરજી રદ કરવામાં મજુર અદાલતે કોઇ કાયદાકીય કે હકીકતોની ભુલ કરી હોય તેવું ફલિત થતું ન હોય આ અપીલમાં આ અદાલતે મજુર અદાલતના ચુકાદામાં ઇન્ટરફીયર થવા જેવું રહેતું નથી અને અપીલ રદ થવા પાત્ર છે.

(૬) ઉપરોક્ત કારણોસર આ અપીલમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલેન્ટની આ અપીલ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત,તા. ૩જી જુલાઇ, ૨૦૦૨.

પી. આર. દવે,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૯

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ.

અપીલ (આઇ. સી.) ૨૧/૯૭.

(ટી. અરજી નં. ૨૭૬/૮૯.

દેવરાજસિંગ શુભુસિંગ, **એપેલન્ટ;**
સંતોષનગર, પરબતગામ,
ઉધના, સુરત.

INDEX

વિરૂધ્ધ

દહીવાલા ફેબ્રીકસ,
હે. સેન્ટ્રલ રોડ નં. ૬,
ઉદ્યોગનગર, ઉધના,
સુરત.

રીસ્પોન્ડન્ટ.

બાબત :- સુરતની મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૨૭૬/૮૯માં આંક-૩૭ હેઠળ મજુર અદાલતે આપેલા ચુકાદા સામે બી. આઈ. આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે એડવોકેટ એમ. એચ. દાણાવાળા
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ નીલમ બી. શાહ

ચુકાદો

આ કામના એપેલન્ટે બી. આઈ. આર. એકટની કલમ-૮૪ મુજબ આ અપીલ રજુ કરી, સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશ સમક્ષની ટર્મીનેશન અરજી નંબર ૨૭૬/૮૯ના કામે પસાર કરવામાં આવેલ હુકમ રદ કરીને ફેર વિચારણા કરવા દાદ માંગી છે અને અપીલ મેમામાં જણાવ્યા પ્રમાણે ટી. અરજી નં. ૨૭૬/૮૯માં કરેલ હુકમ ખરો નથી, કાયદેસરનો નથી અને ભુલભરેલો હોય રદ થવાને પાત્ર છે. અપીલમાં એવું પણ જણાવ્યું છે કે, ન્યાયાધીશે અરજીના સંદર્ભે મુલવણી ભૂલભરેલી રીતે સંજોગો ધ્યાનમાં લીધા વિના કરેલી છે અને કાયદાનું યોગ્ય અર્થઘટન કર્યા સિવાય રાજીનામાના અને તેના લગતા કાનુની સંજોગો અંગે કાનુની મૂલ્યાંકન કરવામાં ભુલ કરેલી છે, આથી હુકમ કાયદેસર ટકી શકતો નથી અને થવા પાત્ર છે, તેમજ ન્યાયાધીશે સામાવાળા તરફની જુબાની આંક-૨૨ માં રહી જવા પામેલા લેકયુનાં અને તેને લીધે કાયદાની પરિસ્થિતિમાં ધ્યાન લેવાના સંબંધે અનુમાન બાંધવામાં ભુલ થયેલ છે, તેમજ સાંયોગિક પુરાવા, કાયદો, દસ્તાવેજોના સંદર્ભમાં હુકમમાં મુલવણી ભુલ ભરેલી છે અને તેથી તે હુકમ રદ કરવો જોઈએ.

આ અપીલ સાથે નીચલી અદાલતનો ટી. અરજી નં. ૨૭૬/૮૯ નો ચુકાદો રજુ કરેલ છે. આ અદાલતે નીચલી અદાલતનું રેકોર્ડ આ કામમાં મંગાવેલ છે. જે અપીલમા સામેલ છે અને રીસ્પાન્ડન્ટને નોટીસ કરેલ છે.

આ કામના રીસ્પાન્ડન્ટે હાજર થઈ તેમના એડવોકેટ મારફત મૌખિક દલીલો કરેલી છે જયારે એપેલન્ટે આંક-૮થી લેખીત દલીલો રજુ કરેલી છે અને બંને પક્ષો આધારભૂત ચૂકાદાઓ પણ રજૂ કરેલા છે. બંને પક્ષની દલીલો અંતી લંબાણ ભરેલી છે.

બંને પક્ષની લંબાણ ભરેલી દલીલો ધ્યાનમાં લેતા એ બાબત સ્પષ્ટ થાય છે કે, મુળ અરજીમાં એપેલન્ટ કામદારનો કેસ માલિકે તેમને છુટા કરેલા છે, તે પ્રકારનો છે અને તેમણે નોકરીમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગી છે. જ્યારે તે કામમાં રીસ્પોન્ડન્ટ સામાવાળા સંસ્થાએ એપેલન્ટ કામદારને છુટા કરેલા નથી પરંતુ તેણે રાજીનામું આપ્યું છે, તેવા પ્રકારનો બચાવ લીધેલ છે. આ સંજોગોમાં મજૂર અદાલત સમક્ષ કામદારને છુટા કરવામાં આવ્યા છે કે કામદારે રાજીનામું આપ્યું છે તે બાબતનો મુદો મહત્વનો વાદગ્રસ્ત મુદો હતો, જેના ઉપર મજૂર અદાલતે પોતાના તારણો આપેલા છે, પરંતુ કામદારનું રાજીનામું પુરવાર થયેલ ગણવા માટે રાજીનામામાં કામદારની સહી છે તેવો આધાર લઈને ચુકાદો આપ્યો છે, જયારે કામદારે સ્પષ્ટ રીતે કહેવાતા રાજીનામામાં પોતાની સહી નથી તેવી સ્પષ્ટ રજુઆત લેબર કોર્ટમાં કરી હતી અને તે સંજોગોમાં મજૂર અદાલતનું રેકોર્ડ તપાસતા એવું પણ જોઈ શકાય છે કે, તેની સમક્ષના અરજદાર કામદારે આંક-૨૬થી મજુર અદાલત સમક્ષ અરજી રજુ કરી પોતાની સહીવાળી રસીદ બનાવટી હોય અને તેમાં પોતાની સહી હોવાનો પોતે ઈન્કાર કર્યો છે તેથી ન્યાયનું હીત જળવાઈ રહે તે માટે અને અદાલતને ન્યાય ટોળવામાં સરળતા રહે તે હેતુથી પોતાની સહી અને સામાવાળાએ રજુ કરેલ રસીદ પરની સહીના ખરાપણા અંગે હસ્તાક્ષર એક્ષપર્ટને મોકલી તપાસ કરાવવા અરજી કરેલી છે. અને આ અરજીનો સંસ્થાએ આંક-૨૮ થી જવાબ આપેલો છે, જ્યારે આ પ્રકારની અરજી મજુર અદાલત સમક્ષ ન્યાય મેળવવા આપતા કામદારે રજુ કરી હોય ત્યારે આ અરજીને ધ્યાનમાં લીધા વિના, અરજીને સાંભળ્યા વિના, અરજી વિશે રજુઆત કરવાની, કાયદાની જોગવાઈઓ રજુ કરવાની, કામદારને તક આપ્યા વિના, અરજી મંજુર કે નામંજુર કર્યા વિના મજુર અદાલતે આગળની કાર્યવાહીમાં રાજીનામામાં કામદારની સહી છે તેવા આધાર પર ચુકાદો આપી દીધો છે જયારે ખરી હકીકત આ અરજીના અનુસંધાનમાં હસ્તાક્ષર એક્ષપર્ટનો પુરાવો લેવાનો છે કે નથી લેવાનો અથવા તો શો પુરાવો છે તેવી પુરાવાને લગતી બાબતો મજુર અદાલતે અધુરી રાખી દીધી છે તેના અંગે કોઈપણ નિર્ણય કર્યા સિવાય કામદાર વિરુધ્ધ અધુરી પ્રક્રિયા પર આધાર રાખીને ચુકાદો આપી દીધેલ છે. તે સંજોગોમાં આ અદાલતના ધ્યાનમાં આવતા આંક-૨૬ને સાંભળીને નિર્ણય કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે અને તે નિર્ણયના આધારે ફરી ન્યા નિર્ણય કરવા માટે આ કામમાં મજુર અદાલતને રીમાન્ડ કરી મોકલવાનું એપેલન્ટ કામદારના ન્યાયના તકાજા માટે આ અદાલત જરૂરી માને છે.

(૫) ઉપરોકત સંજોગોમાં આ અપીલમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ:

આ અપીલ માના ટી. અરજી નં. ૨૭૬/૮૯ના કામને તેના રેકોર્ડ પરની આંક-૨૬ની હસ્તાક્ષર નિષ્ણાતને સહી અંગે નિર્ણય લેવા કહેવાતું રાજીનામુ મોકલવાની અરજી પર

INDEX

સુનવણી કરવા અને તે અરજી અંગે નિર્ણય આપવા અને ત્યાર પછી તે નિર્ણયના સંદર્ભમાં કેસમાં ફરી ન્યાય નિર્ણય કરવા માટે ટી. અરજી નં. ર૭૬/૮૯ રીમાન્ડ કરી, મજુર અદાલતને મોકલવા હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૮મી જુલાઇ, ર૦૦ર.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક ૧૩

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

અપીલ (આઇ.સી.) નં. ર૪/ર૦૦૦

(ટી.અરજી નં. ર૫/૮૬માં)

એપેલન્ટ

ગીરીશકુમાર અમૃતલાલ ગાંધી
રહે. જલારામ હાઉસીંગ સોસાયટી,
શ્રી આશાપુરી રોડ, મુ. વિજલપોર,
તા. જલાલપોર, જિ. નવસારી

વિરૂદ્ધ

રીસ્પોન્ડન્ટ

મેનેજર,
બજાજ ઇન્ડસ્ટ્રીઝ,
ર૧૬-ર૧૭ જી.આઇ.ડી.સી.એસ્ટેટ,
કબીલપોર-૩૯૬૪ર૪, તા. જિ. નવસારી

બાબત :- નવસારીની મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ર૫/૮૬માં આંક-૯૧ હેઠળ મજુર અદાલતે આપેલા ચુકાદા સામે બી. આઇ. આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે પ્રતિનિધિશ્રી જગુભાઇ પટેલ.
રીસપોન્ડન્ટ તરફે એડવોકેટશ્રી એન. એમ. પારેખ.

ચુકાદો

(૧) આ કામના એપેલન્ટે રીસ્પોન્ડન્ટ કંપની સામે નવસારી મજુર અદાલતમાં ટી. અરજી નં. ૨૫/૮૬ દાખલ કરેલ, તેની સુનવણી પછી નવસારી મજુર અદાલતે આંક-૯૧થી તા. ૨૨મી જુન, ૨૦૦૦ના રોજ કરેલા ઓર્ડર હેઠળના પસાર કરવામાં આવેલા હુકમથી અંશત: નારાજ થઈ એપેલન્ટે આ અપીલ કરી છે, જેમાં એપેલન્ટની દાખલ તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૩ ભૂતકાળ અને ભવિષ્યના તમામ લાભો માટે સળંગ જાહેર કરવા અને એપેલન્ટને તા. ૯મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજથી પુન: સ્થાપિત કરેલા હોવાથી તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬થી તારીખ ૮મી ઓગસ્ટ, ૨૦૦૦ સુધીનો પુરેપુરો પગાર વળતર તરીકે ચુકવી આપવા હુકમ કરવા દાદ માંગી છે. અપીલમાં જણાવ્યા પ્રમાણે રીસ્પોન્ડન્ટે એપેલન્ટને આગાઉ પણ ૧૯૮૪માં છુટા કરેલા ત્યારે વિનંતીપત્ર આપ્યા પછી ટી. અરજી દાખલ કરવામાં આવેલી અને તેમાં સમાધાનથી તેમને ચાલુ અને સળંગ સર્વિસે અસલ જગ્યાએ કામ પર રાખી લેવામાં આવ્યા હતા અને તેમણે કરેલી રીકવરી અરજીમાં પણ સમાધાન કરી રૂા. ૮૦૦ ચુકવી આપવામાં આવ્યા હતા. તે રીતે એપેલન્ટને એક યા બીજા બહાના હેઠળ અન્યાય કરવામાં આવતા ન્યાયની અદાલતનો આશરો લેવો પડેલો તેથી તેમની સામે કિન્નાખોરી રાખવામાં આવતી હતી અને તેમની સામે તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૮૬ના રોજથી કહેવાતી ગેરહાજરીની નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ વોચમેન મારફતે ઝગડો કરાવતા તેઓ સંબંધી પોલીસ ફરીયાદ સુધ્ધા કરવી પડી હતી. આથી એપેલન્ટને તા. ૯મી ફેબ્રુઆરી ૧૯૮૬ તથા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ કામ વગર બેસાડી રાખી માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો, તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ અઠવાડિક રજા હતી, તા. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૮૬ને બુધવારે એપેલન્ટને શરીરે ઠંડી ચઢતા રજા માટે ચિઠ્ઠી આપી હતી તેમ છતાં ગેરહાજરીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજથી ગેરહાજરીના આક્ષેપના સંદર્ભમાં એપેલન્ટને બચાવની તક આપ્યા વગર વહીવટી નિયમોને નેવે મુકી રીસપોન્ડન્ટની નોકરીમાંથી નોટીસને બદલે નોટીસ પગાર આપ્યા વગર એકાએક છુટા કરવામાં આવ્યા હતા, જે બાદ તેમણે તા. ૭મી માર્ચ, ૧૯૮૬ના રોજ વિનંતીપત્ર લખી આપ્યો હતો, છતાં દાદ આપવામાં નહિ આવતા તા. ૩૧મી માર્ચ, ૧૯૮૬ના રોજ ટી અરજી નં.૨૫/૮૬ દાખલ કરી હતી, જેમાં એપેલન્ટની અરજી અંશત: મંજુર કરી નવસારી અદાલતે ''અરજદારને સામાવાળાને ત્યાં કામમાં રસ નથી, પરંતુ સામાવાળા પાસે પૈસા મેળવવા કરેલ હોવાનું માનવાને કોર્ટ પાસે પુરતુ કારણ રહે છે.'' જ્યારે આ કામમાં સળંગ સર્વિસ કે અન્ય લાભો આપવાનો હુકમ કરવો પણ મને સદરહુ કેસની હકીકત જોતા યોગ્ય વ્યાજબી અને ન્યાયી લાગતું નથી. '' તેવું કાઢેલું તારણ હકીકતો અને કાયદાકીય જોગવાઈઓથી અળગું પડેલું છે, અને મજુર અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલા સ્ટેન્ડીંગ ઓર્ડર

સહિતના ચુકાદાઓના તારણોની મુલવણી કરવામાં પણ અદાલતની નિર્દોષપણે શરતચુક થયેલ છે અને તેથી તેમાં દરમ્યાનગીરી આવશ્યક છે અને એપેલન્ટના ભવિષ્યના તમામ લાભો માટે જુદી તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૮૩ ગણી પડેલા દિવસોના પગાર વિના હાજર થયા ત્યારથી નવી દાખલ તારીખથી સામાવાળાને ત્યાં કલાર્કના હોદ્દા ઉપર પુન: સ્થાપિત કરવાનો હુકમ પણ કુદરતી રીતે દરમ્યાનગીરીને પાત્ર છે, તમામ સંજોગોમાં એપેલન્ટની અરજી અંશત: સવીકારવાને બદલે સંપૂર્ણપણે સ્વીકારવાની જરૂરી અને કાયદેસરની હતી અને છે.

(૨) અપીલ સાથે મજુર અદાલત, નવસારીના હુકમની નકલ રજુ કરવામાં આવી છે. અપીલના સંદર્ભમાં નવસારી મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૨૫/૮૬નું રેકોર્ડ મંગાવવામાં આવ્યું છે.

(૩) આ કામના રીસપોન્ડન્ટે આંક-૯થી અપીલ મેમાનો જવાબ રજુ કરેલ છે. જેમાં એપેલન્ટે જણાવ્યા પ્રમાણેની હકીકતો હોવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને એવી રજુઆત કરવામાં આવી છે કે, મજુર અદાલતે કેસમાં પડેલા દસ્તાવેજી પુરાવાઓ અને પક્ષકારોના સાહેદોની થયેલી જુબાનીઓ ધ્યાનમાં લઈ ગુણવત્તાના આધારે પુરી છણાવટ કરી કાયદેસરના તારણો મેળવી હુકમ કરેલ હોય પક્ષકારોને નારાજ થવાને કોઈ કારણ નથી અને એપેલન્ટે મુળ અરજીમાં લેબરકોર્ટ સમક્ષ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી, એટલુ જ નહિ અન્ય કોઈ સાહેદને પણ તપાસેલ નથી અને પોતે એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા નહિ કે કલાર્ક તરીકે, તેવી રજુઆત કરી છે, અરજદારની ઉલટ તપાસમાં પોતે એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હોવા સંબંધી પોતાની પાસે કોઈ પુરાવો નહિ હોવાનું સ્પષ્ટ રીતે જણાવેલ છે અને સામાવાળા રીસપોન્ડન્ટે હાજરીપત્રકો પગારપત્રકો જેવા દસ્તાવેજો રજુ કરેલા છે, જેમાં અરજદારે કલાર્ક તરીકેનો પગાર જે તે વખતે સહી કરી સ્વીકારેલ છે, જેમાં તેમનો હોદ્દો કલાર્ક તરીકેનો દર્શાવવામાં આવેલ છે. જવાબમાં મુળ કામના પુરાવાની હકીકતો રજુ કરી લેબરકોર્ટ ગુણવત્તાને આધારે તારણ આપેલ હોય તેમાં કોઈ ભૂલ નથી તેવી રજુઆત કરવામાં આવી છે અને અગાઉ સમાધાન થયેલ અને કેસો પાછા ખેંચી લીધેલા અને તેથી તેમાંની બાબતોનો કોઈ ન્યાય નિર્ણય થયેલ નહિ તેવી રજુઆત કરી છે. જવાબમાં એપેલન્ટની મજુર અદાલત સમક્ષની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે અને તેઓ ગેરહાજર રહેતા હતા તેવું જણાવવામાં આવ્યું છે અને તેમને હાજર થઈ જવા પત્ર લખવામાં આવેલો પરંતુ તેઓ હાજર થયેલ નહિ તેવી રજુઆત કરવામાં આવી છે અને એવું પણ જણાવવામાં આવ્યું છે કે, નવસારીમાં મજુર અદાલતના ન્યાયધીશો કેસના સમગ્ર રેકોર્ડનો તલસ્પર્શી અભ્યાસ કરી મુળ અરજી કોઝ ઓફ એકશન વીનાની હોવાનું સ્પષ્ટ અને ભુલ રહીત તારણ કાઢેલ હોય તે અંગે એપેલન્ટને કંઈ કહેવાનો અધિકાર નથી.

INDEX

(૪) આ કામમાં બંને પક્ષકારોના વિદ્વાન પ્રતિનિધિઓની દલીલો સાંભળવામાં આવી છે.

(૫) આ કામમાં નીચેના મુદાઓ ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, મજુર અદાલતના તારણો હકીકતો અને કાયદાકીય જોગવાઈઓથી અળગા પડેલ છે ?

(૨) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, સ્ટેન્ડીંગ ઓર્ડર સહીતના ચુકાદાઓના તારણોની મુલવણી કરવામાં પણ અદાલતની શરતચૂક થયેલ છે ?

(૩) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, તેમની અરજી અંશતઃ સ્વીકારવાને બદલે સંપૂર્ણપણે સ્વીકારવાની જરૂરી અને કાયદેસરની હતી અને છે ?

(૪) શો હુકમ.

ઉપરોક્ત મુદાઓનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૬) કારણો :-

ઉપરોક્ત મુદાઓના કારણો નીચે મુજબ છે, જે પરસ્પર સંકળાયેલા અને સમાન હોવાથી તેની ચર્ચા સાથે કરવામાં આવી છે.

(અ) એપેલન્ટના વિદ્વાન પ્રતિનિધિશ્રી જગુભાઈએ આ અદાલત સમક્ષની તેમની રજુઆતમાં મુળ અરજીમાંની હકીકતો રજુ કરતા એ બાબતો સ્પષ્ટ કરેલ છે કે, બંને પક્ષકારો વચ્ચે ભૂતકાળમાં બનાવ બનેલ છે. મજુર અદાલતમાં આ કેસ થયેલ છે અને જેમાં સમાધાન થયેલ તે હકીકત જોતા એપેલન્ટ કામદારને પરેશાન કરવામાં આવતો હતો અને કોઈપણ પ્રકારની ખાતાકીય તપાસ કે કાયદેસરની કાર્યવાહી કર્યા વિના ગેરહાજરીના આરોપસર તેને છુટા કરવામાં આવેલો છે, તે બાબત મજુર અદાલત સમક્ષના તેના

INDEX

પુરાવાઓમાં આવેલ છે અને સાથે મૌખિક જુબાનીમાં તેણે પોતે એકાઉન્ટન્ટ હતો તેવું તેણે જણાવેલ છે અને તેમની દાખલ તારીખ પણ જણાવેલ છે; ત્યારે તેને ન માનવાને મજુર અદાલત પાસે કોઇ કારણ નહતું અને તેજ રીતે કામદારે કોઇ આવક મેળવી હોય તેવું સંસ્થાએ પણ પુરવાર કરેલ નથી. તે સંજોગોમાં જ્યારે પુન: સ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે નોકરી સળંગ ગણવાનું અને પડેલા દિવસોનો પગાર પુરેપુરો ચુકવવાનું પણ સામાન્ય રીતે ચુકાદામાં હોય જ છે, તેમ છતાં મજુર અદાલતે પુન: સ્થાપિત કરવાનો હુકમ કરતા સળંગ નોકરી ગણી નથી અને પુરેપુરો પડેલા દિવસોનો પગાર ચુકવવા હુકમ કરેલ નથી અને તે બંને બાબતો માટે અદાલત પાસે કોઇ આધાર કે કારણ અરજદારની અરજી નકારવા માટે હતું નહિ, તેથી અપીલમાં મજુર અદાલતનો હુકમ બદલી અને અરજી સંપૂર્ણપણે મંજુર કરવા હુકમ કરવો જોઇએ.

(બ) આ દલીલના સંદર્ભમાં રેકોર્ડ જોઇએ તો મજુર અદાલતે પ્રથમ મુદ્દો હુકમના પારા ૯માં ઘડેલો છે તે આ પ્રમાણે છે :-

''(૧) શું એ હકીકત પુરવાર થાય છે કે, અરજદારને સામાવાળાઓ છુટા કરેલા છે ? જવાબ ના ''

આ મુદ્દો એટલા માટે ઘડવામાં આવ્યો કે, અરજદારનું એવું કહેવાનું હતું કે, તેને કાયદાની પ્રક્રિયા વગર છુટા કરવામાં આવ્યા છે જ્યારે સામાવાળા સંસ્થાનો બચાવ એવો હતો કે, અરજદાર ગેરહાજર રહે છે અને સંસ્થાએ તેને છુટો કરેલ નથી. આ સંજોગોમાં અરજદાર એવું પુરવાર કરે છે કે તેને તેણે પોતે જણાવેલી તારીખે સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટો કરેલ છે. તો આ મુદ્દાનો જવાબ હકારામાં આવે અને તેના અનુસંધાનમાં અરજદારને વચગાળાના સમયમાં આવકનું સાધન ન હોય તો પડેલા દિવસોનો પગાર અને સળંગ નોકરી મળે, પરંતુ અરજદાર પોતે જણાવેલ તારીખે તેને છુટા કરવામાં આવ્યા છે તેવું પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો જવાબ નકારામાં આવે અને તે સંજોગોમાં મજુર અદાલતે અરજદારની અરજી રદ કરવી જોઇએ. આ કામમાં મજુર અદાલત એવા તારણ પર આવેલી છે કે અરજદારને સંસ્થાએ છુટા કરેલ છે તેવું પુરવાર થતું નથી. આ સંજોગોમાં મજુર અદાલતનું કામ આ મુદ્દો નક્કી કર્યા પછી અરજી રદ કરવાથી પુરું થઇ ગયેલ ગણાય અને તેને આગળ કોઇ હુકમ કરવાપણું ન રહે, કારણ કે મુખ્ય વિવાદ જ આ મુદ્દાનો છે અને બાકીનો મુદ્દો આનુસાંગિક ગણાય. હવે આ કામમાં મજુર અદાલતે આ પ્રથમ મુદ્દાનો નિર્ણય કરતા પોતાના સમક્ષ પડેલા પુરાવાને પાના ૧૭ પર નોંધેલ છે જેમાં આંક-૨૭, ૨૮, ૩૦,૩૨,૪૬,૬૨ અને ૬૩ તેઓ

તપાસેલા છે અને અરજદારને તા. ૯ અને તા. ૧૦ના રોજ હાજર રહેવા દીધા છે અને તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ અરજદારની તબીયત બગડેલી છે અને તેમણે રજા લીધેલ છે તે બાબત પણ નોંધેલી છે અને ત્યાર પછી પાના ૧૮ પર તા ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ અરજદારને છુટા કરેલા કે કેમ તે સંદર્ભમાં અરજદારની જુબાની અને તેમને આપવામાં આવેલ નોટીસ જેવા દસ્તાવેજોનું મુલ્યાંકન કરેલ છે અને પાના ૧૯ ઉપર સામાવાળાએ અરજદારને આંક-૨૪થી લખેલ તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના પત્રનો ઉલ્લેખ કરી તેના અંગે મુલ્યાંકન કરેલ છે કે, જો તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬ના રોજ સામાવાળાએ અરજદારને છુટા કરેલા હોય તો અરજદારને આંક-૨૨ અને ૨૪ના પત્રો સામાવાળાએ લખ્યા ન હોત પરંતુ સામાવાળા અરજદારને કામ ઉપર રાખવા તૈયાર હતા તે કારણે જ અરજદારને પત્ર લખેલ છે કે જેનાથી સામાવાળાની શુધ્ધ બુધ્ધિનો ઈરાદો સ્પષ્ટ થાય છે, મજુર અદાલતે એવી પણ નોંધ લીધી છે કે, જવાબમાં સામાવાળા કામદાર ઈચ્છતા હોય તો નોકરી પર લેવા સંસ્થા તૈયાર છે તેવું જણાવ્યું છે પરંતુ અરજદારે તે બાબત કોઈ તૈયારી લેખીતમાં કોર્ટમાં દર્શાવી નથી. હવે મજુર અદાલતના આ તારણ માટે તેની પાસે દસ્તાવેજી અને મૌખિક પુરાવાનો આધાર છે, તે સંજોગોમાં મજુર અદાલતનું આ તારણ આધાર વિનાનું કે પરવર્શ માની શકાય તેમ નથી અને કોઈ સંજોગોમાં જુદો દ્રષ્ટિકોણ અપનાવી શકાય તેમ હોય તો પણ તેનાથી મજુર અદાલતનું આધાર સાથેનું તારણ અપીલ કોર્ટ નકારી શકે નહિ. આ કામમાં અરજદારને સંસ્થાએ ગેરકાયદેસર છુટા કર્યા નથી તેવા તારણ પર મજુર અદાલત આવી ત્યારે અરજદારની અરજીનું કોઝ ઓફ એકશન રહેતું નથી તેવી પરિસ્થિતિ ઉભી થઈ ગયેલ ગણાય પરંતુ તેમ છતાં મજુર અદાલતે બીજા મુદ્દામાં સહાનુભૂતિપૂર્વક વિચારેલ છે અને સંપૂર્ણ અરજી પ્રથમ મુદ્દા પર રદ કરવાને બદલે કામદારને નોકરીમાં પુન: સ્થાપિત કરવાનો હુકમ પણ તેણે કરી આપ્યો છે, તે સંજોગોમાં મજુર અદાલતના આ હુકમને પડકારવાનું એપેલન્ટ પાસે કોઈ કારણ હોવાનું માની શકાય તેમ નથી. અલબત જ્યારે સંસ્થાએ અરજદારને છુટા કરેલ નથી ત્યારે જો તેમને નોકરીમાં પુન: સ્થાપિત કરવામાં આવે તો તેમની નોકરી સળંગ ન ગણવા માટે કોઈ કારણ રહેતું નથી અને તેથી અરજદારની નોકરી મજુર અદાલતે સળંગ ગણવી જોઈતી હતી. પડેલા દિવસોના પગાર ન આપવા માટે પણ મજુર અદાલતે તેની સમક્ષ રજુ થયેલા પુરાવાઓની ચર્ચા કરી છે, જેમાં અરજદારની ઉલટ તપાસનો આધાર લીધો છે કે જેમાં અરજદારે પોતાના પિતાની દુકાનું પોતે ''સંચાલન'' કરે છે તેવું જણાવેલ છે અને જે વ્યક્તિ દુકાનનું સંચાલન કરતી હોય તેને કંઈ આવક જ નહિ હોય તેવું માની શકાય નહિ તેથી તે બાબતનું મજુર અદાલતનું તારણ આધાર વિનાનું કે અતારકીક નથી. તે સંજોગોમાં પડેલા દિવસોમાં પગાર સિવાય અન્ય હેતુ માટે એપેલન્ટની નોકરી સળંગ ગણવા પુરતો મજુર અદાલતનો હુકમ સુધારવો જોઈએ તેટલું જ માત્ર આ અપીલમાં યોગ્ય જણાય છે.

INDEX

૭) ઉપરોક્ત કારણોસર આ અપીલમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ અપીલ અંશતઃ મંજુર કરવામાં આવે છે અને મજુર અદાલતના હુકમમાં સુધારો કરી એપેલન્ટને ભવિષ્યમાં તમામ લાભો માટે દાખલ તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૮૩ ગણી પડેલા દિવસોના પગાર સિવાયના અન્ય હેતુ માટે સળંગ નોકરી ગણી ક્લાર્કના હોદ્દા પર પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત તારીખ ૨જી જુલાઈ, ૨૦૦૨

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૧૪

સુરતના શ્રી પી. આર. દવે ઔદ્યોગિક અદાલત સમક્ષ.

રેફરન્સ (ટી. યુ.) ૧/૨૦૦૧.

૧. રીલાયન્સ કર્મચારી સંઘ,
વીલેજ મોરા, હજીરા યુનિટ,
તા. ચોર્યાસી, સુરત.

૨. શ્રી વી. સી. મોદી,
મુ. મોરા, તા. ચોર્યાસી,
સુરત.

૩. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.,
હજીરા યુનિટ, મોરા, હજીરા,
તા. ચોર્યાસી, સુરત.

બાબત :- રીલાયન્સ કર્મચારી સંઘના કાયદેસરના હોદ્દેદારો નક્કી કરવા ટ્રેડ યુનીયન એક્ટ ૧૯૨૬ની કલમ-૧૪-એ હેઠળ સુઓ મોટો રેફરન્સ અંગે.

ઉપસ્થિતિ :- નંબર-૧ તરફે એડવોકેટ શ્રી સુભાષ ટી. ચૌધરી
નંબર-૨ તરફે એડવોકેટ શ્રી અનીલ બી. નાયક
નંબર-૩ તરફે એડવોકેટ શ્રી હેમંતભાઈ દેસાઈ

ચુકાદો

(૧) આ કામમાં મજુર સંઘના નાયબ નોંધણી અધિકારી, ગુજરાત રાજ્ય અમદાવાદ તરફથી તેમના ક્રમાંક મ.ક.૯/ટ્રેડ યુનિયન/૫૪૬, તારીખ ૧૭મી મે, ૨૦૦૧ અન્વ ટ્રેડ યુનિયન એક્ટની કલમ-૧૪-એ હેઠળ અનુસૂચિમાં જણાવેલ વિવાદ ન્યાય નિર્ણ અર્થે સુપરત કરવામાં આવેલ છે. અનુસૂચિ નીચે મુજબ છે.

" હાલમાં યુનિયન રીલાયન્સ કર્મચારી સંઘ (રજી.નં. જી. ૫૦૬૭) સુરતન કાયદા મુજબ ખરેખર હોદ્દેદારો કોણ છે ? "

આમાં જણાવેલ હકીકત મુજબ રીલાયન્સ કર્મચારી સંઘના સભ્ય શ્રી વિજય સ મોદી અને કામદારોએ તારીખ ૧૨મી એપ્રિલ, ૨૦૦૧ના રોજ મજુર સંઘના નાયબ નોંધણ અધિકારીને રજુઆત કરેલ કે, હાલના રીલાયન્સ કર્મચારી સંઘના હોદ્દેદારો સંઘન બંધારણના નિયમ-૨૨ અન્વયે વાર્ષિક સામાન્ય સભા બોલાવતા નથી તેથી રીલાયન કર્મચારી સંઘને તે બાબતે તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૦૧ના પત્ર ક્રમાંક મ.ક. ૯/૪૨૦-૪૨ થી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ જેમાં, વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં અથવ દિન-૧૫માં ખુલાસો કરવા જણાવેલ, જે અન્વયે રીલાયન્સ કર્મચારી સંઘે તારીખ ૨૭મ એપ્રિલ, ૨૦૦૧ના રોજ જવાબ રજુ કરી શ્રી વી. સી. મોદી અને અન્ય કામદારોએ કરેલ રજુઆત ખોટી હોવા અંગે જણાવેલ અને વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૦૧ના બોલાવવામાં આવેલ અને તેમાં હાજર રહેલા સભ્યોમાંથી જ સભ્યોએ નવા હોદ્દેદાર અને કારોબારીના સભ્યોની નિમણૂંક કરેલ છે તેવું જણાવેલ. મજુર સંઘના નાયબ નોંધણ અધિકારીના આ રેફરન્સ કરવાના પત્રમાં આ વિવાદની વિગત અને તેમણે કરેલ કાર્યવાહીની વિગત રજુ કરવામાં આવી છે અને એવી પણ રજુઆત કરવામાં આવી છે કે રીલાયન્સ કર્મચારી સંઘના હાલના હોદ્દેદારોએ એવી રજુઆત કરી છે કે, તેઓનાં સંઘન હોદ્દેદારો અને કારોબારીના સભ્યો કાયદેસરના હોદ્દેદારો છે, તેમજ સદર યુનિયનન સાચા હોદ્દેદારો છે તે નક્કી કરવા ટ્રેડ યુનિયન એક્ટની કલમ-૧૪-એ હેઠળ અદાલતમ અરજદારો જઈ શકે છે તેમ પણ ખુલાસામાં જણાવેલ છે, પરંતુ બંને પક્ષના સભ્યો સદર કાયદાની કલમ-૧૪-એ નીચે ઔદ્યોગિક અદાલતમાં રેફરન્સ કરવા તૈયાર થયેલ ન હત તેથી આ સુમો મોટો રેફરન્સ મોકલવામાં આવ્યો છે.

(૨) આ રેફરન્સ અંગે ઉપરોક્ત બંને પક્ષકારોને નોટીસ કરવામાં આવી છે અને બંને અત્રે હાજર થયા છે.

(૩) રીલાયન્સ કર્મચારી સંઘ-વિજય મોદી ગ્રુપ તરફથી આંક-૯ થી તેમના પ્લીડીંગમ એવી તકરાર લેવામાં આવી છે કે, આ રેફરન્સ રજીસ્ટ્રાર ઓફ ટ્રેડ યુનિયન ગુજરાત રાજ્ય, અમદાવાદે ટ્રેડ યુનિયન એક્ટની કલમ-૧૪-એ હેઠળ સુપરત કરેલ છે, તેની નોટી

કોર્ટ તરફથી મળેલ છે તેમાં આ વિજય સી. મોદી ગૃપનો અરજદાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, તેમણે ટ્રેડ યુનિયન એકટની કલમ-૧૪-એ મુજબનો રેફરન્સ મેળવવા માટે કોઈ અરજી કરેલ નથી, જેથી અરજદાર તરીકેનું સંબોધન રદ કરવા અરજ છે તેમજ રજીસ્ટ્રાર ઓફ ટ્રેડ યુનિયન ગુજરાતે કરેલ રેફરન્સ કરવાની તેમને કોઈ સત્તા, અધિકાર નથી, કલમ-૧૪-એ મુજબ રેફરન્સ મેળવવા માટે જે તે યુનિયનના સભ્યની અરજી હોવી જરૂરી છે અને તેવી કોઈ અરજીનું અસ્તિત્વ ન હોવા છતા કરવામાં આવેલ આ રેફરન્સ બેડ ઈન લો હોય તેમજ સુઓ મોટો રેફરન્સની જોગવાઈઓ ટ્રેડ યુનિયન એકટ ૧૯૨૬માં ન હોય રેફરન્સ રદ કરવો જોઈએ.

(૪) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. તરફથી તેનું પ્લીડીંગ આંક-૧૦ થી રજુ કરવામાં આવ્યું છે, પરંતુ આ રેફરન્સમાં માત્ર યુનિયનના પ્રતિસ્પર્ધી પક્ષકાર જ રેફરન્સ કરી શકે તે સંજોગોમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની રજુઆત આ અદાલતે સાંભળવાપણું રહેતુ નથી.

(૫) રીલાયન્સ કર્મચારી સંઘ પ્રમુખ શ્રી બી. પટેલ મારફત તરફથી તેમનું પ્લીડીંગ આંક-૧૩ થી રજુ કરવામાં આવ્યું છે, જેમાં બીજા પક્ષકાર નં.૧ ના કહેવા પ્રમાણે તેઓ કોઈ ફરિયાદ કરેલ ન હોય છતાં સરકારી મશીનરીએ કોર્ટમાં આ વિવાદ મોકલી આંક-૧૩ રજુ કરવાનો બહુમુલ્ય સમય બરબાદ કરેલ છે. આ પ્લીડીંગમાં બંને જુથોની પરસ્પરની વિવાદગ્રસ્ત હકીકતો રજુ કરવામાં આવી છે અને યુનિયન પ્રવૃત્તિઓ અંગે પણ વિસ્તૃત હકીકતો રજુ કરવામાં આવી છે અને એવું જણાવવામાં આવ્યું છે કે, જો પ્લીડીંગ રજુ કરનાર સામે કોઈ ફરિયાદ જ ન હોય તો તેઓ કાયદેસર ચૂંટાયેલા હોદ્દેદારો હતા તેમ જાહેર કરવું જોઈએ.

(૬) આ કામમાં ગુણદોષ પરની કોઈપણ હકીકતમાં ઉતરતા પૂર્વે આ રેફરન્સ ચલાવવા માટે અને તેમાં નિર્ણય આપવા માટે કોઈ વિવાદ રજુ થાય છે કે કેમ અને સુઓ મોટો કરવામાં આવેલ રેફરન્સ ચલાવવા આ અદાલતને હકુમત છે કે કેમ તથા મજુર સંઘના નાયબ નોંધણી અધિકારીને અત્રે સુઓ મોટો આવા રેફરન્સ ટ્રેડ યુનિયન એકટની કલમ-૫૪-એ હેઠળ ન્યાય નિર્ણય માટે સુપરત કરવા સત્તા છે કે કેમ તે પ્રશ્ન તે મુદ્દા મહત્વના છે અને આ કામની રજુઆત અને કાયદાની જોગવાઇઓ જોતાં ટ્રેડ યુનિયન એકટ ૧૯૨૬ની કલમ-૧૪-એ હેઠળના વિવાદની રજુઆત પક્ષકારો તરફથી આ અદાલતમાં નથી, અને આ અદાલતને સુઓ મોટો કરવામાં આવેલ રેફરન્સ ચલાવવા હકુમત નથી અને સુઓ મોટો રેફરન્સ કરવા નાયબ નોંધણી અધિકારીને સત્તા નથી તેવુ સ્પષ્ટ જણાય આવે છે, જથી હકુમતના અભાવે આ અદાલત હકીકતોની બાબતમાં ગુણદોષ ઉપર નિર્ણય ન આપી શકે અને રેફરન્સ રદ કરવો જોઇએ તેવું સ્પષ્ટ થાય છે.

(૭) આ અંગે પ્રથમ હકીકત એ છે કે મજુર સંઘના નાયબ નોંધણી અધિકારી સમક્ષ જેમને ચૂંટણી કરાવવા અરજી કરી તેવા વિજય સી. મોદી અને અન્ય કાર્યકરોએ

આ રેફરન્સ તેમના વતી ન્યાય નિર્ણય માટે મોકલવાના નાયબ નોંધણી અધિકારીને વિનંતી કરેલ નથી અને રેફરન્સના પત્રમાં જણાવ્યા મુજબ ''બંને પક્ષના સભ્યો સદર કાયદાની કલમ-૧૪-એ નીચે નામદાર ઔદ્યોગિક અદાલતમાં રેફરન્સ કરવા તૈયાર થયેલ ન હતાં.'' હવે આ અંગે કલમ-૧૪-એ માં જોગવાઇ એવી છે કે, પક્ષકારોએ નોંધણી અધિકારીની સંમતિ મેળવીને જાતે ઔદ્યોગિક અદાલતમાં અરજી કરી રેફરન્સ કરવો જોઇએ. તે સંજોગોમાં જ્યારે પક્ષકારો સંમતિ નથી માંગતા કે વિનંતી પણ નથી કરતાં કે તૈયાર નથી કરતા ત્યારે તેઓ પક્ષકારો ઔદ્યોગિક અદાલતમાં પણ આ રેફરન્સ પોતાનો છે અને પોતે ઔદ્યોગિક અદાલતમાં રેફરન્સ માટે અરજી કરે છે તેવું પણ જણાવતાં નથી તે સંજોગોમાં ટ્રેડ યુનિયન એક્ટ ૧૯૨૬ ની કલમ-૧૪-એ હેઠળ આદાલતને રેફરન્સ ચલાવવા પક્ષકારો કોઝ ઓફ એકશન રજુ કરી વિનંતી કરતાં નથી, તે સંજોગોમાં ૧૪-એ ની જોગવાઇઓ જોતાં આ અદાલતને રેફરન્સ ચલાવવા હકુમત રહેતી નથી રહેતી નથી. લાગુ પડતી ટ્રેડ યુનિયન એક્ટની કલમ-૧૪-એ (૧) ની જોગવાઇ નીચે મુજબ છે.

(૧) કોઇ શ્રમજીવી સંઘનો કાયદેસરનો હોદ્દેદાર કોણ અગર કારોબારીનો સભ્ય કોણ એ પ્રશ્ન ઉપર તકરાર હોય તો કોઇ પણ વ્યક્તિ જે વાદગ્રસ્ત પ્રશ્ન ઉપસ્થિત થવાની તારીખ પહેલાં ૬ મહિનાથી સંઘના સભ્ય હોય તે રજીસ્ટ્રારની સંમતીથી અને નિયત રીતે તે પ્રશ્ન ઔદ્યોગિક અદાલત સમક્ષ ઉપસ્થિત કરી શકે.''

હવે આ જોગવાઇ વાંચતા કોઇ વ્યક્તિને કે જે સંઘના સભ્ય હોય તેને રજીસ્ટ્રારની સંમતિથી અને નિયત રીતે હોદ્દેદાર અંગેનો પ્રશ્ન ઔદ્યોગિક અદાલત સમક્ષ ઉપસ્થિત કરવો જોઇએ. આ કામમાં એક પણ પક્ષકારે રજીસ્ટ્રારની સંમતિ લઇને આવો પ્રશ્ન આ અદાલતમાં ઉપસ્થિત કરેલ નથી અને આ કલમ જોતા રજીસ્ટ્રારને આ પ્રકારે સુમો મોટો રેફરન્સ આ અદાલતમાં મોકલવા સત્તા હોવાનું ફલિત થતું નથી. અને એ વાત નોંધવી જોઇએ કે, ટ્રેડ યુનિયન એક્ટની આ કલમના હેતુ માટે રેફરન્સ મોકલનાર અધિકારી મજુર સંઘના નોંધણી અધિકારી છે અને આ અદાલત ઔદ્યોગિક અદાલત છે, ઔદ્યોગિક ન્યાયપંચ નહિ. ઔદ્યોગિક ન્યાયપંચ ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એક્ટ હેઠળ હોય છે જ્યારે ઔદ્યોગિક અદાલત બોમ્બે ઇન્ડસ્ટ્રીયલ રીલેસન્સ એક્ટની કલમ-૧૦ મુજબ હોય છે અને તે બંનેમાં મૂળભૂત રીતે તફાવત છે. આ ટ્રેડ યુનીયન એક્ટની કલમ-૧૪ એ માટેની ઔદ્યોગિક અદાલતમાં રજીસ્ટ્રારને સુમો મોટોની રેફરન્સ મોકલવાની કોઇ સત્તા હોવાનું આ જોગવાઇમાં ફલિત થતું નથી, એટલું જ નહિ ટ્રેડ યુનીયન એક્ટની અન્ય કોઇ જોગવાઇમાં પણ નોંધણી અધિકારી કે રજીસ્ટ્રાર કોઇ રેફરન્સ સુમો મોટો આ અદાલતને મોકલી શકે તેની જોગવાઇ હોવાનું જણાતું નથી, તે સંજોગોમાં તે રીતે પણ આ રેફરન્સ ચલાવવાપાત્ર નથી. શ્રી એસ. ટી. ચૌધરીને આ બાબત અંગે આ અદાલત સમક્ષ બહુ ઉગ્ર અને લાગણીશીલ ભાષામાં રજુઆત કરી આવી રીતે કાયદાની પ્રક્રિયાનો હકીકતોના

INDEX

સંદર્ભમાં દુરૂપયોગ ન થવો જોઇએ અને તેમના અસીલ સામે કોઇ વિવાદ ન હોય તેથી તેમનો સાચા હોદ્દેદાર જાહેર કરવા જોઇએ આ રજુઆત અંગે પણ એ સ્પષ્ટ કરવું પડે કે, જ્યારે અદાલતને હકુમત ન હોય રેફરન્સ મોકલનારને રેફરન્સ કરવાની સત્તા ન હોય ત્યારે આ અદાલત હકીકતોની સચ્ચાઇ કે ખોટાપણા અંગે કોઇપણ નિર્ણય આપી શકે નહિ અને સંજોગો જોતાં આવી સ્પષ્ટતા સાથે આ રેફરન્સ રદ કરવો જોઇએ.

(૮) ઉપરોક્ત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

ટ્રેડ યુનીયન એકટ ૧૯૨૬ની કલમ-૧૪ એ હેઠળનો આ રેફરન્સ ચલાવવા આ અદાલતને હકુમત ન હોય તેમજ રેફરન્સ સુપરત કરનારને સુમો મોટો રેફરન્સ સુપરત કરવાની સત્તા ન હોય આ રેફરન્સ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૯મી જુલાઇ, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

રીકવરી અરજી (આઇ. સી.) નં. ૫/૨૦૦૨

રામકિશન ઉદયરાજ તથા
પરિશિષ્ટમાં જણાવેલ કામદારો,
C/o. ઠે. અશોક એન. ઇંટવાલા, એડવોકેટ,
૬, મહિલા વિશ્રામ શોપીંગ સેન્ટર,
પહેલો માળ, વસંત ટોકીઝ સામે,
નવસારી (૩૯૬૪૪૫) જી. વલસાડ.

અરજદાર;

વિરુદ્ધ

૧. શ્રી રામ ટેક્ષટાઇલ્સ
૨. જીતેન્દ્ર ટેક્ષટાઇલ્સ
૩. મયુર ટેક્ષટાઇલ્સ

સામાવાળા;

૪. તરૂણ ટેક્ષટાઇલ્સ
નં. ૧ થીજ નું સરનામું
ભાઠેના ઇન્ડ. એસ્ટેટ નં. ૧, ખાતા નં. એ-૩,
રીમના ટેકરા, અજંટા ટોકીઝ સામે સુરત.
૫, મે. સરકારી મજુર અધિકારીશ્રી,
બહુમાળી મકાન, 'એ' બ્લોક,
૪થો માળ, નાનપુરા, સુરત.

બાબત :- સુરતની ચોથી મજુર અદાલતે ટી. અરજી નં. ૨૦૬/૯૭માં આંક-૨૨ ઉપર કરેલ હુકમ સામે બી. આઇ. આર. એકટની કલમ-૮૫ હેઠળ રીવીઝન.

ઉપસ્થિતિ :- અરજદાર તરીકે એડવોકેટ શ્રી કીરણભાઇ એન. ચૌહાણ.
સામાવાળા તરફે એડવોકેટ શ્રી અશોકભાઇ ઇંટવાલા.

ચુકાદો

(૧) આ કામના સામાવાળા કામદારે સુરતની મજુર અદાલત સમક્ષ નોકરીમાંથી છુટા કરવા અંગે ટી. અરજી નં. ૨૦૬/૯૭ના રજુ કરેલ જે ચાલતા, દરમ્યાન સામાવાળા એટલે કે હાલના અરજદારે જરૂરી માહિતીના અભાવે કામ ચલાવી શકાય તેમ ન હોય મુદત માંગતો રીપોર્ટ આંક-૨૨થી રજુ કરેલો, જેના પર અરજદારે વાંધો લીધેલો અને તેને સાંભળીને મજુર અદાલતે સદરહુ કામ રીસેશ પછી ચલાવવા રાખેલ અને તે પછી મુદતની અરજી ના મંજુર કરેલી, તે હુકમથી નારાજ થઇ તે કામના સામાવાળાએ હાલની અરજી રજુ કરી તેમને બચાવની તક મળી નથી તે મુદ્દો ઉઠાવેલ છે અને તે અંગે એવી પણ રજુઆત કરેલ છે કે, મજુર આદાલતે આંક-૯ ઉપર તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ અરજદારની જુબાની લીધેલી અને તેજ દિવસે મૌખિક પુરાવો આંક-૧૮થી બંધ કરેલો તે અંગેનો હુકમ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂધ્ધનો હતો તેમજ ઉલટ તપાસનો હક્ક તેજ દિવસે બંધ કરી તેજ દિવસે અરજદારનો પુરાવો પૂરો થઇ જાય તો સામાવાળાને પુરતી તક મળેલ ન કહેવાય, ઉપરાંત દલીલ ઉપર મુદત ના મંજુર કરવામાં આવી છે. તે પણ સામાવાળાને દલીલ કરવાના હક્કથી વંચિત રાખનારૂં કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂધ્ધનું પગલું છે.

(૨) આ કામમાં સામાવાળાને નોટીસ બજાવવામાં આવેલી. સામાવાળા તરફે એડવોકેટશ્રી અશોકભાઇ એન. ઇંટવાલા હાજર થયેલા છે.

INDEX

(૩) આ કામના બંને પક્ષકારોના પ્રતિનિધિઓને સાંભળવામાં આવ્યા છે. રેકોર્ડ જોતાં મજુર અદાલત સમક્ષનું કામ અલગ અલગ તબક્કે લંબાયેલું છે. સામાવાળાના પુરાવાના તબક્કે પણ આ કામ લંબાયેલું છે. અને તે સંજોગોમાં મુદત આપવી કે ન આપવી તેવી બાબત મજુર અદાલતના રોજબરોજના કાર્યક્ષેત્રની બાબત છે અને તેમાં કાયદાનો કોઇ મુદ્દો સંકળાયેલો હોય તેવું તમામ કિસ્સાઓમાં કહી શકાય નહિ પરંતુ આ બાબતની ચર્ચા કરતાં બંને પક્ષના પ્રતિનિધિઓ એ બાબત સાથે સહમત થયા છે કે વચગાળાના હુકમ પરની રીવીઝનમાં આગળ ચલાવવામાં મુળ કેસના ન્યાય નિર્ણયમાં વિલંબ થશે અને આ કામ પણ વિલંબે થશે તેના બદલે રીસ્પોન્ડન્ટને વિલંબ બદલ ખર્ચની ચુકવણીના હુકમથી ન્યાયનો હેતુ સરશે અને સંસ્થાને બચાવની તક પણ મળશે, તે રીતે રીવીઝન મંજુર કરવામાં વાંધો નથી. આ અંગેની પુરસીસ બંને પક્ષ તરફથી તારીખ ૧૯મી જુન, ૨૦૦૨ના રોજ આ અદાલતમાં રજુ કરવામાં આવી છે તેને ધ્યાનમાં લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

સુરતની ચોથી મજુર અદાલતે ટી. અરજી નં. ૨૦૬/૯૭માં આંક-૨૨ હેઠળ કરેલ હુકમ રદ કરી આ રીવીઝનના અરજદારને ટી. અરજી નં. ૨૦૬/૯૭માં દલીલ કરવા દેવા પરવાનગી આપવા હુકમ કરવામાં આવે છે, પરંતુ મજુર અદાલત દ્વારા આ કામમાં હુકમ મળ્યા પછી જે મુદત આપવામાં આવે તે મુદતે સામાવાળાએ દલીલ કરવાની રહેશે. આ કામના અરજદાર સંસ્થાએ સામાવાળા કામદારને ખર્ચના રૂા. ૨૦૦/- પણ આ હુકમ મળ્યેથી દિવસ-૧૫માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. મુળ ટી. અરજી નં. ૨૦૬/૯૭નું રેકોર્ડ નીચલી અદાલતને પરત કરવા હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૯મી જુલાઇ, ૨૦૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 34, *Gujarat Government Gazette*, Part I—L, dated 22nd August, 2002, and for pages VAD-11201 to VAD-11689 (in 1 set) *read* page Nos. 15951 to 16439.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૩૪માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૧૨૦૧ થી વીએડી-૧૧૬૮૯ (૧ બંચમાં) ને પાન નંબર ૧૫૯૫૧ થી ૧૬૪૩૯ વાંચવા.

Vadodara, 22nd August, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએસએમસી/૩૩૧૬૧/૫.૫/આઇડીઆર/એજે/૭૭.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડેનીસ કેમ લેબ લી., છત્રાલ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ; ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૫, અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) બેઝીક પગારમાં મહિને રૂા. ૭૦૦-૦૦ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૯થી વધારો કરવો કે કેમ ?

(૨) ફીક્સ ડી. એ. : તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૯થી મહિને રૂા. ૧૦૦૦-૦૦નો વધારો કરવો કે કેમ ?

(૩) વેરીએબલ ડી.એ. : ૧૯૯૬થી પોઇન્ટે રૂા. ૨-૫૦ લેખે શરૂ કરવું કે કેમ ?

(૪) ઘરભાડું : કંપની હાલમાં જે ઘરભાડું આપે છે તેની જગ્યાએ ફીક્સ રૂા. ૧૦૦૦-૦૦ આપવા અથવા બેઝીક + ડી.એ.ના 30% આપવા કે કેમ ?

(૫) વોશિંગ એલાઉન્સ : વોશીંગ એલાઉન્સ મહિને રૂા. ૩૦૦-૦૦ કરવું કે કેમ ?

(૬) એજ્યુકેશન એલાઉન્સ : એજ્યુ, એલાઉન્સ મહિને રૂા. ૭૫૦-૦૦ નો વધારો આપવો કે કેમ ?

(૭) મેડીકલ એલાઉન્સ : મેડીકલ એલાઉન્સ બેઝીક + ડી.એ.ના ૨૫% લેખે આપવું કે કેમ ?

(૮) એલ.ટી.સી. : કંપનીમાં કામ કરતા દરેક કામદારને દર બે વર્ષે ૫૦૦૦ કિ.મી. ટ્રેનનું ભાડું અથવા બસનું ભાડું આપવું અથવા રૂા. ૫૦૦૦-૦૦ આપવા કે કેમ ?

(૯) કન્વેયન્સ એલાઉન્સ : મહિને રૂા. ૫૦૦-૦૦ આપવા કે કેમ ?

(૧૦) પોષ્ટિક આહાર (દૂધ એલાઉન્સ) : દરેક કર્મચારીને દર મહિને પોષ્ટિક આહાર એલાઉન્સ તરીકે રૂા. ૫૦૦-૦૦ આપવા કે કેમ ?

(૧૧) યુનિફોર્મ : દરેક કર્મચારીને નીચે મુજબનો યુનિફોર્મ આપવો કે કેમ ?

(એ) યુનિફોર્મ : રેમન્ડ, દીકજામ, ટેરીકોટન ત્રણ જોડી આપવા અને સિલાઇના રૂા. ૫૦૦-૦૦ આપવા કે કેમ ?

(બી) બુટ મોજા : વર્ષમાં એક વાર દરેક કર્મચારીને સારી કંપનીના બુટ આપવા અથવા રૂ. ૭૦૦-૦૦ રોકડા બુટ ખરીદવા આપવા. વર્ષમાં સારી કંપનીના ચાર જોડી મોજાં આપવા અથવા રૂા. ૧૦૦-૦૦ રોકડા આપવા કે કેમ ?

(સી) રેઇન કોટ, સ્વેટર : દરેક કર્મચારી બે વર્ષે સારી કંપનીનો રેઇનકોટ આપવો તથા રેમન્ડનું ગરમ સ્વેટર તથા ટોપી આપવી કે કેમ ?

(૧૨) ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી હોલ બુટ અને આંખના રક્ષણ માટે સારી ક્વોલીટીના ચશ્મા તથા ટોપી આપવા કે કેમ ?

(૧૩) જાહેર રજાઓ તથા અન્ય રજાઓ :

(અ) સી. એલ. : દરેક કર્મચારીને વાર્ષિક ૧૫ સી. એલ. આપવી કે કેમ ?

(બ) માંદગીની રજા : દરેક કર્મચારીને વાર્ષિક ૨૦ માંદગીની રજા આપવી કે કેમ ?

(ક) હક્ક રજા : દરેક કામદાર કર્મચારીને વાર્ષિક ૩૦ હક્ક રજાઓ આપવી. ઉપરાંત કોઇપણ જાતની શરત વગર વર્ષાન્તે ૨૪૦ દિવસથી વધારે રજાઓનું રોકડમાં રૂપાન્તર કરી આપવી કે કેમ ?

(ડ) જાહેર રજાઓ : હાલમાં મળતી ૮ જાહેર રજાઓની જગ્યાએ નીચે મુજબની જાહેર રજાઓ સવેતન આપવી કે કેમ ?

(૧) ઉત્તરાયણ (૨) પ્રજાસત્તાક દિવસ (૩) હોળી-ધુળેટી (૪) સ્વાતંત્ર દિવસ
(૫) ગણેશ ચતુર્થી (૬)રક્ષાબંધન (૭) જન્માષ્ટમી (૮) દશેરા (૯) રામનવમી
(૧૦) શિવરાત્રી (૧૧) મહોરમ (૧૨) દિપાવલી (૧૩) નવું વર્ષ (૧૪) ભાઇબીજ
(૧૫) નાતાલ (૧૬) વિશ્વકર્મા જયંતિ

(૧૪) એટન્ડન્ટ બોનસ : મહિનાની પૂરી હાજરીના દિવસો ગણી ત્રણ દિવસનો પગાર હાજરી બોનસ તરીકે આપવો કે કેમ ?

(૧૫) શીફ્ટ એલાઉન્સ : કંપનીમાં ફરજ બજાવતા કામદાર કર્મચારીઓને તેમના સામાજીક જીવન અને કંપનીના કામના ગાળા વચ્ચેની સામાજિક તથા કૌટુંબિક ફરજો બજાવવામાં સુગમતા રહે તે ધ્યાને લઇને પ્રત્યેક કામદારને પ્રથમ, દ્વિતીય અને તૃતીય તથા જનરલ શીફ્ટમાં અનુક્રમે દૈનિક રૂા. ૧૫/- રૂા. ૨૦/- રૂા. ૩૦/- અનુ રૂા. ૨૦નું શીફ્ટ એલાઉન્સ આપવું કે કેમ ?

(૧૬) લોન :

(અ) વાહન લોન : પ્રત્યેક કામદાર કર્મચારીને પોતાની પસંદગી વાહન ખરીદવા વાહન લોન તરીકે વાહનની મુળ કિંમત + અન્ય સરકારી ખર્ચની કુલ રકમ વાહન લોન તરીકે વ્યાજ વગર આપવી કે કેમ ?

(બ) ઉચ્ચ અભ્યાસ : લગ્ન પ્રસંગ, ધાર્મિક ક્રિયા : પ્રત્યેક કામદાર કર્મચારીને પોતાની કોટુંબિક જવાબદારી પુરેપુરી નિભાવી શકે તે ધ્યાને લઇને કામદાર કર્મચારીના બાળકના ઉચ્ચ અભ્યાસ અર્થે અથવા તો તેના લગ્ન પ્રસંગ, અગર તો ઘરની કૌટુંબિક સામાજિક ધાર્મિક જવાબદારીઓ નિભાવવા રૂા.૫૦,૦૦૦/- લોન વગર વ્યાજની આપવી કે કેમ ?

(ક) મકાન ખરીદી : મરામત ખર્ચ : આજની કાળઝાળ વિષમ પરિસ્થિતિમાં પ્રત્યેક કામદાર કર્મચારીને પોતાનું નાનું ઘર હોય તેવી મહેચ્છાને ધ્યાને લઇને પ્રત્યેક કામદાર કર્મચારીને પોતાનું ઘરનું ઘર ખરીદવા રૂા. ૨,૦૦,૦૦૦/-ની લોન વગર વ્યાજની આપવી તથા જેમની પાસે ઘર છે પરંતુ, તેની મરામત કરવાની સગવડ નથી તેવા કામદારોને પણ રીનોવેશન લોન તરીકે ઉપરોક્ત રૂપિયા ૨,૦૦,૦૦૦/-ની લોન વગર વ્યાજની આપવી કે કેમ ?

(૧૭) ફેસ્ટીવલ લોન : પ્રત્યેક કામદાર કર્મચારીને દિપાવલીના તહેવારો કુટુંબ સાથે આનંદ ઉલ્લાસથી ઉજવી શકે તે હેતુ ધ્યાને લઇને વાર્ષિક રૂા. ૫૦૦૦/- ફેસ્ટીવલ લોન તરીકે આપવા કે કેમ ?

(૧૮) પ્રમોશન પોલીસી/સિનિયોરીટી લીસ્ટ : કર્મચારીની દાખલ તારીખ સાથે કર્મચારીનું સિનિયોરીટી લીસ્ટ પ્રસિધ્ધ કરવું. પ્રત્યેક/ કામદાર કર્મચારીને ૩ વર્ષ તેની સિનિયોરીટીને

ધ્યાનમાં લઇ આગળ ઉચ્ચ ગ્રેસમાં ફીટમેન કરવું. સાથે સાથે અગાઉના વર્ષોમાં તે કામદાર/કર્મચારીઓને પગારમાં વિસંગતતા ઉભીથયેલ હોય તો તે યુનિયન અને સ્થાનિક પ્રતિનિધિઓ સાથે સુમેળભર્યા વાતાવરણમાં બેઠક કરી તેનો નિકાલ લાવવો કે કેમ ? પ્રમોશન નીતિ નકકી કરતાં પહેલાં યુનિયન અંગે સ્થાનિક પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી જાહેરાત કરવી કે કેમ ?

(૧૯) મેડીકલ ચેક-અપ : પ્રત્યેક કામદાને વર્ષમાં બે વાર કંપનીએ પોતાના માન્ય ડૉકટર પાસે ફુલ મેડીકલ ચેક અપ કરાવવું અને તેની સર્વે જવાબદારી કંપનીના શીરે રહેશે કે કેમ ?

(૨૦) પ્રત્યેક કામદાર કર્મચારીને પોતાની ફરજ દરમ્યાન રીશેષ તથા અન્ય કામકાજ અંગે હાથ ધોવા માટે સારી કંપનીના ન્હાવાના સાબુ નંગ-૪ દર મહિને આપવા કે કેમ ?

(૨૧) દરેક કર્મચારીને રીટાયર્ડ થતી વખતે અને ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ થાય તો તેના વારસદારોને કંપનીના દરેક કર્મચારીના એક દિવસનો પૂરો પગાર આપવો તેમજ જે ટોટલ થાય તેટલી જ રકમ કંપનીએ સામેથી ઉમેરી આપવી કે કેમ ?

(૨૨) કેન્ટીન :

- (૧) કેન્ટીનમાં દરેક શીફટમાં અનલિમિટેડ ભાણું આપવું : અઠવાડિયે એક વાર મિષ્ટાન આપવું કે કેમ ?
- (૨) કેન્ટીનમાં દરેક કર્મચારીનો ગેસ્ટ માટે ચા તથા નાસ્તાની કર્મચારીના ખર્ચે વ્યવસ્થા આપવી કે કેમ ?
- (૩) દરેક કર્મચારીને સવાર તથા સાંજે કંપની તરફથી ચા-નાસ્તો આપવો કે કેમ ?

(૨૩) કોઇપણ કર્મચારીને કંપનીમાં કામ કરતા ઇજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી કંપનીએ લેવાની રહેશે. સારામાં સારી પ્રાઇવેટ હોસ્પિટલમાં કંપનીના ખર્ચે ટ્રીટમેન્ટ અપાવવી તથા સારવાર દરમ્યાન જે કાંઇ રજા પડે તે કંપનીએ સંપૂર્ણ પગાર સાથે ભરી આપવાની કે કેમ ?

(૨૪) કર્મચારીનું યુનિયન જે કોઇ કર્મચારીનો ઓથોરીટ લેટર સાથે તેના પગાર માંથી સીધુ લવાજમ કાપી યુનિયનને આપવું કે કેમ ?

(૨૫) સ્પોર્ટસ એકટીવીટી માટે કર્મચારીને કંપની તરફથી ફેસીલીટી આપવી કે કેમ ?

(૨૬) કંપનીમાં કામ કરતાં દરેક કામદારો જેમણે૧૮૦ દિવસ પૂરા થયા છે તેમને જ્યારથી ૧૮૦ દિવસ પૂરા થયેલ છે ત્યારથી કાયમી કામદાર ગણીને કાયમી કામદાર મુજબના હક્ક, હિસ્સા આપવા કે કેમ ?

અમદાવાદ, ૧૫મી માર્ચ, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

નાયબ મજુર કમિશનર દ્વારા

સુધારો

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. નામક/અવિ/ખ/આઇડીઆર/એજે/૨૭૧/૨૦૦૦/૯૪૭.આ કચેરીનો તા. ૨૬મી જુલાઇ,૨૦૦૦ના હુકમ ક્રમાંક : નામક/અવિ/ખ/આઈડીઆર/એજે/૨૭૧/૨૦૦૦/૯૫૨૭ થી ૯૫૩૨ વંચાણે લેવા વિનંતી.

આથી હું નીચે સહી કરનાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળ મળેલ સત્તાની રૂએ આ કચેરીના ....ના હુકમ ક્રમાંક કેએચ-એસએચએમસી-આર-ખ-૨૮૫૯૦ આઇડીઆર/એજે/૨૭૧/૨૦૦૦માં નીચે મુજબ સુધારો કરું છું.

અનુસૂચિ

ઉક્ત હુકમ નં. ૨૮૫૯૦ થી સદર રેફરન્સ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૬ ને બદલે ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨, અમદાવાદને સુપ્રત કરવા વિનંતી છે.

અમદાવાદ, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૧.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

સુધારો

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. નામક/અવિ/ખ/આઇડીઆર/એજે/૩૧૨/૨૦૦૦/૯૫૧.આ કચેરીનો તા. ૩૧મી જુલાઇ,૨૦૦૦ના હુકમ ક્રમાંક : નામક/અવિ/ખ/આઈડીઆર/એજે/૩૧૨/૨૦૦૦/૬૮૧૮ થી ૯૮૨૩ વંચાણે લેવા વિનંતી.

આથી હું નીચે સહી કરનાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના

જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળ મળેલ સત્તાની રૂએ આ કચેરીના ....ના હુકમ ક્રમાંક કેએચ-એસએચએમસી-આર-ખ-૨૮૬૨૨ આઇડીઆર/એજે/૩૧૨/૨૦૦૦માં નીચે મુજબ સુધારો કરું છું.

અનુસૂચિ

ઉકત હુકમમાં જયાં જયાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ લખેલ છે, ત્યાં ત્યાં અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, હે. ટ્રાન્સપોર્ટ હાઉસ, જમાલપુર દરવાજા બહાર, અમદાવાદ વાંચવું.

અમદાવાદ, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૨૦૦૧.

પી. કે. વસાવડા,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૨૮૮૧૩/આઇડીઆર/એજે/૫૧૦/૨૦૦૦.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સોમાભાઇ ટી. પ્રોસેસર્સ લી., એલીસબ્રીજ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને, હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને [illegible] ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર

કમિશનર, અમદાવાદ રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિસિષ્ટ

(૧) બેઝીક પગાર :

વર્ગ-૧ ૨૬૦૦-૮૦-૩૦૦૦-૯૦-૩૪૫૦-૧૦૦-૩૯૫૦-૧૧૦-૪૫૦૦.

વર્ગ-૨ ૨૫૦૦-૭૦-૨૮૫૦-૮૦-૩૨૫૦-૯૦-૩૭૦૦-૧૦૦-૪૨૦૦.

વર્ગ-૩ ૨૩૦૦-૬૦-૨૬૦૦-૭૦-૨૯૫૦-૮૦-૩૩૫૦-૯૦-૩૮૦૦.

ઉક્ત બેઝીક પગાર ધોરણ આપવું જોઇએ કે કેમ ?

(૨)ફીક્સ ડી. એ. :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને માસિક રૂા. ૫૦૦/- ફીક્સ ડી.એ. તરીકે આપવા જોઇએ કે કેમ ?

(૩) વેરીએબલ ડી.એ. :

ઓલ ઇન્ડીયા પ્રાઇઝ ઇન્ડેક્ષ ધારા-૧૯૬૦-૧૦ ધારાધોરણે ૭૦૦ પોઇન્ટથી વધારે દરેક પોઇન્ટ માટે તા. ૧લી નવેમ્બર, ૧૯૯૯નાં રોજથી રૂા. ૨૦૦/- તથા તા. ૧લી નવેમ્બર, ૨૦૦૦નાં રોજથી રૂા. ૧.૬૦ તથા તા. ૧લી નવેમ્બર, ૨૦૦૧નાં રોજથી રૂા. ૧.૫૦ લેખે વેરીએબલ ડી. એ. કામદારને આપવા જોઇએ કે કેમ ?

(૪) રજાઓ :

નોકરીમાં કામ કરતાં દરેક કામદારને ૩૦ દિવસની હક્કરજા, ૧૦ દિવસની કેજ્યુઅલ રજા, ૧૦ દિવસની માંગણીની રજા અને ૧૪ દિવસની જાહેર તહેવારની રજાઓ ભર પગારે આપવી જોઇએ કે કેમ ?

(૫) એચ.આર.એ. :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને માસિક રૂા. ૭૦૦/- એચ.આર.એ. આપવું જોઇએ કે કેમ ?

(૬) એજ્યુકેસન એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૨૦૦/- એજ્યુકેશન એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

(૭) કન્વેયન્સ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૨૫૦/- કન્વેયન્સ એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

(૮) મેડીકલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૧૦૦/- મેડીકલ એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

(૯) કપડાં અને બુટ :

સંસ્થામાં કામ કરતા દરેક કામદારને દર વર્ષે બે જોડ કપડાં અને બે જોડ બુટ-મોજાં આપવા જોઇએ કે કેમ ?

(૧૦) વોશીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૧૦૦ લેખે વોશીંગ એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

ઉપરોકત તમામ માંગણીઓનો અમલ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૯નાં રોજથી કરવી જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૫મી માર્ચ, ૨૦૦૧.

પી. કે વસાવડા,
નાયબ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૨૮૮૨૬/આઇડીઆર/એજે/૫૪૫/૨૦૦૦.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. કોર્પોરેશન, પાલનપુર, જી. બનાસકાંઠા અને તેના કામદારો વચ્ચેની છે.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૧૮/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર લખતર કો.-ઓપ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સો. લી., મુ. લખતર અને તેના કામદારશ્રી નારણભાઈ ભીમાભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી નારણભાઈ ભીમાભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૫૬ થી ૫૯/૨૦૦૧, ૬૦/૨૦૦૧, ૬૯ થી ૭૦/૨૦૦૧, ૮૯ થી ૯૦/૨૦૦૧, ૯૪/૨૦૦૧, ૧૨૧/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી મર્ગ નં.-૮, લીંબડી અને તેના કામદારોશ્રી મગન કુકા તથા અન્ય-૧૦ કામદારો પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) મગન કુકા
(૨) તખુબેન મગન
(૩) ખોડા ભીખા
(૪) બીજલ લવજી
(૫) દેવરાજ ધનાભાઇ
(૬) ધીરૂભાઇ મોહનભાઇ
(૭) કપુરભાઇ વિરમભાઇ
(૮) મોતીભાઇ વીરાભાઇ
(૯) વિહાભાઇ સખરામભાઇ
(૧૦) જેસીંગ ડાયાભાઇ
(૧૧) ધીરૂભાઇ ગાંડાભાઇ

ને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૨૮ થી ૧૩૦/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), સુરેન્દ્રનગર (૨) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પે. વિ. (રાજ્ય) ધ્રાગંધ્રા (૩) નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પે. વિ. (રાજ્ય) પાટડી અને તેના કામદારોશ્રી અરજણભાઇ વીરાભાઇ વાઘેલા તથા અન્ય-૨ કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૨/આઇડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી અરજણભાઇ વીરાભાઇ વાઘેલા (૨) શ્રીમતી નાનીબેન વીરાભાઇ વાઘેલા (૩) શ્રીમતી જીવુબેન સામાભાઇ વાઘેલાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૩૨/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરેન્દ્રનગર (૨) મેડીકલ ઓફીસરશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મુ. બજાણા અને તેના કામદારશ્રી હનીફખાન મનુભા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝથી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૨/આઇડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી હનીફખાન મનુભાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૪૮/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સુરેન્દ્રનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., વઢવાણસીટી અને તેના કામદારશ્રી રતિલાલ હરજીવનદાસ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી રતિલાલ હરજીવનદાસને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૭૯/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સુરેન્દ્રનગર (૨) આસીસ્ટન્ટ એન્જીનીયર, જવાહર રોજગાર યોજના, તાલુકા પંચાયત, લીંબડી અને તેના કામદારોશ્રી વજુભા રતુભા ઝાલા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/આઇડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી વજુભા રતુભા ઝાલાને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઇ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૮૧/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ટેક્ષટાઈલ બેરીંગ્સ (કે.સી.આઈ.) પ્રા. લી. (એ યુનિટ ઓફ કે. સી. આઈ.) સુરેન્દ્રનગર અને તેના કામદારશ્રી ધમેન્દ્રકુમાર જશવંતલાલ દવે વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી ધમેન્દ્રકુમાર જશવંતલાલ દવેને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૧૯૬ થી ૨૪૫/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજીંગ ડાયરેક્ટરશ્રી/ચેરપરસનશ્રી, શ્રી પરશુરામ પોટરી વર્કસ કું. લી., થાનગઢ C/o. ધી પરશુરામ પોટરી વર્કસ કું. લી., (રજીસ્ટર્ડ ઓફિસ) મુ. મોરબી જી. રાજકોટ અને તેના કામદારો શ્રીભીખાલાલ લગધીર તથા અન્ય-૪૯ કામદારો સાથેના પરિશિષ્ટ મુજબનો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ મુજબ

ધી પરશુરામ પોટરી વર્કસ કું. લી., થાનગઢ C/o. ધી પરશુરામ પોટરી વર્કસ કું., લી., રજી. ઓફિસ, મુ. મોરબી.

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૧)	ભીખાલાલ લગધીર	(૪)	મુળજી ઘોબણ
(૨)	મનજી કરશન	(૫)	ગોવિંદ મુળા
(૩)	રસિક રામજી	(૬)	ઝાઝણ ઘમાભાઈ

INDEX

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૭)	ભીખાલાલ રવજી	(૨૯)	લતીફભાઈ કાદરભાઈ
(૮)	મેરુભાઈ નાનુભાઈ	(૩૦)	ધીરુભાઈ શીવાભાઈ
(૯)	સોમા બીજલ	(૩૧)	ચંદ્રકાંત ગોવિંદજીભાઈ
(૧૦)	અબુબકર ઈસાભાઈ	(૩૨)	વશરામભાઈ મોહનભાઈ
(૧૧)	ભુરાભાઈ ઓઘડભાઈ	(૩૩)	અમૃતલાલ ખીમજીભાઈ
(૧૨)	કેશવલાલ શીવલાલ	(૩૪)	છત્રસિંહ તખતસિંહ
(૧૩)	બુટા સવા	(૩૫)	મહેન્દ્ર હરનારાયણ ભટ્ટ
(૧૪)	શાર્દુલ ઘુઘા	(૩૬)	હૈદરભાઈ ઈસ્માઈલભાઈ
(૧૫)	ભગવાનજી ભીમજી ઉટવડીયા	(૩૭)	રાજેન્દ્ર શામળુભા
(૧૬)	ડુંગરભાઈ દેવાભાઈ	(૩૮)	મંગાભાઈ જગમાલભાઈ
(૧૭)	ઝાઝણભાઈ ઘમાભાઈ	(૩૯)	ચંદુલાલ ગોવિંદભાઈ
(૧૮)	જશવંત ખેમરાજ	(૪૦)	બટુકભાઈ રતનસંગ
(૧૯)	વસુભાઈ નાથાભાઈ	(૪૧)	અમરશી જેહાભાઈ
(૨૦)	અશ્વીન ભગવાન	(૪૨)	ગોરધન જેઠા
(૨૧)	લાભુભાઈ સાજણભાઈ	(૪૩)	મનસુખભાઈ ભલાભાઈ
(૨૨)	રાજેશ હિંમતલાલ શાહ	(૪૪)	ધીરજલાલ ગાંડાભાઈ
(૨૩)	સવજી રઘુભાઈ	(૪૫)	નારણભાઈ નાનજીભાઈ
(૨૪)	કાન્તીલાલ ખોડીદાસ	(૪૬)	ધીરુભાઈ જીવાભાઈ જાદવ
(૨૫)	વિષ્ણુપ્રસાદ પ્રાણજીવન	(૪૭)	દીલીપભાઈ બાબુભાઈ
(૨૬)	રામજીભાઈ શાવાભાઈ	(૪૮)	નાથાભાઈ રતનાભાઈ
(૨૭)	કિશોર ગોવિંદભાઈ	(૪૯)	જગદીશ રામસીંગ
(૨૮)	ઠાકરશી મોહન	(૫૦)	ચંદ્રવદન મહીપતરાય

પરિશિષ્ટ મુજબના કામદારોને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચ/એમસી/રેફ/૪૬૩/૨૦૦૦.– મદદનીશ મજુર કમિશનરશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, (વિસ્તરણ), લીંબડી અને તેના કામદારશ્રી નાનજીભાઈ કાળુભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮-(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૩)ના પેટા વિભાગ (૧)ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં.૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૨/આઈડીએ/૧૦૯૦/૪૬૩૫ (એ) (એમ) (૪) થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદાર શ્રી નાનજીભાઈ કાળુભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૧૪૫૭.–નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, રાણાવાવ અને તેના કામદારશ્રી જેઠા આવડા કેશવાલા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સાથે પેટા-વિભાગ (૧)ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

કામદાર શ્રી જેઠા આવડા કેશવાલાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૧૫૧૦.–નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર પોલીફીલ્સ પ્રા. લી. નેશનલ હાઈવે, એરપોર્ટ સામે, છાંપા અને તેના કામદારશ્રી રાજુ આર. મકવાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સાથે પેટા-વિભાગ (૧)ની કલમ ‘સી’ સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

કામદાર શ્રી રાજુ આર. મકવાણાને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૧૫૧૧.–નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર પોલીફીલ્સ પ્રા. લી. નેશનલ હાઈવે, એરપોર્ટ સામે, પોરબંદર અને તેના કામદારશ્રી રાજેશ ડી. જોષી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સાથે પેટા-વિભાગ (૧)ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

કામદાર શ્રી રાજેશ ડી. જોષીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૧૫૧૨.–નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર પોલીફીલ્સ પ્રા. લી. નેશનલ હાઈવે, એરપોર્ટ સામે, છાંપા અને તેના કામદારશ્રી દિપક કેશવલાલ મકવાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સાથે પેટા-વિભાગ (૧)ની કલમ 'સી' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

કામદાર શ્રી દિપક કેશવલાલ મકવાણાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૪મી ઓગસ્ટ, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શ્રમક/૩૩૬૮૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, મે. ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કું. લિ., આદીપુર (કચ્છ) અને શ્રી કાલુજી દેવાજી વત્તા ૩૭ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૨૪

શ્રી ડી. એન. બારોટ,

ઔદ્યોગિક અદાલત, નં. ૧, રાજકોટ સમક્ષ

અપીલ આઇ. સી. નં. ૫/૯૬

અરજદારો.

૧. કાલુજી દેવાજી
૨. પુંજા મુરજી
૩. માલણ હોતા
૪. પાચણ મુરજી
૫. લક્ષ્મણ ગોવિંદ
૬. માયા અમુ
૭. નરોત્તમ મીઠુ
૮. જીવા લાવા
૯. હરજી મુરજી

૧૦. શામજી મનજી
૧૧. દામજી મીઠુ
૧૨. જગદીશચંદ્ર વી.
૧૩. પ્રભુલાલ નારણ
૧૪. ઝવેરીલાલ શીવજી
૧૫. કાના ગના
૧૬. તેજા મેઘજી/ મેપાભાઇ તેજા
૧૭. કનૈયાલાલ વેલજી
૧૮. મોહન હીરજી પરમાર
૧૯. જુમા કારા
૨૦. દશરથપ્રસાદ વી.
૨૧. શ્યામસુંદર
૨૨. રમનાથ પીલ્લાજી
૨૩. પ્રકાશરાવ ટી.
૨૪. દેવજી મોરાજી
૨૫. દિલીપ વાલમજી
૨૬. અશોક જે. હુલે
૨૭. મહેન્દ્ર કરશન
૨૮. મહેશ પરસોત્તમ
૨૯. હરજી મોડાભાઇ
૩૦. ચંદ્રકાંત વી. પંચાલ
૩૧. રાજેન્દ્ર લક્ષ્મણ
૩૨. કાનજી મોરાજ
૩૩. વાઘજી દયા
૩૪. લક્ષ્મીબેન રણછોડ
૩૫. અરજણ અંતુ
૩૬. વેલજી ભાયા

INDEX

૩૭. રામ નારણ
૩૮. મનોરંજન પ્રસાદ
C/o. પ્રકાશ ટ્રેડર્સ, કમલા વાડી, અંજાર (કચ્છ).

વિરુધ્ધ

મે. ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કું. લિ., ...સામાવાળા:
આદીપુર (કચ્છ).

અરજદાર તરફે વકીલ શ્રી અવનીશ પંડયા,
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

આ અપીલ કાલુજી દેવાજી અને અન્ય સાડત્રીસ કામદારોએ સામાવાળા ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કું. લિ., આદીપુર સામે ગાંધીધામ ખાતેની મજૂર અદાલતના ન્યાયાધીશોને આપેલા બી.આઇ.આર. અરજી નં. ૧૭/૮૭ અને નવો નં. ૫/૯૬ તેમજ જૂનો નં. ૩૭/૮૮ અને નવો નં. ૬/૯૬માં આપેલ ચુકાદા સામે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

આ અપીલની વિગતો ટૂંકમાં એવી છે કે, મૂળ અરજીના અરજદારોએ સામાવાળા ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુ. કું. લિ. કે જે કોટન યાર્નનું ઉત્પાદન કરે છે અને આશરે ૫૮૨ જેટલા કામદારો કામ કરે છે. તે મીલ કંપનીને ફેક્ટરી એક્ટ તથા બી.આઇ.આર. એક્ટ લાગુ પડે છે. સામાવાળા મીલ કંપનીએ વીજળીનું બીલ ન ભરી તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૬ થી વીજળી

INDEX

પુરવઠો કપાઇ જવાથી મીલ કંપની બંધ પડી જવાથી ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવામાં આવેલ હોઇ તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૬ થી તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૮૬ સુધી લે-ઓફ માર્ક કરેલ છે. જેમાં ઓગષ્ટ-૮૬નો ૫૦ટકા પગાર કામદારોને ચૂકવી આપેલ છે અને સાપ્ટેમ્બર-૮૬ થી ડીસેમ્બર-૮૬ નો લે ઓફ માર્ક કરેલ છે પરંતુ તેનો પૂરો પગાર ચૂકવેલ નથી.આમ તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૬થી મીલ કંપની બંધ કરી કામદારોને કામ આપવાનું બંધ કરી કામદારો ઉપર દબાણ લાવવું, રાજીનામું અપાવવા કિન્નાખોરી શરુ કરેલ છે. આમ કામ આપવાનું બંધ કરી બી.આઇ.આર. એકટ-૧૯૮૬ની કલમ-૪૨(૧), ૮૮(એ), ૯૮(૧)(બી) અને આઇ.ડી. એકટની કલમ-૨૫(ઓ), ૩૩ અને ૨૩ના ભંગ કરેલ છે. જેથી સામાવાળા મીલ કંપનીનું પગલું તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૬ થી મીલ કંપનીએ ગેરકાયદેસર તાળાબંધી કરેલ છે અને કામદારોની કામગીરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી બી.આઇ.આર. એકટની કલમ-૪૨(૧), ૯૮(એ), ૯૮(૧)(બી) તથા આઇ.ડી. એકટની કલમ-૨૫(ઓ), ૩૩ અને ૨૩નો ભંગ કરેલ છે તેમ ઠરાવવા માંગણી કરેલ. આ ગેરકાયદેસર ફેરફાર પાછો લઇ તા. ૨૫મી જુલાઇ, ૧૯૮૬ થી ડીસેમ્બર-૮૬ સુધીનો લે-ઓફ/પગાર ચૂકવવા તથા તા. ૧લી જાન્યુઆરી, ૧૯૮૭ થી કામદારોને નોકરી પરથી છુટા કરેલ છે ત્યારથી પડેલા દિવસોના પગારની માંગણી સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા માંગણી કરેલ હતી. અને તેના અનુસંધાને ગાંધીધામની મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ સામાવાળા ગાંધીધામ સ્પીનીંગ એન્ડ મેન્યુ. કં. લિ., આદીપુરની તા. ૨૫મી જુલાઇ ૧૯૮૬ના રોજ વીજ પુરવઠો બંધ થઇ જવાના કારણે મીલ કંપની બંધ થઇ જવાથી તેને બોનાફાઇડ 'કલોઝર' તરીકે જાહેર કરેલ તેમજ પરિશિષ્ટ-એ માં જણાવેલ અરજદારોને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવાને બદલે સામાવાળા મીલ કંપનીને દરેક અરજદારોને 'કલોઝર' કોમ્પેન્સેશન ગ્રેજ્યુઇટી લે-ઓફ તથા અન્ય હકક હિસ્સા મળી એકસગ્રેસીયા તરીકે રૂા. ૨૪,૦૦૦ ચૂકવી આપવા હુકમ કરેલ અને અરજી ખર્ચના રૂા. ૧૫૦૦/- ચૂકવી આપવાનો હુકમ કરેલ છે તેની સામે આ અપીલ આ અદાલત

INDEX

સમક્ષ દાખલ કરેલ છે. આ અપીલમાં મજુર અદાલતનો ઉકત હુકમ રદ કરવા તેમજ કલોઝરનો જે નિર્ણય કરેલ છે તે માલાફાઇડ ઠરાવવા અને જે વળતર રૂા. ૨૪,૦૦૦/- અપાવેલ છે તેના બદલે વધુ વળતર અપાવવા અંગે આ અપીલ આ અદાલત સમક્ષ દાખલ કરીને દાદ માંગેલ છે.

આ અપીલ અંગે આખરી દલીલો કંપનીના વકીલશ્રીએ લેખિત રીતે રજૂ કરેલ છે. ત્યારબાદ એપેલેન્ટ સંબંધિત કામદારોના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે અને ત્યારબાદ મીલ કંપનીના વકીલશ્રીએ રીપ્લાય દલીલમાં વધારાની લેખિત રજુઆત પણ કરેલ છે તે તમામ વંચાણે લેવામાં આવે છે.

આ અપીલની હકીકતો જોતાં આ અપીલ મજૂર અદાલત, ગાંધીધામ, કચ્છના વિદ્વાન ન્યાયાધિશશ્રી એસ. એસ. પંચાલ તરફથી તેઓશ્રીની સમક્ષની બી.આઇ.આર. અરજી જૂનો નંબર ૧૭/૮૭, નવો નંબર ૫/૯૬ તથા જૂનો નં. ૩૭/૮૭, નવો નં. ૬/૯૬માં સંયુકત રીતે તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ આપેલ ચુકાદાની વિરૂધ્ધમાં આ કામના એપેલેન્ટ સંબંધિત કામદારો તરફથી આ કામના રીસ્પોન્ડન્ટ મીલ કંપનીની સામે મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ-૮૪ હેઠળ કરવામાં આવેલ છે અને મજૂર અદાલતનો સદર ચુકાદો આગળ જણાવ્યા મુજબ હકીકતો તથા કાયદાની ભુલ ભરેલ તેમજ કાયદાની જોગવાઇઓ વિરૂધ્ધનો અને ગેરકાયદેસર તથા ગેરવાજબી હોઇ રદ કરી મુળ બી.આઇ.આર. અરજીમાં માગ્યા મુજબનો હુકમ કરવા અંગે દાદ માંગેલ છે. આ અપીલ કાયદાની જોગવાઇઓ મુજબ ૬ દિવસ મોડી દાખલ કરેલ છે જેથી તેમાં થયેલ વિલંબ માફ કરવા પણ દાદ માગેલ છે જેથી સદર ઢીલ માફ કરવા અંગે અગાઉના સભ્યશ્રીએ એક હુકમ કરીને આ અપીલ દાખલ કરવામાં થયેલ ઢીલ માફ કરતો હુકમ તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ કરી દીધેલ છે. જેથી તે અંગે હવે આ કામમાં કોઇ હુકમ કરવાનો રહેતો નથી અને આ કામના વિદ્વાન વકીલશ્રીઓએ આ અપીલમાં

આખરી દલીલો કરેલ હોઇ આ બીલમાં માગ્યા પ્રમાણેની દાદ અંગે નિર્ણય કરવાનો રહે છે.

આ કામની સુનાવણી દરમિયાન એપેલેન્ટ સંબંધિત કામદારોના વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, મજૂર અદાલતે આપેલ ચુકાદામાં મીલ કંપનીએ જે ગેરકાયદેસર 'કલોઝર' કરેલ છે તેને 'બોનાફાઇડ કલોઝર' હોવાનું ઠરાવવામાં ભુલ કરેલ છે જેથી મીલ કંપનીએ કામબંધી કરીને કામદારોને કામ આપેલ નથી તેને 'બોનાફાઇડ કલોઝર' તરીકે જાહેર કરવું જોઇએ. જ્યારે આ દલીલની સામે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીના વિદ્વાન વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે, કલોઝરની વ્યાખ્યા મુજબ તેનો મતલબ એવો થાય છે કે, કાયમી માટે જે પ્રથા બંધ થઇ ગયેલ હોય તેને કલોઝર કહેવાય. રીસ્પોન્ડન્ટ-મીલ કંપની કાયમી માટે બંધ થઇ ગયેલ છે તેમાં કોઇ ઉત્પાદન થતું નથી. જે બહારથી દેખાવમાં કલોઝર કરી પણ અંદરખાને કંપનીનું કામ ચાલુ હોય અથવા બીજી જગ્યાએ કામકાજ ચાલુ હોય તો તે 'બોનાફાઇડ કલોઝર' ન કહેવાય. પરંતુ રીસ્પોન્ડન્ટ મીલ કંપનીની પરિસ્થિતિ અને સંજોગો તથા મજૂર અદાલત સમક્ષ પડેલા પુરાવાઓના આધારે મીલ કંપનીમાં કોઇ ઉત્પાદન થતું નથી અને તે કાયમને માટે બંધ થઇ ગયેલ છે. કંપની ઘણી ખોટમાં છે અને કાબુ બહારના સંજોગોના કારણે મીલ કંપની બંધ થયેલ છે અને તેના કારણે મોટા ભાગના બહુમતિ કામદારો સમાધાન કરી તેમના કાયદેસરના હકક મેળવીને રાજીનામું આપીને નોકરીમાંથી છૂટા થયેલ છે અને તેમને કાયદેસરનું વળતર શુભ આશયથી મીલ કંપનીએ ચુકવી આપેલ છે પરંતુ આ કામના એપેલન્ટ એવા ૩૯ કામદારોએ વળતર લેવાની ના પાડેલ છે અને આ કેસ ચાલુ રાખેલ છે. તેમને પણ અગાઉની જેમ છૂટા થયેલ કામદારોની જેમ વળતર ચૂકવી આપવા મીલ કંપની તૈયાર છે. મીલ કંપની ઘણી જ ખોટમાં છે અને ગયા વર્ષે થયેલ ભુકંપના કારણે મીલ કંપનીની ખાનાખરાબી થઇ છે તે સંજોગોમાં પણ મીલ કંપની ચાલુ થઇ શકે તેમ નથી અને તેવી મીલ કંપનીનો કામ બંધ કરવાનો

INDEX

માલાફાઇડ ઇન્ટેન્શન નથી અને તે સંજોગોમાં મજૂર અદાલતે પુરાવાઓ તથા સંજોગોના આધારે મીલ કંપનીનું કલોઝર બોનાફાઇડ ઠરાવેલ છે તે યોગ્ય અને વાજબી છે.આ દલીલો અંગે કેસની હકીકતો જોઇએ તો મજૂર અદાલતના વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓશ્રીના ચુકાદામાં તેઓની સમક્ષ જે કંઇ સાક્ષીપુરાવાઓ રજૂ થયેલ તેનાં આધારે કારણો આપીને મીલ કંપનીનું કલોઝર બોનાફાઇડ ઠરાવેલ છે. અપીલ અદાલતને કેસની હકીકતો તથા સંજોગો જોતાં નીચલી અદાલત સમક્ષના પુરાવામાં ઉંડા ઉતરવાની જરૂર જણાતી નથી અને મુળ કેસનું રેકર્ડ તથા ચુકાદો જોતાં તેમાં કોઇ હકીકતની કે કાયદાની ક્ષતિ હોવાનું પણ જણાતું નથી. એક દલીલ એવી પણ છે કે, કંપનીને કલોઝર કરવા અંગેની પરવાનગી અરજી કરેલ, પરંતુ તે પાછી ખેંચી લીધેલ છે. આ અંગે કેસની હકીકતો જોતાં મીલ કંપની બંધ થતાં એટલે કે, મજૂર અદાલત સમક્ષ પડેલા પુરાવાઓ મુજબ પાવર કટના કારણે અને કંપની સતત ખોટ કરતી હોવાથી કાબુ બહારના સંજોગોને લીધે મીલ કંપની બંધ થયેલ છે અને તે અંગે મીલ કંપનીએ પરવાનગી માંગેલ પરંતુ મીલ કંપનીના બહુમતી કામદારોએ મીલ કંપની સાથે સમાધાન કરી પોતાના કાયદેસરના નીકળતા હકકોની રકમ મેળવી લઇને રાજીનામું આપીને છુટા થયેલ હોવાથી મીલ કંપનીને પરવાનગી અરજી આગળ ચલાવવી જરુરી નહિ લાગતાં તે પાછી ખેંચેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે. આ અંગે કામદારોનાં વિદ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે, મજુર અદાલતે કલોઝરને માન્યતા આપી દીધી છે તે યોગ્ય અને કાયદેસરનું નથી. પરંતુ આ દલીલ અંગે મારી હકીકતમાં મજૂર અદાલતનો ચુકાદો જોતાં કલોઝરની માન્યતા આપવા અંગેનો કોઇ હુકમ નથી પરંતુ મીલ કંપનીનું કલોઝર મજૂર અદાલત સમક્ષ પડેલા પુરાવાઓ નવા સંજોગો લક્ષમાં લઇને બોનાફાઇડ હોવાનું ઠરાવેલ છે જેથી સદર દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. એપેલન્ટ કામદારોનાં વિદ્વાન વકીલશ્રીની એવી દલીલ છે કે, મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ જે ચુકાદો આપેલ છે કે, સંબંધિત કામદારોને પુન:સ્થાપિત કરવા જોઇએ પરંતુ પુન:સ્થાપિત કરવાનાં બદલે વળતર ચૂકવવાનો હુકમ કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી હોવાથી તે હુકમ

રદ્દ કરી કામદારોને પડેલા દિવસોનાં પગાર સહિત પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવો જોઇએ. આ દલીલની સામે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીના વિદ્વાન વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે, મીલ કંપની પાવર કટ તથા કાબુ બહારનાં સંજોગોનાં કારણે બંધ થવાને લીધે બહુમતી કામદારો એટલે કે ૬૦૦ કામદારોમાંથી માત્ર ૩૭ કે ૩૮ કામદારો સિવાયના ૫૬૭ જેટલા કામદારોને રાજીખુશીથી રાજીનામું આપીને સમાધાન કરીને છૂટા થઇ ગયેલ છે અને મીલ કંપનીએ કોઇ કાયદેસરનાં નીકળતા હકકોની રકમ પણ ચૂકવી આપેલ છે અને બાકી રહેલ કામદારોને પણ મીલ કંપની બંધ હોવાથી નોકરીમાં પુનઃસ્થાપિત કરી શકાય તેમ નથી અને તેમને પણ કાયદેસરનું વળતર ચૂકવી આપવા તૈયાર છે અને તેમાં પણ મીલનો શુભ આશય રહેલો છે. આ દલીલો તથા કેસની હકીકતો અને મજૂર અદાલત સમક્ષનાં કેસનું મૂળ રેકર્ડ, તેમાં પડેલા પુરાવાઓ અને મજૂર અદાલતનો ચુકાદો જોતાં કામદારો તરફથી રજૂ થયેલ સાક્ષી પુરાવાઓ મુજબ તેઓ કામ ઉપર આવતા જતા બંધ થયેલ છે જેથી તેઓ પડેલા દિવસોનાં પગારની રકમ મેળવવા હકકદાર થતાં નથી. વળી, કંપનીમાં વીજ પુરવઠો કપાઇ જવાથી અને ઉત્પાદન પ્રક્રિયા બંધ થવાથી મીલ કંપની તા. ૨૫-૭-૮૬ થી બંધ થઇ ગયેલ છે. ત્યારબાદ કંપનીએ તા. ૨૫-૭-૮૬ થી ડીસેમ્બર-૮૬ સુધીનો લે-ઓફ માર્ક કરીને લેવાનો પગાર કામદારોને ચૂકવી આપેલ છે અને સંબંધિત કામદારોનાં સાક્ષી શ્રી પ્રકાશ રાવે તેઓની ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ સામાવાળા પડેલા દિવસોનાં પગાર સાથે નોકરીમાં કામે રાખે તો જવા તૈયાર છે અને તા. ૨૫-૭-૮૬ સુધીનાં હકકહિસ્સા લેવા તૈયાર નથી. અગાઉ પણ તેઓ તૈયાર નહોતાં. તથા કામદારોનાં સાક્ષી મોહન હીરજીએ જુબાનીમાં પણ સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે, મીલ હાલ બંધ છે પણ પાવરકટ થવાથી તા. ૨૫-૭-૮૬ થી મીલ બંધ છે. મીલ બંધ થઇ તે વખતે મીલમાં આશરે ૬૦૦ થી ૭૦૦ માણસો કામ કરતાં હતા. મીલ કંપનીએ બીજા કામદારોની જેમ આ ૩૭ કામદારોને પણ ડીસેમ્બર-૮૬ સુધીનાં હકક હિસ્સા ચૂકવવા તૈયારી બતાવેલ તેમજ તે ૩૭ કામદારોએ ડીસેમ્બર-૮૬ પછી મીલ કંપનીમાં કામે જવાનું બંધ કરેલ તેવું

INDEX

પણ આ સાક્ષી કબૂલ કરે છે. મીલ કંપનીએ આર્થિક મદદ માટે બી.આઇ.એફ.આર. માં પણ અરજી કરેલ છે તે વાત પણ કબૂલ કરે છે. આમ સદર સાક્ષી પુરાવાઓ તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ હકીકતોને આધારે અને કંપનીની આર્થિક તથા વીજળી પુરવઠો કપાઇ જવાનાં સંજોગો ધ્યાનમાં લઇને મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મીલ કંપનીનું ક્લોઝર બોનાફાઇડ ઠરાવીને કામદારોને મીલ બંધ થઇ જવાથી પુનઃસ્થાપિત કરવાનાં બદલે અને તેઓને કોઇ હકકહિસ્સા મેળવવામાં મુશ્કેલી ન પડે તે હેતુથી અન્ય જે કામદારો એ સમાધાન મુજબ વળતર સ્વીકારેલ છે તે મુજબ વળતર ચૂકવવાનો હુકમ કરેલ છે તેમાં કોઇ હકીકતની ભૂલ જણાતી નથી અને તે માટે તેઓશ્રીએ (૧) એ.આઇ.આર., ૧૯૭૦, સુ.કો. પાન-૮૬૦, ઇન્ડીયા લીફ ટોબેકો અને તેનાં કામદારોનાં કેસમાં લોર્ડશીપ ઓફ ધી સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદાનો તથા (૨) સને ૧૯૮૪,સુ.કો.કે. (એલ. એન્ડ એસ.) પાન-૨૬૦, હિન્દુસ્તાન સ્ટીલ લિ., નાં ચુકાદામાં લોર્ડશીપ ઓફ ધી સુપ્રિમ કોર્ટે આપેલ ચુકાદાનો તથા (૩) સને ૧૯૭૬, ૧, એલ.એલ.જે.,સુ.કો.પાન-૩૧૩, મહેન્દ્રસિંહ દંતવાલ વિ. હિન્દુસ્તાન મોટર્સનાં કેસનાં ચુકાદાનો તથા (૪) સને ૧૯૮૬, સુ.કો.કે. (એલ. એન્ડ એસ.) પાન-૬૮૨ પ્રકાશ કોટ મીલનાં કેસનાં ચુકાદાનો આધાર લીધેલ છે અને તે રીતે લોર્ડશીપ ઓફ ધી સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓને અનુસરીને મીલ કંપનીની આર્થિક પરિસ્થિતિ તથા કાબૂ બહારનાં સંજોગોનાં કારણે મીલ કંપની બંધ પડેલી હોઇ સંબંધિત કામદારોને પુનઃસ્થાપિત કરવાનું શકય નહિ જણાતાં કામદારોને આર્થિક વળતર આપવાનું યોગ્ય અને વ્યાજબી ગણીને તે મુજબ હુકમ કરેલ છે. જેથી સદર સંજોગોમાં કામદારોને પુનઃસ્થાપિત કરવાનાં બદલે વળતર આપવાનાં નિર્ણયમાં કોઇ હસ્તક્ષેપ કરવાનું મુનાસીબ જણાતું નથી. પરંતુ સાથોસાથ એપેલેન્ટ સંબંધિત કામદારોનાં વિદ્વાન વકીલશ્રીએ તેઓશ્રીની દલીલમાં એવી પણ રજૂઆત કરેલ છે કે, મજૂર અદાલતે જે ચુકાદો આપેલ છે તે તેઓશ્રીનાં એટલે કે કામદારોનાં વિદ્વાન વકીલશ્રીનાં મતે બરાબર અને યોગ્ય છે, પરંતુ મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ વળતર તરીકે રૂા. ૨૪૦૦૦/-ની ગણતરી

INDEX

કરેલ છે તે તેઓશ્રીનાં એટલે કે કામદારોનાં વિદ્વાન વકીલશ્રીનાં મતે બરાબર નથી. તેમજ સને ૧૯૮૬ સુધીનુ વળતર આપવાનો હુકમ છે તે પણ બરાબર નથી, પરંતુ તેનાં બદલે આજદિન સુધીનાં પુનઃસ્થાપિતનાં તથા સળંગ નોકરીનાં આર્થિક તમામ હકકોની રકમ ચૂકવવી જોઇએ. તેઓશ્રીએ એમ પણ જણાવેલ છે કે, કામદારોને વળતરનાં પૈસા આપવા મીલ કંપનીનાં વકીલશ્રીએ પણ દલીલમાં સ્વીકારેલ છે અને તે અંગે વિનંતી કરેલ છે અને જો તેમની વિનંતી માની લેવામાં આવે તો પણ મજૂર અદાલતે વળતર અંગે રૂ. ૨૪૦૦૦ની અનુમાનિત ગણતરી કરીને સને ૧૯૮૬ સુધી ચુકવવાનો હુકમ કરેલ છે તે રદ્દ કરી તેનાં બદલે યોગ્ય અને વ્યાજબી રીતે વળતરની રકમ કામદારોને ચૂકવવી જોઇએ અને જો મજૂર અદાલતે તે મુજબ સને ૧૯૯૮ નો રેશીયો જોઇને ગણતરી કરી હોત તો આ અપીલ કરવાનું કારણ કામદારો માટે ઉભું થાત નહીં. માટે આ અંગે લુઝર્સ ઓર સફરર્સ એટલે કે, ગુમાવનારને અથવા સહન કરનારને મદદ કરવી જોઇએ તેવો ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાનમાં રાખીને પણ આ કામમાં યોગ્ય નિર્ણય કરવો જોઇએ. આ રજૂઆતની સામે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીનાં વિદ્વાન વકીલશ્રીએ મીલની પરિસ્થિતિ અંગે રજૂઆત કરતાં જણાવેલ છે કે, સંબંધિત કામદારો સિવાયનાં બહુમતિ કામદારેએ મીલ કંપની સાથે રૂ. ૬૦૦૦/- જેટલું વળતર લઇને સમાધાન કરીને રાજીખુશીથી રાજીનામું આપી છુટા થયેલ છે જેથી ૬૦૦ કામદારો પૈકી ૫૬૭ કામદારોએ જેથી સમાધાન કરેલ છે તે સમાધાન બાકીનાં લઘુમતિ કામદારો એટલે કે બાકી રહેલ આ કામનાં ૩૭ જેટલાં સંબંધિત કામદારોને પણ બંધનકર્તા થાય છે અને તે મુજબ મીલ કંપની પણ મીલ કંપનીઓ બંધ થઇ તે વખતનાં પગાર મુજબ વળતર આપવા તૈયાર છે. આ કેસમાં હાલમાં ૩૩ જેટલાં કામદારો બાકી રહે છે. આ કેસ સને ૧૯૮૭ થી ચાલી રહેલ છે. ઓગષ્ટ-૮૬ માં પ્લાન્ટ બંધ થઇ ગયેલ છે તે વાતને આજે આશરે ૧૬ થી ૧૭ વર્ષ થઇ ગયેલ છે જેથી ઘણાં કામદારો નિવૃત્તિનાં ઉંમરે પણ પહોંચી ગયેલ છે અને કેટલાંક કામદારો ગુજરી ગયેલ હશે જેથી પુનઃસ્થાપિત કરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માટે મજૂર અદાલતે જે તે વખતનાં પગારની ગણતરી મુજબ

INDEX

વળતરનું ધોરણ નકકી કરેલ છે તે વાજબી હોઇ તે આપવા માટે મીલ કંપની તૈયાર છે પરંતુ હાલનાં પગારધોરણ મુજબ કામદારોનાં વકીલશ્રી જે વધુ પડતો પગાર માગે છે તે મીલ કંપની બંધ હોવાથી અને તે સમયગાળા દરમિયાન કોઇ કામગીરી કરેલ નહિ હોવાથી વગર કામનું વેતન મેળવવા કામદાર હકકદાર થઇ શકે નહીં. તદુપરાંત સમાધાન કરી ચૂકેલ કામદારોને રૂ.૬૦૦૦/-નાં વળતરનાં ધોરણે વળતર ચૂકવેલ છે. મજૂર અદાલત સમક્ષ સંબંધિત કામદારોએ પોતાનો કેટલો મૂળ પગાર હતો? અને કયા કયા ભથ્થાંઓ મળતા હતા? અને કુલ પગાર કેટલો હતો? તે અંગેનાં કોઇ પણ પુરાવાઓ રજૂ કરેલ નથી જેથી સદર પુરાવાનાં અભાવે મજૂર અદાલત તેમનો કોઇ નિશ્ચિત પગાર નહિ હોવાથી તે મુજબ વળતરની રકમ નકકી કરી શકે તેમ નહોતી તેમ છતાં રૂ. ૬૦૦૦નાં બદલે રૂ. ૨૪,૦૦૦ એટલે કે ચાર ગણી રકમ ઉપરાંત રૂ. ૧૫૦૦/-નો ખર્ચ એમ કુલ મળી રૂ. ૨૫,૦૦૦/ ચૂકવવાનો હુકમ કરેલ છે. તે રકમ પણ કામદારો લઇ ગયેલ નથી અને સંબંધિત કામદારોએ સદર હુકમને પડકારીને અપીલ કરેલ હોવાથી તેમને ચૂકવી શકાયેલ નથી. વળી, કામદારોનાં વિદ્વાન વકીલશ્રી જે વધારે વળતરની માંગણી કરે છે તે મેળવવા માટે પગારનાં પુરાવાનાં અભાવે કામદારો તે વળતરની રકમ મેળવવા હકકદાર થતાં નથી. વળી, મીલ કંપની બી.આઇ.એફ.આર. માં ગયેલ તેમાં નવા બેંકરની નિમણૂંક કરવામાં આવેલ, પરંતુ તેનાં તરફથી કોઇ લોન મળેલ નથી. વળી, મીલને ચાલુ કરવા રૂ. ચાર થી પાંચ કરોડની જરૂર છે તે અંગે ગુજરાત સરકારશ્રી તરફથી કોઇ સહાય કે લોન મળેલ નથી. આજદિન સુધી કંપનીએ આશરે ત્રણ કરોડની ખોટ કરેલ છે જે ભરપાઇ કરવા કોઇ સાધન નથી. ભૂકંપમાં પણ મીલને ઘણું નુકશાન થયેલ છે. બી.આઇ. એફ.આર. તરફથી પણ રીલીફ અને કન્સેશન માટે ભલામણ કરેલ છે પણ તે કન્સેશન અને રીલીફ કોઇએ આપેલ નથી અને ઠરાવેલ છે કે, રૂ. ૧૮૦ લાખ અનસીકયોર્ડ લોન્સ જો આપવામાં આવે તો જ આ મીલ ચાલી શકે તેમ છે પરંતુ આ બધું રેકર્ડ

ઉપર આપવામાં આવેલ છે તેનો કોઇ અમલ થયેલ નથી તે સંજોગોમાં કામદારોનાં પ્રતિનિધિશ્રીએ પણ જે વધારે વળતર ચૂકવવાની માંગણી કરેલ છે તે રકમ આપી શકવા મીલ કંપની સમર્થ નથી અને કામદારો તેવી રકમ મેળવવા હકકદાર નથી અને મજૂર અદાલતનાં હુકમ મુજબ રૂ.૨૫,૦૦૦/ પણ હાલનાં બાકીનાં કામદારોને ચૂકવવા માટે રૂ. ૮,૫૦,૦૦૦ થી ૯,૦૦,૦૦૦ જેટલી રકમ થાય તેની કોઇપણ સગવડ મીલ કંપની પાસે નથી તે સંજોગોમાં પણ મીલ કંપની સામેની આ અપીલ રદ્દ થવાને પાત્ર છે.

આમ ઉપરોકત ચર્ચા મુજબ અને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓની રજૂઆતો જોતાં આ કામનાં એપેલન્ટસ સંબંધિત કામદારોની મુખ્ય તકરાર એવી છે કે, તેમને મીલ બંધ કરવાનું કૃત્ય માલાફાઇડ ઠરાવી પડેલા દિવસોનાં પગાર સહિત પુનઃસ્થાપિત કરવા જોઇએ. વિકલ્પે નીચલી મજૂર અદાલતે તેમને જે વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે તે હુકમ મુજબ વળતર ઓછું છે, તે વધારી આપવું જોઇએ. આ અંગે કેસની હકીકતો તથા મીલનાં સંજોગો જોતાં મજૂર અદાલત સમક્ષ સંબંધિત કામદારોએ તેમનાં પગાર અંગેનાં કે નોકરીનાં વર્ષો અંગેનાં કોઇ પુરાવા રજૂ કર્યા નથી કે જેનાં આધારે વળતરની ગણતરી થઇ શકે. અને તેથી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મીલ કંપનીની લેખિત દલીલમાં જે ૩૭ કામદારોને દશ વર્ષ લેખે રૂ. ૯૦૦ નો પગાર ગણીને રૂ. ૪૫૦૦ ગ્રેજ્યુઇટી તથા બાકીનાં રૂ. ૧૫૦૦ વળતર તરીકે ગણી કુલ રૂ. ૬૦૦૦ ચૂકવવાની તૈયારી બતાવેલ છે તેનાં બદલે સંબંધિત કામદારોને લે-ઓફનાં હકકની, ગ્રેચ્યુઇટી તથા કલોઝર કોમ્પેન્સેશન તથા અન્ય હકક હિસ્સા વગેરે મળીને રૂ. ૬૦૦૦ની ચાર ગણી રકમ એટલે કે રૂ. ૨૪,૦૦૦/- તથા રૂ. ૧૫૦૦ ખર્ચની રકમ તરીકે દરેક એપેલન્ટ કામદારોને ચૂકવવાનો હુકમ કરેલ છે તે રકમ સંબંધિત કામદારોને મંજૂર નથી. અને તેથી આ અપીલ કરેલ છે. મીલ કંપનીને પણ તે રકમ વધારે પડતી હોવાનું જણાવેલ છે.

INDEX

હવે નોકરીમાં પુન:સ્થાપિત કરવાની બાબત અંગે કેસની હકીકતો
તથા સંજોગો જોઇએ તો મજૂર અદાલત સમક્ષ પડેલા પુરાવાઓને આધારે
મીલ કંપની ઓગષ્ટ-૮૬થી વીજ પુરવઠો બંધ થતાં અને આર્થિક ભીંસને
કારણે બંધ થઇ ગયેલ હોવાથી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ
તેને બોનાફાઇડ હોવાનું ઠરાવેલ છે. તે બાબતમાં તેઓશ્રીએ પુરાવાઓનું
મૂલ્યાંકન કરીને સદર બાબત ઠરાવેલ છે.અપીલમાં પુરાવાઓનું મૂલ્યાંકન
કરવામાં ઊંડા ઉતારી શકાય નહીં, પરંતુ આગળ ચર્ચા મુજબ મીલ કંપની
બંધ થઇ ગયેલ છે અને તેમાં ઉત્પાદન થતું નથી તે હકીકત સ્પષ્ટ થયેલ
છે. વળી, કુલ ૬૦૦ કામદારો પૈકી મોટા ભાગનાં એટલે કે, ૫૬૭ જેટલાં
કામદારોએ રાજીખુશીથી રાજીનામાં આપીને વળતર સ્વીકારી લીધેલ છે.
જેથી હવે બાકીના ૩૭ કે ૩૮ એપેલન્ટસ સંબંધિત કામદારોને બંધ થયેલ
મીલ કંપનીમાં પુન:સ્થાપિત કઇ રીતે કરવા? તે પણ એક મુદ્દો મીલ
કંપનીનાં વકીલશ્રીએ ઉપસ્થિત કરેલ છે. અને તેમનાં માટે મીલ કંપની
જ્યારે બંધ હાલતમાં છે ત્યારે પુન:સ્થાપિત કરવાનો સવાલ ઉપસ્થિત થઇ
શકે નહીં. જ્યારે કામ બંધ હોય અને કામ કરેલ ન હોય તેવા સમયનો
પગાર પણ આપવાનું પણ કહી શકાય નહીં. તેવા તારણ ઉપર મજૂર
અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રી આવેલ છે અને તે સંજોગોમાં આગળ
જણાવ્યા મુજબ લોર્ડશીપ ઓફ ધી સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં ઠરાવ્યા
મુજબ નીચલી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીને સંબંધિત કામદારોને
પુન:સ્થાપિત કરવાને બદલે આગળ જણાવ્યા મુજબનું વળતર ચૂકવવા હુકમ
કરેલ છે. મીલ કંપની ફરીથી ચાલુ કરેલ હોવાનું પણ આ અપીલનાં
રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી. તે સંજોગોમાં સંબંધિત કામદારોને
પુન:સ્થાપિત કરવાનાં કે પડેલા દિવસોનો પગાર ચૂકવવાનાં હુકમને બદલે
વળતર ચૂકવવાનો જે હુકમ નીચેની મજૂર અદાલતે કરેલ છે તેમાં
પુન:સ્થાપિત અંગેનું તારણ જોતાં કેસની હકીકતો તથા હાલનાં સંજોગો
જોતાં કોઇ હસ્તક્ષેપ કરવાનું યોગ્ય અને વાજબી જણાતું નથી. પરંતુ સદર
હુકમમાં મીલ કંપનીનાં જે કામદારો રાજીનામું આપીને વળતરની રકમ

INDEX

લઇને છૂટા થયેલ છે તેઓએ તથા મીલ કંપનીએ જે સમાધાન કરાર કરેલ છે તે પણ કેસની હકીકતો તથા સંજોગો જોતાં ધ્યાનમાં લેવા જેવી બાબત જણાય છે. તે ધ્યાનમાં લઇએ તો સદર સમાધાનમાં જે શરતો મૂકેલ છે કે, ભવિષ્યમાં જો ગાંધીધામ સ્પીનીંગ મીલની પ્રક્રીયા ફરી ચાલુ થશે, ત્યારે સમાધાન કરાર સાથે રજૂ કરેલ પરિશિષ્ટમાં જણાવેલ કામદારોને પહેલાં નોકરીમાં રાખવાની તક આપવામાં આવશે, અને તેમને નવા પગારધોરણ અને નવી શરતે પ્રથમ કામ પર લેવામાં આવશે. તેમજ મીલ કંપનીએ જે કામદારોને એસ.આર.સી. આદીપુરનાં મકાનો રહેવા માટે આપેલ છે તે એસ.આર.સી. નાં નિયત થયેલ ધારાધોરણે કામદારોને વહેંચણી કરી તેમની માલિકીનાં કરી આપવામાં આવશે, અને તેની થતી કિંમતની રકમ તેમનાં ડયુઝમાંથી વાળી લેવામાં આવશે. આમ આ શરત મુજબ ભવિષ્યમાં જો મીલ કંપની ચાલુ થાય તો સમાધાન કરાર કરનાર કામદારોની જેમ આ કામનાં એપેલન્ટસ સંબંધિત કામદારોને પણ નોકરીમાં રાખવાની તક આપવામાં આવશે તેવો હુકમ થઇ શકે. તદઉપરાંત સદર સમાધાનમાં જણાવેલ શરત મુજબ મીલ કંપનીએ જે કામદારોને એસ.આર. સી . આદીપુરના મકાનો રહેવા માટે આપેલ હોય તો તેમના લીગલ ડયુઝમાંથી એસ. આર. સી.ના નિયત થયેલ ધારાધોરણ મુજબ રકમ વસુલ કરી જે તે મકાનો વહેંચણી કરવાનો હુકમ પણ થઇ શકે તો ખોટું નથી.પરંતુ આ કામના એપેલન્ટસ સંબંધિત કામદારોએ તેવી કોઇ રજૂઆત આ અપીલના કામમાં કરી નથી. પરંતુ આ કામના એપેલન્ટસ સંબંધિત કામદારોએ તેવી કોઇ રજુઆત આ અપીલના કામમાંકરી નથી કે સમાધાનની દરખાસ્ત પણ કરેલ નથી કે તે અંગે દાદ માગેલ નથી અને તે માટે કોઇ તૈયારી બતાવેલ નથી જેથી તે બાબતમાં કોઇ હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

હવે સવાલ આવે છે વળતર ચૂકવવાનો, અને વળતર ચૂકવવાની બાબત અંગે કેસની હકીકતો તથા સંજોગો જોતાં અગાઉ જે કામદારો સ્વેચ્છાએ રાજીનામું આપીને વળતરની રકમ લઇને છૂટા થયેલ છે તેઓએ

INDEX

કરેલ સમાધાનમાં જણાવ્યા મુજબ તેમને તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૮૬ સુધીનાં માહે સપ્ટેમ્બર-૮૬ થી ડીસેમ્બર-૮૬ સુધીના લે-ઓફ, સમયગાળાનો પગાર, ચડત હકક રજાનો પગાર તથા ગ્રેજ્યુઇટીની રકમ ચૂકવી આપવામાં આવેલ છે, તથા સદર સમાધાનમાં જણાવેલ શરત મુજબ મીલ કંપનીનાં ઉદાર વલણથી સમાધાનમાં જણાવેલ શરતો મુજબ મીલ કામદારોને ડીસેમ્બર-૮૬ના પગાર ધોરણે ૬ માસના પગાર જેટલી રકમ અને રૂા. ૬૦૦/- એકસગ્રેસીયા તરીકે મીલ કંપની ચૂકવી આપશે તેવુ જણાવેલ છે. તે સંજોગોમાં આ કામના એપેલન્ટસ સંબંધિત કામદારોને પણ સદર સમાધાનની શરતો મુજબના હકકોની રકમ તેમના ડીસેમ્બર-૮૬ ના પગાર ધોરણ મુજબ ગણતરી કરીને તે રકમ ઉપર ચૂકવણી થાય ત્યાં સુધી વ્યાજ સહિતની રકમ મેળવવા હકકદાર થઇ શકે. પરંતુ એપેલન્ટસ સંબંધિત કામદારોને કોઇ સમાધાન કરેલ નથી, જેથી સદર રકમ સ્વીકારવા માટે વિકલ્પ આપવો પડે, અને તે માટે તૈયારી બતાવવી પડે. અને તે મુજબ વર્તવા સંબંધિત કામદારો તૈયાર ન હોય તો મીલ્સ કંપની તેમને દબાણ કરી શકે નહી. પરંતુ આ બાબતે એપેલન્ટસ કામદારોએ તેમના પગાર કે નોકરીનાં વર્ષો અંગે કોઇ પુરાવો રજૂ કરેલ નહી હોવાથી તેના અભાવે આગળ જણાવ્યા મુજબ મજૂર અદાલતે રૂા. ૨૪૦૦૦/- તથા રૂા. ૧૫૦૦/- ખર્ચની રકમ જણાવેલ છે તે રકમ અનુમાનીત હોવાની અને તેની ગણતરી યોગ્ય રીતે કરેલ નથી તેવી એપેલન્ટસ કામદારો પક્ષેથી રજૂઆત છે. પરંતુ આ કામદારો તરફથી મજૂર અદાલત સમક્ષ તેમના પગાર કે નોકરીના વર્ષો અંગેની કોઇ માહીતી કે પુરાવા રજૂ કરેલ નથી, જેથી તે મુજબની ગણતરી કરવી શક્ય ન હતી. તેમ છતાં મીલ કું ની રકમ ચુકવવાની રજૂઆત કે તૈયારી મુજબની રકમ, કરતાં ચાર ગણી રકમ ચૂકવવાના કામદારોનાં હિતમાં અને લાભમાં હુકમ થયેલ છે છતાં જો કામદારો પોતાને મળતા પગાર તેમજ નોકરીનાં વર્ષો તથા વધુ પગારધોરણ પ્રમાણેની ગણતરી મુજબની રકમની માંગણી કરે તો ખરેખર તેમને મીલ બંધ થઇ ત્યારે કેટલો પગાર મળતો હતો? અને નોકરીનાં કેટલાં વર્ષ થયેલ હતાં?અને તેઓ કઇ રીતે વધારે પગારધોરણ મુજબ વળતર

INDEX

મેળવવા માગે છે? તે અંગેના પુરવા રજૂ કરવા પડે, અને તેના આધારે તે અંગે નિર્ણય કરી શકાય. આ અપીલના કામે પુરાવા લઇ શકાય નહી, અને પુરાવાનું મૂલ્યાંકન કરી શકાય નહી, વળી, તેવા કોઇ પુરાવા રજૂ કર્યા પણ નથી, જેથી તે માટે મજૂર અદાલતને કેસ રીમાન્ડ કરવી પડે, મજૂર અદાલત સમક્ષ પુરાવો રજૂ થયેથી નિર્ણય થઇ શકે.

આ અપીલની સુનાવણી દરમિયાન એપેલન્ટસ કામદારોનાં વિદ્વાન વકીલશ્રીએ એવી પણ દલીલ કરેલ છે કે, મજૂર અદાલતે સને ૧૯૮૬નાં ધોરણે જે વળતરની અનુમાનિત ગણતરી કરેલ છે તે યોગ્ય નથી. જો સને ૧૯૯૮નાં ધોરણે તેવી ગણતરી કરી હોત તો આ અપીલ કરવાનું કારણ ઉભું થાત નહીં. આ દલીલ જોતાં પણ એપેલન્ટસ કામદારો કઇ રીતે સને ૧૯૮૮નાં ધોરણે મેળવવા હકકદાર થાય છે? તે અંગે કોઇ સામર્થન રજૂ કરેલ નથી. અને તે અંગેના પુરાવા કે સમર્થન નીચલી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવું જોઇએ, તે કરેલ નથી. વળી, આ અપીલની સુનાવણી દરમિયાન એપેલન્ટસ કામદારોનાં પ્રતિનિધિશ્રી પ્રકાશરાવએએક લેખિત રજૂઆત કરેલ છે જે નીચે મુજબ છે.:-

''(૧) ગાંધીધામ સ્પીનીંગ મીલમાં લાખો રૂપિયાની મશીનરી છે.

(૨) ગાંધીધામ મીલની લાખો રૂપીયાની બિલ્ડીંગ ઉભી છે.

(૩) ગાંધીધામ મીલની ૧૫૨ એકર જમીન કરોડો રૂપીયાની છે.

(૪) ગાંધીધામ મીલની જમીન ઉપર અદાણી પોર્ટની રેલ્વે લાઇન નાખવામાં આવી છે, જેના લાખો રૂપિયા મળ્યા હશે.

INDEX

(૫) ગાંધીધામ મીલ ચાલુ કરવા માટે આઇ.ડી.બી.આઇ.એ બે કરોડ ૧૯ લાખ રૂપિયાની લોન મંજૂર કરેલ છતાં મીલ ચાલુ નથી કરાઈ.

મીલ કામદારોની માંગણી નીચે મુજબ છે:-

મીલનાં સંચાલકોએ કામદારને ૧૩૨ લે-ઑફ તારીખ ૨૫મી જુલાઇ, ૧૯૮૬થી તારીખ ૩૧-૧૨-૮૬ સુધી આપેલ છે. પગારો નથી આપ્યા તે ચૂકવવા, ૧૯૮૬ થી ૨૦૦૧, ૧૫ વર્ષનાં ૧૮૦ મહિનાના ૬૦ ટકાનાં ધોરણે આ પગાર આપવા. આ પગારનો ગાળો ૧૯૯૩ના ડીસેમ્બર મહિનાના પગારનાં ૬૦ ટકા, તેમજ હકક રજા અને બોનસ ૬૦ ટકાનાં ધોરણે અને આ ૧૫ વર્ષની નોકરી સળંગ ગણવાની રહેશે. આ જે ૧૮૦ પગારોની રકમ થાય તેનું ૧૦ ટકા વ્યાજ આપવું અને ૧૫ દિવસમાં તમામ રૂપિયાનું ચૂકવણું કરવાનું રહેશે.''

શ્રી પ્રકાશ રાવની ઉપરોકત રજૂઆતમાં જણાવેલ બાબતોનાં સમર્થનમાં પણ કોઇ પુરાવા રજૂ કર્યા નથી. માત્ર લેખિત રજૂઆત છે. માટે તે સાબિત કરવા માટે પણ પુરાવા રજૂ કરવા પડે, અને તે પણ નીચલી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરી તે બાબત સાબિત કરવી જોઇએ, અને આ લેખિત રજૂઆતમાં કામદારોની માંગણીઓ રજૂ કરેલ છે તે માંગણી મંજૂર કરવા માટે પણ તે માંગણીની યોગ્યતા અને વાજબીપણા માટે સાક્ષી પુરાવા રજૂ કરવા પડે, અને તે પણ નીચલી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા પડે, અને જે તે બાબત પુરવાર કરવી જોઇએ. તદ-ઉપરાંત આ કામમાં મિલ્સ કંપનીનું કલોઝર મજૂર અદાલતે તેની સમક્ષ પડેલા પુરાવાને આધારે બોનાફાઇડ ઠરાવેલ છે. છતાં તે માલાફાઇડ હોવા અંગે વધુ પુરાવા હોય તો તે પણ રજૂ કરીને સદર હકીકત સાબિત કરવી જોઇએ.

જો કે, આ બધી બાબતો કે રજૂઆતોનાં સમર્થનમાં અને વળતરની ખોટી

INDEX

કે અનુમાનિત ગણતરી કરતાં સાચી અને સ્પષ્ટ ગણતરી કરવા માટે નીચલી મજૂર અદાલત સમક્ષ એપેલન્ટ સંબંધિત કામદારોએ મૂળ અરજીમાં કેસની કાર્યવાહી દરમિયાન કે ચૂકાદો આવતાં સુધીમાં કોઇ સાક્ષી પુરાવા રજૂ કર્યા નથી. જેથી તે અંગે સંબંધિત કામદારોનો કોઇ હકક રહેતો નથી. મીલ્સ કંપની તરફથી પણ ભુકંપને લીધે મીલ્સ કંપનીને થયેલ નુકશાન બાબતે સોગંદનામું તથા ફોટોગ્રાફ રજૂ કરેલ છે તે પણ આ અપીલમાં ધ્યાનમાં લઇ શકાય નહી. તેમ છતાં એપેલન્ટસ કામદારોનાં વિદ્વાન વકીલશ્રીની એક એવી રજૂઆત છે કે, ''લુઝર'' એટલે કે કઈક ગુમાવનાર અને ''સફરર '' એટલે કે સહન કરનાર વર્ગને મદદ કરવી જોઇએ, તેવો ન્યાયશાસ્ત્ર નો સિધ્ધાંત છે. તે સંજોગોમાં તેઓશ્રીની રજૂઆત ધ્યાનમાં લઇને એપેલન્ટસ સંબંધિત કામદારોને તેમની રજૂઆત કે માંગણીનાં સમર્થનમાં ફરીથી સાક્ષી પુરવા રજૂ કરવાની તક આપવામાં આવે અને તે માટે આ કેસ મજૂર અદાલતને રીમાન્ડ કરી તે મુજબ તક આપીને પક્ષકારોને ફરીથી સાંભળીને તથા આ કેસમાં વધુ વિલંબ ન થતાં વહેલી તકે ઝડપથી ન્યાય મળે તે હેતુસર અમુક નિશ્ચિત સમય મર્યાદામાં કેસનો નિર્ણય કરવામાં આવે તેવી સુચના આપવામાં આવે તો તેથી પક્ષકારોને યોગ્ય અને વાજબી ન્યાય મળી રહેશે તેવું કેશની હકીકતો તથા સંજોગો અને આ અપીલના કામમાં થયેલ દલીલો અને રજૂઆતો જોતાં જણાય છે. તે સંજોગોમાં આ કામમાં ઉપર મુજબ ઠરાવ નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે:-

હુકમ

આથી મજૂર અદાલત, ગાંધીધામ, કચ્છની મુળ બી.આઇ.આર. અરજી નં.૫/૯૬ તથા ૬/૯૬માં તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૬ના રોજ કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે, અને ઉપરોકત જણાવેલ મુદ્દાઓ ઉપરાંત જો મીલ્સ કંપની ચાલુ થયેલ છે કે કેમ? અથવા થઇ શકે તેમ છે કે કેમ? અને જો સંબંધીત કામદારો શું દાદ મેળવવા હકકદાર થાય તેમ છે? તથા મજૂર

INDEX

મજૂર અદાલતે જે વળતરની રકમની ગણતરી કરેલ છે તે અનુમાનિત હોઇ કામદારો ખરેખર કયા હકકો અને લાભોની રકમ તથા તેમનાં પગાર, તથા નોકરીનાં વર્ષો મુજબ વળતર મેળવવા હકકદાર થાય છે? તે તમામ મુદ્દાઓ અંગે બન્ને પક્ષકારો તરફથી જે કાંઇ સાક્ષી-પુરાવાઓ રજૂ થાય તેનાં આધારે ગુણદોષ ઉપર ફરીથી પક્ષકારોને સાંભળી કેસનો નિર્ણય કરવા મજુર અદાલત, ગાંધીધામ, કચ્છ સમક્ષ આ અરજીનો વહેલી તકે એટલે કે, દોઢ માસમાં એટલે કે તારીખ ૩૧-૩-૨૦૦૨ સુધીમાં કેસ રોજેરોજ ચલાવવો પડે તો તે રીતે ચલાવીને પણ તેમાં નિર્ણય કરવા માટે આ કેસ મજૂર અદાલત, ગાંધીધામ, કચ્છને રીમાન્ડ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં.૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક બ-શમદ/૩૩૬૯૦/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબાઇ ઔદ્યોગિક સંબંધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું. મેનેજરશ્રી, જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી., જૂનાગઢ બ્રાંચ મેનેજરશ્રી, જૂનાગઢ જીલ્લા સહકારી બેંક લી., મુ. સરદારગઢ, જી. જૂનાગઢ અને અમીતકુમાર સી. પારેખ C/o. મહાગુજરાત જનરલ વર્કસ યુનિયન, જૂનાગઢ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

શ્રી ડી. એન. બારોટ, સભ્યશ્રી,
ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ,
અપીલ આઇ. સી. નં. ૭/૯૯.

(૧) મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ., એપેલન્ટસ:
'સહકાર ભવન' બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ.
(૨) બ્રાન્ચ મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ.,
મુ. સરદારગઢ, તા. માણાવદર, જિ. જૂનાગઢ.

વિરૂદ્ધ

અમીતકુમાર સી. પારેખ, રીસ્પોન્ડન્ટ.
C/o. આઇ. સી. ખાન,
મહાગુજરાત જનરલ વર્કર્સ
યુનિયન, જૂનાગઢ.

એપેલન્ટસ તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.
રીસ્પોન્ડન્ટ તરફે વકીલ શ્રી જે. આર. ઠાકર.

ચુકાદો

આ અપીલ એપેલન્ટસ્ જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ., જૂનાગઢ અને તેની સરદારગઢ ખાતેની બ્રાંચે સામાવાળા રીસ્પોન્ડન્ટ અમીતકુમાર સી. પારેખ સામે બી. આઇ. આર. એકટ-૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

આ અપીલ જૂનાગઢની મજૂર અદાલતનાં ન્યાયાંધીશશ્રીએ, બી. આઇ. આર. અરજી નં. ૨૦/૯૮માં આંક-૪ની કામચલાઉ મનાઇહુકમની અરજી નીચે જે હુકમ કરેલ છે તેનાથી નારાજ થઇને આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. આ અપીલની વિગતો ટૂંકમાં એવી છે કે, બી.આઇ.આર. અરજી નં. ૨૦/૯૮ માં જે ચુકાદો તારીખ ૯-૧૨-૯૯ના રોજ આપેલ તેની ખરી નકલ તેઓને તે દિવસે જ મોકલેલ છે અને તે રીતે હાલની અપીલ તેઓએ કરેલ છે તેથી તે સમય મર્યાદામાં છે. હાલની અપીલ બી.આઇ.આર. એકટની કલમ-૮૪ હેઠળ કરવામાં આવેલ છે. કારણ કે, નામદાર મજૂર અદાલતે કામદારને નોકરીમાંથી છૂટા નહીં કરવા/કરાવવા અંગેનો મનાઇ હુકમ મૂળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કાયમ કરેલ છે જેથી તે 'ડીસીસન' બી. આઇ. આર. એકટની કલમ-૮૪ (૧) હેઠળ અપીલ કરવાને પાત્ર થાય છે. આ અપીલનાં કારણોમાં ન્યાયાધીશશ્રી, મજૂર અદાલતે જે અનુમાનો દોરેલ છે તે અનુમાનો તેમણે દોરવા ન જોઇએ, અને અનુમાન આધારિત જે હુકમ કરેલ છે તે ન કરવો જોઇએ. હાલનાં સામાવાળાનાં પિતા બેંકમાં નોકરી કરે છે. અને તેમની વિનંતીથી કામચાલઉ પટવાળા તરીકે હંગામી સમય માટે રાખેલ છે અને તારીખ ૧લી જૂન, ૧૯૯૮થી બેંકની નોકરીમાં નથી. જેથી હાલના અરજદારને જે મનાઇ હુકમથી બેંકની નોકરીમાં ચાલુ રાખવા હુકમ કરેલ છે તે ગેરવાજબી અને ગેરકાયદેસર છે તેથી આ અપીલ ખર્ચ સહિત મંજૂર કરવા અને બી. આઇ. આર. અરજી નં. ૨૦/૯૮માં આંક-૪ની કામચલાઉ અરજી નીચે મુજબ જૂનાગઢનાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ જે તારીખ ૯મી ડિસેમ્બર,૧૯૯૯નાં રોજ હુકમ કરેલ છે તેહુકમ રદ કરવા વિનંતી કરેલ છે.

આ કામમાં આ અપીલની સાથોસાથ આંક-૩ અરજી કરી મનાઇહુકમ પણ માંગણી કરવામાં આવેલ હતી જે મારા પુરોગામી સભ્યશ્રીએ મંજૂર રાખી તારીખ ૨૩-૧૨-૯૯ના રોજ બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઇહુકમની અરજી અન્વયે યથાવત પરિસ્થિતિ જાળવવાનો હુકમ ફરમાવેલ છે.

આ અપીલ સામે સામાવાળાએ આંક-૮થી પોતાનો જવાબ રજૂ કરતાં જણાવેલ છે કે, આ કામનાં એપેલન્ટે તેમના અપીલ મેમાનાં પારા-૧ માં જણાવ્યા મુજબ લેબર કોર્ટમાં ચાલતી બી. આઇ. આર. નં. ૨૦/૯૮નાં કામમાં આંક-૪ નીચેનાં વચગાળાની અરજીનાં હુકમ સામે હાલની અપીલ દાખલ કરેલ છે જે કાયદાકીય દ્રષ્ટિએ મેઇન્ટેનેબલ નથી જેથી પ્રથમ દ્રષ્ટિએ જ રદ થવાને પાત્ર છે. અપીલ મેમોમાં જણાવેલ કારણોનો પણ ઇન્કાર કરવામાં આવેલ છે અને તે ખરાં નહિ હોવાનું તેમણે જણાવેલ છે. અરજદારનાં પિતાની વિનંતીથી કામચલાઉ હંગામી પટાવાળા તરીકે નોકરીમાં રાખેલ હોવાનુ ખરુ નથી અને કબુલ કરેલ નથી. મજૂર અદાલત, જૂનાગઢે માનઇ હુકમની આંક-૪ની અરજીમાં જે હુકમ કરેલ છે તે કાયદેસરનો અને વાજબી અને યોગ્ય છે. આમ અપીલ મેમામાં કોઇ કાયદાકીય મુદ્દાનો સામવેશ ન હોય એપેલન્ટની આ અપીલ ખર્ચ સહિત રદ કરવાને થવાપાત્ર છે.

આ કામમાં એપેલન્ટસ્ તરફથી વિદ્વાન વકીલશ્રી એસ. બી. ગોગીયાએ તેમજ રીસ્પોન્ડન્ટ સામાવાળા કામદાર તરફથી વિદ્વાન વકીલશ્રી જી. આર. ઠાકરે લેખિત દલીલો રજૂ કરેલ છે તેમજ તેની સાથે નામદાર એપેક્ષ કોર્ટનાં જુદા જુદા ચુકાદાઓની પણ રજૂઆત કરેલ છે અને તે તમામ વંચાણમાં લેવામાં આવેલ છે. તેના સામે એપેલન્ટસ્ તરફથી રીપ્લાય દલીલો પણ રજૂ કરેલ છે. તે પણ વંચાણે લેવામાં આવેલ છે. આ કેસની હકીકતો તથા બન્નિ પક્ષકારો તરફથી રજૂ થયેલ દલીલો જોતાં આ કામનાં સંબંધિત કામદારે આ કામની સંબંધિત બેંક જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ., સામે મૂળ બી. આઇ. આર. અરજી નં. ૨૦/૯૮ બી. આઇ. આર. એકટની કલમ-૭૮-૭૯ હેઠળ

INDEX

ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ, **બીજા પક્ષકાર.**
સુરત.

બાબતઃ- કામદાર કર્મચારીઓને સને ૧૯૮૯-૯૦ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ ચુકવવા અંગે.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩-એ ની જોગવાઇ અન્વયે ઓદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૯ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૯ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયેજા.

ક્રમાંક મ-શમક/૩૩૭૧૫/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું. સુરત ડીસ્ટ્રીક્ટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ, સુરત અને સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૧૨

સુરત ખાતેની

ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નંબર ૧૬/૮૯.

સુરત ટેક્ષટાઇલ્સ લેબર યુનિયન, **પ્રથમ પક્ષકાર:**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

સુરત ડીસ્ટ્રીક્ટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ, **બીજા પક્ષકાર.**
સુરત.

બાબત:- નામદાર અદાલતના ચુકાદાનો અમલ કરવા અંગે.

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩-એ ની જોગવાઇ અન્વયે ઓદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૧૧ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકારની આંક-૧૧ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૨૯મી માર્ચ, ૨૦૦૨.
પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.
એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૧૬/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પીનીંગ મીલ, સુરત અને સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

અંક-૧૫

સુરત ખાતેના
ઔદ્યોગિક અદાલતના
સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.
રેફરન્સ (આઇ. સી.) નંબર ૨/૯૨.

સુરત ટેક્ષટાઇલ્સ લેબર યુનિયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરુધ્ધ

ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ, **બીજા પક્ષકાર.**
સુરત.

બાબતઃ- નવા શરૂ કરેલ હ્યુમીડીટીફીકેશન પ્લાન્ટમાં ત્રણ પાળીમાં કુલ-૬ ઓપરેટરને કાયમી કરવા તથા તે મુજબના લાભો આપવા બાબત.

INDEX

ચુકાદો

ઓ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધ ધારાની કલમ-૭૩-એ ની જોગવાઇ અન્વયે ઓદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે અંક-૧૪ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૧૪ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઓદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઓદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

I-L-1776

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઓદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૧૭/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રેશ્મા ડાઇંગ પ્રા. લી., ઉધના, મેસ્તાન રોડ, સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઓદ્યોગિક વિવાદમાં ઓદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૮

સુરત ખાતેની ઓદ્યોગિક અદાલતના
સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.
રેફરન્સ (આઇ. સી.) નં. ૧૫૫/૨૦૦૦.

ધી ડાઇંગ એન્ડ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

રેશ્મા ડાઇંગ પ્રા. લી., **બીજા પક્ષકાર.**
ઉધના મેસ્તાન રોડ,
રામબાગ, ઉધના, સુરત.

બાબતઃ- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા અંગે.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઓદ્યોગિક સંબંધિક ધારાની કલમ-૭૩-એ ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૭ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૧૮/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શનીયલ ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ પ્રા. લી., જી. આઇ. ડી. સી., સચીન, સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૮

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના
સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.
રેફરન્સ (આઇ. સી.) નં. ૧૯૭/૨૦૦૦.

ધી ડાઇંગ એન્ડ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરુધ્ધ

શનીયલ ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ પ્રા. લી., **બીજા પક્ષકાર.**
જી. આઇ. ડી. સી., સચીન,
સુરત.

બાબત:- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધ ધારાની કલમ-૭૩-એ ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે અંક-૭ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની અંક-૭ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૧૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, જયંત સુરજરામ વીવીંગ વર્કસ, હીરાલાલ કોલોની, અશ્વીનીકુમાર રોડ, સુરત અને ધી ડાઈંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૭

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૩૦/૨૦૦૦.

ધી ડાઈંગ એન્ડ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરુધ્ધ

જયંત સુરજરામ વીવીંગ વર્કસ, **બીજા પક્ષકાર.**
હીરાલાલ કોલોની, અશ્વનીકુમાર રોડ,
સુરત.

બાબતઃ- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધિક ધારાની કલમ-૭૩ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૬ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૬ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમદ/૩૩૭૨૦/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકમલ સીન્થેટીક્સ લી. સચીન જી.આઇ.ડી.સી., સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

અંક-૭

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના
સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૦૦/૨૦૦૦.

ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

રાજકમલ સીન્થેટીક્સ લી., **બીજા પક્ષકાર.**
સચીન જી.આઇ.ડી.સી., સુરત.

બાબતઃ- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધિક ધારાની કલમ-૭૩ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૬ની પુરશીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૬ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ,
અમદાવાદ.

I-L-1777

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૨૧/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ચિત્રકુટ સીન્થેટીક્સ પ્રા. લી., ઉધના દક્ષનગર, ઉધના ભેસ્તાન રોડ, સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

અંક-૭

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૧૧/૨૦૦૦.

ધી ડાઇંગ બ્લીચીંગ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

ચિત્રકુટ સીન્થેટીક્સ પ્રા. લી., **બીજા પક્ષકાર.**
ઉધના દક્ષનગર, ઉધના ભેસ્તાન રોડ, સુરત.

બાબતઃ- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધ ધારાની કલમ-૭૩ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૬ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૬ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૨૨/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, નિમેષ સુરજરામ વીવીંગ વર્કસ, હીરાલાલ કોલોની, અશ્વનીકુમાર રોડ, સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનીયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૭

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૧૭/૨૦૦૦.

ધી ડાઇંગ બ્લીચીંગ ફીનીસીંગ વર્કસ યુનીયન, **પ્રથમ પક્ષકાર:**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

નિમેષ સુરજરામ વીવીંગ વર્કસ, **બીજા પક્ષકાર.,**
હીરાલાલ કોલોની, અશ્વનીકુમાર રોડ, સુરત.

બાબત:- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

INDEX

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધિક ધારાની કલમ-૭૩ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન આંક-૬ની પુરસીસ પ્રથમ પક્ષકારે આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૬ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શ્રમક/૩૩૭૨૩/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબધિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, જયંત સ્ક્રીન પ્રિન્ટીર્સ, અશ્વનીકુમાર રોડ, સુરત અને ધી ડાઇંગ બ્લીચીંગ એન્ડ ફીનીસીંગ વર્કસ યુનિયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૭

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૩૭/૨૦૦૦.

ધી ડાઇંગ બ્લીચીંગ ફીનીસીંગ વર્કસ યુનિયન, **પ્રથમ પક્ષકાર;**
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરૂધ્ધ

જયંત સ્ક્રીન પ્રિન્ટર્સ, **બીજા પક્ષકાર.**
અશ્વનીકુમાર રોડ, સુરત.

બાબતઃ- સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું બોનસ ચુકવવા બાબત.

ચુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધિક ધારાની કલમ-૭૩ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપરત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૬ની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૬ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સુરત, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩૭ જુલાઇ, ૨૦૦૨.

એમ. ૭. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમ અન્વયે.

ક્રમાંક મ-શમક/૩૩૭૨૪/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધિક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો. ઓ. સ્પીનીંગ મીલ, વરાછા રોડ, સુરત અને સુરત ટેક્ષટાઇલ લેબર યુનિયન, સુરત વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના જુલાઇ માસના ૩જા દિને આથી નોંધ કરું છું.

આંક-૧૨

સુરત ખાતેની ઔદ્યોગિક અદાલતના

સભ્યશ્રી પી. આર. દવે સમક્ષ.

રેફરન્સ (આઇ. સી.) નં. ૨૪૦/૨૦૦૦.

અરજદાર:

સુરત ટેક્ષટાઇલ લેબર યુનીયન,
શ્રમજીવી સેવાલય, સ્ટેશન સામે,
સુરત.

વિરુધ્ધ

સામાવાળા.

ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ. સ્પીનીંગ મીલ,
વરાછા રોડ, સુરત.

બાબત:- કરાર મુજબ વેતન વધારો ચુકવવા અંગે.

INDEX

મુકાદો

આ રેફરન્સમાં પ્રથમ પક્ષકાર યુનિયને પ્રતિનિધિત્વ ધરાવતા માન્ય યુનિયન તરીકે ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૭૩ એ ની જોગવાઇ અન્વયે ઔદ્યોગિક અદાલતને લવાદી માટે સુપ્રત કરેલ છે.

સદરહુ રેફરન્સની સુનાવણી દરમ્યાન પ્રથમ પક્ષકારે આંક-૧૦ની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ સદરહુ રેફરન્સ આગળ ચલાવવા માંગતા નથી અને પાછો ખેંચી લે છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકાર યુનિયનની આંક-૧૦ની પુરસીસ ધ્યાનમાં લઇ હાલનો રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૨.
પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

અમદાવાદ, તારીખ ૩જી જુલાઇ, ૨૦૦૨.
એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ,
અમદાવાદ.

TL-1778

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

કર્યા સિવાય છુટા કરી શકાય નહિ તેવી દલીલ કરી છે. એ બાબત ભારપૂર્વક નોંધવી પડે કે, બોમ્બે ઇન્ડસ્ટ્રીયલ રીલેશનસ એકટ ૧૯૪૬ અને ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ ૧૯૪૭ બંને સંપૂર્ણ રીતે જુદા છે, જુદા જુદા ક્ષેત્રને લાગુ પડે છે, તેની જોગવાઇઓ જુદી છે, તે બંને કાયદા હેઠળની કોર્ટની હકુમત જુદી છે અને તે બંને કાયદા હેઠળ કામ દાખલ કરવાની અને ચલાવવાની કાર્યવાહીનો કાયદો અલગ અલગ છે. ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જો મેટર હોય તો કામદારે પ્રથમ ગેરકાયદેસર ટમીનેશન રીટ્રેન્ચમેન્ટ માટે લેબર કમિશનરશ્રીની કચેરીમાં ફરિયાદ કરવી પડે, સમાધાનની કાર્યવાહી થાય અને તે નિષ્ફળ જાય તો લેબર કોર્ટને તે અંગે રેફરન્સ કરવામાં આવે. આ કામમાં મજુર અદાલત સમક્ષ આવો રેફરન્સ નથી અને મજુર અદાલત આ કામ માટે ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટ હેઠળની મજુર અદાલત નથી પરંતુ બી.આઇ.આર. એકટની કલમ-૭૮ માં જણાવેલા વિષયો પુરતી જ મર્યાદીત છે અને જો મજુર અદાલત તેની બહારનું વિચારે તો તેવા ન્યાયધીશની કાયદા અંગેની બાબત શંકા ઉત્પન્ન થાય. કામદારે આ અદાલત સમક્ષ સુરત મહિલા સહકારી બેંકનો કેસ રજુ કર્યો છે અને તેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના અવલોકન પર ભાર મુકયો છે, પરંતુ હકીકતની દ્રષ્ટિએ તે કેસ જુદો છે કારણકે અહીંયા કામદાર ટ્રેઇની છે, તે કેસમાં કામદાર ટ્રેઇની નહોતા અને કામદારની વ્યાખ્યામાં નથી આવતા તેવો વિવાદ તે કેસમાં નથી, ઉપરાંત તે કેસમાં નામદાર હાઇકોર્ટે બી.આઇ.આર. એકટ હેઠળની મજુર અદાલતની હકુમત અંગે કોઇ ચુકાદા આપ્યા નથી, તે સંજોગોમાં આ અદાલત સમક્ષ અપીલ અને મજુર અદાલતનો કેસ અને નામદાર હાઇકોર્ટ સમક્ષનો અત્રે રજુ થયેલ કેસ બંને જુદા પડે છે. તે કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે છટણીનું અર્થઘટન કરી અને તેની પૂર્વ શરતોના પાલન અંગે વાત કરી છે, તે બાબત વિવાદ ન હોય શકે અને છટણીના કેસમા તે ચોકકસ લાગુ પડે પરંતુ તેમાં હકુમતની ચર્ચા નથી, તે ફરી નોંધવું જોઇએ. એપેલેન્ટે કામદારે રજુ કરેલા ચુકાદાઓની ચર્ચા કરી નથી. તે બાબતમાં પણ એ નોંધ લેવી જોઇએ કે બંને પક્ષકારો તરફથી ઘણા બધા ચુકાદાઓ અદાલતમાં રજુ થતાં હોય છે અને મજુર અદાલતે એવો ઉલ્લેખ કર્યો છે કે, દલીલ સાથે અરજદારે ચુકાદા રજુ કરેલા છે, પરંતુ રજુ થયેલ તમામ ચુકાદાઓ લાગુ પડે જ તેવું માની લઇ શકાય નહી. તે સંજોગોમાં મજુર અદાલતને જે ચુકાદાઓ આધારભુત ન લાગ્યા હોય તેનો મજુર અદાલતે તારણોમાં ઉલ્લેખ ન કર્યો હોય, તો તેનાથી મજુર અદાલતનો ચુકાદો ખોટો છે તેમ માની શકાય નહી, જેમ કે કામદારે ઘણા ચુકાદાઓ ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઇઓ લાગુ પડતી હોય તેવી હકીકતવાળા રજુ કર્યો છે, ત્યારે બી.આઇ.આર. એકટની જોગવાઇઓ મુજબની હકીકતો અને હકુમતો બંને અંગેના ચુકાદાઓ મજુર અદાલત સમક્ષ વધુ નથી. રેકોર્ડમાં બી.આઇ. આર. એકટ અંગેનો એક જ ચુકાદો ૧૯૯૩ (૨) જી. એલ. આર. ૧૩૯૮ અમરસિંહ સ્વરુપસિંહ વિરૂધ્ધ જગદીશ પ્રોસેસીસનો રજુ થયો છે, ત્યારે અન્ય ચુકાદાઓ આઇ.ડી.એકટ હેઠળના છે અને બી.આઇ. આર. એકટની કોર્ટને આ.ડી. એકટ હેઠળની હકુમત હોતી

INDEX

નથી, તેજ રીતે કામદારે અત્રે રજુ કરેલા કેસોમાં વી. પી. આહુજા વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૨૦૦૦ એલ.એલ. આર. ૪૭૩ (સુપ્રિમ કોર્ટ) નો ચુકાદો રજુ કરેલ છે તેમાં અને એ. આઇ. આર. ૧૯૯૯ એસ.સી. ૯૮૩ પરના ચુકાદામાં પ્રોબેશનલ અંગે ચુકાદો છે અને ટ્રેઇની અને પ્રોબેશનલ બંનેમાં તફાવત છે. પ્રોબેશનલને વેતન મળતુ હોય છે, ટ્રેઇનીને સ્ટાઇફન્ડ મળે છે, જે વેતેન ગણાતું નથી. આવા ચુકાદાઓ જેમાં હકીકત જુદી હોય કે વિષય અને કાયદો જુદો હોય તેની ચર્ચા ન કરવાથી મજુર અદાલતનો ચુકાદો ભુલ ભરેલો ગણી શકાય નહિ. આ સંજોગોમાં જયારે મજુર અદાલતને અરજદાર કામદારની વ્યાખ્યામાં બી. આઇ. આર. એકટની જોગવાઇઓ મુજબ આવતા ન હોય અને હુકમત જ નહીં હોય ત્યારે તે એક મુદ્દા ઉપર જો અરજી રદ થવા પાત્ર હોય તો બીજી ચર્ચા કરવાપણું કયાં રહયું ? આ રીતે એપેલેન્ટ કામદારની આ અપીલમાં મજુર અદાલતનો ચુકાદો કાયદાની કે હકકીતની ભુલવાળો હોવાનું પુરવાર થતું નથી, તે સંજોગોમાં મજુર અદાલતનો ચુકાદો ફેરવવાનું આ અપીલમાં આ અદાલતને કોઇ કારણ રહેતું નથી.

(૧૦) ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલેન્ટની આ અપીલ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી. આર દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૮

શ્રી પી. આર. દવે, સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ.

અપીલ (આઈ. સી.) નં. ૨૮/૨૦૦૦

નિરંજન મીલ્સ લી.,
ફાલસાવાડી, રીંગરોડ,
સુરત.

એપેલન્ટ ;

વિરૂધ્ધ

રૂદ્રપ્રતાપ સમરબહાદુર, **રીસ્પોન્ડન્ટ.**
બેગમપુરા, નાનકવાડી,
સુરત.

ઉપસ્થિતિ :-એપેલન્ટ તરફે એડવોકેટ શ્રી કનુભાઈ એચ. રાણા
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી એલ. એસ. હાલારી

બાબત :- મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ અન્વયેની અપીલ.

ચુકાદો

(૧) આ કામના એપેલેન્ટ (જેને હવે પછી ''મીલ્સ કંપની'' તરીકે ઉલ્લેખવામાં આવે છે) દ્વારા રીસ્પોન્ડન્ટ (જેને હવે પછી ''અરજદાર કામદાર'' તરીકે ઉલ્લેખવામાં આવે છે) તેના સામે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૪ હેઠળ આ અપીલ દાખલ કરી લેબર કોર્ટ સુરતે તેના સમક્ષની ટી.અરજી નં. ૩૭૬/૯૧ના કામમાં તા. ૨૫-૮-૨૦૦૦ના રોજ આંક-૫૮ થી પસાર કરેલ હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોવાથી રદ કરવા તેમજ તા. ૨૫-૮-૨૦૦૦ના ખાતાકીય તપાસ અંગેના સસ્પેન્શન અંગેનો હુકમ પણ રદ કરવા દાદ માંગી છે. આ અપીલની હકીકત એવી છે કે, કામદારે મજુર અદાલત સુરત સમક્ષ બીઆઈઆર એકટની કલમ-૭૮/૭૯ હેઠળ અરજી કરી તા. ૬-૫-૯૧ નો સસ્પેન્શનનો હુકમ રદ કરવા તથા તા. ૬-૫-૯૧ થી પડેલા દિવસોનો પગાર ભરપાઈ કરી આપે અને તેની અસલ જગ્યાએ ફરજ ઉપર કામ આપે તે મુજબનો હુકમ કરવા મીલ્સ કંપની સામે દાદ માગેલી અને તે અરજીનો નંબર ટી. ૩૭૬/૯૧ હતો, જેની સુનાવણી પછી મજુર અદાલતે અરજી મંજુર રાખતો હુકમ આંક-૫૮ તા. ૨૫-૮-૨૦૦૦ ના રોજ આપેલો અને તેમાં અરજદારને તા. ૬-૫-૯૧ થી તા. ૧૯-૧૨-૯૫ સુધીના સમયગાળાનો પુરો પગાર ભરપાઈ કરી આપવા હુકમ કરેલો તેનાથી નારાજ થઈ હાલની અપીલ કરવા નીચેના મુદ્દાઓ પર આધાર રાખવામાં આવ્યો છે.

અપીલના મુદ્દાઓ

(૧) સંબંધીત કામદાર મીલ્સ કંપનીમાં ઓટો શાળ ખાતામાં જોબર તરીકેના હોદ્દા ઉપર ફરજો બજાવતા હતા. તેઓને તા. ૬-૫-૯૧ ની કારણદર્શક નોટીસ આપી જણાવવામાં આવેલ કે, ''તમારી ફરજ દરમ્યાન ખાતાના સુપરવાઈઝર શ્રી ઉમરીગરે તમોને પીકીંગ સ્ટીકનો બોલ ઢીલો હોઈ ફીટ કરવા કહ્યું હતું તેમજ ત્યારબાદ બંધ પડેલ સંચો ચાલુ કરવા જણાવ્યુ હતું, પરંતુ તમોએ ખાતાના સુપરવાઈઝરશ્રીની સુચનાનું પાલન ન કરતાં તેમના પર ઢીક મુક્કીનો માર ચાલુ કરેલ હતો અને એમને મશીન પર ફેંકી દીધા, જે તમોએ મીલ્સ

કંપનીના સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧(ઝ) - કામના કલાકો દરમ્યાન મીલની હદમાં છાકટાપણું, તોફાની વર્તન કે શિસ્તનો ભંગ કરતું કાર્ય કરવું તેનો ભંગ કરેલ છે.'' આ અંગે તેઓએ લેખીત રીતે તા. ૬-૫-૯૧ ના રોજ કબુલાત કરેલ છે, જે આંક-૨૦/૨ છે, જેને આંક-૨૯ આપવામાં આવેલ છે. આમ હકીકતોની મુલવણી કરવામાં નામદાર કોર્ટે ભુલ કરેલ હોય તેમ જણાય છે.

(૨) વળી કંપનીએ દસ્તાવેજો એટલે કે સંબંધીત કામદારને લખેલ નોકરી પર હાજર થવા અંગેના પત્રો તેમજ તેઓને આપેલ પી.એસ.ઓ. તા. ૯-૫-૯૧ ના રોજ પુરો થયેલ છે, જે વિદીત થાય, તે અંગેનો આંક-૯/૨ આંક-૪૭ નો પત્ર તેમજ ૯/૩ આંક-૪૮ ના પત્રો સંબંધીત કામદારને મળેલ છે, તેમ તેઓએ જણાવેલ હોવા છતાં એટલે આંક-૯/૫, આંક-૨૬ ની હકીકતોની મુલવણી કરવામાં હકીકતોની ભુલ કરેલ છે, તેમ જણાઈ આવેલ છે. વળી સદરહુ પત્રમાં તેઓએ જણાવેલ છે કે, ''હાલમાં હું હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યો છું અને જ્યાં સુધી ડોક્ટર રજા ન આપે ત્યાં સુધી કુદરતી ન્યાયના સિદ્ધાંત ખાતર ઈન્કવાયરી મુલતવી રાખવા આથી આપ સાહેબને વિનંતી કરું છું, તે હકીકતોની પણ મુલવણી કરવામાં ગંભીરપણે ભુલ કરેલ છે. આથી પણ તેઓનો હુકમ રદ થવા પાત્ર છે.

(૩) વળી ધી સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયન, સુરતે તા. ૨૨-૬-૯૧નો પત્ર આંક-૯/૬ આંક-૨૯ કંપનીને લખેલ છે અને જણાવેલ છે કે, ''રૂદ્રપ્રતાપ સમરબહાદુર હાલમાં હોસ્પીટલમાં સારવાર લઈ રહ્યો છે, તેથી ડોક્ટર જ્યાં સુધી તેમને રજા ન આપે ત્યાં સુધી તેમની ઈન્કવાયરી કુદરતી ન્યાયના સિદ્ધાંત ખાતર મુલતવી રાખશોજી'' તેવી હકીકતોની પણ મુલવણી કરવામાં ભુલ કરેલ છે.

૨. આ અપીલ અંગે રીસ્પોન્ડન્ટ કામદારને નોટીસ કાઢવામાં આવી અને મજુર અદાલત સુરત સમક્ષની ટી. અરજી નં. ૩૭૬/૯૧ નું રેકર્ડ પરત મંગાવવામાં આવ્યું. અપીલ સાથે મીલ કંપનીએ મજુર અદાલતના ચુકાદાની ખરી નકલ રજુ કરી છે તેમજ આંક-૫ ના લીસ્ટથી મજુર અદાલત સમક્ષના કેસના રેકર્ડમાંની કેટલીક નકલો રજુ કરેલ છે.

૩. આંક-૭ ની પુરસીસથી બન્ને પક્ષકારોના વકીલોએ તેઓ મુળ અપીલ પરની આખરી દલીલો કરે છે તેવું જણાવેલ છે.

૪. એપેલન્ટ મીલ કંપની તરફે દલીલો કરતાં શ્રી કનુભાઈ એચ. રાણા, એડવોકેટે એવી રજુઆત કરી છે કે, કામદારને તેની ગેરવર્તણુંક બદલ મીલ કંપનીએ તા. ૬-૫-૯૧ ની નોટીસ આપેલ અને ઈન્કવાયરી તા. ૯-૫-૯૧ ના રોજ રાખેલ અને પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શન કરવામાં આવેલ તેની નકલ તેમણે સ્વીકારેલ નહિ તેમજ લેખીત રજુઆત પણ કરેલ નહિ તેથી મીલ કંપનીએ તા. ૯-૫-૯૧ ના રોજ પત્ર લખી તપાસ તા. ૧૨-૫-૯૧ ના રોજ રાખવામાં આવી છે અને તેમને આપેલ પીએસઓ તા. ૯-૫-૯૧ ના રોજ પુરો થયેલ જણાવેલ, એટલે સસ્પેન્શન પુરું થયેલ, પરંતુ અરજદાર તેમ છતાં ફરજ પર હાજર થયેલ

નહિ કે ઈન્કવાયરીમાં પણ હાજર થયેલ નહિ કે કોઈ લેખીત રજુઆત કરેલ નહિ, જે સંજોગોમાં તા. ૧૨-૫-૯૧ પછી વખતોવખત ખાતાકીય તપાસ રાખવામાં આવેલી અને કામદારને જાણ કરવામાં આવેલી, પરંતુ તે હાજર થયેલા નહિ તેમજ ફરજ પર હાજર થયેલા નહિ, ઉપરાંત તા. ૨૨-૬-૯૧ ના પત્રથી વ્યકિતગત રીતે પોતે હોસ્પીટલમાં હોવાનું તેમણે જણાવેલું અને પ્રતિનિધિત્વ ધરાવતાં યુનીયન સુરત ટેક્ષટાઈલ લેબર યુનીયનના સેક્રેટરીએ પણ તે પ્રમાણે લખી જણાવ્યું. આ સંજોગોમાં તા. ૯-૫-૯૧ ના રોજ સસ્પેન્શન ઓર્ડર રદ કર્યો છે તેની તેમને જાણ થયેલી છે અને તેથી જ તેમણે ડોક્ટર રજા ન આપે ત્યાં સુધી ઈન્કવાયરી મુલતવી રાખવા જાતે અને યુનીયન મારફતે જણાવેલ છે. તે સંજોગોમાં સસ્પેન્શન રદ થયેલ હોઈ તેમણે ફરજ પર હાજર થઈ જવું જોઈએ, તેમ છતાં તે હાજર થયા નથી અને તે સંજોગોમાં તેમની અરજી મંજુર થવા પાત્ર ન હતી, કારણકે મીલ કંપનીએ તેમને ડોકટરી સર્ટી. રજુ કરવા જણાવેલ તે પણ તેમણે રજુ કરેલ નહિ અને રજાની માગણી પણ કરેલ નહિ, તે સંજોગોમાં પુરાવાને ધ્યાનમાં લઈને મજુર અદાલતે અરજી રદ કરવી જોઈતી હતી. શ્રી રાણાએ એવી પણ રજુઆત કરી કે, તમામ પત્ર વ્યવહાર અદાલતમાં રજુ થયેલ છે અને કંપનીના સાક્ષીએ આંક-૪૬ થી જુબાની પણ આપેલ છે. આ સંજોગોને ધ્યાનમાં લઈને પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરવામાં મજુર અદાલત નિષ્ફળ ગઈ છે, શ્રી રાણાએ એવી પણ રજુઆત કરી કે, કામદારના તા. ૨૧-૬-૯૧ ના પત્રથી કામદારને તા. ૧૧-૬-૯૧ ની નોટીસની પણ જાણ છે અને તેમાં જણાવેલ દરેક તારીખમાં હાજર રહ્યા છે તેવું પણ જણાવેલ છે તે સંજોગોમાં તેમને સસ્પેન્શનનો હુકમ રદ કરેલો છે તેની જાણ ન કર્યાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ અને તપાસ તેમના કારણે જ મુલતવી રાખેલ છે તેમ છતાં કોર્ટે તે અંગેના કાગળોને ધ્યાનમાં લીધા નથી કે ઝીણવટથી જોયા નથી અને મુલવવામાં ભુલ કરી છે અને તેથી પડેલા દિવસોનો પગાર ચુકવવાનો જે હુકમ કર્યો છે તે પુરાવાના આધાર વિનાનો છે. શ્રી રાણાએ એવું પણ કહ્યું કે, પુરાવામાં આવેલ કામદારના એડમીશન અંગે કોર્ટે કોઈ નોંધ જ નથી લીધી. શ્રી રાણાએ એ બાબતે પ્રત્યે ધ્યાન દોર્યું કે, કામદારના પ્રતિનિધિશ્રી નૈષેધભાઈ સાથે કામદારના બેકવેજીસ સિવાય કામ પર લઈ લેવા બાબત કેસની શરૂઆતમાં નક્કી થયેલ તે બાબત કંપનીએ લેખીત પણ આપેલ છે, પરંતુ કામદાર એ વખતે હાજર થયા નથી તે બાબત પણ અદાલતે કોઈ નોંધ લીધી નથી.

૫. કામદાર તરફે એડવોકેટ શ્રી એલ. એસ. હાલારીએ તેમની દલીલોમાં ચાર્જશીટનો ઉલ્લેખ કરી તેમાં પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તે બાબતના શબ્દો પર ધ્યાન દોરેલ છે અને એવી રજુઆત કરી છે કે, સ્ટેન્ડીંગ ઓર્ડર ૨૨ (એ) મુજબ સસ્પેન્શનના પાંચ જ દિવસ કરી શકાય અને તે રદ કરી રીપોર્ટ ફોર ડયુટી કે ફરજ પર આવી જાઉ એવું કંપનીએ પત્ર લખ્યો નથી અને પીએસઓ લખેલ છે તે કામદાર સમજી શકે છે કે કેમ તે જ પ્રશ્ન છે તેમજ જે કાગળો પોસ્ટ કર્યાનું કહેવામાં આવે છે તે કાગળો કામદારને મળ્યા છે તેવું પુરવાર થતું નથી કે આજ કાગળો પોસ્ટ કરેલાં છે તેવું પણ પુરવાર થતું નથી અને તે

INDEX

કદાચ પાછા આવ્યા છે આવી તમામ બાબતો સપ્રેશન ઓફ ફેકટસ ગણાય. શ્રી હાલારીએ તે બાબત ભારપુર્વક અદાલતનું ધ્યાન દોરેલું છે કે, પાંચ દિવસ કરતાં વધુ સમયનું સસ્પેન્શન ગેરકાયદેસરનું અને ગેરવ્યાજબી હોઇ તે સમયનો પુરો પગાર મેળવવા કામદાર હકદાર બને અને એટલા માટે નીચલી કોર્ટે આપેલો હુકમ કાયદેસરનો છે. ઉપરાંત નૈષેધભાઈ દેસાઇ સાથે થયેલ કોઇપણ વાતચીત અંગે પુરાવા નથી તો કંપની નૈષેધભાઈ દેસાઇને તપાસી શકી હોત, પરંતુ નૈષેધભાઈ દેસાઇને તપાસ્યા નથી કે તેની સહી નથી એટલે તે મુદ્દો પણ માનવાપાત્ર નથી, એટલે નીચલી કોર્ટનો હુકમ કાયદેસરનો હોઇ અપીલ રદ કરવી જોઇએ.

૬. આ કામમાં નીચેના મુદ્દાઓ ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે :-

(૧) શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને પુરાવાના આધાર વિનાનો છે. ?

(૨) શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, સસ્પેન્શન અંગેના પત્રવ્યવહારને ધ્યાનમાં લીધા સિવાય અને ઝીણવટથી અભ્યાસ કર્યા સિવાય મજુર અદાલતે તેની મુલવણી કરવામાં હકીકતોની ભુલ કરેલ છે. ?

(૩) શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, આંક-૨૯ ની કામદારની કબુલાત અંગેની હકીકતની મુલવણી કરવામાં મજુર અદાલતે ભુલ કરેલ છે ?

(૪) શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, મજુર અદાલતે તેના સમક્ષના પુરાવાના અર્થઘટનમાં ગંભીર ભુલ કરી છે. ?

(૫) શો હુકમ ?

ઉપરોકત મુદ્દાઓ અંગે નિર્ણય નીચે મુજબ છે :-

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) હકારમાં

(૫) આખરી હુકમ મુજબ.

કારણો

ઉપરોકત મુદ્દાઓ અંગેના કારણો પરસ્પર સંકળાયેલા અને સમાન છે, જેથી તેની ચર્ચા સાથે કરવામાં આવે છે.

INDEX

બન્ને પક્ષકારોની અપીલમાંથી રજુઆતોના સંદર્ભમાં મજુર અદાલતનું રેકર્ડ જોઇએ તો તેના સમક્ષની આંક-૧ ની અરજીમાં કામદારની રજુઆત તા. ૬-૫-૯૧ થી સામાવાળાએ ફરમાવેલ ગેરકાયદેસરનો સસ્પેન્શનનો હુકમ રદ કરતો યોગ્ય હુકમ કરવા માટેની દાદ માગતી રજુઆત છે અને તે અંગેનો વિનંતીપત્ર તા. ૨૬-૭-૯૧ નો કામદારે મોકલેલ છે તેની રજુઆત છે અને આ અરજી તા. ૧૯-૮-૯૧ ના રોજ દાખલ થયેલી છે. હવે કામદારે વિનંતીપત્રમાં તા. ૬-૫-૯૧ થી નોટીસનો તા. ૧૮-૫-૯૧ નો જવાબ મોકલેલ છે અને તા. ૨૧-૫-૯૧ નો જવાબ મોકલેલ છે અને તા. ૨૧-૫-૯૧ ના રોજ સંસ્થાને મળેલ છે તેવું કામદારે વિનંતીપત્રમાં કહેલું છે અને તેમાં તેણે એવું પણ જણાવેલ છે કે, ''ત્યારબાદ મારી ઇન્કવાયરી પુરી થઇ હોવા છતાં આપે મારો પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્ડ ઓડર્સ ચાલુ રાખ્યો છે.'' આ વાકય જોતાં તેને ઇન્કવાયરી પેપર્સ સાથે વિચારતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે, તેને ઇન્કવાયરીની તારીખ ૨૧-૫-૯૧ પછી કઇ છે તેનો ખ્યાલ છે. હવે આ સંજોગોમાં વિચારીએ તો જયારે તે ઇન્કવાયરીમાં દરેક તારીખે હાજર રહેલ છે અને ઇન્કવાયરી પુરી થઇ છે એવી તેને જાણ થઇ છે ત્યારે ઇન્કવાયરીમાં જ લખવામાં આવેલ પત્રો રેકર્ડ પર છે, જેમાં તા. ૯-૫-૯૧ ના રોજ પીએસઓ તા. ૯-૫-૯૧ ના રોજ પુરો થયેલ છે તેની જાણ કરવામાં આવી છે અને તેની કામદારને ખબર ન હોઇ તેની શકયતા જ રહેતી નથી. શ્રી હાલારીની કામદાર પક્ષે એવી દલીલ છે કે, પીએસઓ એટલે શું તે કામદારને સમજ ના પડે, તો તેના સંદર્ભમાં તેના પછીનો પત્ર તા. ૧૨-૫-૯૧નો છે અને તેમાં તા. ૬-૫-૯૧નો પેન્ડીંગ સસ્પેન્શન ઓર્ડર તા. ૯-૫-૯૧ના રોજ પુરો થાય છે તેવું જણાવવામાં આવ્યું છે અને ઇન્કવાયરીની તા. ૧૭-૫-૯૧ ની રાખવામાં આવી છે અને તા. ૧૭-૫-૯૧ પછી ઇન્કવાયરીની તારીખ આવી ૨૯-૫-૯૧ના રોજની રાખવામાં આવી છે. હવે રેકર્ડ પર બીજો દસ્તાવેજ આંક-૨૬ છે તેને ધ્યાનમાં લઇએ તો તે કામદારનો તા. ૨૧-૬-૯૧ નો પત્ર છે અને તેમાં તેણે પોતે તા. ૧૧-૬-૯૧ ના રોજ ઇન્કવાયરીમાં હાજર રહ્યા હતા અને ઇન્કવાયરીની તા. ૨૩-૬-૯૧ ના રોજ રાખવામાં આવેલી તે કબુલ કરેલ છે. આ સંજોગોમાં તપાસમાં હાજર રહેનાર માણસને તપાસમાં શું બન્યું છે તેની જાણ ન હોય તેવી શકયતા રહેતી નથી. એટલે આ સસ્પેન્શન ઓર્ડર રદ કરવામાં આવ્યો છે તેની જાણ કામદારને થયેલ નથી તે બાબત માની શકાય તેમ નથી. હવે વધારાની હકીકત એ છે કે, તા. ૨૧-૬-૯૧ ના આંક-૨૬ ના કામદારના પત્રમાં કામદારે તે બાબત જણાવી છે કે, ''હાલમાં હું હોસ્પીટલમાં સારવાર લઇ રહ્યો છું અને મને જયાં સુધી ડકિટર રજા ન આપે ત્યાં સધુી કુદરતી ન્યાયના સિધ્ધાંત ખાતર ઇન્કવાયરી મુલવતી રાખવા આથી આપ સાહેબને વિનંતી છે.'' અને તા. ૨૨-૬-૯૧નો આંક-૨૯ નો પત્ર પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન ટેક્ષટાઇલ લેબર યુનીયન તરફથી લખવામાં આવેલ છે, જેમાં તા. ૧૧-૬-૯૧ ના રોજની ઇન્કવાયરીની નકલ યુનીયને મળી છે અને કામદાર હોસ્પીટલમાં હોવાથી ઇન્કવાયરી મુલતવી રાખવા જણાવવામાં આવ્યું છે. હવે કામદારે કઇ બાબતે હોસ્પીટલમાં દાખલ થયા અને કઇ તારીખે કંપનીમાં ડોકટરો

INDEX

સર્ટીફીકેટ સાથે હાજર થવા કે તપાસ કરવા ગયા કે ઇન્કવાયરીમાં હાજર થયા તે અંગેની કોઇપણ વિગત કામદારે વિનંતીપત્રમાં લખી નથી કે અરજીમાં લખી નથી, એટલે કામદાર તપાસ કરવા ના ગયો હોય તે ઇન્કવાયરીમાં હાજર ના હોય તો તેને સસ્પેન્શન ઓર્ડર ચાલુ છે અને ઇન્કવાયરી ચાલુ છે તેવી કોઇ બાબતની ખબર શી રીતે પડે ? આ સંજોગોમાં સસ્પેન્શન ઓર્ડર રદ કરવામાં આવ્યો છે તેવી જાણ કામદારને નથી તેવી રજુઆત આધારભુત ગણી શકાય નહિ. તે બાબત પણ સ્પષ્ટ થાય છે કે, કામદારને લખવામાં આવેલા પત્રોમાં ઘણા પત્રોની નકલો તો પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનને પણ મોકલવામાં આવેલ છે. હવે પુરાવાની દ્રષ્ટિએ જોઇએ તો મજુર અદાલત સમક્ષના જવાબ આંક-૮ માં પેરેગ્રાફ-૩માં કામદારને આપેલ સસ્પેન્શન ઓર્ડર તા. ૯-૫-૯૧ ના રોજ પુરો થયેલ છે તેવો પત્ર લખવામાં આવ્યો છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તેની જાણ હોવા છતાં કામદાર હાજર થયો નથી તેવો આગળ બચાવ લેવામાં આવ્યો છે. તેની સામે કામદારે તેની આંક-૨૨ ની જુબાનીમાં કોઇપણ જગ્યાએ પોતાને સસ્પેન્શનનો હુકમ રદ કરવામાં આવ્યો છે તેની જાણ થયેલી ન હતી તેવું જણાવેલ નથી. હવે આ સંદર્ભમાં મજુર અદાલત સમક્ષ કામદારે વચ્ચેના સમયમાં છુટા કરવા સામે મનાઇ માગતી આંક-૨ ની અરજી કરેલી તે અંગે કોઇપણ નિર્ણય લેવાની દરકાર કરી નથી. ઉપરાંત મજુર અદાતલમાં તા. ૨૭-૨-૯૨ ના રોજ આંક-૧૦ થી સંસ્થએ એક પુરસીસ રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, ''અરજદારના પ્રતિનિધિ શ્રી નૈષેધભાઇ દેસાઇએ નામદાર કોર્ટ સમક્ષ તા. ૪-૧૦-૯૧ના રોજ જણાવેલ કે, અરજદારને પડેલા દિવસોના પગારની તકરાર જતી કરી કંપનીવાળા નોકરીમાં પુનઃસ્થાપિત કરે તો અરજદાર નોકરી ઉપર જવા ખુશી છે અને અરજદારનો સદરહુ કેસ બંધ કરવામાં આવશે એમ જણાવેલ અને તે અંગે કંપનીના મેનેજરશ્રી ગોસ્વામીએ સંમતિ દર્શાવેલ તે મુજબ અરજદાર નોકરી ઉપર આજદિન સુધી હાજર થયેલ નથી''. આ આંક-૧૦ ની નકલ કેસ ચલાવનાર આ કામદારના પ્રતિનિધિને મળેલ છે. આ રજુઆતનો કામદારના પ્રતિનિધિએ કે કામદારે કોઇ જવાબ આપવાની દરકાર કરી નથી અને તા. ૨૭-૨-૯૨ના આંક-૧૦ ના જવાબમાં પણ કામદાર આ વાત ખોટી છે તેવુ કહેતા નથી અને છેક તા. ૧૫-૯-૯૪ ના રોજ સામાવાળા સામેના પડેલા દિવસોના પગારનો મુદ્દો ઉભો રાખી હાજર થવા તૈયાર છે તેવું જણાવેલ છે, જે આંક-૧૩ ઉપર છે. હવે આંક-૧૩ જોતાં તેમાં કામદારે ઉલ્લેખ કરેલ છે કે, ''સામાવાળાએ તા. ૯-૫-૯૫ના રોજ નિ. ૯/૨ નો પત્ર લખેલ છે તેમાં પણ સસ્પેન્શન પેન્ડીંગ ઇન્કવાયરીનો હુકમ પાછો ખેચેલ છે અને નોકરી ઉપર હાજર થવા બાબતનો કોઇ ઉલ્લેખ નથી. તેવી રીતે સામાવાળાના તા. ૧૭-૫-૯૧ ના નિ. ૯/૪ ના પત્રમાં સસ્પેન્શન પેન્ડીંગ ઇન્કવાયરીનો હુકમ રદ કરેલ છે અને નોકરી ઉપર હાજર થવા બાબતો કોઇ ઉલ્લેખ નથી'' આ સંદર્ભમાં અરજદારે આંક-૧૩માં એવું જણાવ્યું છે કે, તે નોકરી ઉપર હાજર થવા તૈયાર હતા પરંતુ અરજદારને નોકરી ઉપર હાજર થવા કોઇ હુકમ આપેલ નથી. એટલે અરજદાર એવું પણ અર્થઘટન કરે છે કે, સસ્પેન્શન ઓર્ડર રદ કરવામાં આવે

INDEX

છે તેટલું પુરતું નથી, પરંતુ નોકરી ઉપર હાજર થવા પણ લખવું જોઇએ. આ અર્થઘટન તે પોતાની જાતે કરે અને તે અર્થઘટન અદાલતે માની લેવું તે વધુ પડતું છે. કારણ કે સસ્પેન્શન ઓર્ડર રદ કરવામાં આવે છે તેવુ જણાવવામાં આવે અને તેની જાણ કામદારને થાય તેવો અર્થ જ એ થાય કે, કામદારની ફરજ શરું થઇ જાય છે. પરંતુ તે બાબત પણ મજુર અદાલતના ધ્યાનમાં આવી નથી. હવે કોઇ ગેરકાયદેસર હુકમ હોય તો પડેલા દિવસોના પગારનો અધિકાર જયારે કામદાર એમ કહે કે, પોતે વચ્ચેના સમયમાં બેકાર રહયા છે અને કયાંય કામ મળ્યું નથી અને તેના સામા પક્ષે સંસ્થા કામદારને કોઇપણ જગ્યાએ કામ મળ્યું છે તેવું પુરવાર કરવામાં નિષ્ફળ જાય ત્યારે ઉભો થાય છે, પરંતુ આ કામમાં આવો કોઇ પુરાવાનો અંશ પણ રજુ થતો નથી. કામદારના પોતાના પક્ષે પણ આ અંગે આંક-રર ની જુબાનીમાં એકપણ વાકયમાં રજુઆત નથી. તે સંજોગોમાં મજુર અદાલતે પોતે પણ વચ્ચેના સમયમાં કામદારે કોઇ કામ મેળવવા પ્રયત્ન કર્યો છે કે કામ મળ્યું નથી તેવો પુરાવો આવેલ છે કે તેવી કોઇપણ બાબતનું તારણ જ આપ્યું નથી અને સસ્પેન્શન હુકમ ગેરકાયદેસર છે તેટલા માત્રથી વચગાળાના સમયનો પગાર મેળવવા કામદાર હકદાર છે તેવું ઠરાવેલ છે. આ સંજોગોમાં આ બાબતનો નિર્ણય પુરાવા ઉપર આધારીત એવો ગણી શકાય તેમ નથી. એક મહત્વનો પ્રશ્ન એ છે કે, સસ્પેન્સનનો હુકમ રદ કરવામાં આવ્યો છે, તો માત્ર કામદારોને જાણ છે કે નહિ તેટલા મુદ્દા ઉપર સસ્પેન્સનના હુકમનું અસ્તીત્વ છે કે નહિ તે નક્કી કરી શકાશે. એટલે મજુર અદાલતે જે હુકમને ગેરકાયદેસર ઠરાવ્યો છે તે હુકમ વિનંતીપત્ર આપ્યો તે સમયે, અરજી દાખલ થઈ તે સમયે ખરેખર અસ્તીત્વમાં છે ખરો ? કારણ કે રેકર્ડ પર તે હુકમ તો રદ થઈ ગયો છે. પરંતુ કામદાર હોસ્પીટલમાં છે તેવું કહે છે અને પછી તેને કયારે હોસ્પીટલમાંથી રજા આપી અને કયારે તેણે કંપનીને જાણ કરી કે હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે તેવી કોઈપણ બાબત તો કામદાર પોતે જણાવતા નથી. આ સંજોગોમાં માત્ર કામદારને જાણ નથી એટલે સસ્પેન્શનનો હુકમ અસ્તીત્વમાં છે તેવું કહી શકાશે ? માની લો કે અરજી દાખલ થઈ ત્યાં સુધી કામદારને જાણ નથી પણ જવાબ રજુ થયો અને દસ્તાવેજો આવ્યા ત્યારે કામદારને અને કોર્ટને સસ્પેન્શન હુકમ રદ કરવામાં આવેલ છે તેણી જાણ થયેલી ગણાય કે કેમ ? આ રીતે વિચારીએતો એ બાબત સ્પષ્ટ થશે કે, જે ઘડીએ કંપની સસ્પેન્શનનો હુકમ રદ કરે ઘડીએ સસ્પેન્શનના હુકમનું અસ્તીત્વ રહેતું નથી અને કામદારને જયારે પણ ખાતાકીય તપાસમાં તે હાજર થાય ત્યારે તે બાબતની જાણ થાયજ અને તપાસમાં તે તારીખ ૧૧-૫-૯૧ના પત્ર પછી હાજર થયેલા છે તેવું તેમણે પોતે જણાવેલ છે અને તે સમયે તેમને શું પ્રક્રિયા થઈ છે તેની જાણ ન થાય તેવું માની લઈ શકાય નહિ. એટલું જ નહિ કામદાર જાતે પણ તે બાબતમાં પુછી શકે છે કે તપાસમાં શું થવાનું છે અને તેનો જવાબ રજુ કરી શકે છે, તે સંજોગોમાં સસ્પેન્શનનો હુકમ રદ થાય એટલે આપોઆપ કામદારે પોતાની ફરજ પર હાજર થઈ જવાનું હોય, પરંતુ તેમ છતાં એમ માનીએ કે, હાજર થઈ જવા માટે પત્ર લખવામાં નથી આવ્યો પણ સસ્પેન્શનનો હુકમ રદ

INDEX

થયેલ છે તો જે હુકમ રદ થઇ ગયો છે તેનું અસ્તીત્વ ગણાશે ખરું ? તે પ્રશ્નનો જવાબ નકારમાં આવે અને જે હુકમનું અસ્તીત્વ ન હોય તે હુકમ કાયદેસર કે ગેરકાયદેસર ઠરાવવાનો પ્રશ્ન મજુર અદાલત પાસે રહે ખરો ? તેનો જવાબ પણ નકારમાં આવે. આ સંજોગોમાં જયારે જે હુકમને ગેરકાયદેસર ઠરાવવા માટે અરજી કરવામાં આવી છે તે હુકમનું અસ્તીત્વ ન હોય ત્યારે કોઝ ઓફ એકશન તે હુકમને ગેરકાયદેસર ઠરાવવા માટે ઉભું થતું હોય તેમ કહી શકાશે નહિ અને તે સંજોગોમાં મજુર અદાલતનો હુકમ કોઈ પણ કોઝ ઓફ એકશન વિનાની અરજી ઉપર થયેલ ગણાય અને પરીણામે રદ થવા પાત્ર ગણાય. અરજદારની અરજીના પેરા-૮(૧)માં માગેલ દાદ આપવામાં આવે તો જે હુકમ રદ કરવામાં આવ્યો છે અને અસ્તીત્વમાં નથી તે રદ કરતો હુકમ અદાલતે કરવો તેવી દાદ આપવાનો પ્રસંગ ઉભો થાય. આ સંજોગોમાં મજુર અદાલતનો આ હુકમ ટકી શકે તેમ નથી. મજુર અદાલત સમક્ષ ટર્મીનેશનસ અરજી કરવામાં આવી છે. પરંતુ પેન્ડીંગ ઈન્કવાયરી સસ્પેન્શન એ ટર્મીનેશન નથી અને અરજદારની અરજીનું પ્લીડીંગ પણ એમ કહે છે કે, સામાવાળાએ કલમ-૪૬ મુજબનો ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. આમ ટી. અરજી તરીકે આ અરજી રકર્ડ પર લેવામાં પણ અદાલતે ભુલ કરેલ છે, જેની નોંધ લેવી જોઈએ.

ઉપરોકત તમામ સંજોગોમાં મજુર અદાલતનો હુકમ કાયદેસર ટકી શકે તેમ નથી અને મજુર અદાલતનું પ્લીડીંગ, તેના સમક્ષના દસ્તાવેજી પુરાવાઓ અને મૌખીક રજુઆતને સમજવામાં અને મુલવવામાં ભુલ કરી છે અને તે જ રીતે કાયદાની મુળભુત અને પ્રતિજ્ઞાત્મક જોગવાઈઓને પણ તેના અર્થઘટનની દષ્ટિએ સમજવામાં ભુલ કરી છે. તે સંજોગોમાં આ હુકમ ટકી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર છે, તેથી આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેછે.

હુકમ

મજુર અદાલતે તેના સમક્ષની ટી. અરજી નં. ૩૭૬/૯૧ના કામમાં આંક-૫૮થી આપેલ ચુકાદા સામેની આ અપીલ મંજુર કરવામાં આવે છે અને સદર ચુકાદો કાયદાની મુળભુત અને પ્રતિજ્ઞાત્મક જોગવાઈઓથી ભુલ ભરેલો હોઈ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તા. ૧૯મી ઓગસ્ટ, ૨૦૦૨.

પી. આર દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XLIII] THURSDAY OCTOBER 3, 2002 / ASVINA 11, 1924 [No: 40

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I,
IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act
and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૦૦૨-૧૧૭-આઈડીએ-૨૦૦૧-૭૯૫-મ-(૪).-ગુજરાત સરકારના અને રોજગાર વિભાગના તા. ૨૭મી માર્ચ ૨૦૦૧ના હુકમ ક્રમાંક કેએચઆર-૨૦૦૧--આઈડીએ-૨૦૦૧-૭૯૫-મ-૪,થી ડાયમંડ કાર્બન એન્ડ ગ્રેફાઈટ પ્રોડક્ટસ લી.,

જી.આઈ. ડી.સી. એસ્ટેટ, મહેસાણા અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેના વિવાદનો ઔદ્યોગિક તકરાર અમદાવાદ ખાતેના ઔદ્યોગિક ન્યાયપંચને તેના ન્યાય નિર્ણય અર્થે લખી મોકલેલ.

સ્પેશીયલ સીવીલ અપ્લીકેશન ૪૦૩૭/૨૦૦૧માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તારીખ ૩જી નવેમ્બર ૨૦૦૧ના ઓરલ ઓર્ડરને ધ્યાને લઈ ઉકત તકરાર તેના ન્યાય નિર્ણય અર્થે અમદાવાદ ખાતેના ઔદ્યોગિક ન્યાયપંચ ખાતે અનિર્ણિત રહેલ કેસની કાર્યવાહી પાછી ખેંચે છે અને આ હુકમની તારીખથી નિકાલ કરવા માટે મજુર અદાલત, કલોલને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

મનોહર રાઠોડ

સેકશન અધિકારી

આંક-૧૩

ઔદ્યોગિક અદાલત દ્વારા

શ્રી પી. આર. દવે સાહેબ, સુરત સમક્ષ.

અપીલ (આઈ. સી.) નં. ૧૦/૨૦૦૦

એપેલન્ટ ;

શ્રી રવિન્દ્ર ટી. એસ.,
પ્લોટ નં. ૨૧૧, દક્શેશ્વર નગર,
પાંડેસરા-૩૭૪૨૨૧, સુરત શહેર.

વિરુદ્ધ

રીસ્પોન્ડન્ટ.

ધી મેનેજર એન્ડ ચીફ એકઝીકયુટીવ,
ધી સુરત ઇલેકટ્રીસીટી કંપની લીમીટેડ,
સ્ટેશન રોડ, સુરત શહેર. - ૩૯૫૦૦૩.

બાબત :- સુરતની બીજી મજુર અદાલત દ્વારા તેના સમક્ષની ટી. અર નં. ૨૪૯/૯૨માં તા. ૧૫-૪-૨૦૦૦ના રોજ આપવામાં આવેલ ચુકા સામે બી.આઇ.આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે જાતે
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી પી. એન. શેઠ.

[illegible]

[illegible] અપેલન્ટ (જેને હવે પછી અ[illegible]

[illegible] રીસ્પોન્ડન્ટ (જેને હવે પછી સા[illegible]

આપશે) સામે બી.આઇ.આર. એકટની કલમ-૮૭ હેઠળ આ અપીલ રજુ કરી સુરતની બીજી મજુર અદાલતે તેના સમક્ષની ટી.અરજી નં. ૨૪૯/૯૨ ના કામમાં તા. ૧૫-૪-૨૦૦૦ના રોજ આપેલ ચુકાદાને રદ કરી અને અપીલ મંજુર કરી તેમાં યોગ્ય હુકમ કરવા દાદ માંગવામાં આવી છે. આ અપીલની હકીકત એવી છે કે, અરજદાર કામદારે સુરતની મજુર અદાલતમાં ટી. અરજી નં, ૨૪૯/૯૨ રજુ કરી એવી રજુઆત કરેલી કે તેમને સામાવાળા સંસ્થા દ્વારા તા. ૧૫-૫-૧૯૯૧ના હુકમથી ટ્રેઇની આસીસ્ટન્ટ લીગલ ઓફિસરતરીકે નિમણુંક આપવામાં આવેલી અને તે પત્રમાં અરજદાર એક વર્ષ પૂરૂં કરશે તેવું જણાવવામાં આવેલું, અને સામાવાળાએ તા. ૧-૪-૧૯૯૨ થી ગેરકાયદેસર રીતે ટ્રેઇની પાછી ખેચી લીધેલ છે, જે ગેરબંધારણીય અને બી.આઇ.આર. એકટ મુજબ ગેરકાયદેસર તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ છે, તેમજ કંપનીના સ્ટેન્ડીંગ ઓર્ડરસ વિરૂધ્ધ છે અને તેથી તેને ગેરકાયદેસર જાહેર કરવું જોઇએ, આ ટી. અરજી ગુણદોષ ઉપર ચલાવ્યા પછી સુરતની બીજી મજુર અદાલતે તા. ૧૫-૪-૨૦૦૦ના ચુકાદાથી રદ કરેલી છે તેનાથી નારાજ થઇ આ અપીલ નીચેના કારણોસર કરવામાં આવી છે.

કારણો

(૧) મજુર અદાલતનો ચુકાદો કાયદો તેમજ પુરાવા અને સંભાવનાની તુલના વિરૂધ્ધ છે.

(૨) મુદ્દાઓ વિશેનું મજુર અદાલતનું ફાઇન્ડીંગ ભુલ ભરેલું છે અને રેકોર્ડ પરના પુરાવા તથા હકીકતોને લાગુ પડતી કાયદાની પરિસ્થિતિ અંગે અયોગ્ય મુલ્યાંકનના કારણે રદ થવા પાત્ર છે.

(૩) આધારભુત અને યોગ્ય પુરાવાને વિચારણામાં લેવામાં મજુર અદાલત નિષ્ફળ ગયેલ છે.

(૪) અરજદાર કામદારની તકરાર, પુરાવો અને રજુ થયેલ જજમેન્ટના મુલ્યાંકનમાં મજુર અદાલતે ગંભીર ભુલ કરી છે.

(૫) અરજદાર બી.આઇ.આર. એકટની કલમ-૨ (૧૩) મુજબ એમ્પ્લોઇ નથી તેવું મજુર અદાલતનું તારણ ભુલ ભરેલું છે.

(૬) મજુર અદાલત અરજદાર કામદારે રજુ કરેલી કાયદાકીય પરિસ્થિતિને વિચારણામાં લેવામાં નિષ્ફળ ગઇ છે.

(૭) મજુર અદાલતનો ચુકાદો અધુરી ચર્ચા અને ધારણા તથા અનુમાન પર આધારીત છે, જેથી રદ થવા પાત્ર છે.

(૮) મજુર અદાલતનો ચુકાદો હકીકતો અને કાયદા બંને રીતે જોતા ભુલ ભરેલો છે.

(૯) મજુર અદાલત અરજદાર કામદારે રજુ કરેલા ચુકાદાઓ કામદારની તકરારને લાગુ પડતા હોય તેમ નોંધવામાં નિષ્ફળ ગઇ છે.

(૧૦) મજુર અદાલત અરજદાર કામદારના સાચા, જરુરી અને યોગ્ય પુરાવાને મુલવવામાં નિષ્ફળ ગઇ છે.

(૧૧) એપેલેન્ટનો કેસ લેબર લો રીપોર્ટર ૨૦૦૦ પાના ૪૭૩ વી. પી આહુજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ માંના કેસના જેવો જ છે.

(૧૨) મજુર અદાલત સામાવાળા સંસ્થાના અપ્રસ્તુત પુરાવાથી દોરવાઇ ગઇ હોય અને કામદારની રજુઆત ગ્રહણ કરવામાં નિષ્ફળ ગઇ હોય તેવું લાગે છે.

(૧૩) મજુર અદાલતનો ચુકાદો કમજોર સમજ અને કેસમાં સંબંધીત મુદ્દાઓ પ્રત્યે નોનોએપ્લીકેશન ઓફ માઇન્ડના પરિણામના કારણે છે.

(૧૪) મજુર અદાલતના ચુકાદામાં કામદારની કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી ગેરકાયદેસર છુટા કરવામાં આવ્યા છે તે મહત્વની બાબતની અવગણા કરવામાં આવી છે.

(૨) આ અપીલ સાથે મજુર અદાલતના વાદગ્રસ્ત ચુકાદાની નકલ રજુ કરવામાં આવી છે.

આ અદાલતે આ અપીલ પર રીસ્પોન્ડન્ટને નોટીસ કરેલ છે તેમ મજુર અદાલતનું તેના સમક્ષની ટી. અરજી નં. ૨૪૯/૯૨ માંનું રેકોર્ડ મંગાવેલ છે, જે આ અપીલના કામમા સામેલ છે.

(૩) આ કામમાં રીસ્પોન્ડન્ટ તરફે તેના એડવોકેટ શ્રી પી. એન. શેઠ હાજર થયા છે.

(૪) આ કામમાં એપેલેન્ટ તરફથી જાતે પોતાના કેસમાં દલીલ કરવામાં આવી છે, જયારે રીસ્પોન્ડન્ટ તરફથી શ્રી પી.એન. શેઠને સાંભળવામાં આવ્યા છે.

(૫) એપેલેન્ટ, અરજદાર કામદારે તેની દલીલમાં લેબર કોર્ટ સમક્ષની તેની અરજીની હકીકતોનો પુનોરોચ્ચાર કરતા એવી રજુઆત કરી છે કે, સામાવાળા સંસ્થા દ્વારા આપવામાં આવેલી જાહેરાતોના અનુસંધાનમાં અરજદારે અરજી કરેલી અને આસીસ્ટન્ટ લીગલ ઓફિસરની જગ્યા પર તેમને એક વર્ષની ટ્રેઇની માટે પસંદ કરવામાં આવ્યા હતા અને ૧-૬-૯૧ થી ૩૧-૩-૯૨ સુધી તેઓ સળંગ સર્વિસમાં છે તેમ માનવું જોઇએ અને તેઓ તેમની તાલીમ પુરી કરવાના નજીક હતા તે દરમ્યાન ટ્રેઇની પુરી થવા દેવાના બદલે કુદરતી ન્યાયના સિધ્ધાતોનો ભંગ કરી સામાવાળા સંસ્થાએ તેમની ટ્રેઇની અધવચ્ચે પાછી ખેંચી લીધી જે આંક-૪૨ ના તા. ૩૦-૩-૯૨ ના હુકમથી જણાય છે. કામદારની એવી પણ રજુઆત છે કે પોતે બદલાયેલા સમય બાબત નિયમ અને કાયદાની રજુઆત કરી હોય તે અંગે

INDEX

તેમને સાંભળ્યા વિના ટ્રેઇનમાંથી પાછા ખેંચવામાં આવ્યા છે અને મજુર અદાલતના ચુકાદામાં તેઓ બી.આઇ.આર. એકટની કલમ-૩ (૧૩) મુજબ કામદાર અંગે નહિ તેવું માનવામાં આવ્યું છે પરંતુ તેમને પ્રોબેશન પર ગણવા જોઇએ અને ૬ મહિનાનો સમય પુરો થતાં સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ તેઓ કામદારની કેટેગરીમાં કાયમી બને. ઉપરાંત એપોઇન્ટમેન્ટ લેટરની જે શરતો મુકવામાં આવેલી છે તે કાયદાની જોગવાઇઓ વિરૂધ્ધની છે, તેમજ કલેરીકલ કામ તેઓ કરતાં હોય અને સ્ટેન્ડીંગ ઓર્ડરની એમ્પ્લોઇની વ્યાખ્યા મુજબના એમ્પ્લોઇ હોવાથી માલિક નોકરના સંબધોનું અસ્તિત્વ છે અને ૩૦૦ દિવસની વધુ તેમની નોકરી થયેલ છે તે રીતે પણ ૨૪૦ દિવસથી વધુ નોકરી થઇ હોય તેમને કાયદાની પ્રોસીજરને અનુસર્યા સિવાય છુટા કરી શકાય નહિ તેમજ એક વર્ષ સુધી ટ્રેઇની પુરી કરવી જોઇશે તેવી શરત સામાવાળાએ રાખેલી હોય તો અરજદારને તે સમય પુરો કરવા દેવો જોઇએ અને તે સમય પહેલા છુટા કરી શકાય નહિ, તે સંજોગોમાં આ તમામ બાબતને મજુર અદાલતે ધ્યાનમાં લીધેલ નથી, મજુર અદાલત સમજી શકેલ નથી, મજુર અદાલતે માઇન્ડ એપ્લાય કર્યુ નથી અને અરજદારે રજુ કરેલા ચુકાદા અંગે મજુર અદાલતે કોઇપણ પ્રકારની ચર્ચા તેના જજમેન્ટમાં કરેલી નથી, તેથી તે જજમેન્ટ રદ કરવું જોઇએ. એપેલન્ટે નીચલી કોર્ટમાં જજમેન્ટ રજુ કર્યુ છે અને તે લાગુ પડે છે તેવું જણાવવા સાથે આ અદાલત સમક્ષ નીચેના ચુકાદાઓની નકલો રજુ કરેલ છે.

(૧) ૨૦૦૦ એલ. એલ. આર. ૪૭૩ (સુપ્રિમ કોર્ટ)
વી.પી. આહુજા
વિરૂધ્ધ
સ્ટેટ ઓફ પંજાબ

(૨) ૧૯૭૩ (૨) એલ.એલ. જે. ૪૯૫ (સુપ્રિમ કોર્ટ)
સીલ્વર જયુબીલી ટેલરીંગ હાઉસ
વિરૂધ્ધ
ચીફ ઇન્સ્પેકટર

(૩) ૧૯૯૪ (૧) ગુજરાત લો રીપોર્ટ, ૫૭૯
ગ્રામ પંચાયત, દામનગર
વિરૂધ્ધ
શરદકુમાર ટી. આચાર્ય

(૪) ૨૦૦૧ (૨) જી. એલ. આર. ૧૨૪૮
સુરત મહિલા નાગરિક સહકારી બેંક લી.,
વિરૂધ્ધ
મમતાબેન મહેન્દ્રભાઇ જોષી.

(૬) શ્રી પી.એન. શેઠ, એડવોકેટ તરફથી તેમની દલીલમાં એ વાત પર ભાર મુકવામાં આવ્યો કે કામદારની અરજીમાં એક ચોકકસ પોસ્ટનો ઉલ્લેખ છે અને તે પોસ્ટને માટે માંગણી છે જેના માટે તે ઇન્ટરવ્યુ પછી ટ્રેઇની માટે પસંદ થયેલા છે અને તે ટ્રેઇની ૧ વર્ષની હતી, જે દરમ્યાન તેમને પોસ્ટમાં કાયમી કરવા જોઇએ કે ન કરવા જોઇએ તે ઉપસ્થિત થતો નથી અને કોઇ ચોકકસ જગ્યા પર તેમનો અધિકાર પ્રસ્થાપિત થતો નથી, ત્યારે એપેલન્ટનો કેસ એવો છે કે, સામાવાળાએ તેમને ટ્રેઇનીમાંથી ગેરકાયદેસર રીતે પાછા ખેંચેલા છે. શ્રી શેઠે એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યું કે ટ્રેઇની આસીન્ટન્ટ લીગલ ઓફિસર અંગેનો આંક-૩૬નો નિમણૂંક જોઇએ તો તેનો પારા-૧ સ્પષ્ટ રીતે એ બાબત દર્શાવે છે કે ટ્રેઇની ફેસેલીટી ભાવિ નોકરીની કોઇ ખાતરી આપતી નથી અને સફળતાપૂર્વક ટ્રેઇની પુરી કરે તો જયારે જગ્યા ભરવાની હોય ત્યારે માત્ર પસંદગી સમયે તેને વધારે તરફેણ કરવામાં આવે અને પારા-૨ ની શરત પણ બહુ સ્પષ્ટ છે કે ટ્રેઇની માટે કંપનીએ આપેલી પરમીશન કંપની ગમે ત્યારે નોટીસ આપ્યા વિના કે કારણ આપ્યા વિના પાછી ખેંચી શકે છે અને તે માટે કંપનીને ડિસ્ક્રેશન તે બાબતમાં છે તેમજ ટ્રેઇની કોઇ સંજોગોમાં કામદારની વ્યાખ્યામાં આવતા નથી અને તે સંજોગોમાં બી.આઇ.આર. એકટ મુજબના કામદાર ન હોય તે કાયદા હેઠળ એપેલન્ટની અરજી ટકી શકે તેમ ન હોય મજુર અદાલતનો તે અંગેનો હુકમ સંપૂર્ણ રીતે કાયદેસરનો અને ન્યાયી છે તેમની દલીલોની સમર્થનમાં શ્રી શેઠે નીચેના ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે.

(૧) ૧૯૮૩ (૧) એલ.એલ.જે. ૪૬૫
તુંગભદ્રા સુગર વર્કસ (પ્રા.) લી.,
વિરૂધ્ધ
લેબર કોર્ટ મેગ્લોર

(૨) ૧૯૯૨ લેબ. આઇ.સી. ૨૩૭૦ (ગુજરાત)
પટેલ પ્રવિણકુમાર સોમનાથ
વિરૂધ્ધ
ગુજરાત સ્ટેટ લેન્ડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી.

(૩) ૧૯૮૫ (૧) એલ.એલ.જે. ૪ (સુપ્રિમ કોર્ટ)
ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયાના કામદારો
વિરૂધ્ધ
ફુડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા.

(૪) ૧૯૯૬ (૨) સી.એલ. આર. ૪૭૨ (કેરાલા)
અચ્યુતન
વિરૂધ્ધ
બાબુ

(૫) ૧૯૯૮ (૨) એલ.એલ.જે. ૮૭૭ (દિલ્હી)
કમલકુમાર
વિરૂધ્ધ
પ્રીસાઇડીંગ ઓફિસર

(૬) એ.આઇ.આર. ૧૯૭૬ (સુપ્રિમ કોર્ટ) ૬૬
ઇ.એસ.આઇ. કોર્પોરેશન
વિરૂધ્ધ
ટાટા એન્જીનીયરીંગ એન્ડ લોકોમોટીવ કંપની લી.

આ ચુકાદાઓનો ઉલ્લેખ કરતા શ્રી શેઠે એ બાબત તરફ પણ ધ્યાન દોર્યું છે કે અરજદારનું કામ મેન્યુઅલ, ટેકનીકલ, કે કલેરીકલ પ્રકારનું કામ કહી શકાય તેમ નથી.

(૭) શ્રી શેઠની દલીલોનો જવાબ આપતા એપેલન્ટે એ બાબત ફરી રજુઆત કરી કે હું એપ્રેન્ટીસ નહિ પણ ટ્રેઇની તરીકે હતો અને એપ્રેન્ટીસ અને ટ્રેઇની વચ્ચે તફાવત છે, ઉપરાંત અહીંયા માલિક નોકરના સંબંધનું અસ્તિત્વ છે અને કલેરીકલ કામ કરતો હોવાથી અને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇ લાગુ પડતી હોય તે મુજબ કામદારની વ્યાખ્યામાં સમાવેશ થાય છે, ઉપરાંત ૩૦૦ દિવસથી વધુ નોકરી કરી હોય રીટ્રેન્ચ કરવામાં જે શરતોનું પાલન કરવું જોઇએ તે ન કરવાથી ગેરકાયદેસર છટણી ગણાય, કંપનીએ વચન ભંગ કરેલ છે, કારણ કે ટ્રેઇની પૂરી કરવા દેવી જોઇએ તે પૂરી કરવા દીધી નથી.

(૮) આ કામમાં મજુર અદાલતના હુકમમાં મજુર અદાલતે એપેલન્ટને બી.આઇ.આર. એકટની વ્યાખ્યા મુજબના કામદાર ગણેલા નથી અને તે રીતે તેમજી અરજી ટકી શકે તેમ નથી તે મુદ્દાં પર અરજી રદ કરી છે કે તેને અપીલમાં પડકારવામાં આવેલ છે અને સાથે જ અપીલમાં એપેલેન્ટ કામદારે એવી રજુઆત કરી છે કે, કામદારે ઉઠાવેલા મુદ્દાઓ અને રજુ કરેલા પુરાવાઓ તથા ચુકાદાઓ લેબર કોર્ટ ધ્યાનમાં લીધા નથી અને તેની ચર્ચા કરી નથી, ઉપરાંત મૌખિક રીતે અરજદારે એવી પણ રજુઆત કરી છે કે, સંસ્થાએ તેમને છુટા કરતા પહેલા ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કલમ-૨૫ (૧) નું પાલન કરેલ નથી અને ૨૫ (જી) તથા ૨૫ (એચ) ની જોગવાઇઓનું પણ પાલન કરેલ નથી. આ રજુઆતના

સંદર્ભમાં મજુર અદાલતનો વાદગ્રસ્ત ચુકાદો કાયદેસરનો છે કે કેમ અને તેમાં પ્લીડીંગના અનુસંધાનમાં રજુ થયેલા પુરાવાઓનું મજુર અદાલતે યોગ્ય મુલ્યાંકન કરેલ છે કે કેમ અને તે મુલ્યાંકનના આધારે કાયદાની જોગવાઇઓ લાગુ પાડી નિર્ણય કરેલ છે કે કેમ તે દૃષ્ટિકોણથી આ કામનું રેકોર્ડ તપાસીએ તો કામદારની પોતાની અરજીમાં એ વાત સ્વીકારવામાં આવી છે કે, તેઓ ટ્રેઇની આસીસ્ટન્ટ લીગલ ઓફિસર તરીકે પસંદ થયેલા અને તા. ૧૫-૫-૯૧ ના રોજ તેમને નિમણૂંક પત્ર આપવામાં આવેલ. આ નિમણુંક પત્ર આંક-૩૬ પર રજુ થયેલો નથી અને તે બંને પક્ષે સ્વીકૃત છે. મજુર અદાલત સમક્ષ જે પ્રથમ આધાર વિવાદ નક્કી કરવા માટે આવેલો ગણાય તે આ નિમણૂક પત્ર છે. હવે મજુર અદાલતે પણ તેના ચુકાદાના પારા-૭માં આ નિમણૂંક પત્રની ચર્ચા કરેલી છે અને તેનો આધાર લીધેલો છે અને તે બાબત સ્પષ્ટ કરી છે કે આ નિમણૂંક પત્રમાં ભવિષ્યમાં નોકરીની ગેરંટી નથી તેમજ ટ્રેઇની ગમે ત્યારે વિદ્રોહ કરવાની વગેરે બાબતો જણાવેલ છે. હવે નિમણૂંક પત્રના અનુસંધાનમાં જો સંસ્થા ટ્રેઈની વિદ્રોહ કરે તો તે કાયદેસરનું ગણાય નહિ. આ રીતે નિમણૂંક પત્ર જોતા તે માત્ર ટ્રેઇની બાબતનો જ છે, નોકરી આપતો હુકમ નથી, એટલે કે આ ટ્રેઇની એ નોકરી નથી કે જેમાં અરજદાર નોકરીમાં હોય તેવા ‘કામદાર’ હોય અને માલિક સાથે તેની નોકરીની સ્પષ્ટ ગર્ભિત શરતો હોય. આ સંજોગોમાં જયારે અરજદારને નોકરીમાં જ લેવામાં આવ્યા નથી, ત્યારે મજુર અદાલત સમક્ષ તે ‘કામદાર’ પુરવાર થવાનો પ્રશ્ન રહેતો નથી, તેમ છતાં વધુમાં મજુર અદાલતે બી.આઇ.આર. એક્ટની કલમ-૨ (૧૩) અંગે ચર્ચા કરી તેના સંદર્ભમાં અરજદારને ‘કામદાર’ ગણી શકાશે કે કેમ ? તે ચકાસવા પ્રયતન કરેલ છે. હવે તે કલમ જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે નોકરીની શરતો હોવી જોઇએ. ઉપરાંત ટેકનીકલ, કારકુની, સ્કીલ્ડ કે અનસ્કીલ્ડ, મેન્યુઅલ કામ હોય તો તે કરનાર ‘કામદાર’ની વ્યાખ્યામાં આવે. મજુર અદાલતે કામદારની જુબાનીમાંથી તેની કામગીરી અંગેનો ભાગ નોંધ્યો છે, જેમાં આવી કામગીરી અરજદાર કામદારની નથી, તેવું જણાય છે, તેમ પણ નોંધ્યું છે. જે સંજોગોમાં મજુર અદાલતે પુરાવાના મુલ્યાંકનમાં ભુલ કરેલ હોવાનું જણાતું નથી. મજુર અદાલતે તે પણ નોંધ્યું છે કે, રૂા. ૧૮૦૦/- સ્ટાઇપેન્ડ કામદારને ચુકવવામાં આવતું, તેનો વેજીઝ ની વ્યાખ્યામાં સમાવેશ ન થાય. આ બાબત પોતે ‘કામદાર’ ન ગણાય તેવી અનુભૂતિ ઉંડે ઉંડે અરજદારને પણ થતી હશે, તેથી તેણે, ઉલટ તપાસમાં પાના-૩ માં નીચેના ભાગમાં નોંધ્યું છે તેમ, ‘‘હું બી.આઇ.આર. એક્ટ પ્રમાણે કામદારની વ્યાખ્યામાં આવતો નથી, એ વાત ખરી છે’’ તેમ કહ્યું છે તે પછી તે કંપનીના એમ્પ્લોઇ હોવાનું જણાવે છે. આમ ‘કામદાર’ બી.આઇ.આર. એક્ટમાં જણાવેલ વ્યાખ્યામાં આ કામદારનો સમાવેશ થતો નથી, તેથી મજુર અદાલતને તેની અરજી ચલાવવા બી.આઇ.આર. એક્ટ હેઠળ હકુમત જ રહે નહી.

(૯). એપેલન્ટે ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પયુટ એક્ટની કલમ-૨૫ (એફ), ૨૫ (જી) અને ૨૫ (એચ) નો તેની અરજીમાં ઉલ્લેખ કરેલ છે અને ૩૦૦ દિવસ થઇ ગયા હોવાથી તે મુજબની કાર્યવાહી

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 40, *Gujarat Government Gazette,* Part I—L, dated 3rd October, 2002, and for pages VAD-14075 to VAD-14456 (in 1 set) *read* page Nos. 19000 to 19381.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૩જી ઓકટોબર ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૪૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૪૦૭૫ થી વીએડી-૧૪૪૫૬ (૧ બંચમાં) ને પાન નંબર ૧૯૦૦૦ થી ૧૯૩૮૧ વાંચવા.

Vadodara, 3rd October, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

અને હવે, ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-(૧)ની કલમ- ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ (૧૦)ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એમ. વી. જાડેજા, મદદનીશ મજુર કમિશનર, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર-૮૨/આઇડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામદારશ્રી નાનજી જેરામભાઇને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૧.

એમ. વી. જાડેજા,
મદદનીશ મજુર કમિશનર,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૧/૧૫૩૬.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી મા. પુ. અને ગ. વ્ય. બોર્ડ, રાણાવાવ, (૨) કાર્યપાલક ઈજનેરશ્રી મા. પુ. અને ગ. વ્ય. બોર્ડ, પોરબંદર અને તેના કામદારશ્રી રામા ગોવિંદ વરૂ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.એસ.એચ./આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮ - ૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાંથે પેટ-વિભાગ (૧) કલમ ‘સી.- વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્ય વિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ ૧૦ ની પેટા-કલમ (૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી.પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી રામા ગોવિંદ વરૂને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY OCTOBER 10, 2002 / ASVINA 18, 1924 [No. 41

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

આંક-૧૪

ઔદ્યોગિક અદાલત દ્વારા

શ્રી પી. આર. દવે સાહેબ, સુરત સમક્ષ.

અપીલ (આઈ. સી.) નં. ૨/૨૦૦૦

શ્રી પ્રભુભાઈ અમથાભાઈ ખલાસી, **એપેલન્ટ ;**
ઠે. સુરત સિલ્ક લેબર યુનીયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
અજંટા ટોકીઝ પાસે, રીંગરોડ, સુરત.

INDEX

વિરૂધ્ધ

૧. માસ્તર સિલ્ક ફેકટરી, , **રીસ્પોન્ડન્ટ.**
પ્લોટ નં. પી-૪૯૭,
નવી જી.આઈ.ડી.સી. કતારગામ,
સુરત.

૨. બાલકૃષ્ણ સિલ્ક મિલ્સ,
પ્લોટ નં. પી.-૪૯૭,
નવી જી.આઈ.ડી.સી.
કતારગામ, સુરત.

બાબત :- સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની ટી. અરજી નં. ૧૦૨/૯૫ના કામમાં કરેલ આખરી હુકમ સામે બી.આઈ.આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :-એપેલેન્ટ તરફે શ્રી દીપકભાઈ પીપરોડીયા.
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી જે. એમ. પટેલ.

ચુકાદો

(૧) આ કામના એપેલેન્ટે બી.આઈ.આર. એકટની કલમ-૮૪ હેઠળ આ અપીલ રીસ્પોન્ડન્ટ (જેને હવે પછી માલિક કંપની તરીકે ઉલ્લેખવામાં આવશે) સામે કરી સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની એપેલેન્ટની ટી.અરજી નં. ૧૦૨/૯૫માં કામ ચલાવી તા. ૪થી જાનચ્આરી ૨૦૦૦ના રોજ અરજી રદ કરતો હુકમ એપેલેન્ટ વિરૂદ્ધ આપ્યો છે તે હુકમને રદ કરી માલિક કંપનીએ તેમને નોકરીમાંથી તારીખ ૮મી નવેમ્બર ૯૪થી કાઢી મુક્યા છે, તેવું ઠરાવી તેમને તમામ પાછલા પગાર સહિત અને અન્ય લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા દાદ માંગી છે. આ અપીલમાં આ પ્રમાણે હકીકતો જણાવવામાં આવી છે.

એપેલેન્ટ ટી. અરજી નં. ૧૦૨/૯૫ મજુર અદાલત સમક્ષ દાખલ કરી માલિક કંપનીએ તેમને તા. ૮મી નવેમ્બર ૯૪થી મૌખિક હુકમથી છુટા કર્યા, જે રદ બાતલ કરી ચાલુ સર્વિસે પડેલા દિવસોના ભરપાઈ પગારે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા હુકમ કરવા દાદ માંગેલી અને એવી રજુઆત કરેલી કે તેમના કોઈપણ જાતના ગુના વગર તથા કોઈપણ જાતની લેખિત નોટીસ આપ્યા વગર તેમજ સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈ મુજબ તથા બી.આઇ.આર. એકટ મુજબ ન્યાય કે તપાસ કર્યા વગર મૌખિક હુકમથી જીતુભાઈ શેઠ તથા સંજયભાઈ શેઠે નોકરીમાંથી કાઢી મુકેલા જે અંગે એપેલેન્ટે તા. ૧૧-૧-૯૫નો એપ્રોચ લેટર માલિકને આપેલો, અને અરજી દાખલ કરેલ જે ચાલી જતાં સુરતની બીજી મજુર અદાલતના

INDEX

ન્યાયાધીશે એપેલેન્ટની અરજી રદ કરેલી જેથી નારાજ થઈ આ અપીલ કરવામાં આવી છે અને તેમાં નીચેના મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે.

(૧) નામદાર લેબર કોર્ટનો સદરહુ હુકમ ખરો નથી અને કાયદેસરનો નથી.

(૨) નામદાર કોર્ટને અરજદારના પ્લીન્ડીંગમાં અને જુબાનીમાં વિસંગતતાઓ દેખાઈ છે. જ્યારે સામાવાળાના પ્લીડીંગ અને જુબાનીમાંની વિસંગતતાઓ નજરે પડી નથી અને તેનો આધાર ટાંકીને આપેલ હુકમ ભુલ ભરેલ અને કાયદેસરનો ગણાય નહીં.

(૩) અરજદારની જુબાનીમાં સ્લીપ ઓફ ટંગને અરજદારની અરજી રદ કરવા જેટલું મહત્વ અપાયું છે. જ્યારે સામાવાળાની તેવી જ નામદાર લેબર કોર્ટ સમક્ષની અરજીઓ તેમણે કરેલી તેવી જ લેખીત ઈબારત-હકીકતને નજર અંદાજ કરીને નામદાર લેબર કોર્ટે ભુલ કરેલી છે.

(૪) સામાવાળાએ રજુ કરેલ લેખીત જવાબમાં કબુલ કરેલી હકીકતોની વિરૂદ્ધની મૌખિક જુબાની માન્ય ન રાખી શકાય તે નામદાર લેબર કોર્ટે માન્ય રાખીને અરજદારના કેસની જુબાનીને માન્ય ન રાખીને ભુલ કરેલ છે.

(૫) સામાવાળાએ જાણી બુઝીને આ કામમાં વખતો-વખત પ્રોડકશન માટે અરજીઓ આપીને તેમજ બચવાના સ્ટેજીસ બંધ કર્યા હતા, છતાં તેમને વખતો-વખત આપવી જોઈતી તકો આપીને પણ અરદારને ન્યાય બક્ષવામાં નામદાર લેબરકોર્ટે ભુલ કરેલી છે.

(૬) આંક-(૧૮) ની સામાવાળાની જુબાની અને ઉલટ તપાસમાં સામાવાળા નં. (૧) અને (૨) તરફે પોતાને વહીવટદાર ગણતા અને કહેતા એક જ કુટુંબના સામાવાળા નં. (૧) ના માલિક જીતેન્દ્ર મોહનલાલ માસ્તર અને સામાવાળા નં. (૨) ના માલિક સંજય જીતેન્દ્ર માસ્તર જેઓ બાપ-દીકરા છે. તેમાં દીકરાના આ ભાઈ સનત જીતેન્દ્ર માસ્તર બંને સામાવાળાઓ તરફે વહીવટદાર તરીકે જુબાની આપે છે. છતાં અરજદારની હકીકત કે બંને સામાવાળાઓની સંસ્થાઓ એક જ માલિકની છે અને એક જ છે, તેવી તેમની જુબાની નામદાર લેબરકોર્ટે ન માનીને ભુલ કરી છે. અને અરજદારને તેનાથી અન્યાય થયો છે.

(૭) આંક-(૧૮) ની સામાવાળાની અરજીમાં નવેમ્બર, ૧૯૯૮માં શહેર સુરતમાં ભારે રેલ આવેલ તેથી તેમની ફેક્ટરીના તમામ પત્રકો વગેરે તેમને સુરક્ષિત સ્થળે ફેરવેલ હતા, જે હાલમાં મળી આવેલ હોય તેમ જણાવતા પગાર પત્રકો અને રાજીનામાની પત્રની ઝેરોક્ષ વગેરે રજુ કરેલ છે. માટે અરજદાર રાજીનામું આપીને છુટા થયા છે એમ ગણવું જોઈએ, એવી રજુઆત અને દલીલ આ અપીલના જવાબમાં જણાવે ત્યારે પણ ગણી શકાય

INDEX

તેમ નથી કારણકે આંક ૧૭/૯ જે અરજદારના રાજીનામાની ઝેરોક્ષ કહેવાતી પ્રમાણિત નકલ રજુ કરી છે તેની અસલ રેલમાં તણાઈ ગઈ હોવાની વાત કોઈના ગળે ઉતરે તેવી અને ન માની શકાય એવી છે અને પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેવી દેખીતી છે અને તેવો સેકન્ડરી પુરાવો ઓન ધી કેઈસ ઓફ રેકોર્ડ બનાવટી જણાય છે તેવો દસ્તાવેજ માન્ય રાખી શકાતો નથી અને તે ગેરકાયદેસર ગણાતું હોય તેને નામદાર ઔદ્યોગિક અદાલત માન્ય રાખશે નહી, તેવી અરજદારની આથી અરજ છે.

(૮) આંક (૧૮) માં જણાવ્યા મુજબ સામાવાળાએ તેમના ચોપડાઓ વિગેરે સુરક્ષિત સ્થળે ફેરવ્યા હોવાનું જણાવેલ છે ત્યારે અને અરજદારની મૂળ અરજીની હકીકતમાં તેઓ તા. ૧-૧-૧૯૮૩થી સામાવાળા સંસ્થામાં વિવિંગ ખાતામાં નોકરી કરતા હતા, તેમ જયારે તેમને જણાવ્યું છે, ત્યારે લેબર કોર્ટ (પ્રેકટીશ અને પ્રોસીઝર) રૂલ્સ ૧૯૪૭ના રૂલ નં. ૩૬ હેઠળ નામદાર કોર્ટ સામાવાળાઓને ૧૯૮૩ થી શરૂ કરીને સામાવાળા પગાર પત્રકો, હાજરી પત્રકો, દુકાન ધારાના લાયસન્સ વિગેરે રજુ કરવા માટે સ્વયંમ હુકમ કરીને મુળ અરજીના કામમાં અરજદાર જેવા અબુધ કામદારને ન્યાય મળે તે સારૂ હુકમ કરીને તેમાંથી અરજદારની હકીકતની સત્યા-અસત્યાને પ્રકાશને લાવી શકતા હોય, તેમ ન કરીને પણ નામદાર લેબરકોર્ટએ મોટી ભૂલ કરી છે, જેથી અરજદારને અન્યાય થયો છે.

(૯) આંક (૧૮) ની સામાવાળાની જુબાનીમાં ઉલટ તપાસમાં તા. ૮-૧૧-૧૯૯૪નાં રોજ અરજદારની નોકરીમાંથી છુટા થવાનો બનાવ બનેલ ત્યારે તેઓ હાજર હતા એમ કહે છે જયારે સામાવાળાના આંક-૩નો લેખિત જવાબ પેરા (૫) માં તો તેવો કોઈ બનાવ બન્યો નથી. એમ પ્રતિપાદન થાય છે. તેમ છતા આવા વિરોધાભાસી પુરાવાને માન્ય રાખવામાં નામદાર લેબર કોર્ટે ભુલ કરેલી છે અને તેનાથી પણ અરજદારને અન્યાય થયો છે.

(૧૦) સામાવાળા નં. (૨) ને અરજદારનો એપ્રેચ લેટર આપેલ ન હોવાનું કાયદામાં ગણી શકાતું ન હોઈ તેવું નામદાર લેબર કોર્ટનું મંતવ્ય અને હુકમ ભુલ ભરેલ છે અને અન્યાય કરનારો છે જે પણ રદ્દ થવાને પાત્ર છે.

(૨) આ અપીલમાં રીસ્પોન્ડન્ટને નોટીસ બજાવવામાં આવતા તેઓ હાજર થયેલ છે અને આંક-૧૨થી તેમનો જવાબ રજુ કરેલ છે.

(૩) આ અદાલતે મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૧૦૨/૯૫નું રેકોર્ડ મંગાવેલ છે. જે અપીલમાં સામેલ છે.

(૪) આ અપીલમાં બંને પક્ષના પ્રતિનિધિઓની દલીલો સાંભળવામાં આવી છે.

INDEX

(૫) આ કામના એપેલન્ટના પ્રતિનિધિએ તેમના કેસની હકીકત રજુ કરીને એવી રજુઆત કરી છે કે બંને માલિક સંસ્થા એક જ છે અને તેથી જ બંનેના જવાબો સંયુક્ત રીતે આપવામાં આવ્યા છે અને તે બાબત નોંધપાત્ર છે કે, સંસ્થા જે રાજીનામુ મુળ કામમાં રજુ કરે છે તે અસલ નથી અને ઝેરોક્ષ છે તેમજ રાજીનામાની તા. ૧-૧૧-૧૯૯૪ છે જ્યારે સામાવાળા સાક્ષીની ઉલટ તપાસમાં છુટા થવાનો બનાવ તા. ૮-૧૧-૧૯૯૪ ના રોજ બન્યુ હોવાનું કહેવામાં આવ્યું છે, તે સંજોગોમાં રાજીનામુ આપ્યા હોવાનું આપવા નકાર થઈ જાય છે એપેલેન્ટ તરફથી એવી પણ રજુઆત કરવામાં આવી છે કે એપેલેન્ટ કામદારે આંક-૧ની અરજીમાં અને તેના વિનંતી પત્રમાં માસ્તર સિલ્ક ફેકટરી લખેલ છે પરંતુ બોલવામાં કદાચ મિલ્સ બોલાય ગયું હોય તો તેનાથી કામદારની અરજી રદ કરવા જેટલું વજન તેને આપી શકાય નહિ. એપેલેન્ટના પ્રતિનિધિએ એ બાબત પ્રત્યે અદાલતનું ધ્યાન દોરેલ છે કે, સામાવાળાએ દસ્તાવેજો રજુ કરતી અરજી આંક-૧૬માં તેમાં કામદાર પક્ષે વાંધો લખેલો છે અને દસ્તાવેજો રજુ કરવા દેવા કે ન દેવા તે સાંભળવા પર અરજી મુકવામાં આવેલી છે પરંતુ તે પછી તે અરજી પર હુકમ કરવામાં આવ્યો નથી અને રજુ થયેલા દસ્તાવેજોને પુરવાર થયેલા ગણીને આંકે પાડવામાં આવ્યા નથી તેમજ કામદારે સામાવાળા નં. ૧ સામે કેસ કર્યો છે અને જો રેકોર્ડને સાચું માનવામાં આવે તો સામાવાળાના સાક્ષી આંક-૧૮ની જુબાની મુજબ અરજદારે સામાવાળા નં. ૧માં નોકરી કરેલ છે અને તેના ૧૯૯૪ના પગાર પત્રકમાં અરજદારનું નામ છે જ્યારે સામાવાળા નં. ૨ ના પગાર પત્રકમાં તેનું નામ નથી અને આ સાહેદ બંને સંસ્થાના વહીવટકર્તા છે તે બાબત તેઓ પોતે કહે છે અને તેમના કહેવા પ્રમાણે તા. ૧-૧૧-૧૯૯૪ના રોજ હિસાબ આપેલ છે અને તે રાજીનામુ છે તો ઉલટ તપાસમાં ૮-૧-૧૯૯૪ છુટા થવાનો બનાવ શી રીતે બન્યો તેની સ્પષ્ટતા નથી એટલે કે તે બાબતમાં સામાવાળા ખોટું બોલે છે અને છુપાવે છે તે સંજોગોમાં કામદારની રજુઆતને સાચી માનવી જોઈતી હતી.

(૬) રીસ્પોન્ડન્ટના એડવોકેટ તરફથી ભારપૂર્વક એવી રજુઆત કરવામાં આવી છે કે હુકમના પારા-૫માં અરજદાર તરફથી દલીલો નોંધતા મજુર અદાલતે એ નોંધેલ છે કે, સામાવાળા નં. ૧માં કામદારે કામ કરેલ છે તેવો કેસ છે પણ સામાવાળા - ૧ માં માસ્તર સિલ્ક ફેકટરી છે જ્યારે કામદારને પુરાવો જોતાં માસ્તર સિલ્ક મિલ્સમાં કામ કરેલ છે અને તેને છુટા કરેલ છે, પરંતુ કામદારે માસ્તર સિલ્ક મિલ્સને વિનંતી પત્ર નથી તેવા કારણો અને પુરાવાને શા માટે માનવામાં આવે છે તે અંગેના કારણો મજુર અદાલતે કરેલ મૂલ્યાંકન કોઈપણ પ્રકારની ખામી રહીત છે એટલું જ નહિ જ્યારે મિલ્સમાં કામ કર્યુ છે અને ફેકટરી સામે કેસ કર્યો છે તે બાબત કામદારની જુબાનીમાં સામે આવી ત્યારે કામદાર પક્ષ વિશેષ પુરાવાથી કે ફેરતપાસ દ્વારા મજુર અદાલત સમક્ષ સ્પષ્ટતા કરી શકેલ હોત,

INDEX

એટલું જ નહિ પણ પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્પષ્ટતા દસ્તાવેજોની માંગણી પણ કરી શકયો હોત પરંતુ તેમ કરવામાં આવ્યું નથી. આ દલીલમાં એવી પણ રજુઆત કરવામાં આવી છે સામાવાળા બે સંસ્થા એક જ એસ્ટાબલીશમેન્ટ નથી અને સામાવાળા નં. ૨ને વિનંતી પત્ર આપવામાં આવ્યો નથી કે સામાવાળા નં. ૨ને વિનંતી પત્ર આપ્યો છે તેવું માની શકાય તેવું નથી, ઉપરાંત બંને સામાવાળા એક જ સંસ્થા છે તેવું પ્લીડીંગમાં કે એપ્રોચમાં જણાવેલું નથી તેવી નોંધ મજુર અદાલતના હુકમમાં છે અને તે સંજોગોમાં આ અરજી રદ કરવા માટે મજુર અદાલતે આપેલા કારણો જોતાં તેમાં કોઈ ભુલ નથી અને ચુકાદા તદ્દન કાયદેસર અને યોગ્ય છે. અપીલમાં એપેલન્ટ કોર્ટની સત્તાઓ નીચલી કોર્ટના હુકમની કાયદેસરતા કે ગેરકાયદેસરતા અંગે નિર્ણય આપવામાં મર્યાદીત હોય છે, પોતાની દલીલોના સમર્થનમાં સંસ્થાના એડવોકેટે ૧૯૫૭ (૨) એલ. એલ. જે. ૧૪૮ તથા ૧૯૯૩ લેબ. આઈ. સી. ૨૧૭૩ પરના ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે.

(૭) મજુર અદાલતનો એપેલન્ટની ટી. અરજી નં. ૧૦૨/૯૫ રદ કરતો ચુકાદો કાયદેસરની જોગવાઈઓ મુજબનો પુરાવાના યોગ્ય મુલ્યાંકન પર આધારીત, ખામી રહીત કે ભુલ રહીત છે કે તે ચકાસવા માટે સહુ પ્રથમ મજુર અદાલત સમક્ષ કામદારની રજુઆત શી હતી તે ધ્યાનમા લઈએ તો કામદારે પોતાને જીતુભાઈ શેઠ તથા સંજયભાઈ શેઠએ મૌખિક હુકમથી તારીખ ૮-૧૧-૧૯૯૪ના રોજ છુટા કર્યા છે તેવી રજુઆત કરી છે અને પોતે એપ્રોચ લેટર આપેલો છે તેવી રજુઆત કરી છે. હવે એપ્રોચ લેટર માસ્તર સિલ્ક ફેકટરીને આપેલો છે અને તેની નકલ નંબર ૨ બાલકૃષ્ણ સિલ્ક મિલ્સને મોકલેલ છે હવે તે વાત મજુર અદાલત સામે સ્પષ્ટ છે કે માસ્તર સિલ્ક ફેકટરી સામે ટર્મીનેશન અરજી કરી છે અને તેને એપ્રોચ લેટર આપ્યો છે અને સામાવાળાઓ નોકરીમાંથી કાઢી મુકયા તેવું કામદાર કહે તો માસ્તર સિલ્ક ફેકટરીનો સમાવેશ થઈ જાય છે. મજુર અદાલતની નોટીસ પણ માસ્તર સિલ્ક ફેકટરીને મળે છે અને માસ્તર સિલ્ક ફેકટરી પણ સામાવાળા તરીકે મજુર અદાલતમાં હાજર થાય છે અને બંને સામાવાળાઓ સંયુકત રીતે જવાબ રજુ કરે છે અને તેમાં બહુ સ્પષ્ટ રીતે પ્રથમ પારામાં સામાવાળાએ લખ્યું છે કે ''ખરી હકીકતે અરજદાર તદ્દન હંગામી ધોરણે અમો સંસ્થામાં કામે જોડાયા હતા.'' તે જ રીતે સંયુકત રીતે બંને સંસ્થાઓ કાયદાઓનું પાલન કરતા તેવું જણાવ્યું છે અને તે જ રીતે બંને સંસ્થાઓ અરજદાર સ્વેચ્છાએ રાજીનામું આપી હક્ક હિસ્સા લઈ પાકી પહોંચ આપી નોકરી છોડી ગયા છે તેવું જણાવે છે. હવે જો આ બંને સંસ્થાઓ એક બીજા સાથે સંલગ્ન કે એક જ ન હોય તો બંનેનો એક બીજાની માહીતી રજુ કરતો સંયુકત જવાબ રજુ ન થાય અને દસ્તાવેજો પણ સંયુકત રીતે ન આવે તેમજ બંને સંસ્થાઓના બચાવમાં એવું આવે કે એક સંસ્થામાં કામદાર કામ કરતા હતા જયારે બીજી સંસ્થાના કામદાર નહોતા. આ આખી વાત સમજવામાં મજુર

INDEX

અદાલતે ભુલ કરી ગઈ છે. હવે પુરાવાઓની સંભવિતતા જોઈએ તો એટલે કે કામદાર કહે છે તે સંભવ છે કે કામદાર કહે છે તે સંભવ છે કે સામાવાળા કહે છે તો સંભવ તે દ્રષ્ટિએ વિચારીએ તો કામદારે પોતાને છુટા કર્યા છે તેની તા. ૮-૧૧-૧૯૯૪ના રોજ નોકરીમાંથી કાઢી મુકેલ છે તેવું જણાવેલ છે. તેવું જણાવેલ છે. આ બાબતને સામાવાળાના બચાવના અનુસંધાનમાં તપાસીએ તો સામાવાળાએ જવાબમાં કામદાર સ્વેચ્છાએ રાજીનામું આપી છુટા થયેલા તેવું જણાાવેલ છે અને તેમાં રાજીનામાની કોઈ તારીખ જણાવેલી નથી. પરંતુ હિસાબ લઈ છુટા થવા બાબતનો એક દસ્તાવેજ લખાણ આંક-૧૭ના લીસ્ટથી સંસ્થાએ રજુ કરવા પ્રયતન કરેલ છે અને આ લખાણ કોઈ રીતે આધારભુત માની શકાય તેમ નથી. સૌ પ્રથમ વાત એ નોંધવી જોઈએ કે તે ચોક્કસ છાપેલ ફોર્મની ઝેરોક્ષ છે, જેમાં ખાના કોઈ અન્યના હસ્તાક્ષરમાં પુરાયેલ છે. અસલ અદાલતમાં રજુ થતી નથી તેના માટે આંક-૧૬ની દસ્તાવેજો રજુ કરવા પરવાનગી માંગતી અરજીમાં કારણ છે, પણ અસલ ન સચવાય અને ઝેરોક્ષ સચવાઈ રહે તે માની શકાય નહિ. આ પહોંચ કે અન્ય દસ્તાવેજો રજુ કરવા અદાલતે પરવાનગી આપી નથી કે નિર્ણય આપ્યો નથી. આ દસ્તાવેજોની સહી કામદારની છે તે બતાવવા અરજદારના પુરાવા દરમ્યાન તે રજુ થયેલ નથી કે સહી અરજદાર પાસે ઓળખાવેલ નથી. અરજદારની સહી છે તેવું વાક્ય સામાવાળાના સાહેદ બોલેલ નથી, કે અસલ બતાવી નકલ રજુ કરે છે તેમ પણ જણાવેલ નથી, જેથી આ એક પણ દસ્તાવેજ પ્રક્રિયામાંથી પસાર થઈ આંકે પડયા હોય તેવું બન્યું નથી. એટલે કે રાજીનામું, આપેલ હોવાનું પણ પુરવાર થતું નથી, ત્યારે અરજદાર તા. ૮-૧૧-૧૯૯૪ના રોજ તેમને છુટા કર્યા છે તે પુરવાર કરી શકયા નથી તેમ મજુર અદાલત જણાવે છે પણ કામદાર તે અંગે ચોક્કસ જુબાની આપે છે તેને સામાવાળાના સાહેદ ઉલટ તપાસમાં તા. ૮-૧૧-૧૯૯૪ના બનાવનો ઉલ્લેખ કરી પરોક્ષ રીતે સમર્થન આપે છે, તેની નોંધ લેવામાં મજુર અદાલત ચુકી ગઈ છે. આ સાહેદ ઉલટ તપાસમાં જણાવે છે કે, ''તા. ૮-૧૧-૧૯૯૪ના રોજ નોકરીમાંથી છુટા થવાનો બનાવ બનેલ ત્યારે હું હાજર હતો તા. ૮-૧૧-૧૯૯૪ના રોજ કોણ અન્ય હાજર હતું તેમને યાદ નથી. એ વાત ખરી નથી કે, હું તા. ૮-૧૧-૧૯૯૪ના રોજ નહોતો'' આમ આ સાહેદ ત્રણ વાર તા. ૮-૧૧-૧૯૯૪ તારીખનો ઉલ્લેખ કરી અરજદારે આપેલ તારીખ સાચી માનવા પ્રેરે છે અને તા. ૧-૧૧-૧૯૯૪ના રોજ કામદાર અરજદારે રાજીનામું આપેલ હોવાની વાતનો આપોઆપ છેદ ઉડી જાય છે. મજુર અદાલત આ બાબતે પુરાવાના મુલ્યાંકનમાં થાપ ખાય છે. કારણ કે જો રાજીનામુ પુરવાર થતું ન હોય અને તા. ૧-૧૧-૧૯૯૪ના રોજ રાજીનામુ આપી કામદાર છુટા થાય છે તેવો બચાવ પુરવાર થતો ન હોય અને કંપનીના સાક્ષી તા.૮-૧૧-૧૯૯૪ના રોજના બનાવની વાત કરતા હોય તો સ્વાભાવિક રીતે જ કામદાર પણ તા. ૮-૧૧-૧૯૯૪ની વાત કરે છે તે સાચી પુરવાર થાય. આ સંજોગોમાં કામદાર ટર્મીનેશન પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે તેવું મજુર અદાલતનું તારણ ભુલ ભરેલું, પુરાવાના

INDEX

આધાર વિનાનું છે. મજુર અદાલતે એમ પણ કહેલું છે કે, બે સંસ્થા એક જ છે તેવું કામદારનું પ્લીડીંગ નથી અને વિનંતી પત્રમાં પણ લખેલું નથી. માત્ર એકજ સંસ્થામાં કામદારે કામ કરેલું છે તેવું પણ પ્લીડીંગમાં અને એપ્રોચ લેટરમાં લખ્યુ નથી અને બંને સંસ્થાઓને પક્ષકાર બનાવ્યા છે, તે સંજોગોમાં બંને સાથે હાજર થઈ સાથે બચાવ કરે છે. બંન સંસ્થાના દસ્તાવેજો સાથે આવે છે. બંને સંસ્થાના વહીવટદાર એકજ છે અને બંને સંસ્થા એકજ સાક્ષી રજુ કરે છે. તે સંજોગોમાં કામદારના પ્લીડીંગમાં માત્ર આ એકજ હકીકત ન હોય તો કામદારે પુરાવો આપી ન શકે અને પુરવાર ન કરી શકે તેવું કહી શકાય તેમ નથી અને તેથી કામદારે પુરાવામાં પોતે બંને સંસ્થામાં કામ કરે છે તે જણાવ્યું છે. અને તેના જવાબમાં ઉલટ તપાસમાં કામદારને કોઈપણ જગ્યાએ આ બંને સંસ્થા એકજ નથી તેવું પુછવામાં આવેલ નથી ત્યારે તે બાબત ધ્યાન રાખવું પડે કે નોટીસ અને પ્લીડીંગમાં પક્ષકાર ટૂંકમાં પોતાની હકીકત રજુ કરતા હોય છે અને પછી તેના વિશે વિસ્તારથી પુરાવો આપતા હોય તેવું અહીંયા બન્યું છે એટલે તે અંગેનું તારણ પણ આધારહીન છે. મજુર અદાલતે એવું ઠરાવ્યું છે કે કામદાર માસ્તર સિલ્ક મિલ્સમાં કામ કરેલ હોવાનું અને તેને છુટા કરેલ હોવાનું કહ્યું છે પણ પક્ષકાર તરીકે માસ્તર સિલ્ક ફેકટરી છે માટે તેના સામે નોટીસ માસ્તર સિલ્ક મીલ્સ આપેલ નથી અને પક્ષકાર બનાવેલ નથી અને તેથી આ અરજી ફેકટરી સામે ચાલી શકે નહિ. હકીકતો તરફ બેદરકાર રહેવાની અને ટેકનીકલના આધારે ચર્ચા વિના ટૂંકમાં અરજી રદ્દ કરવાની વૃત્તિ અન્યાયમાં પરિણામે. બહુ સ્પષ્ટ છે કે કામદારે માસ્તર સિલ્ક ફેકટરીને વિનંતી પત્ર આપેલ છે અને તેને પક્ષકાર બનાવેલ અને પ્લીડીંગમાં સામાવાળાએ છુટા કર્યા હોવાનું કહયું છે ત્યારે બાલકૃષ્ણ મીલ્સનું નામ હોવાથી કોઈ માનસિકતામાં માસ્તર સિલ્ક ફેકટરીના બદલે માસ્તર સિલ્ક બોલી જાય તો મજુર અદાલત સમક્ષની હકીકત બદલી જવાની છે? જવાબ 'ના' માં આવે કારણ્ કે માસ્તર સિલ્ક ફેકટરી સામાવાળા તરીકે હાજર છે અને તેમાં કામદારે કામ કર્યુ છે તે પુરવાર થાય છે તેવા દસ્તાવેજોમાં પણ કામદારનો ઉલ્લેખ છે અને માસ્તર સિલ્ક ફેકટરી આ કેસ તેના સામે નથી તેમ કહી શકે તેમ નથી એટલું જ નહિ આ કામદાર માસ્તર સિલ્ક ફેકટરીમાં નહીં પણ માસ્તર સિલ્ક મિલ્સમાં હતા તેવી પણ સામાવાળાની રજુઆત નથી, તે સંજોગોમાં માત્ર ફેકટરીના બદલે મીલ્સ બોલી જવાયું તેટલા કારણસર કામદારનો કેસ રદ્દ થઈ શકે તેવી પરિસ્થિતિ ઉભી થતી નથી. તેમજ આવી બાબત જુબાની આપનાર સાદો સીધો કામદાર છે, તેટલું ધ્યાન જો મુજર અદાલતે રાખ્યું હોત તો આ મુદ્દે સ્પષ્ટતા કરવાની જરૂર ન પડત. આ અંગે સામાવાળાએ રજુ કરેલ ચુકાદો પણ અતિ મદદરૂપ થઈ શકે તેવો નથી. આ સંજોગોમાં મજુર અદાલતનો હુકમ ગંભીર ભુલ ભરેલો અને પુરાવાના અયોગ્ય મુલ્યાંકન પર આધારીત હોય તેવું જણાય છે. અને તેથી રદ્દ થવા પાત્ર છે. આ કામમાં કામદારે બીજે કયાંયે કામ કરીને આવક મેળવી હોય તેવું પુરાવામાં કોઈપણ જગ્યાએ આવતું નથી, તે

INDEX

સંજોગોમાં મજુર અદાલતનો કામદારની અરજી રદ્દ કરતો ચુકાદો કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધ ઠરતા અને કામદાર પોતાની હકીકતો પુરવાર કરવામાં સફળ નીવડેલ છે તેવું પુરવાર થતાં તેને પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ તેવું આ અપીલના સંજોગોમાં જોતા જણાય છે.

(૮) ઉપરોક્ત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

અપીલ સંપૂર્ણ રીતે મંજુર કરવામાં આવે છે. મજુર અદાલતે એપેલેન્ટની તેના સમક્ષની ટી. અરજી નં. ૧૦૨/૯૫ રદ્દ કરેલો હુકમ આથી રદ્દ કરવામાં આવે છે અને રીસ્પોન્ડન્ટ નં. ૧ માલિક સંસ્થાને એટલે કે માસ્તર સિલ્ક ફેક્ટરીને એપેલેન્ટ કામદાર પ્રભુદાસ અમથાભાઈ ખલાસીને પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી તેમની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા હુકમ કરવામાં આવે છે તેમજ અપીલના ખર્ચ પેટે એપેલન્ટને રૂા. ૧૦૦૦/- રીસ્પોન્ડન્ટ નં. ૧ એ ચુકવી આપવા તેવો પણ હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૧૩

ઔદ્યોગિક અદાલત દ્વારા

શ્રી પી. આર. દવે સાહેબ, સુરત સમક્ષ.
અપીલ (આઈ. સી.) નં. ૧૩/૨૦૦૦.

શ્રી વેદપ્રકાશ નંદકુ યાદવ,
C/o સુરત સિલ્ક લેબર યુનીયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
માન દરવાજા, રીંગરોડ, સુરત.

એપેલન્ટ ;
(અરજદાર,)

વિરૂધ્ધ

૧. માસ્તર સિલ્ક ફેક્ટરી,
પ્લોટ નં. પી-૪૯૭,
નવી જી.આઈ.ડી.સી. કતારગામ,
સુરત.

રીસ્પોન્ડન્ટ.
(સામાવાળા.)

INDEX

૨. બાલકૃષ્ણ સિલ્ક મિલ્સ, **રીસ્પોન્ડન્ટ.**
પ્લોટ નં. પી.-૪૯૭, (સામાવાળા.)
નવી જી.આઇ.ડી.સી.
કતારગામ, સુરત.

બાબત :- સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની ટી. અરજી નં. ૧૦૧/૯૫ના કામમાં કરેલ આખરી હુકમ સામે બી.આઇ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :-એપેલન્ટ તરફે શ્રી દીપકભાઇ પીપરોડીયા.
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટશ્રી જે. એમ. પટેલ.

ચુકાદો

(૧) આ કામના એપેલેન્ટે બી. આઇ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળ આ અપીલ રીસ્પોન્ડન્ટ (જેને હવે પછી માલિક કંપની તરીકે ઉલ્લેખવામાં આવશે) સામે કરી સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની એપેલેન્ટની ટી. અરજી નં. ૧૦૧/૯૫માં કામ ચલાવી તા. ૮મી મે. ૨૦૦૦ના રોજ એપેલેન્ટની વિરૂધ્ધ હુકમ આપ્યો છે તે ગેરકાયદેસર જાહેર કરવા અને સામાવાળા કંપનીનો અરજદારને નોકરીમાંથી મૌખિક રીતે કાઢી મુકવાનો હુકમ ગેરકાયદેસરનો ફેરફાર જાહેર કરી, તેઓ ગેરકાયદેસરનો હુકમ પાછો ખેંચી લેવા માલિક કંપનીને હુકમ કરવા તથા અરજદારને સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર તથા આનુંસાગિક લાભો સહીત પુન:સ્થાપિત કરવા દાદ માંગી છે. એપેલેન્ટે અપીલમાં આ પ્રમાણે હકીકતો જણાવી છે. એપેલેન્ટે સુરતની મજુર અદાલત સમક્ષ ટી. અરજી નં. ૧૦૧/૯૫ દાખલ કરી માલિક કંપનીએ તારીખ ૮મી નવેમ્બર ૧૯૯૪ થી તેમને મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કર્યા તે રદબાતલ કરી તેમને ચાલુ સર્વીસે પડેલા દિવસોના ભરપાઇ પગારે નોકરીમાં પુન: સ્થાપિત કરવા હુકમ કરવા દાદ માંગેલી અને અરજી કરતાં પહેલા તારીખ ૧૧મી જાન્યુઆરી ૧૯૯૫ના રોજ એપ્રોચ લેટર પણ આપેલો. આ અરજી ચાલી જતાં સુરતની બીજી મજુર અદાલતના વિધ્વાન ન્યાયાધીશે એપેલેન્ટની અરજી રદ કરેલી, જેથી નારાજ થઇ આ અપીલ કરવામાં આવી છે અને તેમાં નીચેના મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે.

(૧) નામદાર લેબર કોર્ટનો સદરહુ હુકમ ખરો નથી અને કાયદેસરનો નથી.

(૨) નામદાર લેબર કોર્ટને અરજદારના પ્લીડીંગમાં અને જુબાનીમાં વિસંગતતાઓ દેખાય છે. જયારે સામાવાળાના પ્લીડીંગ અને જુબાનીમાં વિસંગતતાઓ નજરે પડી નથી

અને જેનો આધાર ટાંકીને આપેલ હુકમ ભુલ ભરેલ અને કાયદેસરનો ગણાય નહીં.

(૩) અરજદારની જુબાનીમાં સ્લીપ ઓફ ટંગને અરજદારની અરજી રદ કરવા જેટલું મહત્વ અપાયું છે. જયારે સામાવાળાની તેવી જ નામદાર લેબર કોર્ટ સમક્ષની અરજીઓ તેમણે કરેલી તેવી જ લેખીત ઇબારત હકીકત નજર અંદાજ કરીને નામદાર લેબર કોર્ટે ભુલ કરેલી છે.

(૪) સામાવાળાઓએ રજુ કરેલ લેખીત જવાબમાં કબુલ કરેલી હકીકતોની વિરૂધ્ધની મૌખિક જુબાની માન્ય ન રાખી શકાય તે નામદાર લેબર કોર્ટે માન્ય રાખીને અરજદારના કેસની જુબાનીને માન્ય ન રાખી ભુલ કરેલ છે.

(૫) સામાવાળાએ જાણી બુઝીને આ કામમાં વખતો-વખત પ્રોડકશન માટે અરજીઓ આપીને તેમજ બચાવના સ્ટેજીસ બંધ કર્યા હતા, છતાં તેમને વખતો વખત આપવી જોઈતી તકો આપીને પણ અરજદારને ન્યાય બક્ષવામાં નામદાર લેબર કોર્ટે ભુલ કરેલી છે.

(૬) અરજદાર કામદારે ટી. અરજીમાં પ્લીડીંગ અને પુરાવા રજુ કરેલ છે તે માન્ય ન રાખીને લેબર કોર્ટે ભુલ કરીને અરજદારને અન્યાય કર્યો છે જેમ કે, સામાવાળા સંસ્થાએ મૌખિક હુકમથી નોકરીમાંથી કાઢી મુકેલ છે તેવું અરજદારે જણાવેલ છે અને સ્ટેડીંગ ઓર્ડર હેઠળ નોકરીમાંથી છુટા કરવા હોય તો લેખીત રીતે અને નોટીસ યા નોટીસના બદલાનો પગાર આપીને છુટા કરી શકાય, જો ગેરવર્તણૂંક માટે છુટા કરવા હોય તો ખાતાકીય તપાસ કરીને છુટા કરી શકાય, પરંતુ સામાવાળાએ તેવું કર્યુ નથી, તે હકીકત લેબર કોર્ટના રેકોર્ડ પરની બાબત છે અને તે મુજબ સામાવાળાનો હુકમ ગેરકાયદેસરનો છે અને તે ગેરકાયદેસરનો ઠેરવીને અને ગેરકાયદેસર ફેરફાર ઠેરવીને તે પાછો ખેંચી લેવા માટેની સત્તા લેબર કોર્ટની છે તેનો ઉપયોગ કરવો જોઇતો હતો અને તેમ ન કરીને લેબર કોર્ટે ભુલ કરી છે.

(૭) મજુર અદાલત સમક્ષ પડેલી જુબાનીનું મુલ્યાંકન કરવામાં પણ અપીલ મેમોમાં જણાવેલ હકીકત મુજબ મજુર અદાલતે ભુલ કરેલી છે.

(૮) સામાવાળા તેની જુબાનીમાં કામદારને કામે લઇ જવા તૈયાર છે તેવું બોલી ગયા હોવા છતાં અરજદારની અરજી રદ કરી લેબર કોર્ટે ભુલ કરી છે.

(૯) સામાવાળાના સાક્ષીની વિરોધાભાષી જુબાનીને માન્ય રાખવામાં લેબર કોર્ટે ભુલ કરી છે.

INDEX

(૨) આ અપીલમાં રીસ્પોન્ડન્ટને નોટીસ બજાવવામાં આવતા તેઓ હાજર થયેલ છે અને આંક-૧૧ થી તેનો જવાબ રજુ કરેલ છે.

(૩) આ અદાલતે મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૧૦૧/૯૫ નું રેકોર્ડ મંગાવેલી છે, જે અપીલમાં સામેલ છે.

(૪) આ અપીલમાં બંને પક્ષના પ્રતિનિધિઓની દલીલો સાંભળવામાં આવી છે.

(૫) એપેલેન્ટના પ્રતિનિધિએ કેસની હકીકત રજુ કરીને એવી રજુઆત કરી છે કે, રાજીનામામાં કામદારની સહી નથી અને કહેવાતું રાજીનામું આંક-૧૧/૧ થી રજુ થયેલ છે, અને તે બાલકૃષ્ણનું રજુ કર્યુ છે જયારે કામદાર માસ્ટર સિલ્ક ફેકટરીમાં હતા એટલે આ બાબત માની શકાય તેમ નથી, ઉપરાંત રેકોર્ડ પર જે જુબાની આવી તેમાં કામદારની જુબાની સ્પષ્ટ હોવા છતાં માલિકની જુબાનીમાં કામદાર માસ્ટર સિલ્ક ફેકટરીમાં કામ કરતો હોવા છતાં મજુર અદાલતે બાલકૃષ્ણ સિલ્ક મિલ્સના રાજીનામાને આધારભુત ગણી લીધેલું છે અને પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાંકન કર્યુ નથી, એટલું જ નહિ સામાવાળાએ લેખીત જવાબમાં કબુલ કરેલી હકીકતની વિરૂધ્ધ મૌખિક જુબાની આપેલી તે માન્ય ન રાખી શકાય તો પણ મજુર અદાલતે તેને માન્ય રાખ્યુ છે અને કામદારે પોતાની સહી બાબત અન્ય દસ્તાવેજોમાં ઓળખવામાં ભુલથી ના પાડી છે તેને અરજી રદ કરવા જેટલું મહત્વ આપ્યું છે, પરંતુ સામાવાળાની જુબાનીમાં જે વિરોધાભાષ હતો તેને ધ્યાનમાં લીધો નથી.

(૬) માલિક સંસ્થાના એડવોકેટ શ્રી જે. એમ. પટેલે એવી રજુઆત કરી કે મજુર અદાલતે જે હુકમ કરેલ છે તે પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરીને કરેલું છે અને તે અંગે હુકમના પારા-૫ માં અરજદારનો પુરાવો શું છે તે પણ નોંધેલ છે જેમાં અરજદારે વિનંતીપત્રમાં તેની સહી નથી, અધિકારપત્રમાં તેની સહી નથી તેવું કહેલું છે અને તે માત્ર રાજીનામામાં પોતાની સહી ઓળખાય નહિ તે હેતુથી જ કહેલ છે અને તેથી કામદારના પોતાના પુરાવાથી કામદાર ખોટું બોલે છે તેવું પુરવાર થયેલ હોવાથી મજુર અદાલતે તેની અરજી રદ કરી છે, તે હુકમમાં પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ હોય હુકમ કાયદેસરનો છે.

(૭) ઉપરોકત સંદર્ભમાં પ્રથમ મજુર અદાલત સમક્ષની એપેલેન્ટની અરજી ધ્યાનમાં લઇએ તો તેને મૌખિક રીતે ટર્મીનેટ કરવામાં આવ્યાં છે અને તેણે એપ્રોચ લેટર આપ્યો છે તે બે હકીકત અંગે પુરાવાનો બોજો એપેલોન્ટ પર હતો અને તે પુરવાર થાય તે પછી જ માલિક સંસ્થાનો પુરાવો કે રજુઆત સાચી છે કે ખોટી તે વિચારવાનું રહે. હવે એપેલેન્ટના મજુર અદાલત સમક્ષનો પુરાવો જોતા તેણે સ્પષ્ટ રીતે એ કહેવું જોઇએ કે, તેને મૌખિક રીતે છુટા કરવામાં આવ્યા છે અને તેણે રાજીનામું આપેલ નથી અને સામાવાળા સંસ્થાએ

INDEX

રજુ કરેલ રાજીનામામાં તેની સહી નથી તે બાબત નોંધવી જોઇએ કે સામાવાળાએ પોતાના જવાબમાં એવું સ્પષ્ટ લખેલ છે કે અરજદારે સ્વેચ્છાએ રાજીનામું આપેલ છે અને તેના અનુસંધાનમાં તારીખ ૨૯મી ફેબ્રુઆરી ૨૦૦૦ ના રોજ કામદારનાં જુબાનીના દિવસે રેકોર્ડમાં રાજીનામુ રજુ થયેલ છે તેમ છતાં પોતાની સર તપાસમાં કામદારે આ રાજીનામામાં પોતાની સહી નથી અને રાજીનામુ ઉપજાવી કાઢેલુ છે તે ખોટું છે તે જણાવેલ નથી પરંતુ તેને પોતાની સહી ઓળખવાની નથી તેવું ધ્યાનમાં હશે અને માત્ર એટલું જ ધ્યાનમાં હશે તેથી જાણે માનસિક તૈયારી રાખી હોય તેમ તેણે ઉલટ તપાસમાં અરજીમાં પોતાની સહી છે તે ઓળખ્યા પછી અધિકારપત્રમાં અને વિનંતીપત્રમાં પોતાની સહી નથી તેવું રાજીનામામાં પોતાની સહી નથી તેવુ કહી દીધુ તેથી અદાલત સહીની સરખામણી ના કરે. મજુર અદાલતે આ બાબતનું મુલ્યાંકન એપેલેન્ટ કામદાર 'મીકેનીકલી' બોલ્યા છે તે રીતે મુલ્યાંકન કર્યું છે અને તે મુલ્યાંકનમાં મજુર અદાલત કોઇ ભુલ કરતી હોય તેવું જણાતું નથી. સરખા શબ્દો હોય તો ભુલથી બોલી જવાય તેમ જીભને દોષ દઇ શકાય પરંતુ પ્રશ્ન સ્પષ્ટ પુછવામાં આવ્યા છે અને તેનો જવાબ આપ્યા પછી પોતે આ જવાબ ભુલથી આપેલો છે તેવું મજુર અદાલતના રેકોર્ડ પર કામદારે કશું મુકયું નથી એટલું જ નહિ મજુર અદાલત સમક્ષની તેમની રજુઆતમાં કામદાર કેટલીક હકીકતો છુપાવતા હોવાનું મજુર અદાલતનું તારણ પણ આ સંદર્ભમાં પુરાવાનું સમર્થનવાળુ છે. હવે જેમ રાજીનામામાં પોતાની સહી નથી તેવું કામદારે કહ્યુ છે તેમ એપ્રોચ લેટરમાં પણ તેની સહી નથી તે બાબત કામદારની જુબાનીના સંદર્ભમાં જોઇએ તો પોતાની સહી નથી તેવું કામદાર કહે છે તે બાબતને સાચી માનીએ તો એક પરિસ્થિતિએ થાય કે કામદાર કહે છે તે પ્રમાણે એપ્રોચ લેટરમાં તેની સહી ન હોવાથી તેણે એપ્રોચ લેટર આપ્યો નથી તેવી અસર ઉભી થાય તો પણ એપેલેન્ટ કામદારની અરજી મંજુર થવા પાત્ર ન રહે આ સંદર્ભમાં વિચારતા એપેલેન્ટની આ અપીલ મંજુર થવા પાત્ર ન ગણાય. એપેલેન્ટે એવી તકરાર લાધી છે કે રાજીનામું બાલકૃષ્ણ મિલમાં આપેલું રજુ થયું છે અને એપેલેન્ટે માસ્તર સિલ્ક મિલ્સમાં હતા, તેમ છતાં મજુર આદાલતે માની લીધુ છે. આ રજુઆતને ધ્યાનમાં લઇએ તો પ્રશ્ન એ રહે કે કામદારે માસ્તર સિલ્ક મિલ્સ અને બાલકૃષ્ણ બંનેને શા માટે સામાવાળા તરીકે જોડયા? કામદારની અરજી તે આ બંને સંસ્થામાં કામ કરતા હોય અને તે બંને એક બીજા સાથે સંકળાયેલા હોય તેવી અસર ઉભી કરતી હોય તે પ્રકારની છે, તેથી તે દલીલમાં કોઇ વજુદ નથી, એટલું જ નહિ, જો આ બે સંસ્થા અલગ હોત તો એપ્રોચ લેટર પણ બાલકૃષ્ણ સિલ્ક મિલને મોકલેલ ન હોત, પરંતુ કામદારે પોતે એક જ એપ્રોચ લેટર રેકોર્ડમાં રજુ કરેલ છે અને તેમાં બાલકૃષ્ણ સિલ્ક મિલ્સને પણ મોકલેલ હોવાનું જણાય છે, આમ એપેલેન્ટની તે દલીલમાં કોઇ તથ્ય જણાતું નથી અને મજુર અદાલતનું તે અંગેનું તારણ કોઇપણ હિસાબે પુરાવાના આધાર વિનાનું કે પરવર્સ હોવાનું કહી શકાય તેમ નથી અને તેથી એપેલેન્ટની અ અપીલ ટકી શકે તેમ નથી.

(૮) ઉપરોકત કારણોસર આ અપીલમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

એપેલેન્ટની આ અપાલ રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ, ૭મી સપ્ટેમ્બર ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

આંક-૧૪

ઔદ્યોગિક અદાલત દ્વારા

શ્રી પી. આર. દવે સાહેબ, સુરત સમક્ષ.

અપીલ (આઈ. સી.) નં. ૧૪/૨૦૦૦.

શ્રી મનોહર રામસુરત, **એપેલન્ટ ;**
ઠે. સુરત સિલ્ક લેબર યુનીયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્શીયલ સેન્ટર,
માન દરવાજા, રીંગરોડ, સુરત.

વિરૂધ્ધ

૧. માસ્તર સિલ્ક ફેક્ટરી, **રીસ્પોન્ડન્ટ.**
પ્લોટ નં. પી-૪૯૭,
નવી જી.આઈ.ડી.સી. કતારગામ,
સુરત.

૨. બાલકૃષ્ણ સિલ્ક મિલ્સ,
પ્લોટ નં. પી.-૪૯૭,
નવી જી.આઈ.ડી.સી.
કતારગામ, સુરત.

બાબત :- સુરતની બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની ટી. અરજી નં. ૯૮/૯૫ના કામમા કરેલ આખરી હુકમ સામે બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :-એપેલન્ટ તરફે શ્રી દીપકભાઈ પીપરોડીયા.
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટશ્રી જે. એમ. પટેલ.

ચુકાદો

(૧) આ કામના એપેલેન્ટે બી. આઈ.આર. એકટની કલમ-૮૪ હેઠળના અપીલ રીસ્પોન્ડન્ટ સામે કરી સુરતના બીજી મજુર અદાલતના ન્યાયાધીશે તેના સમક્ષની ટી. અરજી નં. ૯૮/૯૫માં તા. ૮મી મે. ૨૦૦૦ના રોજ અરજદારને પડેલા દિવસોના પગાર પેટે જે ૨૦ % પગાર આપવાનો હુકમ કર્યો છે તે ગેરકાયદેસરનો હોય તેમ જાહેર કરવા અને રદ કરી અરજદારે એપેલેન્ટને ૧૦૦ % પડેલા દિવસોનો પગાર સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવા દાદ માંગી છે અને તેમાં અપીલના નીચે મુજબ કારણો જણાવેલા છે.

કારણો

(૧) અરજદારે તેમની મુળ ટી. અરજી નં. ૯૮/૧૯૯૫માં તથા મુળ કામમાં જુબાનીમાં માસિક રૂા. ૩૦૦૦/- પગાર મળતો હતો, તેવું જણાવેલ છે. છતાં લેબર કોર્ટે સામાવાળાના સાથે (સનત માસ્તરની) ઉલટ તપાસમાં ૧૬૦૦/- થી ૧૭૦૦ રૂપિયા માસિક પગાર પડતો હતો તે માની લઈ નામદાર કોર્ટે અરજદારને અન્યાય કર્યો છે અને નામદાર કોર્ટે જે તારણ જણાવેલ છે તે ખોટું જણાવેલ છે, જેથી અરજદારને લેબર કોર્ટ તરફથી ગંભીર પ્રકારનું નુકાશાન કરવામાં આવ્યું છે અને લેબર કોર્ટનો ૨૦ % ટકા પગાર આપવાનો જે હુકમ કરેલ છે. તે જુલમી અને અન્યાયકર્તા અને વધારે પડતો જુલ્મી હોઈ, જેથી નામદાર કોર્ટ તરફથી જે અન્યાય અરજદારને થયો છે તે ન થવો જોઈએ અને એ રીતે પણ અરજદારની આ અપીલ માન્ય રાખવી જોઈએ અને નામદાર કોર્ટે પડેલા દિવસોનો પગાર જે ૨૦ % આપવાના હુકમ કરેલ છે તે રદ કરી ૧૦૦ ટકા પડેલા દિવસોનો પગાર આપ ઔદ્યોગિક અદાલતના જજ સાહેબશ્રી અપાવશો, તેવો યોગ્ય હુકમ ફરમાવશોજી.

(૨) સામાવાળાના સાક્ષી (સનત માસ્તર) વિરોધાભાસી જુબાની આપેલ છે, તેમ છતાં આવા વિરોધાભાસી પુરાવાને માન્ય રાખવામાં (માસિક પગાર નક્કી કરવા બાબતનું તારણ) નામદાર લેબર કોર્ટે ભુલ કરેલ છે અને તેનાથી પણ અરજદારને અન્યાય થયો છે.

(૩) ઉપરની હકીકતોના સંદર્ભમાં તેમજ અન્ય હરકોઈ સંજોગોમાં નામદાર લેબર કોર્ટે તેમના તારીખ ૮મી મે, ૨૦૦૦ ના હુકમમાં અરજદારને પડેલા દિવસોનો પગાર ૨૦ % ટકા આપવાનો જે હુકમ કરેલ છે, તે ગેરકાયદેસરનો હોઈ તે કાયદામાં રદ કરવો જોઈએ.

(૨) આ અપીલમાં રીસ્પોન્ડન્ટને નોટીસ બજાવવામાં આવતા તેઓ હાજર થયેલ અને આંક-૧૨ થી તેનો જવાબ રજુ કરેલ છે.

INDEX

(૩) આ અદાલતે મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૧૦૨/૯૫નું રેકોર્ડ મંગાવેલ છે, જે અપીલમાં સામેલ છે.

(૪) આ અપીલમાં બંને પ્રતિનિધિઓની દલીલ સાંભળવામાં આવી છે.

(૫) એપેલેન્ટના પ્રતિનિધિએ મુળ અરજીમાંની હકીકતો અને પુરાવા અંગે રજુઆત કરી ભારપુર્વક એવું જણાવ્યું છે કે, અરજદારે તેના પગાર રૂા. ૩૦૦૦ /- હોવાની રજુઆત કરી છે તેમ છતાં સામાવાળાના સાક્ષી મૌખિક રીતે ૧૬૦૦ બોલ્યા છે તે અદાલતે માની લીધું છે અને પગાર પત્રકો સામાવાળાએ અદાલત સમક્ષ રજુ કરી રૂા. ૧૬૦૦ પગાર હોવાનું પુરવાર કર્યુ નથી પરંતુ કામદાર છુટક કામ કરી ગુજરાન પુરતા પૈસા મેળવી શકે તેને રૂા. ૧૬૦૦ પગાર ગણી તેમાંથી આ આવક બાદ કરવી જોઈએ તેમ કરી મજુર અદાલતે માત્ર ૨૦ % પડેલા દિવસોનો પગાર આપવાનો હુકમ કર્યો અને તે માટે પુરતું કારણ આપ્યું નહિ. જેથી તે હુકમ રદ કરી પડેલા દિવસોનો પગાર ૧૦ % પગાર ચુકવી આપવા રીસ્પોન્ડન્ટને હુકમ કરવો જોઈએ.

(૬) રીસ્પોન્ડન્ટના વકીલશ્રીએ એવી દલીલ કરી છે કે, મજુર અદાલતે તેના બેંક-વેજીઝ અંગેનો નિર્ણય માટે કારણો આપ્યા છે અને તેના સમક્ષ જે પુરાવો હતો તેનું મુલ્યાંકન કર્યુ છે, તે સંજોગોમાં મજુર અદાલતનો હુકમ કાયદેસરનો અને યોગ્ય છે.

(૭) બેંકવેજીઝ અંગે બંને પક્ષોની રજુઆતોના સંદર્ભમાં મજુર અદાલત સમક્ષનો રેકોર્ડ જોઈએ તો એપેલેન્ટ અરજદાર પક્ષે તેની અરજીમાં એ હકીકત જણાવી છે કે, તેઓ પગાર રૂપિયા ૩૦૦૦/- હતો. આ પ્લીડીંગ છે અને પુરાવો નથી. હવે રીસ્પોન્ડન્ટ કંપનીએ તેના જવાબમાં કામદારનો પગાર રૂા. ૩૦૦૦/- હોવાનું ઈન્કાર કરેલ છે, એટલે પ્રાથમિક તબક્કે પોતાનો પગાર રૂા. ૩૦૦૦ હતો તેવું પુરવાર કરવાની જવાબદારી એટલે કે પુરાવાનો બોજો કામદાર પર રહે. આ બાબતમાં કામદારની સોગદ પરની જુબાની આંક-૧૪માં કામદારે તેનો માસિક પગાર રૂા. ૩૦૦૦/- હતો તેવું સ્પષ્ટ કહયું છે જયારે સામાવાળાએ તેમનો પગાર રૂા. ૩૦૦૦/-નો હતો તેવું બચાવ લેવા તે અંગે ઉલટ તપાસમાં એક પણ પ્રશ્ન પુછેલો નથી. હવે જયારે મૌખિક પુરાવો આ પ્રકારનો આવ્યો ત્યારે તેના અંગે સામાવાળા આંક-૨૧ ની જુબાનીથી રૂા. ૩૦૦૦/- પગાર હતો તે બાબતનો ઈન્કાર કરે છે, પરંતુ તેમણે કામદારે સોગદ પર આપેલ જુબાની ખરી નથી તે પુરવાર કરવાનું હતું અને તે માટે તેમણે કામદારો ઉલટ તપાસમાં તે અંગે પ્રશ્ન પુછવો જોઈતો હતો અથવા તો પગાર અંગેનો દસ્તાવેજી પુરાવો રજુ કરે, કામદારની જુવાની ખોટી છે તેમ પુરવાર કરવું જોઈતું હતું કારણ કે કામદારે સોગદ પર રૂા. ૩૦૦૦/- પગાર હતો તેવું જણાવ્યા પછી પુરાવાનો બોજો સામા પક્ષ

INDEX

પર શીફ્ટ થાય અને તેણે કામદારના પુરાવાને રીબ્યુટ કરતો પુરાવો રજુ કરવો પડે, આ કામમાં તેવું થયું નથી, તે બાબત મજુર અદાલતે ધ્યાનમાં લીધી નથી એટલું જ નહિ, જો સંસ્થાનો સોગંદ પરનો પુરાવો માન્ય રાખ્યો હોય તો અરજદારનો સોગંદ પરનો પુરાવો શા માટે માન્ય ન રાખવો તે અંગેનું કારણ પણ સમતુલા જળવાય તે માટે તે રીતે આપ્યું નથી એટલું જ નહિ કામદારે રૂા. ૩૦૦૦/- પગાર માસિક હોવાની જુબાની આપી છે તેવું તેનો ઉલ્લેખ પણ ન કરતાં માત્ર સામાવાળાના સાહેદની સોગદ પરની માસિક પગાર અંગેની જુબાનીનો જ એક તરફી રીતે ઉલ્લેખ કરેલો છે અને તેમ છતાં તે બાબત પણ ધ્યાન ખેંચે છે, કામદારનો સામાવાળાના કહેવા પ્રમાણે માસિક પગાર રૂા. ૧૬૦૦-૧૭૦૦ હોય અને કામદાર મહિને રૂા. ૮૦૦/- કમાતા હોય તો પણ તે રકમ કામદારના પગારની ૮૦ % રકમ થતી નથી કે એના કારણે મજુર અદાલત કામદારને માત્ર ૨૦ % પડેલા દિવસોના પગાર ચુકવવા હુકમ કરે, એ બાબત ધ્યાન ખેંચે છે કે સામાવાળાના સાહેદે એવું જણાવ્યું છે કે આ કામદારને પગાર ચિઠ્ઠી આપતા નહોતા, એનો અર્થ એ કે કામદાર પાસે પગારનો કોઈ આધાર સામાવાળા રહેવા દેતાં ન હતા અને જ્યારે કોર્ટમાં પગારનો પ્રશ્ન ઉભો થાય તો સામાવાળા પોતાની રજુઆતના સમર્થનમાં પગાર પત્રક રજુ કરતા નથી. માત્ર મૌખિક રીતે કોઈક રકમ બોલી દે છે, જેને મજુર અદાલત માની પણ લે છે, આ સંજોગોમાં મજુર અદાલતનું તારણ અધકચરૂ લાગે છે, આ કામદારનો પગાર રૂા. ૩૦૦૦/- હોવાનું કથન ખોટું પુરવાર થતું નથી તે સંજોગોમાં પુરાવામાં વચગાળાના તબક્કે કામદારે રૂા. ૮૦૦ થી ૧૨૦૦ ની આવક કરી છે તેમ માનીએ તો પણ તે રકમ કામદારના પગારની માત્ર ૪૦ % રકમ થઈ તે સંજોગોમાં કામદાર પહેલા દિવસોના પગાર અંગે ૬૦ % રકમ મેળવવા હક્કદાર ગણાય.

(૮) ઉપરોક્ત કારણોસર કામદારની આ અપીલ મંજુર થવા પાત્ર જણાય છે, જેમાં કામદારને છુટા થવાની તારીખથી પુનઃ સ્થાપિત કરવામાં આવે તે તારીખ સુધી પડેલા દિવસોના પગારની ૬૦ % રકમ મળવાપાત્ર હોવાનું પુરવાર થાય છે અને તેટલા પુરતું મજુર અદાલતનો હુકમ પુરાવાના આધાર વિનાનો અને કાયદાની જોગવાઈ વિરૂદ્ધનો પુરવાર થાય છે, જે સંજોગોમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલેન્ટની આ અપીલ અંશતઃ મંજુર કરવામાં આવે છે અને આ કામના રીસ્પોન્ડન્ટે એપેલેન્ટ કામદારને છુટા કર્યાની તારીખથી પુનઃસ્થાપિત કર્યાની તારીખ સુધીના સમયગાળા માટે મળવાપાત્ર માસિક પગારની ૬૦ % રકમ પડેલા દિવસોના પગાર પેટે ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે, પડેલા દિવસોના પગાર પેટે ૨૦ % પગાર ચુકવવા મજુર અદાલતનો

INDEX

હુકમ તેટલા પુરતો ગેરકાયદેસરનો ઠરાવી રદ કરવામાં આવે છે. આ કામના રીસ્પોન્ડન્ટે એપેલેન્ટને આ અપીલના ખર્ચ પેટે રૂા.૧૦૦૦/- ચુકવી આપવા પણ હુકમ કરવામાં આવે છે. આ તમામ રકમના હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦માં ચુકવવાની રહેશે.

સુરત, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક-૬

ઔદ્યોગિક અદાલત દ્વારા

શ્રી પી. આર. દવે સાહેબ, સુરત સમક્ષ.

અપીલ (આઈ.સી.) નં. ૧/૨૦૦૨.

સુરત ઈલેકટ્રીસીટી કંપની લી., **એપેલન્ટ ;**
ઈલકટ્રીસીટી હાઉસ,
સ્ટેશન રોડ, સુરત.

વિરૂધ્ધ

શ્રીમતી મહારુખ સાવકસી મીર, **રીસ્પોન્ડન્ટ.**
મરહુમ સાવકસી મીરની વિધવા ઓરત,
એફ/૬, ઉપાસના એપાર્ટમેન્ટ,
બહુમાળી મકાન, નાનપુરા, સુરત.

બાબત :- સુરતની પ્રથમ મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૩૮૬/૯૬માં તારીખ ૩જી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ મજુર અદાલતે આપેલા ચુકાદા સામે બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિતિ :-એપેલન્ટ તરફે શ્રી પી. એન. શેઠ, એડવોકેટ.
રીસ્પોન્ડન્ટ તરફે શ્રી અનિલકુમાર બી. નાયક, એડવોકેટ.

INDEX

ચુકાદો

(૧) આ કામના એપેલન્ટ સંસ્થા (મુળ ટી. અરજી) નં. ૩૮૬/૯૬માં સામાવાળા (સંસ્થા) એ રીસ્પોન્ડન્ટ (ટી. અરજી નં. ૩૮૬/૯૬ માં અરજદારો) સામે બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળ આ અપીલ કરી સુરતની મજુર અદાલત દ્વારા ટી. અરજી નં. ૩૮૬/૯૬ માં પસાર કરવામાં આવેલ તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૨નો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી રદ કરવા દાદ માંગી છે. આ અપીલમાં એવી હકીક્ત જણાવી છે કે આ કામના રીસ્પોન્ડન્ટના પ્રતિ મરહુમ સાવકશાહ મીર એપેલન્ટ કંપનીમાં નોકરી કરતા હતા અને કંપનીએ તેઓને ૬૦ વર્ષની નિવૃત્તિ વયમર્યાદા કંપનીના રેકોર્ડ અનુસાર વટાવી જતા તારીખ ૧૨મી ડીસેમ્બર ૧૯૯૫ના હુકમથી તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ ના કામના કલાકો બાદ નોકરીમાંથી નિવૃત્ત કરેલા, સદરહુ કર્મચારીએ એપેલન્ટ કંપનીના આ હુકમને કાયદેસરના પડકારતી અરજી બી.આઈ.આર. એક્ટની કલમ-૭૮/૭૯ અન્વયે દાખલ કરેલી જે ટી. અરજી નં. ૩૮૬/૯૬ મજુર અદાલત સમક્ષ ચાલતા દરમ્યાન સાવકશાહ મીરનું અવસાન થતા રીસ્પોન્ડન્ટ તેમના વિધવા તરીકે વારસદાર તરીકે સામેલ થયેલા અને ત્યારબાદ પક્ષકારો દ્વારા સદરહુ કામમાં રજુ કરવામાં આવેલ લેખીત તેમજ મૌખિક પુરાવાના અંતે મજુર અદાલતના ન્યાયાધીશે તારીખ ૩જી જાન્યુઆરી ૨૦૦૨ ના રોજ આપેલ ચુકાદા અન્વયે રીસ્પોન્ડન્ટની અરજી અંશતઃ મંજુર કરી તેમને તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૬ થી તારીખ ૪થી મે ૧૯૯૭ સુધીના પડેલા દિવસોના પગારની ચુકવણી હુકમ તારીખથી ૩૦ માં કરવા ઉપરાંત એપેલન્ટ કંપનીએ રીસ્પોન્ડન્ટને ખર્ચ પેટે રૂા. ૫૦૦/ ચુકવી આપવા હુકમ કરે, જેનાંથી નારાજ થઈ એપેલન્ટે આ અપીલ કરી છે. અપીલમાં એપેલન્ટે નીચેના કારણો ભુમિકા તરીકે રજુ કરેલા છે.

કારણો

(એ) નામદાર મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ રદ થવાને પાત્ર છે.

(બી) નામદાર મજુર અદાલત સમક્ષ ટી. અરજી નં. ૩૮૬/૯૬ ના કામમાં રજુ થયેલ મૌખિક તેમજ કેટલાક દસ્તાવેજી પુરાવાની સંદતર અવગણના કરવામાં આવેલ છે અને તેથી પણ સદર હુકમ રદ થવાને પાત્ર છે.

(સી) નામદાર મજુર અદાલતે એપેલન્ટ કંપની દ્વારા રજુ કરવામાં આવેલા કેટલાક મહત્વના દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લીધા નથી અને તેથી પણ સદર હુકમ રદ થવાને પાત્ર છે.

(ડી) કંપની દ્વારા રજુ કરવામાં આવેલ આંક-૧૦ના દસ્તાવેજી પુરાવાથી નામદા

અદાલતે તેમ ઠરાવવું જોઈતું હતું કે મરહુમ શાવકશા મીરની ઉંમર કંપનીના ડોકટરે એસેસ કર્યા મુજબ તારીખ ૨૬મી મે ૧૯૬૪ ના રોજ ૨૮ વર્ષની હતી અને તે સંજોગોમાં અને તેમની તે પ્રમાણેની જન્મ તારીખ કંપનીના રેકર્ડમાં શરૂઆતથી ચાલી આવતી હતી, તે સંજોગોમાં મરહુમ શાવકશા મીરને નિવૃત્તિ વય થવાથી તેમને તારીખ ૩૧મી ડીસેમ્બર ૧૯૯૫ના રોજ કામના કલાકો બાદ નિવૃત્તિ કરવાનું એપેલન્ટ કંપનીનું પગલું કાયદેસરનું અને વ્યાજબી હતું.

(ઈ) નામદાર મજુર અદાલતે તેમ ઠરાવવામાં કાયદાની તેમજ હકીકતોની ગંભીર ભુલ કરેલ છે કે, મરહુમ શાવકશા મીરની જન્મ તારીખ ૫મી મે ૧૯૩૭ ની ગણવી જોઈતી હતી.

(એફ) નામદાર મજુર અદાલતે તે બાબત ધ્યાનમાં લેવી જોઈતી હતી કે, મરહુમ શાવકશા મીરના જન્મ અંગેના કહેવાતા દસ્તાવેજી પુરાવા કંપની સમક્ષ મરહુમ શાવકશા મીર કંપનીમાં દાખલ થયા તે વખતે કે ત્યારબાદના નજીકના ભવિષ્યમાં કદી રજુ કર્યા ન હતા અને તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવાના આધારે મરહુમ કામદારની ઉંમર નક્કી કરી તે અનુસાર રીટાયરમેન્ટની તારીખ નક્કી કરી શકાય નહિ.

(જી) નામદાર મજુર અદાલતે તે બાબત ધ્યાનમાં લેવી જોઈતી હતી કે માર્ક ૧૩/૧ અને માર્ક ૧૩/૨ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા નામદાર કોર્ટ સમક્ષ તેઓએ જરૂરી પુરાવા લઈ પુરવાર કરેલ નથી અને તે સંજોગોમાં તેવા દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લઈ શકાય નહિ.

(એચ) નામદાર મજુર અદાલતે તેમ ઠરાવવું જોઈતું હતું કે મરહુમ શાવકશા મીર દ્વારા કંપનીને આપવામાં આવેલ અરજી કે જે. ટી. અરજી નં. ૩૮૬/૯૬ ના કામમાં નિ. ૧૯/૧ થી રજુ થયેલ છે અને જે કંપનીના સાહેદ દ્વારા પુરવાર થયેલ છે તેના આધારે મરહુમ કામદારની કંપનીના રેકર્ડમાં ચાલી આવતી ઉંમર ખરી હોવાનું સાબીત થાય છે.

(આઈ) નામદાર મજુર અદાલતે મરહુમ કામદાર શાવકશા મીરના વિધવા પત્નિ કે જેઓ આ કામમાં અરજદાર તરીકે દાખલ થયેલા છે તેમની મૌખિક જુબાનીની અવગણના કરેલ છે.

(જે) નામદાર મજુર અદાલતે તેમ ઠરાવવં જોઈતું હતું કે મરહુમ શાવકશા મીરના વિધવા ઓરતની આ કામમાં થયેલ જુબાનીમાં તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે, તેમના પતિ તેમનાથી ૨૨ વર્ષ ઉંમરમાં મોટા હતા અને તેમના પત્નિની જુબાની વખતથી ઉંમર

INDEX

જોતા મરહુમ શાવકશા મીરને કંપનીને નિવૃત્ત કર્યા ત્યારે તેઓ ૬૦ વર્ષની ઉંમર વટાવી ગયા હતા તેવું સાબીત થાય છે.

(કે) નામદાર મજુર અદાલતે તેમ ઠરાવવું જોઈતું હતું કે કંપનીના રેકર્ડમાં કંપનીના ડોક્ટર દ્વારા મરહુમ શાવકશા મીરની આકારવામાં આવેલી ઉંમરને ધ્યાનમાં લેતા મરહુમ શાવકશા મીરની કંપની દ્વારા કરવામાં આવેલી નિવૃત્તિ સમયસરની હતી અને મરહુમ શાવકશા મીર ૬૦ વર્ષની ઉંમર પુરી કરી ગયેલ હોવાથી તેઓ પડેલા દિવસોનો પગાર માંગવા કે મેળવવા માટે હક્કદાર થતા ન હતાં.

(૨) આ અપીલ અંગે રીસ્પોન્ડન્ટને નોટીસ બજાવવામાં આવતા તેઓ તેમના એડવોકેટશ્રી અનિલ બી. નાયક મારફત હાજર થયેલા છે. અને તેમના વતી એડવોકેટ અનિલ બી. નાયકે બચાવની દલીલો રજુ કરેલી છે. નીચલી અદાલતનું રેકોર્ડ અત્રે મંગાવવામાં આવ્યું છે, જે આ અપીલ સાથે આંક-૫ માં સામેલ છે.

(૩) એપેલન્ટે આ અપીલ સાથે આંક-૫થી વચગાળાના મનાઈ હુકમની અરજી કરેલી જેના પર બંને પક્ષ આખરી સુનાવણી કરવા તૈયાર હોય તેઓ શેરો આવતા તે અરજીનો નીકાલ કરી આ અપીલની આખરી સુનાવણી કરવામાં આવેલી છે.

(૪) એપેલન્ટના એડવોકેટશ્રી પી. એન. શેઠ તરફથી મરહુમ કામદારની મુળ અરજીમાંની હકીકતો અને કંપનીના બચાવની વિગતો વિસ્તારથી રજુ કરી આ વિવાદ કયાં પ્રકારનો છે. તે ઉલ્લેખ કરવામાં આવેલ અને એવી રજુઆત કરવામાં આવી છે કે, નોકરીમાં દાખલ થતી વખતે કોઈ જન્મ તારીખ મરહુમ કામદારે રજુ કરેલ નહિ, તેથી કંપનીની પ્રથા મુજબ તેમની તેજ અરસામાં કંપનીની પેનલમાંના ડોકટર પાસે ઉંમર નક્કી કરાવવા માટે મોકલવામાં આવેલા અને તેમને તારીખ ૪થી જુન ૧૯૬૪ નું પ્રમાણપત્ર આપી તારીખ ૨૬મી મે ૧૯૯૪ના રોજ મરહુમ કામદારની ઉંમર ૨૮ વર્ષનું હોવાનું જણાવેલ છે, અને તે પ્રમાણપત્ર કંપનીના રેકોર્ડ પર છે, જેની અસલ આંક-૧૪ થી મજુર અદાલતમાં રજુ થઈ છે અને કંપનીએ તે રેકોર્ડ પર આધાર રાખીને કામદારને નિવૃત્ત કરેલા અને તે ૩૧મી ડિસેમ્બર ના રોજ કચેરી સમય પુરો થાય તે રીતે નિવૃત્ત કરેલા કારણ કે વર્ષની અધવચ્ચે મેડીકલ સર્ટીફિકેટમાં માત્ર ઉંમરનું વર્ષ જ જણાવેલ હોય તો આ રીતે વર્ષ પુરૂ થાય ત્યાં સુધી ગણવાની પ્રથા છે. અને કંપનીના સાક્ષીએ આ બાબત જુબાની આપી છે, શ્રી શેઠે એ બાબત તરફ આ અદાલતનું ધ્યાન દોરવાની કોશીશ કરી છે કે મજુર અદાલત સમક્ષ નોકરીની શરૂઆતનું આ રેકોર્ડ હોવા છતાં મજુર અદાલતે તેના તરફ લક્ષ આપ્યું નથી. અને તેનું મુલ્યાંકન કરેલ નથી. શ્રી શેઠે એ બાબત પ્રત્યે પણ ધ્યાન દોરેલ છે કે પી.એફ., નોમીનેશન, ગ્રેજ્યુઈટી વગેરે બાબતમાં મરહુમ કામદારે પોતે તેમની નિવૃત્તિની આ તારીખનો

INDEX

ઉલ્લેખ કરી તે તારીખ સ્વીકારેલ છે, તે તરફ પણ મજુર અદાલતે લક્ષ આપ્યુ નથી એટલું જ નહિ જ્યારે કંપનીની રજુઆત એવી હોય કે કલેરીકલ ભુલ ને કારણે નિવૃત્તિ કરવાની તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૫ના બદલે તારીખ ૨૬મી મે ૧૯૯૫ લખાઇ ગઇ છે અને કામદારનો પોતાનો પત્ર એવો હોય કે જેમાં આ કલેરીકલ ભુલ થઇ છે તેવું કામદારે સ્વીકાર્યું હોય તેવી પરિસ્થિતિમાં પણ મજુર અદાલતે તેવા પુરાવાનું મુલ્યાંકન કર્યું નથી, એટલું જ નહિ તેવા પુરાવા ધ્યાનમાં જ લીધા નથી. શ્રી શેઠે મરહુમ કામદારની વિધવાની જુબાની આંક-૨૦ અદાલત સમક્ષ વાંચી છે, જેમાં મરહુમની વિધવા પત્ની મહારૂખ શાવકશા મીરની ઉંમર ૪૫ વર્ષ બતાવવામાં આવી છે અને જુબાનીના સમય ઉલટ તપાસમાં તેમણે પોતાના પતિ પોતાના કરતા ૨૨ વર્ષ મોટા હતા, તેવું જણાવેલ છે, તે તરફ ધ્યાન દોરતા શ્રી શેઠે એ બાબત પ્રત્યે ધ્યાન દોરેલ છે કે આ જુબાની ઓકટોબરમાં ૨૦૦૧ માં થઇ છે તે સમયે સાહેદની ઉંમર ૪૫ વર્ષની હોય તો મરહુમ કામદાર તેનાથી ૨૨ વર્ષ મોટા ગણાય અને તો તે વખતે તેમની ઉંમર ૬૭ વર્ષ થાય અને જો ઓકટોબર ૨૦૦૧ માં તેમની ઉંમર ૬૭ વર્ષ હોવાનું માની શકાય તો કંપની કહે છે તેમ તેમની ૬૦ વર્ષની ઉંમર ૧૯૯૪ માં હોય અને તે સંજોગોમાં તેમણે વધુ નોકરી કરી છે અને તે બાબત કંપનીના પુરાવાને સ્પષ્ટ પણે સમર્થન આપે છે. અને જો આ બાબત ધ્યાનમાં લઇએ તો મરહુમ અરજદારની અરજી રદ થવા પાત્ર હોવાનું આપોઆપ સ્પષ્ટ થઇ જાય અને તેથી મજુર અદાલતે આ અરજી રદ કરવી જોઇતી હતી તેના બદલે મજુર અદાલતે પુરાવાના મુલ્યાંકનમાં ભુલ કરી અને કાયદાની જોગવાઇઓનું ખોટું અર્થઘટન કરી અરજી મંજુર કરેલ છે. શ્રી શેઠે ભારપૂર્વક એવી રજુઆત કરી છે કે, કામદારના જન્મનું પ્રમાણપત્ર જ મજુર અદાલતમાં પ્રથમ વખત રજુ થયેલ છે તે જરૂરી પુરાવા લઇ અરજદાર પક્ષે પુરવાર કરેલ નથી અને તેવા દસ્તાવેજ ધ્યાનમાં લઇ શકાય નહી. તેમ છતાં મજુર અદાલતે તેવા દસ્તાવેજ ધ્યાનાં લીધેલા છે. આ સંજોગોમાં પણ મજુર આદાલતનો હુકમ પડેલા પુરાવા વિરૂદ્ધનો, પુરાવાના ખોટા મુલ્યાંકન પર આધારીત, પુરાવા પુરવાર ન થયા હોય તેવા પુરાવા પર આધારીત હોવાથી અને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવો જોઇએ.

(૫) રીસ્પોન્ડન્ટ તરફ એડવોકેટ શ્રી અનિલભાઇ નાયકે મજુર અદાલતનો હુકમ તમામ પુરાવાઓની ચર્ચા અને મુલ્યાંકન પર આધારીત હોય કાયદેસરનો અને ન્યાયી છે તેવી રજુઆત કરી છે અને તે પણ જણાવ્યું છે કે કામદારે કંપનીને રેકોર્ડમાં તેમની જન્મ તારીખ નોકરીમાં દાખલ થતી વખતે આપેલી અને તેના પરથી કામદારને જયારે ઓળખપત્ર આપવામાં આવ્યું ત્યારે તે જન્મ તારીખ તેમાં લખવામાં આવી છે અને તે જન્મ તારીખના સમર્થનમાં મજુર અદાલત સમક્ષ જન્મ અંગેના પ્રમાણપત્ર રજુ થયેલ છે ત્યારે કામદાર પક્ષની રજુઆત ન માનવા માટે મજુર અદાલત પાસે કોઇ જ કારણે ન હતું અને તેથી આ હુકમ કાયદેસરનો અને યોગ્ય છે.

INDEX

(૬) મજુર અદાલતના હુકમની કાયદેસરના અને યોગ્યતા બંને પક્ષકારોની રજુઆતોના આધારે ચકાસવા માટે સૌ પ્રથમ મજુર અદાલતના રેકોર્ડમાંની મરહુમ કામદારની અરજીમાંની હકીકતો જોઇએ તો તેણે નોકરીમાં દાખલ થતી વખતે પોતે પોતાની જન્મ તારીખ ૫-૫-૧૯૩૭ ની હતી તેવા પુરાવા આપેલા અને તે સામાવાળાની સંસ્થાના રેકોર્ડ પર છે તેવી હકીકત જણાવે છે. હવે કંપનીએ આવો કોઇ જન્મ તારીખ જણાવતો પુરાવો આ કામદાર નોકરીમાં દાખલ થયા તે વખતે રજુ થયેલ ન હતો તેવો બચાવ લીધેલો છે. હવે તે અંગે આગળ ચર્ચા કરતા પહેલા એ બાબત પ્રત્યે અદાલતનું ધ્યાન ખેંચાઇ છે કે, મજુર અદાલતે તેના સમક્ષના નિશાની ૧૩/૧ અને ૧૩/૨ ના જન્મ પ્રમાણપત્ર અને તેના આધાર તરીકે રજુ થયેલ પુરાવાની ચર્ચા હુકમની પાના-૬ ઉપર કરી છે અને તેને ધ્યાનમાં લઇ મરહુમ કામદારની જન્મ તારીખ ૭-૫-૧૯૩૭ હોવાનું ઠરાવવામાં આવ્યું છે તેમ જણાવેલ છે. આંક-૧૩ ની પ્રોડકશન એપ્લીકેશન રેકોર્ડ જોતા તેમા આ દસ્તાવેજ આંક પાડયા હોય તેવું જણાતું નથી અને કોઇ સંજોગોમાં ભુલથી આંક પડયા હશે તે છેકી નાંખવામાં આવ્યા છે. હવે આ બંને દસ્તાવેજો સામાવાળા તરફથી કબુલ કરવામાં આવ્યા નથી, તેના વિશે કોઇ સાહેદને તપાસીને તે દસ્તાવેજ પુરવાર કરવામાં આવ્યાનથી અને તેથી તેને આંક પડયા નથી, તેવા પુરવાર ન થયેલા દસ્તાવેજ ઉપર મજુર અદાલત આધાર રાખી શકે નહિ. બીજી હકીકત એ જણાય છે કે મજુર અદાલતે કામદારની જન્મતારીખ ઠરાવી છે કે તેનું કામ નથી, જન્મ તારીખે કામદારે માલિકને આપવાની હોય અને જેના રેકોર્ડે જે જન્મ તારીખ આવી હોય તેના આધારે માલિક કામદારને નિવૃત્તિ કરી શકે અને નિવૃત્તિ પછી જો કોઇ પ્રમાણપત્ર પ્રથમ વખત અદાલતમાં રજુ થતું હોય કે જે પ્રમાણપત્ર માલિકને આપેલું છે તેમાં કહેવાયું ન હોય અને પુરવાર થયું ન હોય તો તેવા પ્રમાણપત્ર પર નવેસરથી જન્મ તારીખ નક્કી કરી કામદારને નોકરીમાં ચાલું ગણવા કોઇ અદાલત હુકમ કરી શકે નહિ. હવે રેકોર્ડ જોતા આ કામદારને સામાવાળાએ તા. ૧-૧-૧૯૯૬ થી અસર કર્તા રીતે એટલે કે, ૩૧-૧૨-૧૯૯૫ ના કચેરી સમય પછી નિવૃત્તિ કર્યા છે તેના બે દિવસ પહેલા તા. ૨૯-૧૨-૧૯૯૫ રોજ આ પ્રમાણપત્ર મેળવવામાં આવ્યું હોય તેવું તેના અંદરની તારીખ જોતા જણાય છે એટલે ઘણા સમય પહેલા આ પ્રમાણપત્ર કંપનીને આપ્યુ હોય તેવો પ્રશ્ન રહેતો નથી, જેથી તે અંગે મજુર અદાલતનું તારણ અને મુલ્યાંકન કાયદો અને પ્રક્રિયાના નિયમોની ગેરસમજથી આપવામાં આવેલ છે, આ નોંધ લીધા પછી કામદારની જન્મતારીખ અંગે જે અન્ય પરિસ્થિતિ છે તે ચકાસીએ તો અગાઉ જણાયું તેમ કામદાર કહે છે કેતેણે જન્મ તારીખનો આધાર નોકરીમાં દાખલ થતી વખતે સંસ્થાને આપેલો. હવે ચાલુ પ્રક્રિયાએ આ કામદાર ગુજરી ગયે છે પણ તેણે રજુ કરેલ હકીકતો રેકોર્ડ પર છે, તો તે અંગે જેતે વખતે કામદારે કોઇ ફોર્મસ ભરેલા હોય કે સર્વિસબુકમાં કંઇ લખવામાં આવ્યું હોય કે કામદાર કોઇ અધિકારી પાસે હાજર થયા હોય તેવા કોઇક જરૂરી પુરાવા રજુ કરી અને તે એક પણ પુરાવામાં કામદારની જન્મ તારીખ રજુ કરી નથી અને રેકોર્ડ પર નથી

INDEX

તેવું સંસ્થાએ પુરવાર કરવું જોઇતું હતું, પરંતુ કામદાર દાખલ થયા ત્યારે તેમણે કોઇ અરજી આપેલી કે ફોર્મ ભરેલું કે કોઇપણ રજુઆત વિના હાજર થયેલ તે સ્પષ્ટ નથી તેમ તે વખતે તેમના રેકોર્ડમાં આ જન્મ તારીખ લખવામાં આવી કે જન્મ તારીખ રજુ થતી નથી તેવી નોંધ કરવામાં આવી, તે બાબત પણ સંસ્થાએ જણાવેલી નથી અને તે રેકોર્ડ પણ સંસ્થા રજુ કરતી નથી. આ અંગે એ બાબત નોંધ લેવી જોઇએ કે કર્મચારીની નોકરીનું સંપૂર્ણ રેકોર્ડ રાખવું તે સંસ્થાની ફરજ પણ છે અને તે સંસ્થાના હીતમાં પણ છે તો તે વખતે સંસ્થાએ જે રેકોર્ડ બનાવ્યો હશે તેમાં કામદાર જન્મ તારીખનો આધાર રજુ કરતા નથી તેવું હશે, પરંતુ તે રજુ થતું નથી અને સંસ્થા તે રેકોર્ડ રજુ કર્યા સિવાય સીધુ આંક-૧૪ નું કહેવાતું ડોકટરનું સર્ટિફિકેટ રજુ કરે છે. કહેવાતું એટલા માટે લખવામાં આવે છે કે, આને મેડીકલ સર્ટિફિકેટ કહી શકાય કે કેમ? તે પ્રશ્ન તેને જોતા વેત જ ન્યાયપંચને માટે ઉપસ્થિત થાય છે, કંઇ કંપનીનો પત્ર ડોકટર પર છે અને ડોકટર શી રીતે અને શું તપાસે છે અને તેમાં કોની સહીછે" તેવું કશું જ જણાતું નથી. એક સાદી ચીટ પર ખાના ખાલી રાખી સાદુ ટાઇપ કરવામાં આવ્યું છે અને તેમાં કોઇકના હસ્તાક્ષરથી ખાના પુરી દેવામાં આવ્યા છે અને તારીખ લખી નાંખવામાં આવી છે. તેમાં મેડીકલ સર્ટિફિકેટ જેવું કોઇ લક્ષણ નથી અને કોઇ સિક્કો નથી અને કોને આપેલું છે તે પણ જણાતું નથી અને આ પ્રમાણપત્ર હોય તો આવા ડોકટરી પ્રમાણપત્રને પુરવાર કરવા માટે સંસ્થા તરફથી કોઇને તપાસવામાં આવતા નથી. સંસ્થાએ ડોકટરને લખેલો પત્ર કે જેમાં કામદારે જન્મ તારીખ રજુ કરી નથી માટે કામદારની ઉંમર તપાસવી તે પણ મજુર અદાલતના રેકોર્ડમાં રજુ થયું નથી. હવે જો આવી સાદી ચીટને આધારભુત પુરાવો મજુર અદાલતે ન ગણ્યો હોય તો તેમાં મજુર અદાલતની કોઇપણ ભુલ નથી. હવે આ બાબતમાં આગળ જોઇએ તો સામાવાળાએ આંક-૧૫ થી મરહુમ કામદારનું સ્ટાફ સર્વિસ રેકોર્ડ રજુ કર્યું છે તેમાં ૨૮ વર્ષ કાળા અક્ષરે લખી નાખ્યું છે પણ ફરી લાલ શાહીથી ૨૬-૫-૧૯૩૭ વાંચી શકાય તેવું લખીને છેકી નાખ્યું છે અને તેના નીચે લાલ અક્ષરથી ૧૯૩૬ લખી નાંખ્યું છે અને રીટાયર્ડ ફોર્મ ૧-૧-૧૯૯૬ એવું પણ લાલ અક્ષરે લખેલું છે. આ છેક છાક કોણે કરી, શા માટે કરી, કયારે કરી તે સમજી શકાય તેમ નથી એટલે તે બાબત નિર્ણાયક પુરાવો ગણી શકાય નહિ અને જો આવું સર્વિસ રેકોર્ડ રહેતું હોય તો તે રજુ થાય તેના બદલે કામદારની સર્વિસબુક રજુ થાય તે વધુ યોગ્ય ગણાય. એ બાબત ધ્યાન ખેંચે છે કે આ આંક-૧૫ માં કોઇપણ અધિકૃત માણસની સહી હોય તેવુ જણાતું નથી. આટલું જોયા પછી એમ લાગે છે કે કંપની પોતે રેકોર્ડ વ્યવસ્થિત અને આધારભુત રાખતી નથી. હવે આના સંદર્ભમાં કામદાર કહે છે કે તેણે આધાર કંપનીને જન્મતારીખ અંગે આપેલ. હવે તે બાબત જોઇએ તો રેકોર્ડમાં કામદારનું ઓળખપત્ર આંક-૨૯ રજુ થાય છે અને તેમાં કામદાર કહે છે તેમ તેની જન્મ તારીખ ૫-૫-૧૯૩૭ હોવાનું જણાય છે. આ ઓળખપત્રને અંદર લખેલી હકીકત સાથે જોવામાં આવે તો સંસ્થાના રેકોર્ડ પર કોઇ સ્થળે કામદારની જન્મ તારીખ ૫-૫-૧૯૩૭ હોવાનું જણાય છે.

INDEX

અને આ ઓળખપત્ર તા. ૧૨-૧૨-૧૯૯૨ ના રોજ આપવામાં આવ્યું છે. હવે આંક-૨૯નું આ ઓળખપત્ર આ અદાલતમાં રજુ થયું ત્યાં સુધી આ કામદારની જન્મતારીખ તેમાં ભુલથી ખોટી લખવામાં આવી છે તેવું જાણે સંસ્થાના ધ્યાન પર ન આવ્યું હોય તે રીતે સંસ્થાના સાહેદે આંક-૩૨ ઓળખપત્રમાંની હકીકતને ભુલ ભરેલી અને ખોટી પુરવાર કરવાની કોશીશ કરે છે. આંક-૩૨ ના સાહેદના કહેવા પ્રમાણે તે કર્મચારીના પર્શનલ રેકોર્ડ મેન્ટેન્શ કરતા હતા. હવે જો તેમ હોય તો જયારે ઓળખપત્રમાં જન્મ તારીખ લખવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે તે રેકોર્ડ જોયા વિના લખે? અને જો તેમણે તેમ કર્યું હોય તો ફરજમાંની બેદરકારી માટે તેમના પ્રત્યે શું પરિસ્થિતિ થાય? પણ આંક-૩૨ ના સાહેદ કહે છે કે, ''ઓળખપત્રમાં વિગતો મરહુમ મીરે કહ્યું તે પ્રમાણે લખી હતી, ઓળખપત્રમાં વિગતો લખવા મેં કંપનીનો રેકોર્ડ વેરીફાઇ કર્યો ન હતો.'' હવે આ સાહેદ મરહુમ કામદાર મીર અંગે તેમનું રેકોર્ડ શું છે તે અંગે બોલતા નથી અને તે રેકોર્ડમાં જન્મ તારીખ શું છે તે અંગે પણ બોલતા નથી. એટલે તેમની આ જુબાની સિવાય આ કામદારની જન્મ તારીખ કામદારે નોકરીમાં દાખલ થતી વખતે આપેલ ન હતી, કામદારના સર્વિસ રેકોર્ડમાં ૫-૫-૧૯૩૭ ની જન્મ તારીખ લખાયેલી નથી અને કામદારને તા. ૮-૫-૧૯૬૪ ના રોજ ઉંમર નક્કી કરાવવા માટે ડોકટર પાસે મોકલવામાં આવ્યા હતા અને તે અંગે ડોકટરે ૨૮ વર્ષની ઉંમર નક્કી કરી હતી અને અરજદારની ૪-૬-૧૯૬૪ ના રોજ તે અંગે જાણ કરવામાં આવી હતી અને તેમ છતાં અરજદારની કલેરીકલ ભુલને કારણે ૨૫-૫-૧૯૯૬ સુધી નોકરી પર ચાલુ રહેવાનું જણાવવામાં આવેલ અને પાછળ તે કલેરીકલ ભુલ માલુમ પડેલ આવી કોઇપણ હકીકતો કોઇપણ સાહેદ કંપની વતી અદાલતની અંદર સોગંદ પરની જુબાનીમાં જણાવતો નથી, તે સંજોગોમાં કંપનીનો આ બચાવ પુરવાર થતો નથી અને મરહુમ કામદારે રજુ કરેલું રેકોર્ડ જો તે સંજોગોમાં મજુર અદાલત આધારભુત ગણે તો તેમાં ભુલ નથી. શ્રી શેઠે વારંવાર એવી રજુઆત કરવાનો પ્રયત્ન કર્યો છે કે કામદારે પોતે કલેરીકલ ભુલ હોવાનું જણાવ્યું છે અને ગ્રેજયુટી અને એવી તમામ બાબતો માટે નિવૃત્તિની કંપનીએ આપેલી તારીખ લખેલી છે. આ અંગે પ્રથમ બાબત એ કે ગ્રેજયુટી કે પી. એફ મેળવવા માટે કામદારને કંપનીએ જે તારીખ નિવૃત્તિ કરવા માટે લખી હોય તે જણાવવી જ પડે અને તે રીતે જણાવે તો તે ''એડમીશન'' ન ગણાય, રહી વાત આંક-૧૯ થી રજુ થયેલ પત્રની. આ રેકોર્ડમાં કંપનીએ કામદારના પત્રો રજુ કર્યા છે અને કામદારે પણ પત્રો રજુ કર્યા છે, તે જોતાં અરજીમાં સહી, અધિકારપત્રમાંની કામદારની સહી, તા. ૨૨-૩-૧૯૯૬ ના પત્રમાં કામદારની સહી, આંક-૧૬ માંની કામદારની સહી સાથે આ પત્રની સહી સરખાવતા તે જુદી પડે છે અને આ પત્ર અંગે એ બાબત પણ નોંધ લેવી ઘટે કે આવો પત્ર લખેલ હોવાનું કંપનીના જવાબમાં નથી અને કંપનીનો જવાબ તારીખ ૩-૧-૧૯૯૭ ના રોજ રજુ થયો ત્યાર પછી આ પત્ર સાડા ચાર વર્ષ પછી તા. ૫-૧૦-૨૦૦૧ ના રોજ રજુ થયો છે જેમાં પત્રને પુરવાર કરતો કોઇ આધાર નથી અને આવા પત્ર અંગે કંપનીના સાહેદ એક પણ શબ્દ બોલતા નથી, એટલે તે પત્ર પણ

પુરાવાની દષ્ટિએ કંપનીને મદદરૂપ થાય તે રીતે પુરવાર થતું હોવાનું કહી શકાય તેમ નથી અને તેથી આ અપીલમાં પોતાના પુરાવાઓ તરફ મજુર અદાલતે દુરલક્ષ સેવ્યું છે કે પુરાવાઓનું અયોગ્ય મુલ્યાંકન કર્યુ છે તેવી એપેલેન્ટની રજુઆત અને તેવા કારણોસર મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસરનો અને અયોગ્ય છે તેવી રજુઆત સાચી હોવાનું પુરવાર થતું નથી. મજુર અદાલતને ડોકટર પાસે તપાસ કરાવવાનો કોઇ નિયમ રજુ થતો નથી કે કામદારને ડોકટરે નક્કી કરેલ ઉંમરની કંપનીએ જાણ કરેલી તેવું પુરવાર થતું નથી, તેવી બાબતની ચર્ચા સાથે કંપનીના સાહેદોએ આપેલી જુબાનીની ચર્ચા કરી છે અને પોતાની રીતે નિર્ણયને માટે કારણો આપેલા છે અને આ અદાલતને પણ મજુર અદાલત સમક્ષ પુરાવો રજુ થયેલ જોતાં ઉપર ચર્ચા કરી છે તે રીતે જન્મ તારીખ અંગે મરહુમ કામદારની રજુઆત આધારભુત રીતે સાચી હોવાનું જણાય છે, તે સંજોગોમાં આ અપીલ મંજુર થવા પાત્ર જણાતી નથી.

(૭) ઉપરોકત કારણોસર આ અપીલમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની આ અપીલ આથી રદ કરવામાં આવે છે. એપેલેન્ટે આ અપીલના ખર્ચ અંગે હુકમ મળ્યેથી દિવસ-૩૦ માં રીસ્પોન્ડન્ટને રૂા. ૧૦૦૦/- ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે અને મજુર અદાલતના હુકમનું પાલન કરવા પણ હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક ૧૭

સુરતના શ્રી પી. આર. દવે સાહેબની ઔદ્યોગિક અદાલત સમક્ષ

(અપીલ (આઇ.સી.) નં. ૧૭/૯૭)

ચીફ એકઝીકયુટીવ, **એપેલન્ટ**
ધી સુરત ઇલેક્ટ્રીકસીટી કંપની લી.,
સ્ટેશન રોડ, સુરત.

વિરૂધ્ધ

INDEX

દેવજીભાઈ કાળાભાઈ મેવાડાના વારસદાર તરીકે
સોમીબેન દેવજીભાઈ મેવાડા,
બ્લોક નં. બી-૨૯, સ્મૃતિ સોસાયટી,
ફુલપાડા રોડ, કતારગામ,
સુરત
રીસ્પોન્ડન્ટ.

બાબત :- સુરતની ત્રીજી મજુર અદાલતના ન્યાયાધીશ દ્વારા તેના સમક્ષની ટી. અરજી નં. ૫૭/૯૧ ના કામમાં આંક-૯ નીચે ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની અને ગેરકાયદેસર ઠરાવતા કરવામાં આવેલ હુકમ સામે બી.આઇ.આર. એકટની કલમ-૮૪ મુજબ અપીલ.

ઉપસ્થિતિ :-એપેલેન્ટ તરફે એડવોકેટ શ્રી પી. એન. શેઠ,
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ શ્રી એસ. ટી. ચૌધરી.

ચુકાદો

આ કામના એપેલેન્ટ (જેને હવે પછી કંપની તરીકે ઓળખવામાં આવશે) દ્વારા આ કામના રીસ્પોન્ડન્ટ (જેને હવે પછી મરહુમ કામદારના વારસદાર તરીકે ઓળખવામાં આવશે) વિરૂધ્ધની હાલની અપીલ કરી સુરતની ત્રીજી મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એ.એ. દવે સમક્ષની ટી. અરજી નં. ૫૭/૯૧ માં કંપનીએ ગુજરનાર કામદાર દેવજીભાઇ કાળુભાઈ મેવાડા, મુળ કામના અરજદાર સામે કરેલી ખાતાકીય તપાસને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની અને ગેરકાયદેસર ઠરાવતા મજુર અદાલતના આંક-૯ના હુકમથી નારાજ થઇ રજુ કરી છે અને તેમાં આ પ્રમાણે હકીકતો જણાવવામાં આવી છે.

ગુજરનાર કામદાર મેઇન્સ ખાતામાં સીનીયર જોઇન્ટર તરીકે ફરજ બજાવતા હતા અને તેમને કંપની તરફથી તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજનુ આરોપનામુ આપવામાં આવેલ અને તેમાં જણાવ્યા મુજબનું ગેરવર્તન તેમણે કરેલું હોવાનું જણાયેલું તેથી સ્થાયી હુકમની કલમ-૨૨ (એ) (ડી) અને (કે) મુજબના આરોપ મુકવામાં આવેલા અને તે અંગે ખાતાકીય તપાસ તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજથી કરવામાં આવેલી અને તે જાતની તપાસ કરવામાં આવશે તેની જાણ તેમને તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૦ની નોટીસથી આપવામાં આવેલ અને ખાતાકીય તપાસ માન્ય થયેલ સ્થાયી હુકમમાં જણાવેલી વિધિ મુજબની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબની કામદારને બચાવની પુરેપુરી તક મળે તે રીતે કરવામાં આવેલ. મજુર અદાલત સમક્ષની ટી. અરજી નંબર ૫૭/૯૧ માં સદરહુ ખાતાકીય તપાસ કાયદેસર, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબની છે કે નહિ તે બાબતે મજુર અદાલતમાં પ્રાથમિક મુદ્દો કાઢવામાં આવેલો અને તેમાં પક્ષકારોની સોગંદ પર જુબાની થયેલ જેમાં કામદાર તરફથી મુખ્યત્વે

INDEX

એક જ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલ કે તેમને જે તહોમતનામુ આપવામાં આવેલ તેનો જવાબ આપવા માટે તેમના તરફથી જે કાગળો માંગવામાં આવ્યા હતા તે આપવામાં આવ્યા ન હોવાથી તેઓ બચાવ કરી શકયા ન હતા. કામદારની આ રજુઆત ખોટી છે અને તપાસ અધિકારી સમક્ષ પક્ષકાર તરફે નિવેદનો પણ લેવામાં આવેલાં અને તેની ઉલટ તપાસ પણ કરવામાં આવેલી અને કાર્યવાહી તપાસ અધિકારીના હસ્તાક્ષરમાં લખવામાં આવેલી અને દરેક કાગળ પર કામદારની કે તેમના પ્રતિનિધિની સહી કરવામાં આવેલી અને ખાતાકીય તપાસના કાગળોની નકલ પણ મરહુમ કામદારને આપવામાં આવેલી. આમ ખાતાકીય તપાસ કાયદેસર, વ્યાજબી, ન્યાયી રીતે તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર તથા માન્ય થયેલ સ્થાયી હુકમમાં જણાવેલ વિધિ મુજબની કરવામાં આવેલ તેમ છતાં કોર્ટ તરફથી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ અને ગેરકાયદેસર હોવા બાબતનો તથા તેને રદ કરવાનો હુકમ તા. ૨૫મી જુલાઇ, ૧૯૯૭ ના રોજ કરવામાં આવેલ, જેની નકલ અપીલ સાથે રજુ કરવામાં આવી છે. આ હુકમને નીચેના મુદ્દાઓ અને વાંધાસર પડકારવામાં આવેલી છે.

વાંધાઓ

(૧) નામદાર ત્રીજી મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એ. એ. દવે સાહેબ તરફથી આપવામાં આવેલ તા. ૨૫મી જુન, ૧૯૯૭ નો હુકમ કે જેને હવે પછી સદરહુ તકરારી હુકમ સંબોધવામાં આવે છે તે હુકમ કાયદેસર, ખોટો અને કબુલ નથી અને તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૨) નામદાર ત્રીજી મંજુર અદાલત કે જેને હવે પછી નીચેની કોર્ટ તરીકે સંબોધવામાં આવે છે તેઓએ ઠરાવ્યું છે કે, ઉપર જણાવ્યા પ્રમાણેની ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધ અને કાયદેસર નથી તે પ્રમાણે નિર્ણય આપવામાં કસુર થયેલ છે.

(૩) નામદાર નીચેની કોર્ટ તરફથી પોતાના તા. ૨૫મી જુન, ૧૯૯૭ ના હુકમમાં એવો નિર્ણય કરવો જોઇતો હતો કે ઉપર જણાવ્યા પ્રમાણેની રીસ્પોન્ડન્ટને આપવામાં આવેલ આરોપનામામાં જણાવ્યા મુજબની ગેરવર્તણૂંક અંગે કરવામાં આવેલી ખાતાકીય તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ હતી. નીચેની કોર્ટ તરફથી સદરહુ ખાતાકીય તપાસ અંગે જે પ્રાથમિક મુદ્દાઓ કાઢવામાં આવ્યા છે તે અંગે પક્ષકારો તરફથી સોગંદનામાં પર જુબાની આપવામાં આવેલી છે તે જોતાં પણ નામદાર નીચેની કોર્ટ તરફથી તા. ૨૫મી જુન, ૧૯૯૭ નો હુકમ કરવામાં આવ્યો છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

INDEX

(૪) નીચેની કોર્ટમાં સદરહુ ખાતાકીય તપાસની કાયદેસર વિધિ માટે સુનાવણી કરવામાં આવેલી ત્યારે અરજદાર તરફથી જે સોગંદનામાં પર સાક્ષીઓ તપાસવામાં આવ્યા છે તેની પુરેપુરી કદર નામદાર નીચેની કોર્ટે કરી નથી અને તેથી પણ સદરહુ તકરારી હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૫) ઉપર જણાવ્યા પ્રમાણે ખાતાકીય તપાસને કાયદેસરતા મળે તે અંગે એપેલેન્ટ તરફથી હાઇકોર્ટ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજુ કરવામાં આવેલા છે તેનું અર્થઘટન પણ નામદાર નીચેની કોર્ટમાં કરવામાં આવ્યું નથી અને તેથી પણ હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૬) નામદાર નીચેની કોર્ટ તરફથી સદરહુ ખાતાકીય તપાસની કાયદેસરતા માટે જે સુનાવણી કરવામાં આવેલ તે વખતે એપલન્ટે પોતાની લેખીત દલીલ આપેલી તેના તારણ પર પણ નામદાર નીચેની કોર્ટ તરફથી પુરતું ધ્યાન આપ્યું નથી અને તે ઉપર નામદાર નીચલી કોર્ટે યોગ્ય રીતે માઇન્ડ એપ્લાય કર્યુ નથી અને તેની પણ સદરહુ તકરારી હુકમ રદ થવાને પાત્ર છે.

(૭) નામદાર નીચેની કોર્ટ તરફથી પોતાના તા. ૨૫મી જુન, ૧૯૯૭ ના તકરારી હુકમમાં સદરહુ ખાતાકીય તપાસ કરવા બાબતનો જે હુકમ કરવામાં આવ્યો છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૮) નામદાર નીચેની કોર્ટમાં એપલેન્ટ તરફથી પોતાના જે દસ્તાવેજો અને પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે તે ઉપર નામદાર કોર્ટ તરફથી પુરતું ધ્યાન આપ્યુ નથી અને કાયદેસર રીતે કદર કરી નથી તે જોતા પણ સદરહુ તકરારી હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૯) નામદાર નીચેની કોર્ટ તરફથી જે સદરહુ તકરારી હુકમ કરવામાં આવ્યો છે તેમાં એવું જણાવાયું છે કે, રીસ્પોન્ડન્ટના તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના પત્રનો કોઇ લેખીત ખુલાસો અરજદાર તરફથી કરવામાં આવ્યો નથી તે નિર્ણય ખોટો છે અને કબુલ નથી. આવા નિર્ણય પરથી એ સાબીત થાય છે કે, નામદાર કોર્ટમાં એપેલન્ટ તરફથી આ કામમાં જે ચુકાદાઓ રજુ કરવામાં આવ્યા છે તે કાયદેસર રીતે તપાસ્યા નથી અને તેથી પણ સદરહુ તકરારી હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૧૦) નામદાર નીચેની કોર્ટ તરફથી સદરહુ તકરારી હુકમમાં જણાવવામાં આવે

છે કે, એપેલેન્ટ સંસ્થાનો અરજદાર વિરુધ્ધ પૂર્વગ્રહયુક્ત હતો તે નિર્ણય ખોટો છે અને કબુલ નથી.

(૧૧) સદરહુ નામદાર નીચેની કોર્ટ તરફથી સદરહુ તકરારી હુકમમાં રીસ્પોન્ડન્ટને લેખીત ખુલાસો કરવાની તક ન આપેલી હોવાની કે રીસ્પોન્ડન્ટને બચાવવાની પુરતી તક નહી આપેલ હોવાનું ઠરાવવામાં આવેલ તે નિર્ણય કસુરવાર છે અને કાયદેસર રીતે ટકી શકતો નથી.

(૧૨) વળી સદરહુ નામદાર નીચેની કોર્ટ તરફથી તકરારી હુકમમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે સામાવાળાએ અરજદારને બચાવવાની યોગ્ય અને પુરતી તક આપી નથી તેમજ સામાવાળા કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુસરેલ નથી તે ખોટું છે અને કબુલ નથી અને રદ થવાને પાત્ર છે.

(૧૩) નામદાર નીચેની કોર્ટ તરફથી પોતાના સદરહુ તકરારી હુકમમાં પાના નં. ૧૪ અને ૧૫ પર ખાતાકીય તપાસના કેટલાક કથનો ટાંકવામાં આવ્યા છે તે પરથી નામદાર નીચેની કોર્ટએ એવું તારણ કરેલું લાગે છે કે, તા. ૨૧મી જુન, ૧૯૯૦, તા. ૨૮મી જુન, ૧૯૯૦ તથા તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજ હાથ ધરવામાં આવેલ તપાસમાં અરજદાર ગેરહાજર હતા પરંતુ તેમના પ્રતિનિધિ હાજર હતા. રીસ્પોન્ડન્ટ ઉપરોકત તપાસમાં ગેરહાજર હોવા છતા અરજદારને કસુરવાર ઠેરવેલા છે તે કાયદેસર ટકી શકતી નથી. નામદાર નીચલી કોર્ટ તરફથી આ અંગે પુરતુ ધ્યાન આપવામાં આવ્યું હોત તો નામદાર નીચેની કોર્ટ આવો નિર્ણય લઇ શકતે નહીં.

(૧૪) સદરહુ ખાતાકીય તપાસમાં તપાસ અધિકારી તરફથી પોતાના હસ્તાક્ષરમાં એવી નોંધ કરવામાં આવી છે કે, તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજ તપાસમાં રીસ્પોન્ડન્ટ હાજર ન હતા અને તેમને લેખીતમાં કશુ રજુ કરવાનું નથી એમ માની તપાસ પુરી થયેલી તપાસ અધિકારીએ જાહેર કરી છે અજે તપાસ અધિકારીએ મૌખિક જુબાનીમાં તેથી તદ્દન વિરૂધ્ધની હકીકત સરતપાસમાં જણાવે છે તે નામદાર નીચેની કોર્ટનું કથન વ્યાજબી અને ન્યાયી નથી.

(૧૫) રીસ્પોન્ડન્ટ તરફથી ખાતાકીય તપાસની કાયદેસરની સુનાવણી વખતે કેસના કાગળોમાં એવો ઉલ્લેખ કર્યો નથી કે તપાસ અધિકારીએ પોતાના હાથે જે લખાણ કર્યુ છે તે ખોટું છે અને તે જોતા પણ તપાસ અધિકારીએ ઉપર જણાવ્યા પ્રમાણે કથન કર્યુ છે કે એપેલન્ટના પ્રતિનિધિ તે દિવસે હાજર હતા અને તેમને જાહેર કરેલ જવાબમાં કશુ અયોગ્ય, પરસ્પર કે વિરોધાભાસી નથી.

INDEX

(૧૬) નામદાર નીચેની કોર્ટના સદરહુ તકરારી હુકમમાં તપાસની કાર્યવાહી તથા તપાસ અધિકારીની કાર્યવાહી વિરોધાભાસી નિર્ણય સાથે સુસંગત નથી અને તે નિર્ણય પણ કસુરવાર ઠરે છે.

(૧૭) નામદાર નીચેની કોર્ટના સદરહુ તકરારી હુકમમાં ખાતાકીય તપાસની કાયદેસરતા માટે શ્રી બી.ડી. શાહે આંક-૧૮ માં જણાવવામાં આવેલું કે રીસ્પોન્ડન્ટ સતત તપાસમાં હાજર હતા નહીં તે વાત સાચી છે અને તેને દર મુદતે હાજર રહેવા નિવેદન આપેલ નથી કારણ કે તેના પ્રતિનિધિને ખબર આપી દીધેલ. એ કાયદેસરનો મુદો છે કે જયારે કોઇપણ પ્રીન્સીપાલના એજન્ટ હાજર હોય તેમની હાજરીમાં જે કંઇ બન્યુ હોય તેની જાણ પ્રીન્સીપલને થયેલી છે એવી કાયદામાં જોગવાઇ છે તે બાબત પર નામદાર નીચેની કોર્ટ તરફથી પુરતું ધ્યાન આપવામાં આવ્યું નથી તે જોતા સદરહુ દલીલ કાયદેસર વ્યાજબી અને ન્યાયી નથી.

(૧૮) જયારે ખાતાકીય તપાસ વખતે રીસ્પોન્ડન્ટના પ્રતિનિધિ હાજર હોય અને તેમની હાજરીમાં ખાતાકીય તપાસની તે પછીની તારીખ નકકી કરવામાં આવી હોય તો એવા સંજોગોમાં રીસ્પોન્ડન્ટને અલાયદી ખબર આપવાની જરુર નથી તેવો કાયદેસરનો મુદો નામદાર નીચલી કોર્ટ ભુલી ગઇ છે એવું લાગે છે.

(૧૯) નામદાર નીચેની કોર્ટ તરફથી જે તકરારી હુકમ કરવામાં આવ્યો છે તે જોતા નામદાર નીચેની કોર્ટની માન્યતા ઇન્ડીયન એવીડન્સ એકટ અક્ષરે અક્ષર ચોકકસપણે લાગુ પડે છે તેમ ગણીને સદરહુ તકરારી હુકમ કરેલ છે, પરંતુ આ કામમાં એપેલેન્ટે તરફથી જે કોર્ટના ચુકાદા રજુ કરવામાં આવ્યા છે તે જોતા ખાતાકીય તપાસને કુદરતી ન્યાયના સિધ્ધાંત વગેરે લાગુ પડે છે અને તેથી પણ સદરહુ તકરારી હુકમ રદ થવાને પાત્ર છે.

(૨૦) સદરહુ તકરારી હુકમના પાના ૧૭ પર જણાવાયું છે કે, કંપનીના પ્રતિનિધિની ઉપરોકત જુબાની તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજની તપાસની કાર્યવાહી તથા તપાસ અધિકારીની મૌખિક જુબાની તદ્દન વીરોધાભાસી છે તે કથન ખરું નથી એ તે નિર્ણય કસુરવાર છે.

(૨૧) સદરહુ તકરારી હુકમના પાના નં. ૧૭ પર જે ચર્ચા કરી છે તે જોતાં નામદાર નીચેની કોર્ટનું મંતવ્ય એવું લાગે છે કે રીસ્પોન્ડન્ટને તપાસની દરેક તારીખની જાણ કરવાની મેનેજમેન્ટની કે તપાસ અધિકારીની ફરજ હતી. પરંતુ આ અંગે એપેલેન્ટ તરફથી જે કેસોના ચુકાદા રજુ કરવામાં આવ્યા છે તે જોતાં નામદાર નીચેની કોર્ટની

INDEX

આ માન્યતા ભુલ ભરેલી અને કસુરવાર છે.

(૨૨) નામદાર નીચેની કોર્ટ તરફથી રીસ્પોન્ડન્ટ તરફથી રજુ કરેલ ૧૯૯૭ એલ.એલ.આર. પાના નં. ૧૧૪નો કેસ તથા બીજા રજુ કરેલ ચુકાદાઓનું નામદાર નીચેની કોર્ટ તરફથી ખરુ અને કાયદેસર તેમજ વ્યાજબી અર્થઘટન કરવામાં આવ્યું નથી.

(૨૩) નામદાર નીચેની કોર્ટ તરફથી એપેલન્ટ તરફે રજુ કરેલ પટણા હાઇકોર્ટનો ચુકાદો તથા બીજી મુદાઓનો નામદાર નીચેની કોર્ટ તરફથી ખરુ અને કાયદેસર તેમજ વ્યાજબી અર્થઘટન કરવામાં આવ્યું નથી.

(૨૪) નોટીસ ટુ એજન્ટ ઇઝ નોટીસ ટુ પ્રીન્સીપલ એવા કાયદાના સિધ્ધાંત સાથે નામદાર નીચેની કોર્ટ સંમત નહી થતા હોવાનું જણાવે છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૨૫) તકરારી હુકમના પાના ૨૦ પર નામદાર નીચેની કોર્ટ, એજન્ટ હોવા માટે અવેજની જરુર હોવાનો નિર્ણય કરે છે તે એજન્સીના કાયદાની કલમ ૧૮૫ ની જોગવાઇ વિરૂધ્ધનો નિર્ણય હોવાથી કાયદેસર નથી અને તે અંગે જે ચર્ચા કરવામાં આવી છે તેમાં નીચેની કોર્ટની કાયદાની સમજ ભુલ ભરેલી છે.

(૨૬) સદરહુ તકરારી હુકમના પાના નં. ૨૦ ઉપર એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે જો આરોપી (કર્મચારી) સમય દરમ્યાન હાજર જ ન હોય તો પ્રતિનિધિની હાજરીની નોંધ લઇ કાર્યવાહી તે દિવસે પૂર્ણ કરી, તપાસની તારીખની જાણ અરજદાર (રીસ્પોન્ડન્ટ) કર્મચારીને વ્યકિતગત રીતે કરવી ફરજિયાત છે. આવો નિર્ણય ખાતાકીય તપાસ અંગે કરવામાં આવ્યો છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૨૭) સદરહુ તકરારી હુકમના પાના ૨૦ પર ૧૯૮૩ લેબ. આઇ.સી. પાના નં. ૩૨૪ અંગે જે ચર્ચા કરી સદરહુ ચુકાદા માન્ય નહીં કરવામાં નામદાર નીચેની કોર્ટએ ગંભીર કસુરી કરી છે અને તેથી તેને લીધે ખાતાકીય તપાસ ગેરકાયદેસર કે ગેરવ્યાજબી ઠરાવવામાં આવે એ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૨૮) સદરહુ તકરારી હુકમના પાના નં. ૨૧ પર પ્લીડીંગ અને પ્રૂફમાં વેરાયન્સ અંગે એ.આઇ.આર. ૧૯૭૭ કલકત્તા પાના નં. ૨૧ કેસ બાબત જે ચર્ચા કરવામાં આવી છે તે જોતાં નામદાર નીચેની કોર્ટે સદરહુ ચુકાદાનું ખરું, વ્યાજબી અને યોગ્ય અર્થઘટન કર્યું નથી.

(૨૯) સદરહુ તકરારી હુકમમાં નામદારી નીચેની કોર્ટે ઠરાવ્યું છે કે, ''મુંબઇ ઔધોગિક સંબંધક ધારા હેઠળ રચાયેલ મજુર અદાલત સમક્ષની કાયવાહીઓએ સીવીલ પ્રોસીજર કોડના પ્રબંધો ચુસ્તપણે લાગુ પડતા નથી'' આ નિર્ણય પરથી જણાય છે કે નામદાર નીચેની કોર્ટે સીવીલ પ્રોસીજર કોડની કલમ ૪ ની જોગવાઇ તથા એ.આઇ.આર. ૧૯૮૩ ની દીલ્હી પાના નં. ૪૦૨ માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતનું અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરી છે અને તેથી તે નિર્ણય કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૩૦) સદરહુ તકરારી હુકમના પાના નં. ૨૨ નિર્ણય થયો છે કે ''સાહેદોના પુરાવાનું મુલ્યાંકન ખાતાકીય તપાસ યોગ્ય અને કાયદેસર પુરવાર થયા બાદ અધિકારીના તારણો સાથે કરી શકાય'' વગેરે નિર્ણયો કરવામાં આવ્યા છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી.

(૩૧) નામદાર નીચેની કોર્ટના સદરહુ તકરારી હુકમમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે, ખાતાકીય તપાસ ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની હોઇ તે રદ થાય છે અને આ સંજોગોમાં સામાવાળા સંસ્થાની ખાતાકીય તપાસમાં રજુ થયેલા સાહેદોના નિવેદનો પણ આપોઆપ રદ થાય છે. આ નિર્ણય કાયદાની વિરૂધ્ધનો તથા ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અયોગ્ય હોવાથી રદ થવાને પાત્ર છે.

(૩૨) સદરહુ તકરારી હુકમમાં ''અરજદારને ખાતાકીય તપાસના કાગળો પુરા પાડવામાં આવેલ નથી તેમ માનવાને કારણ રહે છે'' તેવો નિર્ણય તથા એવું તારણ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૩૩) સદરહુ તા. ૨૫મી જુન, ૧૯૯૭ ના નામદાર નીચેની કોર્ટના તકરારી હુકમમાં ''અરજદારને તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજના પત્ર ધ્વારા માંગવામાં આવેલ દસ્તાવેજો ખાતાકીય તપાસ અગાઉ પુરા પાડવામાં આવેલ નથી તે હકીકત પણ સ્પષ્ટ છે.'' આ નિર્ણય પણ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અયોગ્ય હોય રદ થવાને પાત્ર છે. જો નામદાર નીચલી કોર્ટે એપેલેન્ટે રજુ કરેલા ચુકાદા પર પુરતુ ધ્યાન આપ્યુ હોત તો આ નિર્ણય કરી શકતે નહીં. માટે સદરહુ નિર્ણય રદ થવાને પાત્ર છે.

(૩૪) સદરહુ નામદાર નીચેની કોર્ટના સદરહુ તકરારી હુકમના પાના નં. ૨૭ ઉપર ''તપાસ અધિકારી સોગંધ પર ખોટો પુરાવો આપે છે તથા તપાસ અધિકારી રીસ્પોન્ડન્ટ વિરૂધ્ધની ખાતાકીય તપાસમાં તટસ્થ રીતે વર્તેલ નથી તેમ માનવાને કારણ રહે છે.'' તેવો નિર્ણય કરેલો છે તે પણ તપાસની કાર્યવાહી તથા તપાસ અંગે આપવામાં આવેલ નીચેની નામદાર કોર્ટમાં થયેલ જુબાની પરથી ખરો નહી હોવાનો પુરવાર થાય છે.

(૩૫) સદરહુ નામદાર નીચેની કોર્ટના તકરારી હુકમના પાના નં. ૨૭ પર નકકી કરવામાં આવ્યું છે કે, ખાતાકીય તપાસ દરમ્યાન ગંભીર અનિયમિતતા થયેલ હોવાનું તથા રીસ્પોન્ડન્ટની રજુઆતો સાચી માનવાને કારણ હોવાથી શંકા ઉપજાવેલ કારણો કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને રદ થવાને પાત્ર છે.

(૩૬) સદરહુ નામદાર નીચેની કોર્ટના તકરારી હુકમના પાના નં. ૨૮ ઉપર ''સામાવાળા સંસ્થા કાયદેસરની જોગવાઇઓનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે અને આ કામના તપાસ અધિકારીની વર્તણુંક આ અદાલત વખોડે છે અને તેની ગંભીર નોંધ લે છે'' તે અસ્થાને છે અને આ તપાસની કાર્યવાહી તથા તે અંગેની જુબાની જોતા અયોગ્ય, ગેરકાયદેસર અને ખોટી ઠરે છે.

આવા અન્ય મુદ્દાઓ પણ અપીલ મેમોમાં રજુ કરવામાં આવ્યા છે અને તેના આધારે નીચલી અદાલતનો તા.૨૫મી જુન, ૧૯૯૭ ના હુકમને ગેરકાયદેસર જાહેર કરી રદ કરી ખાતાકીય તપાસ કાયદેસર, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુરુપ માન્ય સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઇઓ મુજબની છે તેવું જાહેર કરવા દાદ માંગવામાં આવી છે.

(૨) આ કામના રીસ્પોન્ડન્ટ કામદારને નોટીસ બજાવવામાં આવેલ. ત્યારબાદ કામદારનું મૃત્યુ થતાં તેમના વારસ દરજજે હાલના રીસ્પોન્ડન્ટ સોમીબેન દેવજીભાઇ મેવાડા આ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આંક-૧૬ થી આ અદાલતે તેમને રીસ્પોન્ડન્ટ તરીકે જોડેલા છે અને બંને પક્ષકારોના વકીલોની દલીલો આ અપીલમાં અદાલતે સાંભળેલી છે.

(૩) મુળ અરજીમાં ગુજરનાર કામદારના એડવોકેટ શ્રી એસ.ટી. ચૌધરીએ આ અપીલમાં રીસ્પોન્ડન્ટ તરીકે જોડાયેલ સોમીબેન દેવજીભાઇ મેવાડા તરફે દલીલો કરેલી છે. જયારે એપેલેન્ટ તરફે એડવોકેટ શ્રી પી.એન. શેઠે દલીલો કરેલી છે. નીચલી અદાલતનું રેકોર્ડ આ અદાલતે મંગાવેલું છે અને ચકાસેલું છે, જે આ અપીલમાં સામેલ છે.

(૪) એપેલેન્ટ તરફથી શ્રી પી. એન. શેઠે નીચલી અદાલતના રેકોર્ડનો ઉલ્લેખ કરતા જે મુદ્દાઓ રજુ કર્યા છે તેમાં અરજદારની આંક-૧૦ ની જુબાનીનો અને ખાતાકીય તપાસના કાગળોનો ઉલ્લેખ છે અને તેમાંથી એ બાબત તરફ શ્રી શેઠે અંગુલી નિર્દેશ કર્યો છે કે, કામદાર ખાતાકીય તપાસમાં હાજર થયેલ છે અને તેમના પ્રતિનિધિ હાજર છે અને કામદારની તેની ગેરહાજરીમાં પણ મુદતો આપવામાં આવી છે અને જયારે

INDEX

પ્રતિનિધિ હાજર હોય અને મુદત પડતી હોય ત્યારે દરેક મુદતે કામદારને અલગથી જાણ કરવાની જરુર રહેતી નથી કારણ કે પ્રતિનિધિને જાણ કરવામાં કામદારને જાણ કરવાનો સમાવેશ થઇ જાય છે અને હાજર થયા પછી પોતાના બચાવમાં મુદત જાણવાની ફરજ આરોપીની છે, તે બાબત મજુર અદાલતે ધ્યાનમાં લીધી નથી અને ખાતાકીય તપાસમાં દસ્તાવેજોની નકલો કામદારને આપવામાં આવેલી છે અને કામદાર અભ્યાસ કરી શકે અને તે પછી મુદત પણ આપવામાં અવી છે તેમ છતાં ખાતાકીય તપાસમાં પહેલા દસ્તાવેજો આપવામાં આવ્યા નથી તેટલા કારણસર મજુર અદાલતે ખાતાકીય તપાસને ગેરકાયદેસરની ઠરાવી શકે નહિ, એટલું જ નહિ પરંતુ આ દસ્તાવેજો ન મળવાથી કામદારને બચાવમાં પ્રેજયુડાઇઝ થયો છે તેવું કામદાર પક્ષે પુરવાર કરવું જોઇએ, ઉપરાંત દસ્તાવેજો ન આપવાથી જો બચાવ પ્રેજયુડાઇઝ ન થતો હોય તો ખાતાકીય તપાસને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની ગણી શકાય નહિ. શ્રી શેઠે એ મુદ્દો પણ રજુ કર્યો છે કે, પ્રાથમિક તપાસની નકલો જો પ્રાથમિક તપાસનો આધાર તપાસ અધિકારી સમક્ષ પોતાના પુરાવા તરીકે સંસ્થા ન લેતી હોય તો કામદારને આપવાની કોઇ જરૂર રહેતી નથી અને મજુર અદાલતે કામદારને દસ્તાવેજોની માંગણી કરી તેને ખુલાસો ગણી લેવાની ભુલ સામાવાળાએ કરી છે તેમ માન્યુ હોય તો પણ તેનાથી કામદારની બચાવની તક ચાલી ગયેલ છે તેમ કહી શકાય તેમ નથી કારણ કે તે પછી ખાતાકીય તપાસ દરમ્યાન કામદારને દસ્તાવેજો મળતા બચાવની તક મળવાની જ હતી, તે સંજોગોમાં મજુર અદાતલનું તે અંગેનું તારણ કાયદાની જોગવાઇઓ અને હકીકતોથી વિપરીત છે, એટલું જ નહીં પણ પરવર્સ છે કારણે કે તે અંગે રજુ થયેલ દસ્તાવેજો અને સાહેદોની જુબાનીઓને મજુર અદાલતે આધારભુત ગણી નથી અને તેનું પરિસ્થિતિના સંદર્ભમાં યોગ્ય મુલ્યાંકન કરેલું નથી. શ્રી શેઠે એવી પણ રજુઆત કરી કે કામદારને ખુલાસો પુછયા પછી જ તપાસ શરુ થાય તે જરૂરી નથી. શ્રી શેઠે તા. ૧૧મી જુલાઇ નું તપાસનું રોજકામ બતાવતા એવી રજુઆત કરી કે કામદારના પ્રતિનિધિ હાજર હતા અને જવાબ રજુ કરવો નથી તેવું તપાસમાં સ્ટેટમેન્ટ કરવામાં આવ્યું છે, ત્યાર પછી મુદતો પણ પડેલી છે અને કામદારે પણ મુદત માંગેલી છે તે સંજોગોમાં જયારે પ્રતિનિધિ મુદત માંગતા નથી તેથી છેલ્લે તેમને રજુઆત કરવી નથી તેવું તપાસ અધિકારી તારણ કાઢે તે સ્વાભાવિક છે. શ્રી શેઠે એવી પણ રજુઆત કરી કે કામદારે પ્રતિનિધિ રોકેલા છે તે કામદારની વર્તનથી પુરવાર થતી બાબત છે કારણ કે ખાતાકીય તપાસમાં રોજકામમાં અને સાક્ષીઓની ઉલટ તપાસ થયેલ છે, તેમાં તેમના પ્રતિનિધિની સાથે કામદારે પોતે પણ સહી કરી છે અને એ રીતે ખાતાકીય તપાસ ચલાવવા માટે વર્તનથી સંમતી આપેલી છે. ત્યારે કામદાર તે બાબતો મુદ્દો અદાલતમાં ઉભો કરી શકે નહિ. શ્રી શેઠે એવી પણ રજુઆત કરી કે જે કાર્યવાહીથી ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરતી હોય તે તબક્કાથી જ તપાસ રદ કરી શકાય અને તેના કારણે સંપૂર્ણ તપાસ વીસએટ થતી નથી એટલે

INDEX

પોતાના સાહેદોને તપાસવાની તક મળી નથી તેવું જો કામદાર કહે તો તેના સાહેદોને તપાસવાના તબકકે ખાતાકીય તપાસ તેટલા પુરતી વીસીએટ થાય અને મજુર અદાલતે તેટલા પુરતી કામદારને તક મળી નથી તેવું માનવું જોઇએ, પરંતુ આ કામમાં મજુર અદાલતે સંપૂર્ણ ખાતાકીય તપાસને વીસીએટ જાહેર કરી છે એટલું જ નહીં સાક્ષીઓને નિવેદનો પણ રદ થતાં હોવાનું જાહેર કરે છે. શ્રી શેઠે એવી રજુઆત કરી કે ખાતાકીય તપાસ વિશેના નિયમો અને કાયદાઓ તથા એ અંગે અલગ અલગ અદાલતોના ચુકાદાઓથી ઘડાયેલા કાયદાઓથી મજુર અદાલતનું આ તારણ વિપરીત છે અને તેથી રદ થવા પાત્ર છે. શ્રી શેઠે નીચલી અદાલતના રેકોર્ડમાં રજુ થયેલ ચુકાદાઓથી ફલિત થતાં સિધ્ધાંતોની પણ ચર્ચા કરી આધાર લીધો છે અને તેમાં આંક-૨૫ ના લીસ્ટથી રજુ થયેલ ચુકાદાઓ અંગે લેખીત દલીલમાં પણ ચર્ચા કરવામાં આવી છે તેવું ઉલ્લેખ કરેલ છે.

(૫) રીસ્પોન્ડન્ટ તરફે શ્રી એસ. ટી. ચૌધરી એવી રજુઆત કરે છે કે મજુર અદાલત સમક્ષ મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવો બંને રજુ થયેલ છે, જેમાં કામદારે પ્રતિનિધિ ખાતાકીય તપાસ માટે રોકયા નથી અને રોકવા માટે માંગણી પણ કરી નથી તે હકીકત પુરાવાથી સ્પષ્ટ થાય છે અને તેમાં તેમણે એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યુ કે ખાતાકીય તપાસ અધિકારી શ્રી રઘુવંશીને આંક-૧૫ પરની જુબાની જોતાં તેમાં તેમણે એ બાબત કબુલ કરેલ છે કે, ગુજરનાર કામદારે તપાસમાં તેમને પ્રતિનિધિ બાબતમાં કોઇ લેખીત અરજી આપેલ નથી અને તે સંજોગોમાં શ્રી બાબરીયાને કામદારે પ્રતિનિધિ તરીકે રોકેલા હોય તેવું પુરવાર થતું નથી અને કામદાર સાહેદો રજુ કરવા માંગતા નથી તેવું કામદારના પ્રતિનિધિએ પણ ખાતાકીય તપાસમાં જણાવ્યું નથી તેમ છતાં તપાસ અધિકારી માની લે છે કે, કામદાર તરફથી મુદતી માંગણી થતી નથી અને કામદાર હાજર થતા નથી તેથી તેમને કોઇ સાક્ષી રજુ કરવા નથી. શ્રી ચૌધરીએ એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યુ કે કામદારનો આક્ષેપ જ એ છે કે કંપની અને બાબરીયા વચ્ચે મેળાપીપણું છે અને તે સંજોગો મજુર અદાલતે ધ્યાનમાં લીધા છે એટલું જ નહી ખાતાકીય તપાસમાં આ કામદારે માંગેલા દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા છે. તેવી નોંધ નથી અને કામદારે દસ્તાવેજો માંગતો પત્ર લખ્યો છે તે કામદારનો ખુલાસો નથી, તેને કંપનીએ ખુલાસો માની લીધો છે અને દસ્તાવેજો આપવાનો ઇન્કાર કરેલ છે. કામદારને ચાલુ ઇન્કવાયરીએ તારીખ પડી ન હોય અને મુદત પડી ન હોય ત્યારે ત્યારપછી આપવામાં આવેલ મુદતની જાણ કરવી જોઇએ તે તપાસ અધિકારીએ કરેલ નથી તે રેકોર્ડ પર છે અને આ કામમાં તો કામદાર ફરજ પર હાજર હતા તેથી કંપની કે તપાસ અધિકારીએ તેને મુદતની જાણ કરી શકેલ હોત. આ અંગે શ્રી ચૌધરીએ મજુર અદાલતના તારણોમાંથી એ બાબત પ્રત્યે ધ્યાન દોર્યુ છે કે, મજુર અદાલતે નોંધ્યું છે કે તા. ૩૦મી મે, ૧૯૯૦ ના રોજ મેનેજમેન્ટના સાહેદ હાજર ન હતા, તેથી મુદત પડેલી અને તે

INDEX

ન હોય તો તેમને જાણ શી રીતે થાય, તેનો અર્થ એ કે, કોઇ રીતે મેનેજમેન્ટને જાણ કરવામાં આવે છે, પરંતુ તેજ રીતે કામદારને મુદતની જાણ કરવાની તપાસ અધિકારીએ પોતાની ફરજ માની નથી અને તે રીતે એક તરફી વર્તન કરેલ છે. આ સંજોગોમાં નીચલી અદાલતનો હુકમ કાયદેસરનો છે.

(૬) આ કામનું રેકોર્ડ જોતા ગુજરનાર કામદારનો વિવાદ અને રજુઆત, સંસ્થાનો જવાબ, ખાતાકીય તપાસના કાગળો અને તેમાં જણાતી કાર્યવાહી, તે અંગેના પુરાવા તેના આધારે રજુ થયેલ દલીલો અને તેમાંના અસંખ્ય ચુકાદાઓના આધારે બંને પક્ષે આ અદાલત સમક્ષ બહુ લંબાણપૂર્વક પોતાની દલીલો રજુ કરી છે અને તે દલીલોમાં પણ નીચલી અદાલતમાં ઉલ્લેખ ઘણા ચુકાદાઓ અંગે વિસ્તૃત છણાવટ કરી છે તે તમામ રજુઆતોના સંદર્ભમાં ખાતાકીય તપાસને ગેરકાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની ઠરાવતો મજુર અદાલતનો હુકમ પુરવાર થયેલ હકીકતો અને કાયદાઓની જોગવાઇઓ તથા પડેલા પુરાવાઓના મુલ્યાંકનની દ્રષ્ટિએ કાયદેસરનો અને યોગ્ય છે કે કેમ તે ચકાસતા એ બાબત નોંધવી જોઇએ કે રજુઆતમાં અનેક મુદ્દાઓ પક્ષકારો રજુ કરતા હોય છે પરંતુ તેમાંથી એક યા બે માર્મિક મુદ્દાઓ એવા અગત્યના હોય છે કે જે કોઇપણ નિર્ણય લેવા માટે બહુ સ્પષ્ટ રીતે આધારભુત ગણી શકાય તેમ હોય, ત્યારે અદાલતે તમામ બાબતની બહુ વિસ્તારથી ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. આ કામમાં પણ રેકોર્ડ જોતાં આવા બે અગત્યના મુદ્દાઓ પ્રથમ દ્રષ્ટિએ જ સામે આવી જાય છે. પ્રથમ મુદ્દો એ છે કે સંસ્થાએ આ કામદારને તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ આરોપનામું આપેલું છે. આ સામાન્ય નોટીસ નથી, પરંતુ સીધુ ચાર્જશીટ છે જેમાં શિસ્ત ભંગના પગલા શા માટે ન લેવા તેનો ખુલાસો ૩ દિવસમાં કરવા કામદારને જણાવવામાં આવ્યું છે. આ ચાર્જશીટ પછી કામદારે તા. ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ સંસ્થાને પત્ર લખેલો છે અને તેમાં તેણે ચાર્જશીટ મળેલું છે અને તેમાં મુકવામાં આવેલ આરોપો અંગે ખુલાસો કરવા તેમજ ત્યારબાદની કાર્યવાહીમાં પોતાનો યોગ્ય બચાવ કરવા માટે પત્રમાં જણાવેલ દસ્તાવેજો જરુરી છે અને તે કામદારને આપવા અને તે મળ્યા પછી દિવસ-૩ માં કામદાર પોતાનો ખુલાસો રજુ કરશે તેવું જણાવવામાં આવ્યું છે. આ બંને એટલે કે આરોપનામુ અને આ પત્ર રેકોર્ડમાં છે અને તે અંગે વિવાદ નથી. પત્રમાં કામદારે લખેલી હકીકત અસ્પષ્ટ નથી કે અચોકકસ નથી. હવે આરોપનામામાં પ્રથમ વાકય છે કે, તમારી વિરૂધ્ધ રીપોર્ટ કરવામાં આવ્યો છે કે................એટલે કે કોઇક રીપોર્ટ ના આધારે આ આરોપનામુ મુકવામાં આવ્યું છે તો તે રીપોર્ટ તેમાં કોઇ ફરિયાદ હોય તો તેની નકલ કે કોઇ પ્રાથમિક તપાસ કરવામાં આવી હોય તો તેનો હેવાલ કે કોઇએ નિવેદનો આપ્યા હોય તો તેના નિવેદનોની નકલો, આ બાબત જેમ કંપનીને આરોપ પુરવા કરવા માટે મૌખિક કે દસ્તાવેજોની જરૂર હોય તેમ કામદારને પણ પોતાની આરોપનામા સામેનો જવાબ કે બચાવ રજુ કરવા માટે જરુરી હોય શકે.

આ સંજોગોમાં સંસ્થા આ પત્રના જવાબમાં એવું કહી શકે કે પ્રાથમિક તપાસ કરવામાં આવી નથી કે નિવેદનો લેવામાં આવેલ નથી કે આવા કોઇ દસ્તાવેજો સંસ્થા પાસે નથી કે આ દસ્તાવેજો પર સંસ્થા આધાર રાખવાની નથી કે આ દસ્તાવેજો સુસંગત નથી કે આ દસ્તાવેજો સંસ્થા આપવા તૈયાર નથી. આ અદાલત ફરી સ્પષ્ટ કરવા માંગે છે કે કામદારને પત્ર અસ્પષ્ટ કે ગુંચવાડા ભરેલો નથી. પત્ર જોતા સ્પષ્ટ થાય છે કે, આ ખુલાસો નથી અને પત્ર જોતા સ્પષ્ટ થાય છે કે આ દસ્તાવેજો અંગેની માંગણીનો પત્ર છે. હવે તેના જવાબમાં સંસ્થાએ તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ તપાસની નોટીસ આપી છે અને તેમાં આ પત્રમાના ખુલાસાને સંતોષકારક ગણવામાં આવ્યો નથી. કામદારે દસ્તાવેજોની માંગણી કરી તે અંગે એક પણ શબ્દ આ તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૦ ના પત્રમાં સંસ્થાએ લખેલ નથી. હવે કાયદો સ્પષ્ટ છે કે જયારે આરોપનામુ આપવામાં આવ્યું હોય ત્યારે તેનો લેખીત જવાબ કામદાર રજુ કરી શકે તેવી તેને તક મળવી જોઇએ અને તે પછી તપાસ શરૂ થાય, ત્યારે કામદારને ગુનો કબુલ છે કે કેમ તેવું પ્રાથમિક રીતે પૂછી શકાય. શ્રી શેઠે જે રજુઆત કરી છે કે તે એ છે કે, ખુલાસો પૂછીને પછી જ તપાસ શરુ કરી શકાય તેવું જરુરી નથી. જો સામાન્ય નોટીસ આપીને ખુલાસો પૂછવામાં આવ્યો હોય તો આ અદાલત શ્રી પી. એન. શેઠની આવી રજુઆત સાથે સંમત થાત, પરંતુ આ કામમાં સાદી નોટીસ નથી અને તહોમતનામું આપવામાં આવ્યું છે અને તે પછી કામદાર તેનો જવાબ આપી શકે તે માટે તેને દસ્તાવેજો માંગવા છતાં આપવામાં આવ્યા નથી કે દસ્તાવેજો વિશે કામદારની રજુઆતના જવાબમાં કશું જણાવવામાં આવ્યું નથી અને સીધી ખાતાકીય તપાસ તા. ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૦ ના રોજ શરુ થતાં તેમાં કામદારને દસ્તાવેજો કે માહિતી આપ્યા પહેલા તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૦ નું ચાર્જ શીટ વાંચી સંભળાવવામાં આવ્યું છે અને તેમાનો ચાર્જ કબુલ છે કે નહિ, તે પૂછવામાં આવ્યો છે અને કામદારે તેનો ઇન્કાર કર્યો છે, જયારે ચાર્જશીટના સમર્થન અંગે દસ્તાવેજો રજુ થયેલ ન હોય અને માહિતી રજુ થઇ ન હોય ત્યારે કોઇ વ્યકિત ગુનો કબુલ કરવો કે નહિ કરવો શી રીતે નકકી કરી શકે તે પ્રશ્ન રહે છે. આ સંજોગોમાં મજુર અદાલતે કામદારે માંગેલા દસ્તાવેજો શરુઆતમાં તેમને આપવા જોઇતા હતા તેવું ઠરાવવાનું વલણ લીધું તે યોગ્ય જણાય છે અને તેમાં હકીકતો કે કાયદાની કોઇ ભુલ હોય તેવું માની શકાય તેમ નથી. તે બાબત પણ ધ્યાન ખેંચે છે કે, કામદારે આ દસ્તાવેજો માંગ્યા ત્યારે મેનેજમેન્ટ પાસે આ દસ્તાવેજો પ્રાપ્ય ન હતા કે અસ્તિત્વમાં ન હતા અને પાછળથી આવ્યા તેવું આ કામમાં બન્યું નથી, કારણ કે આરોપનામુ જ ચોકકસ રીપોર્ટના આધારે આપવામાં આવ્યું છે અને આરોપનામુ જોતાં તે અંગેનો ખુલાસો કામદારે સંસ્થાને આપવાનો હતો. તપાસ અધિકારીને આપવાનો હતો નહિ કારણ કે તે વખતે તપાસ અધિકારીને તપાસ સોંપેલી ન હોવાથી તપાસ કરવાનો કોઇ પ્રશ્ન ન હતો. આ સંજોગોમાં પ્રથમ તબકકે જ સંસ્થાએ કામદારને પોતાના સમક્ષ

INDEX

આરોપનામા અંગે જવાબ રજુ કરવા દીધો નથી અને પોતે માંગેલો જવાબ કે ખુલાસો રજુ થાય ત્યાર પહેલા અને તે રજુ કરવા કામદારને તક મળે તે પહેલા ખાતાકીય તપાસ શરુ કરી દીધી છે. આ સંજોગોમાં આ એક જ મુદ્દો ખાતાકીય તપાસના મુળમાં અસર કરી ખાતાકીય તપાસને ગેરકાયદેસરની અને ગેરવ્યાજબી ઠરાવવા માટે પુરતો છે અને તેમ કરવામાં મજુર અદાલતે સહેજ પણ ભુલ કરી નથી. રેકોર્ડ પર જે બીજો મુદો છે તે એ છે કે કામદારે પ્રતિનિધિ રોકેલા નથી તેવું જે કહયું છે તેને ખોટું માની અને પ્રતિનિધિ રોકેલા છે તેવું માનીએ તો પણ ખાતાકીય તપાસમાં કામ ચલાવેલું છે તેવું માનીએ તો પણ ખાતાકીય તપાસનું રેકોર્ડ જોતા એ બાબત સ્પષ્ટ થાય છે કે મેનેજમેન્ટ તરફથી પોતાના સાક્ષીઓ પુરા થયેલા છે તેવું તા. ૬ઠ્ઠી જુન, ૧૯૯૦ ના રોજ જાહેર કરવામાં આવતા કામદારને પોતાના સાક્ષી પુરાવા રજુ કરવાનું કહેવામાં આવેલ અને કામદારને જવાબ આપવાનો હોય તપાસ તા. ૧૨મી જુન, ૧૯૯૦ ના રોજ આગળ ચલાવવા માટે તે દિવસે રાખવામાં આવી. તા. ૧૨મી જુન, ૧૯૯૦ ના રોજ કામદારે સાક્ષી તપાસવાના છે તેમ જણાવી મુદત માંગતા તારીખ ૨૧મી જુન, ૧૯૯૦ ના રોજ મુદત આપવામાં આવી હોય તેવું જણાય છે. ત્યારપછી તા. ૨૧મી જુન, ૧૯૯૦ ના રોજ કામદાર હાજર નથી અને તેના પ્રતિનિધિએ મુદત માંગી છે. મુદત તા. ૨૮મી જુન, ૧૯૯૦ની પડી છે. હવે તે સંજોગોમાં ફરી તા. ૨૮મી જુન, ૧૯૯૦ ના રોજ દેવજી કાળા હાજર ન હતા અને તેમને જવાબ રજુ કરવાનો હોય તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ની મુદત આપવામાં આવી છે. તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજ દેવજી કાળા હાજર નથી અને છેલ્લા ૩ ઠરાવથી હાજર ન રહેતા તેમને લેખીતમાં કશું રજુ કરવું નથી (સ્ટેટમેન્ટ આપવું નથી) તેમ માનીને તપાસ પુરી થયેલ જાહેર કરવામાં આવી છે. ધ્યાન ખેંચતી બાબત એ છે કે કામદારના પ્રતિનિધિએ પોતે કામદારને મુદતની જાણ કરી છે તેવું જણાવેલ હોવાનું આ કામમાં આ દસ્તાવેજોમાં નથી. કામદારના પ્રતિનિધિએ કામદારને બચાવમાં કશું કહેવું નથી અને પોતાના સાક્ષી પુરાવા રજુ કરવા નથી તેવું તેના પ્રતિનિધિએ તપાસ અધિકારીને કામદાર વતી કહયું હોય તેવું પણ નથી. તેજ રીતે તપાસ અધિકારીએ કામદારના પ્રતિનિધિ આ અંગે કંઇ કહેવા માગે છે કે તેવું પૂછયું હોય તેવું પણ નથી. તેજ રીતે તારીખ ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજ તપાસ પુરી થયા પછી કોઇ દલીલો થઇ હોય કે પડેલા પુરાવા વિશે મેનેજમેન્ટ કે કામદારના પ્રતિનિધિએ દલીલો કરી હોય તેવું પણ નથી અને તેમ છતાં એટલે કે, તા. ૧૧મી જુલાઇ, ૧૯૯૦ ના રોજ આ પડેલા પુરાવાઓ અંગે બંને પક્ષની રજુઆત શું છે, તે બાબતની નોંધ નથી કે બંને પક્ષની રજુઆત સાંભળવામાં આવી છે તેવી પણ નોંધ નથી અને તેમ છતાં સાતમાં દિવસે એટલે કે તા. ૧૮મી જુલાઇ, ૧૯૯૦ ના દિવસે તપાસ અધિકારીએ પોતાના તારણો આપી દીધેલા છે. આ સંજોગોમાં તપાસ અધિકારીએ પોતે કરેલી કાર્યવાહી તે રીતે પણ કાયદેસરની અને યોગ્ય ગણી શકાય તેમ જણાતું નથી. આ સંજોગોમાં આ

INDEX

ખાતાકીય તપાસને ગેરકાયદેસરની અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધની ઠરાવવામાં મજુર અદાલતે કોઇપણ પ્રકારની હકીકતો કે કાયદાની ભુલ કરી હોય કે પુરાવાના મુલ્યાંકનમાં કોઇ ક્ષતિ રહી ગઇ હોય તેવું જણાતું નથી. અને તેથી આ અપીલ મંજુર થવા પાત્ર નથી.

(૭) એ બાબતની નોંધ લેવી ઘટે કે અનેક ચુકાદાઓ રજુ થયા હોય અને તેમાના સિધ્ધાંતો વિશે બેમત ન હોય શકે પરંતુ તે સિધ્ધાંતોને દરેક કેસની હકીકતોના સંદર્ભમાં અદાલતે સાપેક્ષ રીતે લાગુ કરવાના હોય છે અને દરેક કેસની હકીકતો સમાન હોતી નથી. આ કેસમાં પણ હકીકતોના મુલ્યાંકન પર જ નજર કરતા પરિસ્થિતિ સ્પષ્ટ થઇ જાય છે અને તેથી ચુકાદામાના સિધ્ધાંતો વિશે લંબાણપૂર્વક ચર્ચા કરવાની જરૂર લાગતી નથી.

(૮) ઉપરોકત સંજોગોમાં આ અપીલ મંજુર થવા પાત્ર નથી. સાથે જ એ બાબત નોંધ લેવી ઘટે કે જેમના સામે આ અપીલ સાર્થક રીતે ચલાવી શકાય તેવા વારસદારો હોય તો જ અપીલ ચાલુ રહી શકે તે સંજોગોમાં ગુજરનાર કામદારના વારસદાર હાલના રીસ્પોન્ડન્ટને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા છે, જેમની ઉંમર અને નિરાધારપણાની પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં આ કામના બચાવ માટે તેમની ક્ષમતા વિષેશ ન હોય અને મજુર અદાલતમાં આ અંગે કામ ચાલે ત્યારે પણ આ વિધવા સ્ત્રીને રજુઆતમાં મુશ્કેલીઓ પડવાની જ છે તે સંજોગોને ધ્યાનમાં લઇને આ અપીલમાં તેમને ખાસ ખર્ચ અપાવવાનું આ અદાલત યોગ્ય માને છે અને તે સંજોગોમાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ અપીલ નામંજુર કરવામાં આવે છે. આ કામના એપેલેન્ટ સંસ્થાએ હાલના રીસ્પોન્ડન્ટને અપીલના ખર્ચ પેટે રૂા. ૩૦૦૦/- આ હુકમ મળ્યેથી દિવસ-૩૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી.આર. દવે
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

INDEX

આંક-૧૨

ઔદ્યોગિક અદાલત દ્વારા

સભ્યશ્રી, પી.આર. દવે, સુરત સમક્ષ
રીવાઝન અરજી (આઈસી) નં. ૩/૨૦૦૨

(૧) ડાહ્યાભાઇ જેરામભાઇ પટેલ, અરજદાર
ચેરમેન,
(૨) એસ. કે. દુગ્ગલ,
મેનેજીંગ ડીરેકટર,
(૩) આર. જી. મંડન,
જનરલ મેનેજર (પી. એન્ડ એ.)
(ત્રણે ધી સુરત ઇલેક્ટ્રીકસીટી કંપની લી.,
ઇલેક્ટ્રીકસીટી હાઉસ, સ્ટેશન રોડ,
સુરત. વતી)

વિરૂધ્ધ

માવજીભાઇ કેશવભાઇ બાબરીયા, સામાવાળા
૬૦, પ્રભુનગર સોસાયટી, વિભાગ-૧,
વેલ રોડ, સુરત.

બાબત:- સુરતની મજુર અદાલત દ્વારા ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦ના કામમાં ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ સામે બી આઇઆર એકટ, ૧૯૪૬ની કલમ-૮૫ અન્વયે રીવીઝન અરજી.

ઉપસ્થિતિ :- અરજદાર તરફે : એડવોકેટ શ્રી પી. એન. શેઠ,
સામાવાળા તરફે : એડવોકેટ શ્રી વિજય એન. શેણમારે.

ચુકાદો

૧. આ કામના અરજદારોએ સામાવાળા સામે બીઆઇઆર એકટની કલમ-૮૫ હેઠળ આ રીવીજન અરજી કરી, સામાવાળા કામદાર દ્વારા મજુર અદાલત, સુરત સમક્ષ કરવામાં આવેલી ફરીયાદ અરજી નં. ૯૫/૨૦૦૦ પ્રીમેચ્યોર્ડ અને કોઝ ઓફ એકશન વગરની હોવાથી રદ કરવા તમેજ કાયદાકીય રીતે તે ટેનેબલ નથી, તેથી મજુર અદાલતે અરજદારો સામે ઇસ્યુ કરેલ પ્રોસેસ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવી રદબાતલ જાહેર કરવા તથા ફરીયાદ તેમજ પ્રોસેસ અન્યથા પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેમ ઠરાવી રદ જાહેર કરવા દાદ માગી છે.

INDEX

આ અરજીમાં જણાવ્યા પ્રમાણે સ્થાયી નિયમોની જોગવાઇઓ અનુસાર સામાવાળા કામદાર ૫૮ વર્ષની વય મર્યાદા પુરી કરતાં ફરજીયાતપણે નિવૃત થવા પાત્ર હતા, તેમ છતાં સદરહુ સ્થાયી નિયમોની જોગવાઇઓ અનુસાર કંપની પોતાની મુનસફી ઉપર આધારીત તેમજ જરૂરીયાતને અનુલક્ષીને સામાવાળાની શારીરીક તંદુરસ્તી યોગ્ય હોય તો એકસ્ટેનશન આપવા માટે હકદાર હતી એને તે સંજોગોમાં કંપનીએ સામાવાળાને ૫૮ વર્ષે ફરજીયાત નિવૃતી વય મર્યાદા પુરી થતાં તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૮થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીના સમયગાળાનું એકટેન્શન આપેલું, ત્યારબાદ તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૦ સુધી વધુ એકટેન્શન આપેલું, જે દરમ્યાન સામાવાળા કામદારે મજુર આદાલત, સુરત સમક્ષ અરજદારોને તહોમતદાર બનાવી બીઆઇઆર એકટની જોગવાઇઓ અનુસાર તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૦ના રોજ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ, જેનો નંબર ૯૫/૨૦૦૦ છે અને સદરહું ફરીયાદના અનુસંધાનમાં કોગ્નીજન્સ લઇ મજુર અદાલત દ્વારા અરજદારો સામે બીઆઇઆર એકટની કલમ-૧૦૬ અને ૧૦૭ અન્વયે સમન્સ કાઢી પ્રોસેસ ઇસ્યુ કરેલ છે, જેથી નારાજ થઇ અરજદારોએ આ રીવીજન અરજી કરી છે અને તેમાં નીચેના કારણો ભૂમિકા તરીકે રજુ કરેલ છે.

ગ્રાઉન્ડસ

(એ) નામદાર મજુર અદાલત, સુરત દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઇ રદ થવાને પાત્ર છે.

(બી) કંપનીના માન્ય અને પ્રમાણિત સ્થાયી નિયમોની કલમ-૨૧(૮) મુજબ કામદાર ૫૮ વર્ષની ઉંમર પુરી કરેથી ફરજીયાત નિવૃત થાય છે, ત્યારબાદ એકસટેન્શનની બાબત સંપૂર્ણ પણે કંપનીના ડીસ્ક્રેશન ઉપર આધારિત છે તેથી રીસ્પોન્ડન્ટને ૫૮ વર્ષ પુરા થયે એક વર્ષનું એકસટેન્શન આપી, ત્યારબાદ નિવૃત કરવાથી સ્થાયી નિયમોનો ભંગ થતો ન હોવા છતાં તે બદલ કરવામાં આવેલ ફરીયાદ તેમજ તેના અનુસંધાનમાં ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ પ્રથમથી જ રદ થવા પાત્ર છે.

(સી) નામદાર મજુર અદાલત, સુરત દ્વારા પ્રોસેસ ઇસ્યુ કરવા અંગેનો નિર્ણય લેતા અગાઉ તે બાબત ધ્યાનમાં લેવી જોઇતી હતી કે, આ કામના રીસ્પોન્ડન્ટ દ્વારા કરવામાં આવેલી ફરીયાદ પ્રીમેચ્યોર્ડ ને કોઇ કોઝ ઓફ એકશન વગરની છે. આ અંગે અમો નામદાર કોર્ટનું ધ્યાન દોરીએ છીએ કે, રીસ્પોન્ટન્ટ દ્વારા નામદાર મજુર અદાલત સમક્ષ કરવામાં આવેલી ફરીયાદ તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૦ના રોજની અને તે સમયે તો આ કામના રીસ્પોન્ડન્ટ અમો ધી સુરત ઇલેકટ્રીકસીટી કંપની લી., ની નોકરીમાં ચાલુ હતા અને તેમને નિવૃત કરવા અંગેનો હુકમ કંપની દ્વારા પસાર કરવામાં આવેલ ન હતો. તે સંજોગોમાં તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૦ના

INDEX

રોજ ફરીયાદ કરવા માટેનું કોઇ કોઝ ઓફ એકશન ઉભુ થતું ન હતું કે તે દિવસે કોઇ કહેવાતો ઓફેન્સ બનેલ ન હતો અને તે સંજોગોમાં નામદાર મજુર અદાલતે રીસ્પોન્ડન્ટ દ્વારા કરવામાં આવેલી ફરીયાદની હકીકતો જોતાં પણ પ્રોસેસ ઇસ્યુ કરવો જોઇતો ન હતો અને ફરીયાદ તે સમયે રદ કરવી જોઇતી હતી.

(ડી) નામદાર મજુર અદાલત દ્વારા ઇસ્યું કરવામાં આવેલ પ્રોસેલ તે કારણસર પણ ગેરકાયેસર એને ગેરવ્યાજબી છે કે, ક્રીમીનલ પ્રસીજર કોડની કલમ-૨૦૦ની જોગવાઇઓ અનુસાર કોઇપણ ફરીયાદના અનુસંધાનમાં કોગ્નીજન્સ લેતા અગાઉ નામદાર કોર્ટ ફરીયાદીનું સ્ટેટમેન્ટ ''ઓન ઓથ'' લેવું કાયદેસર રીતે જરૂરી અને અનિવાર્ય છે. આ કામના રીસ્પોન્ડન્ટ દ્વારા કરવામાં આવેલી નામદાર મજુર અદાલત સમક્ષની ફરીયાદમાં નામદાર મજુર અદાલત દ્વારા જાતે ફરીયાદીનું કોઇ સ્ટેટમેન્ટ સોગંદ ઉપર લીધું હોય તેવું જણાતું નથી. સદરહું ફરીયાદના કામના રેકર્ડ ઉપરથી જણાય છે કે, આ કામના રીસ્પોન્ડન્ટ દ્વારા એક પ્રતિજ્ઞાપત્ર સ્વરૂપે અગાઉથી ટાઇપ કરી તૈયાર કરેલ એક લખાણ નામદાર મજુર અદાલત સમક્ષની ફરીયાદ સાથે રજુ કરવામાં આવ્યું હોય તેમ જણાય છે, પરંતું સદરહું પ્રતિજ્ઞાપત્ર તે નામદાર કોર્ટ દ્વારા સોગંદ ઉપર લેવામાં આવેલ સ્ટેટમેન્ટ ગણી શકાય નહિ અને તેથી તેવા પ્રતિજ્ઞાપત્રને આધારે નામદાર મજુર અદાલત દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ સમન્સ (પ્રોસેસ) અન્યથા પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઇ રદ થવાને પાત્ર છે.

(ઇ) અમો પીટીશનર્સ વધુમાં જણાવીએ છીએ કે, નામદાર મજુર અદાલત દ્વારા પ્રોસેસ ઇસ્યુ કરતા અગાઉ તેમની સમક્ષ રજુ કરવામાં આવેલ ફરીયાદ અને ફરીયાદી દ્વારા આપવામાં આવેલ સોગંદ પરના સ્ટેટમેન્ટ ઉપર માઇન્ડ એપ્લાય કરી જે તે ફરીયાદમાં તહોમતદારો સામે પ્રોસેસ ઇસ્યુ કરવા અંગેનો કે અન્યથા નિર્ણય લેવો તે કાયદેસર રીતે જરૂરી છે. જ્યારે આ કામમાં નામદાર મજુર અદાલતે પ્રોસેસ ઇસ્યુ પહેલા પ્રોપરલી માઇન્ડ એપ્લાય કર્યુ હોય તેમ જણાતું નથી.

(એફ) રીસ્પોન્ડન્ટ દ્વારા નામદાર મજુર અદાલત સમક્ષ કરવામાં આવેલી મુળ ફરીયાદ જોતાં પણ પ્રત્યેક તહોમદારો (પીટીશનર્સ) સામે ઓફેન્સ કોન્સ્ટીટ્યુટ થતો હોવાનું ફલીત થતું નથી એને તેથી પણ નામદાર કોર્ટ તેવી ફરીયાદના આધારે તમામ પીટીશનર્સ સામે પ્રોસેસ ઇસ્યુ કરવો જોઇતો ન હતો અને તે સંજોગોમાં તમામ પીટીશનર્સ સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનું પગલું ગેરકાયદેસર એને ગેરવ્યાજબી છે.

(જી) નામદાર મજુર અદાલત સમક્ષ રજુ થયેલ પ્રતિજ્ઞાપત્રની જે સર્ટીફાઇડ કોપી મેળવવામાં આવેલ છે તે ઉપરથી તેમ જણાય છે કે, તેવા પ્રતિજ્ઞાપત્ર ઉપર સ્ટેમ્પ પણ લગાડેલ નથી. તે સંજોગોમાં તેને કાયદાની દૃષ્ટિએ પ્રતિજ્ઞાપત્ર કહેવો તે

INDEX

કાયદેસર રીતે વ્યાજબી નથી અને તે સંજોગોમાં તેવા કહેવાતા પ્રતિજ્ઞાપત્ર ઉપર આધારીત પીટીશનર્સ સામે પ્રસેસ ઇસ્યુ કરવાનો હુકમ કાયદેસર રીતે થઇ શકે નહિ તેવું અમારૂં નમ્ર મંતવ્ય છે.

(એચ) નામદાર મજુર અદાલત સમક્ષ રજુ થયેલ કહેવાતા પ્રતિજ્ઞાપત્રની વિગતો જોઇએ તો પણ તમામ પીટીશનર્સ સામે કોઈ ઓફેન્સ કોન્સીટયુટ થતો હોવાનું ફલીત થતુ નથી અને તે સંજોગોમાં નામદાર કોર્ટે અમો પીટીશનર્સ સામે પ્રોસેસ ઇસ્યુ કરવો જોઇતો ન હતો અને તેથી પણ ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ ગેરકાયદેસર અને વ્યાજબી છે.

(આઇ) પ્રત્યેક પીટીશનર્સ સામે રીસ્પોન્ડન્ટ દ્વારા કરવામાં આવેલી નામદાર મજુર અદાલત સમક્ષની મુળ ફરીયાદમાં કે નામદાર મજુર અદાલત સમક્ષ રજુ થયેલ પ્રતિજ્ઞાપત્રમાં પણ તમામ પીટીશનર્સ સામે બીઆઇઆર એકટ, ૧૯૪૬ની કલમ-૧૦૬ અને /અથવા ૧૦૭ અન્વયેનો કોઇ ઓફેન્સ કોન્સ્ટીટયુટ થતો ન હોઇ, નામદાર મજુર અદાલત દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ અન્યથા પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

(જે) અમો પીટીશનર્સ વધુમાં જણાવીએ છીએ કે, નામદાર લેબરકોર્ટ દ્વારા ફરીયાદ અરજી નં. ૯૫/૨૦૦૦માં પીટીશનર્સ સામે પ્રોસેસ ઇસ્યુ કરતા પહેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૦ અન્વયે ફરીયાદીનું કોઇ સ્ટેટમેન્ટ સોગંદ ઉપર લેવામાં આવેલ ન હોવાથી અને તેવા સોગંદ પરના સ્ટેટમેન્ટની ગેરહાજરીમાં નામદાર મજુર અદાલત દ્વારા અમો પીટીશનર્સ સામે ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસથી અમો તમામ પીટીશનર્સ પ્રેજ્યુડીસીયલી વિપરીત અસર પામેલા છીએ એને તેથી પણ નામદાર મજુર અદાલત દ્વારા સદરહું ફરીયાદમાં ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

(કે) આ કામના રીસ્પોન્ડન્ટે નામદાર મજુર અદાલત સમક્ષ કરેલી ફરીયાદમાં અમો પીટીશનર્સ પૈકી કયા પીટીશનર્સ કઇ રીતે કહેવાતા ગુના સામે સંકળાયેલા છે કે કઇ રીતે અમોએ બીઆઇઆર એકટની કલમ-૧૦૬ અને ૧૦૭ અન્વયેનો ગુનો કરેલ છે તે અંગેની કોઇ વિગતો તેમના ફરીયાદમાં આપેલ નથી તેજ પ્રમાણે ફરીયાદીએ રજુ કરેલ તૈયાર પ્રતિજ્ઞાપત્રમાં પણ અમો પ્રત્યેક પીટીશનર્સ અંગે ઉપર જણાવ્યા મુજબની કોઇ વિગતો આવેલ નથી કે પીટીશનર્સ પૈકી પ્રત્યેક પીટીશનર્સ દ્વારા કઇ રીતે ગુનો કરવામાં આવેલ છે તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ નથી અને તેથી રીસ્પોન્ડન્ટની ફરીયાદ રદ થવાને પાત્ર છે અથવા તેવી ફરીયાદના આધારે નામદાર મજુર અદાલત દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ રદ થવાને પાત્ર છે.

INDEX

(એલ) રીસ્પોન્ડન્ટ દ્વારા રજુ કરવામાં આવેલ કહેવાતા તૈયાર પ્રતિજ્ઞાપત્રમાં પણ માત્ર પીટીશનર્સ દ્વારા સ્થાયી નિયમોની જોગવાઇઓનો ભંગ કર્યો હોવાનો ઉલ્લેખ છે, તે સંજોગોમાં નામદાર કોર્ટનું બીઆઇઆર એકટની કલમ-૧૦૬ અન્વયે પ્રોસેસ ઇસ્યુ કરવાનું પગલું અન્યથા પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઇ રદ થવાને પાત્ર છે.

(એમ) નામદાર મજુર અદાલતે પ્રોસેસ ઇસ્યુ કરતી વખતે પ્રત્યેક પીટીશ્નર્સ સામે સદર ફરીયાદમાં જે કલમ નીચે પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે તે કલમ નીચે ઓફેન્સ કોન્સ્ટ્રીટ્યુટ થાય છે કે કેમ ? તે બાબતે ધ્યાનમાં લેવામાં આવી હોય તેમ જણાતું નથી. કારણ કે નામદાર કોર્ટે પ્રોસેસ ઇસ્યુ કરવાના હુકમમાં તે અંગેના કોઇ કારણો કે વિગતો આપેલ નથી અને તેથી નામદાર મજુર અદાલત દ્વારા પ્રોસેસ ઇસ્યુ કરતા અગાઉ કોઇ માઇન્ડ એપ્લાય કરવામાં આવ્યું હોય તેમ જણાતું ન હોઇ અમો પીટીશ્નર્સ સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ અન્યથા પણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

(એન) બીઆઇઆર એકટ, ૧૯૪૬ની કલમ-૧૦૬ કે ૧૦૭ની જોગવાઇઓ જોવામાં આવે તો પણ ''માલીક'' ની વ્યાખ્યામાં આવતી હોય તેવી તમામ વ્યક્તિઓ કે અધિકારીઓ સામે ફરીયાદ થઇ શકે નહિ, પરંતુ ફરીયાદ માત્ર ''માલીક''ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તે જ પદાધિકારી સામે થઇ શકે કે જેમણે જે તે જોગવાઇઓનો ભંગ કર્યો હોય. તે મહત્વની બાબત પ્રોસેસ ઇસ્યુ કરતી વખતે નામદાર મજુર અદાલતે ધ્યાનમાં લીધી ન હોવાનું ફલીત થાય છે. તે સંજોગોમાં પણ પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કાયદેસરનો કે વ્યાજબી નથી.

(ઓ) નામદાર મજુર અદાલતે ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦માં આ કામના રીસ્પોન્ડન્ટે રજુ કરેલ પ્રતિજ્ઞાપત્રની નીચે પ્રોસેસ ઇસ્યુ કરવાનો જે હુકમ કરેલ છે તેમાં બધા જ તહોમતદારો સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું પણ સ્પષ્ટ થતું નથી. પરંતુ સદરહું હુકમની ભાષા જોતાં ''તહોમતદારને'' સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોય તેમ જણાય છે અને ક્યા તહોમતદારને સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવ્યો છે તે અંગેની કોઇ સ્પષ્ટતા નથી અને તે સંજોગોમાં સદર હુકમ અન્યથા પણ વેગ અને અસ્પષ્ટ હોવાના કારણસર પણ રદ થવાને પાત્ર છે.

૨. આ કામમાં અરજદારો તરફથી નીચલી અદાલતની કાર્યવાહી સ્થગિત કરવા દાદ માંગતી વચગાળાની અરજી કરવામાં આવી છે, જેની ઉપર આ અદાલતે રેકર્ડ મંગાવવવા અને નીચલી અદાલત સમક્ષ કાર્યવાહી સ્થગિત કરવા હુકમ કરેલ છે.

૩. આ કામમાં સામાવાળા કામદારને નોટીસ બજાવવામાં આવી અને તેઓ તેમના એડવોકેટશ્રી વિજય શેણમારે મારફતે હાજર થયેલા છે. નીચલી અદાલતનું ક્રીમીનલ અરજી નં. ૯૫-૨૦૦૦નું રેકર્ડ આ અદાલતે મંગાવ્યું છે અને ચકાસેલ છે.

૪. સામાવાળા તરફથી રીવીજન અરજીનો જવાબ આંક-૧૧થી રજુ કરવામાં આવ્યો છે અને અરજદારોને આવી અરજી કરવાનો હક્ક કે અધિકાર નથી તેવી રજુઆત કરવામાં આવી છે તેમજ એવું પણ જણાવવામાં આવ્યું છે કે, મુળ ક્રીમીનલ અરજીમાં અરજદારો હાજર ન રહેતા હોઇ અને તેમના પ્રતિનિધિ તરફથી બીજી મુદતે અરજદારોને હાજર રાખવાની ખાત્રી આપવા છતાં તેમજ ત્યારબાદ સાત જેટલી મુદતો પડી હોય ત્યારે નીચલી કોર્ટે આરોપીઓને પ્લી માટે હાજર રાખવા હુકમ કર્યો છે, જે હુકમ કરવાનો નીચલી કોર્ટને મુળભૂત અને અબાધીત અધિકાર છે અને તેમાં હસ્તક્ષેપ કરવાની ઓદ્યોગિક અદાલતને કોઇ સત્તા કે અધિકાર નથી. જવાબમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, અરજદારોએ ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦નું કામ વિલંબમાં નાખવાનાં બદઇરાદાથી અને અદાલત સમક્ષ પ્લી માટે હાજર રહેવું ન પડે તે માટે આ રીવીજન અરજી કરી છે અને તે રીવીજન અરજીમાં સામાવાળાને સાંભળ્યા વગર આ અદાલતે ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦નું કામ સ્થગિત કરવા જે હુકમ કર્યો છે તે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરતો હોઇ રદ થવાને પાત્ર છે તેમજ ઓદ્યોગિક અદાલતે આ રીવીજન અરજી સાંભળવાની કે નિર્ણય કરવા માટેની કોઇ સત્તા કે હકુમત કે અધિકાર નથી. આ જવાબમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, પેરા-૧ના કથનો ખરા નથી અને પાઠાફેર છે અને જે કારણો રજુ કર્યા છે તે પાઠાફેર કથનો રજુ કરવામાં આવેલ છે, જે અંગે ક્રીમીનલ કેસનું રેકર્ડ અદાલત સમક્ષ આવ્યા બાદ દલીલો રજુ કરવા સામાવાળા હક્ક રાખે છે. આ જવાબમાં એવી પણ હકીકત જણાવવામાં આવી છે કે, સામાવાળા સુરત ઇલેક્ટ્રીકસીટી કંપની લી. માં નોકરી કરતા હતા અને કંપનીના માન્ય અને પ્રમાણિત સ્થાયી હુકમોની જોગવાઇઓનું પાલન કરવાની કાયદેસરની કંપનીની જવાબદારી હોવા છતાં તથા સ્થાયી હુકમોની કલમ-૨૧(૮) માં સ્પષ્ટપણે જોગવાઇ કરવામાં આવી છે કે, ''કર્મચારી ૫૫ વર્ષની ઉંમર પુરી કર્યા બાદ મરજીયાત નિવૃતી લઈ શકશે અને ૫૮ વર્ષની ઉંમર પુરી થયેથી ફરજીયાત નિવૃત્ત થશે જે કર્મચારીની ફરજીયાત નિવૃતી માટેની ૫૮ વર્ષની ઉંમર થતી હશે તેને એકી સાથે ૧ વર્ષના આવા બે હપ્તામાં વધુમાં વધુ ૨ વર્ષ માટે એક્સ્ટેન્શન આપવામાં આવશે. વધુમાં તે કર્મચારીની ૫૮ વર્ષની ઉંમર પુરી થયેથી અને ફરી ૫૮ વર્ષની ઉંર પુરી થયેથી કંપનીના વૈદ્યકીય સલાહકાર દ્વારા શારીરીક રીતે તંદુરસ્ત માલુમ પડવા જોઇએ.'' આ સંજોગો મુજબ રીસ્પોન્ડન્ટ બે હપ્તામાં વધુમાં વધુ ૨ વર્ષ માટે એક્સ્ટેન્શન મેળવવા કાયદેસરના હકદાર બને છે અને તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ તેમની ૫૮ વર્ષની ઉંમર પુરી થતી કંપનીએ તેના સ્થાયી હુકમોની જોગવાઇઓ મુજબ તેમને કંપનીના માન્ય ડોક્ટર પાસે શારીરીક તપાસ અર્થે મોકલેલા અને ડોક્ટરના રીપોર્ટના આધારે તેમને ૫૮ વર્ષની

INDEX

ઉંમર પુરી થયા બાદ ૫૯ વર્ષ માટે એટલે કે તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૮થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ સુધી સ્થાયી હુકમોની કલમ-૨૧/૮ની જોગવાઇઓ મુજબ ૧ વર્ષનું નોકરીમાં એક્સટેન્શન આપ્યું હતું. પરંતુ ત્યારબાદ રીસ્પોન્ડન્ટને ૫૯ વર્ષની ઉંમર પુરી થયા બાદ બીજી વખતનું ૧ વર્ષનું એક્સટેન્શન એટલે કે તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯થી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૦ સુધી નહિ આપીને કંપનીએ સ્થાયી હુકમોની જોગવાઇઓનો ભંગ કર્યો હતો, ૫૯ વર્ષની ઉંમર પુરી થયા બાદ સ્થાયી હુકમોની જોગવાઇઓ મુજબ કંપનીના માન્ય ડોક્ટર પાસે શારીરીક તપાસ અર્થે નહિ મોકલીને કંપનીએ સ્થાયી હુકમોની જોગવાઇઓનો ભંગ કરી બીઆઇઆર એક્ટની કલમ-૧૦૧, ૧૦૬ અને ૧૦૭ મુજબ ફોજદારી ગુનો કર્યો હતો એટલે ફોજદારી ગુનાનું કોઝ ઓફ એક્શન તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ ઉભુ થયું હતું, અને રીસ્પોન્ડન્ટે અરજદારો સામે મજુર અદાલતમાં તારીખ ૪થી એપ્રિલ, ૨૦૦૦ના રોજ ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦ દાખલ કરી હતી. આમ અરજદારો સામે કોઝ ઓફ એક્શન ઉભુ થયા બાદ ક્રીમીનલ અરજી દાખલ કરી હતી. આ જવાબમાં એવું પણ લખ્યું છે કે, રીસ્પોન્ડન્ટને સ્થાયી હુકમોની જોગવાઇઓ મુજબ ૫૯ વર્ષની ઉંમર પુરી થયા બાદ બીજી વખતનું ૧ વર્ષનું એક્સટેન્શન નોકરીમાં આપવાની જગ્યાએ રીસ્પોન્ડન્ટને સુરતની ઔદ્યોગિક અદાલતના રેફરન્સ (આઇસી) નં. ૩૦/૯૨ના કામમાં પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન અને કંપની વચ્ચે થયેલ સમાધાનના અનુસંધાનમાં તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૬ના રોજ ઔદ્યોગિક અદાલત દ્વારા આપવામાં આવેલ એવોર્ડ અનુસાર જે કર્મચારી ૧લી ઓક્ટોબરથી ૩૧મી માર્ચ સુધીમાં નિવૃત થતા હોય તેવા કર્મચારીને કંપનીએ જે તે વર્ષની ૩૦મી એપ્રિલ સુધી ચાલુ રાખવા જરૂરી હોઇ, રીસ્પોન્ડન્ટને કંપનીએ એવોર્ડની જોગવાઇઓ અનુસાર તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯થી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૦ સુધી નોકરીમાં એક્સટેન્શન આપેલું હતું અને તે અંગે કંપનીએ તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૯ના પત્રક્રમાંક : ૨૪૭૧૬થી લેખીતમાં જાણ કરેલ હતી, એટલે આ એક્સટેન્શન ઔદ્યોગિક અદાલતના એવોર્ડ મુજબ રીસ્પોન્ડન્ટને આપવામાં આવ્યું હતું, નહિ કે કંપનીના સ્થાયી હુકમોની જોગવાઇઓ મુજબ. આ જવાબમાં એવું જણાવવામાં આવ્યું છે કે, આ હકીકતોમાં અરજદારોએ આ ખોટી રીવીજન અરજી નીચલી કોર્ટમાં પ્લી માટે હાજર રહેવું ન પડે તે માટે કરી છે, જેથી તે રદ કરવી જોઇએ અને ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦નું કામ સ્થગિત કરવા જે હુકમ કર્યો છે તે પણ રદ કરવો જોઇએ.

૫. આ કામમાં નીચલી અદાલતનું રેકર્ડ આ અદાલત પાસે આવેલું છે અને તે સંજોગોમાં નીચલી અદાલતમાં કામ ચાલવાનો પ્રશ્ન નથી તેમજ મુળ રીવીજન આંક-૧ અને તેની સાથેની નીચલી અદાલતનું કામ સ્થગિત કરવાની અરજીમાં મહદઅંશે સમાન રજુઆતો કાયદાકીય રીતે રહેવાની. તે સંજોગોમાં બન્ને પક્ષકારો તરફથી આખરી દલીલો આ અદાલત સમક્ષ કરવામાં આવી છે અને તેથી વચગાળાની અરજીમાં અલગ નિકાલ કરવાપણું રહેતું નથી.

INDEX

૬. અરજદારો તરફથી શ્રી પી. એન. શેઠે મજૂર અદાલત સમક્ષની ક્રીમીનલ અરજી નં. ૯૫/૨૦૦૦ના કામમાં ફરીયાદમાંની હકીકતો અને મજૂર અદાલત તરફથી કરવામાં આવેલી કાર્યવાહી બન્ને અંગે હકીકતો રજુ કરી એવી રજૂઆત કરી છે કે, આ ફરીયાદ બીઆઇઆર એકટની જોગવાઇઓ મુજબ રજુ થયેલી છે અને તેમાં નીચલી અદાલતે જે પ્રોસેસ ઇસ્યુ કરેલ છે તેને હાલની રીવીજન અરજીમાં અરજદારોએ પડકારેલ છે અને તેનું એક કારણ એ છે કે, બીઆઇઆર એકટની કલમ-૮૨ મુજબ ''ફેકટસ કોન્સ્ટીટ્યુટી સચ ઓફેન્સ'' એવા શબ્દો છે અને ગુનો બનતો હોવાની હકીકતો રજુ થતી હોય તો જ મજુર અદાલત તે અંગે કોગ્નીજન્સ લઇ કાર્યવાહી શરૂ કરી શકે. શ્રી શેઠે એવી રજૂઆત કરી છે કે, ફરીયાદ જોતા ફરીયાદ સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૦૦ની જોગવાઇઓ અનુસાર ફરીયાદીનું સ્ટેટમેન્ટ લેવું અદાલત માટે જરૂરી અને અનિવાર્ય હતું અને તેવું સ્ટેટમેન્ટ લઇ અને ફરીયાદમાં જણાવેલી હકીકતો મુજબ કોઇ ગુનો બને તેવી હકીકતો રજૂ થાય છે કે કેમ ? તે મજૂર અદાલતે ચકાસ્યું નથી, અને પ્રત્યેક અરજદાર સામે કયો ગુનો તેમના કયા કૃત્યથી થયો છે તેવી રજૂઆત ફરીયાદમાં પણ નથી, એટલે કે ગુનો કરવામાં કયા આરોપીઓએ શું કર્યું છે તેની હકીકતો રજુ થતી ન હોઇ, કલમ-૮૨ મુજબ અદાલત આવી ફરીયાદ અંગે કોગ્નીજન્સ લઇ પ્રોસેસ ઇસ્યુ કરી શકે નહિ. તેમના આ મુદ્દાના સમર્થનમાં શ્રી પી. એન. શેઠે ૧૯૬૦(૨) એલએલજે ૬૨૦ પરનો સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. સ્વદેશી કોટન એન્ડ ફલોર મીલ્સ (પ્રા) લી. ના કેસમાંનો ઇન્ડસ્ટ્રીયલ કોર્ટ, ઇન્દોરનો ચુકાદો રજૂ કરેલ છે. ઉપરાંત ઔદ્યોગિક અદાલત, ગુજરાતના સભ્યશ્રી એચ. આર. કમોદીયા સમક્ષની ક્રીમીનલ અરજી નં. ૫૮/૯૩ સામેની રીવીજન અરજી નં. ૧૦/૯૩માંનો ચુકાદો પણ ઉલ્લેખેલ છે. શ્રી પી. એન. શેઠે એવી રજુઆત કરી છે કે, ક્રીમીનલ પ્રસીજર કોડની કલમ-૨૦૦ આ કામમાં લાગું પડે છે અને મજુર અદાલત સમક્ષની ટ્રાયલ એ સમરી ટ્રાયેબલ કેસની હોય છે, જેમાં મજુર અદાલતે તેની સમક્ષ ફરીયાદ રજુ થાય ત્યારે ફરીયાદીનું જાતે નીવેદન લઇ અને તે વેરીફીકેશનના આધારે આરોપી સામે કોઇ ગુનો બને તેમ છે કે કેમ ? તે અંગે પોતાનું માઇન્ડ એપ્લાય કરી અને જો ગુનો બનતો હોય તેવી હકીકત તે નીવેદનમાં આવતી હોય તો જ કોગ્નીજન્સ લઇ આરોપીઓ સામે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હોય છે અને આ કામમાં મજૂર અદાલતે તેવી કાર્યવાહી કરી જ નથી અને તેના સમક્ષ તેવા સોગંદ પરના લેવાયેલ સ્ટેટમેન્ટમાં ચોક્કસ ગુનો બનતો હોવાની ચોક્કસ હકીકતો ચોક્કસ આરોપી સામે રજુ થતી નથી અને આ કાર્યવાહી કરવી તે મેન્ડેટરી છે અને આવી મેન્ડેટરી કાર્યવાહી કરેલ હોવાનું રેકર્ડમાં નથી, તે સંજોગોમાં કોગ્નીજન્સ લઇ પ્રોસેસ ઇસ્યુ કરવાનો મજુર અદાલતનો હુકમ કાયદાની મેન્ડેટરી જોગવાઇઓનું પાલન કર્યા સિવાયનો હોઇ રદ થવાને પાત્ર છે. શ્રી શેઠે આ અંગે એઆઇઆર ૧૯૯૨ સુપ્રિમ કોર્ટ ૨૨૦૬ પરનો કે. એમ. મેથ્યુ વિ. સ્ટેટ ઓફ કેરાલાના કેસમાંનો ચુકાદો તથા ૧૯૯૭(૧) જીએલએચ ૩૬૦ પરનો બી. રમેશ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાંનો ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે તેમજ જેટી ૧૯૯૭(૮) એસસી ૭૦૫ પરનો મે. પેપ્સી ફુડસ લી. વિ. સ્પેશીયલ

INDEX

જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટના કેસમાંનો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો રજુ કરેલ છે. તેમની દલીલોમાં શ્રી શેઠે એવી પણ રજુઆત કરી છે કે, ફરીયાદમાં શબ્દો જોઈએ તો તેના પેરા-૩માં ''મારી લાંબા સમયથી ચાલી આવતી નોકરીનો ગેરકાયદેસર અંત તા. ૧-૫-૨૦૦૦ થી લાવવા માગે છે.'' તેવા શબ્દો છે અને ફરીયાદ તા. ૪-૪-૨૦૦૦ ની છે, જેથી ફરીયાદી નોકરીમાં ચાલુ છે અને ભવિષ્યમાં આરોપીઓ તેમની નોકરીનો ગેરકાયદેસર અંત લાવવા માગે છે, એટલે કે ગુનો ભવિષ્યમાં બનવાનો છે તેવી હકીકત આવે છે, જે જોતાં ફરીયાદીની ફરીયાદ પ્રીમેચ્યોર્ડ અને બીફોર ટાઈમ છે, જ્યારે કોઈ ગુનો હજુ સુધી બનેલ નથી. શ્રી શેઠે એવી બાબત પ્રત્યે પણ ધ્યાન દોર્યું છે કે, મજુર અદાલતે જાતે ફરીયાદીનું સ્ટેટમેન્ટ લીધેલ નથી અને કોઈ વેરીફીકેશન કર્યુ નથી, પરંતુ તેના સમક્ષ પ્રથમ સોગંદનામું પ્રતિજ્ઞાપત્ર તરીકે રજુ થયેલું છે અને ત્યારબાદ ફરીયાદ અરજી રજુ થઈ છે તેમ રેકર્ડ જોતાં જણાય છે, અને પ્રતિજ્ઞાપત્ર આ રીવીઝનમાં એનેક્ષર-'બી' થી રજુ થયેલ છે. જેની ઉપર મજુર અદાલતે પ્રોસેસ ઈસ્યુ કરવા કલમ-૧૦૬, ૧૦૭ મુજબ સમન્સ કાઢવા હુકમ કરેલ છે તેમ જણાય છે, પરંતુ આ પ્રતિજ્ઞાપત્રમાં ટાઈપ કરેલું તૈયાર પ્રતિજ્ઞાપત્ર છે અને મેજિસ્ટ્રેટે જાતે લીધેલું નીવેદન નથી, એટલું જ નહિ કયા આરોપીએ કોઈ હુકમ પસાર કર્યો કે કયા આરોપીએ કયું કૃત્ય કર્યુ તેની કોઈ માહિતી નથી અને કોઈ વ્યકિતગત રીતે ગુનો કરવામાં આવ્યો છે તેવું પણ તેનાથી ફલીત થયું નથી, કારણ કે તે અંગેની કોઈ વિગત ફરીયાદમાં કે આ કહેવાતા પ્રતિજ્ઞાપત્રમાં રજુ થતી નથી અને તા. ૨૦-૧૨-૯૯ નો પત્ર પણ કંપની દ્વારા લખવામાં આવેલ છે અને કોઈ ચોક્કસ આરોપી દ્વારા આવો પત્ર લખવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવેલ નથી, ત્યારે કોઈ ચોક્કસ આરોપીએ કોઈ ચોક્કસ ગુનો કર્યો હોવાની હકીકતો યોગ્ય કાર્યવાહી દ્વારા મજુર અદાલતમાં રજુ થયેલ નથી, તેમ છતાં આદેશાત્મક કાર્યવાહી કરવાનું ટાળીને મજુર અદાલતે આ સમન્સનો હુકમ કરી પ્રોસેસ ઈસ્યુ કરેલ છે, જે કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધ છે અને કોઈ એક આરોપી માલીક તરીકે કૃત્ય કરી તેનાથી બનતા ગુના માટે જવાબદાર ઠરતો નથી અને તેથી પ્રોસેસ ઈસ્યુ કરી શકાય નહિ. શ્રી શેઠે એ બાબત પ્રત્યે ધ્યાન દોરેલ છે કે, મજુર અદાલતે જાતે ફરીયાદીનું નીવેદન લઈ, હકીકતો નોંધી, ગુનો બનતો હોવાનો અભિપ્રાય માઈન્ડ એપ્લાય કર્યા પછી તૈયાર કર્યો નથી અને તૈયાર સિક્કો મારી પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે અને તે પણ જે ગુનો બન્યો નથી અને માત્ર ગુનો બનવાની આશંકા છે તેવી હકીકત જણાવતી પ્રીમેચ્યોર્ડ ફરીયાદ ઉપર આવો હુકમ કરેલ છે, જે ગેરકાયદેસર છે. તેમની આ દલીલના સમર્થનમાં શ્રી શેઠે ૧૯૭૬ લેબઆઈસી ૧૦૭૭ પરના મે.સી. એડલજી એન્ડ કંપની લી. વિ. ફર્સ્ટ લેબર કોર્ટ, નાગપુરના કેસમાંના બોમ્બે હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે અને એવી રજુઆત કરી છે કે, જ્યારે બીઆઈઆર એકટની કલમ-૧૦૬ ના સંદર્ભમાં ''એમ્પ્લોયર'' શબ્દ માટે ઉલ્લેખ થાય ત્યારે તેમાં એમ્પ્લોયરના કોઈપણ એજન્ટનો સમાવેશ થતો નથી, પરંતુ ''એમ્પ્લોયર'' શબ્દ મર્યાદિત અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે અને તે માત્ર જેની સામે શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે તેવી હકીકતો રજુ થતી હોય તેવા જ

INDEX

એમ્લોયરનો સમાવેશ ''એની પરસન'' એ શબ્દમાં થાય અને તે સિવાય અન્ય કોઇ વ્યકિતનો સમાવેશ તેમાં થતો નથી અને તે સંજોગોમાં મજુર અદાલત સમક્ષના આ આરોપીઓ કે જેઓ આ અરજીમાં અરજદારો છે તેમના સામે વ્યકિતગત રીતે પ્રોસેસ ઈસ્યુ થઈ શકે નહિ. શ્રી શેઠે એવી રજુઆત કરી કે, જે હકીકતો રજુ થઈ છે તેમાં સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓનો ભંગ થતો હોવાનું કહેવામાં આવે છે, પરંતુ તે સ્ટેન્ડીંગ ઓર્ડર જોતાં પણ ૫૮ વર્ષ પુરાં થયે કર્મચારીને ફરજીયાત નિવૃત્તી આપવાની છે અને એકસ્ટેન્શન આપવું કે ન આપવું તે માત્ર માલીકની વિવેકશકિતને આધીન છે અને તેથી એકસ્ટેન્શન ન આપવાથી સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ થતો નથી અને ગુનો બનતો નથી. રીવીઝન સાંભળવાના આ અદાલતના અધિકાર અને હકુમત અંગે શ્રી શેઠે એવી સ્પષ્ટતા કરી કે, કલમ-૮૫ હેઠળની ઔદ્યોગિક અદાલતના અધિકારો અને હકુમત હાઈકોર્ટના બંધારણના આર્ટીકલ ૨૨૭ના અધિકારો અને હકુમત જેવા છે, જે સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ વિ. પુના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ લી. ૧૯૯૫ (૧) જીએલઆર ૫૮૦ના કેસમાંનો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોતાં સ્પષ્ટ થાય છે અને આર્ટીકલ ૨૨૭ મુજબ હાઈકોર્ટ સમન્સ કે પ્રોસેસ ઈસ્યુ કરવા સામે પીટીશન સાંભળી શકે છે તેવું ૧૯૯૨ના સુપ્રિમ કોર્ટના કે. એમ. મેથ્યુના કેસમાંના ચુકાદામાં સ્પષ્ટ થાય છે અને બી. રમેશ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાંના ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પણ સ્પષ્ટ થાય છે, એટલું જ નહિ મે. પેપ્સી ફુડ લી. વિ. સ્પેશીયલ જયુડીસીયલ મેજિસ્ટ્રેટના કેસમાં તો સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટ હકુમતનો અમલ કર્યા વિના આવા સંજોગોમાં રહી શકે નહિ તેવું ભારપૂર્વક જણાવેલ છે. ઉપરોકત દલીલો સાથે શ્રી શેઠે નીચલી અદાલતનો પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવા રજુઆત કરી છે.

૭. રીસ્પોન્ડન્ટ કામદાર વતી આ કામમાં શ્રી વિજય શેણમારે એ દલીલ કરતાં ભારપૂર્વક એવી રજુઆત કરી છે કે, ક્રીમીનલ કમ્પલેઈન નં. ૯૫/૨૦૦૦ માં પ્લી માટે તહોમતદારોએ હાજર રહેવું તે સ્ટેજ હતું અને તે માટે પ્રોસેસ કાઢવાનો હુકમ થયેલો અને તેમાં વિલંબ થાય અને પ્લી માટે હાજર ન રહેવું પડે તે માટે આ રીવીઝન કરવામાં આવી છે, પરંતુ હકીકતમાં મજુર અદાલતે યોગ્ય કાર્યવાહી કરી છે, કારણ કે સ્ટેન્ડીંગ ઓર્ડર ૨૧ (૮) મુજબ ૫૮ વર્ષે નિવૃત્ત થતા કામદારની કંપનીના ડોકટર પાસે તપાસ કરાવી એકી સાથે ૧ વર્ષનું એવા બે એકસ્ટેન્શન જો કામદાર ફીટ પુરવાર થાય તો આપવા તેવી જોગવાઈ છે અને તે ૧ વર્ષનું એકસ્ટેન્શન જ આપી શકાય અને તેથી તેનાથી ઓછું એકસ્ટેન્શન આપવું તે સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ ગણાય અને આ કામના આરોપીઓએ ૬ મહીનાનું જ એકસ્ટેન્શન આપેલ છે અને તે પણ સ્ટેન્ડીંગ ઓર્ડર હેઠળ નહિ, પરંતુ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટના એવોર્ડમાં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ આપવામાં આવ્યુ છે, એટલે બીજી વખત ૧ વર્ષનું એકસ્ટેન્શન ૨૦૦૦ ના વર્ષની શરૂઆતમાં ન આપવામાં આવ્યું ત્યારે ગુનો બનેલ છે અને ત્યારપછી ૪થી એપ્રિલે આ કેસ દાખલ થયો છે, તેથી ફરીયાદ પ્રીમેચ્યોર્ડ નથી કે એપ્રોહેન્ડેડ ઓફેન્સ

સામે નથી, પરંતુ જે ગુનો બન્યો છે તે અંગે ફરીયાદ છે. શ્રી શેણમારેએ ભારપૂર્વક એવું પણ જણાવ્યું કે, આ સ્ટેન્ડીંગ ઓર્ડર માન્ય અને પ્રકાશિત થયેલા છે અને રજીસ્ટર્ડ થયેલા છે અને તેનો ભંગ થાય તો બીઆઈઆર એકટની કલમ-૧૦૧, ૧૦૬, ૧૦૭ મુજબ કેસ કરી શકાય અને તે કેસ સાંભળવાની સત્તા લેબરકોર્ટને છે, તે સંજોગોમાં મજુર અદાલતે શરૂ કરેલી કાર્યવાહી કોઈપણ રીતે ગેરકાયદેસર નથી અને વર્ષો સુધી આ સ્ટેન્ડીંગ ઓર્ડર પ્રમાણે ૬૦ વર્ષ સુધી કર્મચારીઓને એકસ્ટેન્શન આપવામાં આવેલ છે અને સંસ્થાના ઈતિહાસમાં આ રીતે ૧ વર્ષ ઓછું આપવામાં આવ્યું હોય તેવો આ પ્રથમ દાખલો છે તે ધ્યાનમાં લેવું જોઇએ. શ્રી શેણમારેએ એવી રજુઆત કરી કે, ફરીયાદ સાથે જે પ્રતિજ્ઞાપત્ર રજુ થયેલ છે તે વેરીફીકેશનનો જ પ્રકાર છે, એટલે કે વેરીફીકેશન છે અને બીઆઇઆર એકટ હેઠળ તેવું થઇ શકે, કારણ કે તમામ અરજીઓમાં સોગંદનામાથી હકીકતોને વેરીફાય કરી સંમતિથી અપાતું હોય છે અને આ ફરીયાદ આઇપીસી હેઠળ નથી તે ધ્યાનમાં લેવું જોઇએ. શ્રી શેણમારેએ સ્ટેન્ડીંગ ઓર્ડરમાંથી કલમ-૨૧(૮) આ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

૭. ઉપરોક્ત રજુઆતોના સંદર્ભમાં એ વાત સ્પષ્ટ થાય છે કે, મજુર અદાલતનું આ રીવીઝનના અરજદારો સામે મુળ ફરીયાદ અરજી દાખલ થઇ ત્યારે તેનું કોગ્નીજન્સ લઇ પ્રોસેસ ઇસ્યુ કરવાનું પગલું તેની હકુમત અને પ્રક્રિયાના કાયદાની દષ્ટિએ કાયદેસરનું અને યોગ્ય છે કે કેમ ? તે વિવાદ આ રીવીજનનો વિષય છે અને તેમાં મજુર અદાલતે મુળભુત કાયદો અને પ્રક્રિયાત્મક કાયદો અનુસરેલ છે કે કેમ ? તે આ અદાલતે રેકર્ડ પરથી તપાસવાનું છે.

શ્રી વિજય શેણમારે-સામાવાળા કામદારના એડવોકેટશ્રીએ એ બાબત પ્રત્યે આ અદાલતનું ધ્યાન દોરેલ છે કે, આ ફરીયાદ આઇપીસી હેઠળ નહી, પણ બીઆઇઆર એકટ હેઠળની છે અને સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ થાય ત્યાં મજુર અદાલતને ફરીયાદ ચલાવવાની હકુમત છે. આ સંદર્ભમાં બીઆઇઆર એકટની જોગવાઇ ફોજદારી ફરીયાદના સંદર્ભમાં મજુર અદાલતે કરવાની કાર્યવાહી અંગે શી છે તે તપાસીએ તો તેમાં કલમ-૮૩માં સ્પષ્ટ થાય છે કે, ફરીયાદ ચલાવતી વખતે મજુર અદાલતના ન્યાયધીશની સત્તા જ્યુડીસીયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ)ની છે અને તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની સમરી ટ્રાયલ ચલાવવાની પધ્ધતિ આવી ફરીયાદ ચલાવતાં અપનાવવાની છે, કલમ-૮૩ આ પ્રમાણે છે :

" In respect of offences punishable under this Act, a Labour Court shall have all the powers under the Code of Criminal Procedure, 1898, 3 (Of a Magistrate of First Class), and in the trial of every such offence shall follow the procedure laid down in Chapter xxii of the said Code for a summary trial in which an appeal

INDEX

lies, and the rest of the provisions of the said Code shall, so far as may be, apply to such trial."

હવે એ બાબત પણ સ્પષ્ટ છે કે, મજૂર અદાલતના ન્યાયધીશ સમક્ષની આ ફરીયાદ ''પ્રાઇવેટ કમ્પલેઇન'' છે, પોલીસ ફરીયાદ નથી, તેથી ''મેજિસ્ટ્રેટ'' તરીકે આ ફરીયાદ રજુ થાય ત્યારે તેણે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૦ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. આ કલમ ૨૦૦માંના શબ્દોને અર્થઘટન કરવાના હેતુસર જરા છુટા પાડીને લખીએ તો આ પ્રમાણે શબ્દો છે :

" A Magistrate taking Cognigance of an offence on Complaint shall examine upon oath the Complanant and the witnesses present, if any and the substanes of such examination shall be reduced in writing and shall be signed by the Complananat and the witnesses, and also by the Magistrate."

(આ કલમનો પ્રવિઝો કોગ્નીજન્સ ન લેવાય તો બીજી કઇ કાર્યવાહી કરવી તે અંગે હોવાથી પ્રસ્તુત નથી) આ શબ્દોને આ રીતે સમજીએ તો મેજીસ્ટેટે ફરીયાદના આધારે ગુનાનું કોગ્નીજન્સ લેતાં ફરીયાદી તથા હાજર સાક્ષીઓ જો કોઇ હોય તો, તે સોગંદ પર તપાસવાના છે અને તેનો સાર લેખીતમાં ઉતારવાનો છે અને તેના પર ફરીયાદી સાક્ષીઓ તથા મેજીસ્ટેટની સહીઓ કરવાની છે.

આ કલમ ૨૦૦ની જોગવાઇના સંદર્ભમાં રેકર્ડ તપાસીએ તો મજુર અદાલતના ન્યાયાધીશે આમાંની એક પણ પ્રક્રિયા કે કાર્યવાહી કર્યા સિવાય કોગ્નીજન્સ લઇને પ્રસેસ ઇસ્યુ કરેલ છે તેવું જણાય છે. રેકર્ડ જોઇએ તો સૌથી પહેલા એક તૈયાર ''પ્રતિજ્ઞાપત્ર'' જોવા મળે છે, લેખીત ફરીયાદ ત્યારપછી છે. હવે તે પ્રતિજ્ઞાપત્ર ટાઇપ થયેલું તૈયાર ફરીયાદીની સહી સાથેનું મુકવામાં આવ્યું છે, એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે, મેજીસ્ટેટ તરીકે આ ન્યાયાધીશે પોતે ફરીયાદીને બોલાવીને તેનું નીવેદન લીધું નથી અને તે નીવેદનનો સાર લેખીતમાં ઉતાર્યો નથી અને તે સાર ઉતારીને તેમાં ફરીયાદીની સહી લીધી નથી અને પોતે સહી કરી નથી. આ સંજોગોમાં આ પ્રક્રિયા સોગંધ પર નિવેદન લેવાની છે, જે થઇ નથી અને તેવા નીવેદનમાં ફરીયાદી તરફથી ગુનો બને તેવી હકીકતોનું નીવેદન સોગંદ પર રજુ કરવામાં આવ્યું હોય તેવું બન્યું નથી. શ્રી વિજય શેણમારેએ એવી સ્પષ્ટતા કરી છે કે, આ પ્રતિજ્ઞાપત્ર વેરીફીકેશન છે અને તે સોગંદ પર છે, આ રજુઆત કલમ ૨૦૦ના સંદર્ભમાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી, કારણ કે કલમ ૨૦૦ પ્રમાણે મેજિસ્ટ્રેટે જાતે સોગંદ પરનું નીવેદન ફરીયાદી પાસેથી લેવાનું છે અને તેમાં સહી કરવાની છે, હવે આવું નીવેદન જ નથી ત્યાં મેજિસ્ટ્રેટ માઇન્ડ એપ્લાય કરે અને ગુનો બને તેવી હકીકતો હોય તો કોગ્નીજન્સ પ્રોસેસ ઇસ્યુ કરે તેવી સંભાવના જ રહી નથી અને ખરેખર મેજિસ્ટ્રેટ તરીકે માઇન્ડ એપ્લાય કર્યુ નથી તેવું સમન્સ કરવા માટે તેણે તૈયાર સિક્કાનો હુકમ તરીકે ઉપયોગ કર્યો છે તેના પરથી જાણવા મળે છે. તૈયાર રબ્બર સ્ટેમ્પ આ પ્રમાણે છે :

INDEX

''તહોમતદારને બી.આઇ.આર. એકટની કલમ ૧૦૬, ૧૦૭ મુજબ તારીખ ૯/૫નો સમન્સ કાઢો.''

તૈયાર સિક્કામાં પોતાની સહી કરી આપી છે એટલે મેજિસ્ટ્રેટે કઇ હકીકત કયા આરોપી માટે રજુ થઇ છે અને તેમાંથી પોતાને કઇ કલમ મુજબનો ગુનો બનતો હોય એ જણાય છે તે બાબત ફરીયાદીના નીવેદનનો આધાર લઇ કશું જ લખવામાં આવ્યુ નથી. કારણકે મેજિસ્ટ્રેટ તરીકે ન્યાયધીશે આવું નીવેદન લીધું નથી. આમ કલમ ૨૦૦ પ્રમાણે કાર્યવાહી કર્યા પછી જ મેજિસ્ટ્રેટ પ્રોસેસ ઇસ્યુ કરી શકે તે તરફ આ ન્યાયાધીશે કોઇપણ પ્રકારનું ધ્યાન આપ્યા વિના સિક્કા નીચે પોતાની સહી કરી માત્ર ઔપચારીકતા બતાવી છે અને કલમ ૨૦૦ પ્રમાણેની કાર્યવાહી કરવી તે માત્ર ઔપચારીકતા નથી, પરંતુ અનિવાર્યતા છે. આ અંગે મેજિસ્ટ્રેટે જે ગંભીરતાથી કાર્યવાહી કરવાની છે તે નામદાર ગુજરાત હાઇકોર્ટે ૧૯૯૭(૧) જીએલએચ ૩૬૦ પરના બી.રમેશ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પેરા-૪માં આ શબ્દોમાં વ્યક્ત કર્યુ છે :

" The ansewer is, it is foremost duty of every responsible Magistrate when the complaint is presented before him to closely examine its entire contents from A to Z. Thereafter, the first question which the learned Magistrate should invariably ask unto himself is whether the comlaint prima facie discloses the offence ? it is exclusively of the civil nature ??; Secondly, in the complaint of such a nature whether a specific name/s of the accused and the role played by him/then is attributed ??; thirdly, whether the complaint is of such a vague, absurd, imprabable, mischievous nature where the complaintant throwing dust in the eyes of the court attempting, abusing the due process of law want to get it process issued against the accused persons, partly rightly and partly for illegally pressuring the real culprit by maliciously naming his friends and relatives in the complaint to ultimately strike the immediate and unfair deal which otherwise would take a considerable time if the suit is filed in the civil court, where ultimately many a time it is decreed with order of instalments only,

નામદાર સુપ્રિમ કોર્ટે પણ જેટી ૧૯૯૭(૮) એમસી ૭૦૫ પરના મેસર્સ પેપ્સી ફુડસ લી, વિ., સ્પેશીયલ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટના કેસમાં એવું સ્પષ્ટ કર્યુ છે કે, કોઇપણ વ્યક્તિ સામે ફોજદારી ફરીયાદ કરવામાં આવે અને તે અંગે કામ ચલાવવામાં આવે તે અતિ હળવી અને માત્ર ઔપચારિક પ્રક્રિયા નથી તે મેજીસ્ટ્રેટે સમજવું જોઇએ.

" One of the modes by which a court can take cognizance of an offence is on filing of a complaint containing facts which constitutes such offence. A Magistrate taking congizance of an offence on complaint shall examine upon oath the complainant and the withness present, if any, and substance of such examination shall be reduced to writing and shall be signed by the complainant and the

INDEX

withnesses, and also by the Magistrate (Sections 190 and 200 of the Code)

એટલે આ પ્રાથમીક શરૂઆત જ કાયદાની પુરી પ્રક્રિયા કર્યા સિવાય થયેલી હોય તેવું સ્પષ્ટ થાય છે. શ્રી વિજય શેણમારે કહે છે તેમ બીઆઈઆર એક્ટની જોગવાઈઓ હેઠળ બનતા ગુના અંગે કામ ચલાવવાની સત્તા અને હકુમત મેજિસ્ટ્રેટ તરીકે મજુર અદાલતના ન્યાયધીશને છે તેનો અર્થ તેને કાયદાની પ્રક્રિયા કર્યા સિવાય કોઈપણ રીતે આરોપીઓ સામે પ્રોસેસ ઈસ્યુ કરવો તેવો થતો નથી અને પ્રારંભિક તબક્કે જ તેણે માઈન્ડ એપ્લાય કરી આરોપીઓ સામે વ્યક્તિગત રીતે આરોપીઓએ ગુનો કર્યો હોય તેવી હકીકત પ્રથમ દર્શનીય રીતે રજુ થાય છે કે કેમ? અને પ્રથમ દર્શનીય રીતે તેનો કોઈ આધાર પણ છે તે જોવું પડે.

એટલે હવે ન્યાયધીશે કોઈ ગુનો બને તેવી હકીકત જોઈ છે કે કેમ ? અને તેવી અરજી રજુ થઈ છે કે કેમ ? તે દ્રષ્ટિએ રેકર્ડ તપાસવાનું રહ્યું. રેકર્ડ જોતાં આગળ કહ્યું તેમ ન્યાયધીશે સોગંદ પર ફરીયાદીનું નીવેદન નોધ્યું નથી અને હુકમ તૈયાર સિક્કો મારી કલમ-૧૦૬, ૧૦૭ લખી પોતાની સહી કરી આપી છે, એટલે એ બાબત સ્પષ્ટ થાય છે કે, કલમ-૧૦૬ મુજબ ગુનો બને તેવા ક્યા સંજોગો રજુ થાય છે ? અને ૧૦૭ મુજબ ગુનો બને તેવા ક્યા સંજોગો રજુ થયા છે ? તે મજુર અદાલતે નોધ્યુ જ નથી અને તે કલમો લખી નાખી છે. સ્ટેડીંગ ઓર્ડરના ભંગ માટે ફરીયાદીની રજુઆત હોય તો ગેરકાયદેસર ફેરફાર અંગેની કલમ-૧૦૬ શી રીતે લાગુ પડે તે ફરીયાદ પરથી સ્પષ્ટ થાય નહિ કે થતું નથી, તે જ રીતે આ ગુનો થાય તેવા સંજોગોમાં, ક્યા આરોપીએ કયું કૃત્ય કર્યુ છે કે જેથી તેણે ગુનો કર્યો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય અને પ્રોસેસ ઈસ્યુ થઈ શકે તે ફરીયાદમાં જણાવ્યું નથી, અને ન્યાયધીશે પોતે નીવેદન નોધ્યુ નથી તે અંગે ન્યાયધીશે પોતાના હુકમમાં પણ કઈ લખ્યું નથી. હવે તે બાબત અતિ સ્પષ્ટ છે કે, જ્યારે કોઈ આરોપીએ અમુક પ્રકારનું કૃત્ય કર્યુ છે તેવી ચોક્કસ હકીકત તે આરોપી સામે રજુ થાય ત્યારે જ તેના સામે પ્રોસેસ ઈસ્યુ થઈ શકે. આ અંગ પણ જેટી ૧૯૯૭ (૮) એસસી ૭૦૫ પરના મેસર્સ પેપ્સી ફુડસ લી. વિ. સ્પેશીયલ જ્યુડીસીયલ મેજિસ્ટ્રેટના કેસમાંના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે અતિ સ્પષ્ટ ભાષામાં પ્રસ્થાપિત કર્યુ છે કે,

"Summoning of an accused ina criminal case is a serious matter. Criminal law cannot be set into motion as a matter of course. It is not that the complainant has to bring only two witnesses to support his allegations in the complaint to have the criminal law set into motion. The order of the magistrate summoning the accused must reflect that he has applied his mind to the facts of the case and the law applicable thereto. He has to examine the nature of allegations made in the compliant and the evidence both oral and documentary in support therof and would that be sufficient for the compleinant to succeed in bringing charge home to the accused. It is not that the Magistrate is a silent spectator at the time of

INDEX

recording of preliminary evidence before summoning of the accused. Magistrate has to carefully scrutinise the evidence brought on record and may even himself put questions to the complainant and his witness to elicit answers to find out the truthfulness of the allegations or otherwise and then examine if any offence is primafacie committed by all or any of the accused."

આ સંજોગોમાં કોગ્રીજન્સ લઇ પ્રોસેસ ઇસ્યુ કરવા અંગેની પ્રાથમીક રીતે અનિવાર્ય કોઇપણ કાર્યવાહી કર્યા સિવાય આ મેજીસ્ટ્રેટ, મજુર અદાલતના ન્યાયાધીશ દ્વારા પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે.

ઉપરોકત ચર્ચા જોતાં આ રીવીજનમાં હુકમ કરી મજુર અદાલત દ્વારા પ્રોસેસ ઈસ્યુ કરવાના હુકમને કર્વાસ કરવા માટે પુરતુ કારણ છે અને વિશેષ ચર્ચા ન થાય તો પણ ન્યાયાધીશનો હુકમ ટકી શકે તેમ નથી તે સ્પષ્ટ થાય છે, પરંતુ તેમ છતાં પાવર ઓફ સુપ્રિટેન્ડન્ટસ ધરાવતી અદાલત તરીકે નીચલી અદાલતને સંપુર્ણ માર્ગદર્શન મળી રહે તે માટે વધુ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવાનું પણ આ અદાલત પોતાની ફરજ સમજી યોગ્ય માને છે.

મુજર અદાલત ગુના અંગે જયાં સુધી ''ઓફેન્સ કોસ્ટીટયુટ'' થાય તેવી હકીકતો રજુ થતી ન હોય ત્યાં સુધી કોગ્નીજન્સ લઇ શકે નહીં તે પ્રકારની પ્રતિબંધાત્મક જોગવાઇ બીઆઇઆર એકટમાં જ કલમ ૮૨માં છે. કલમ ૮૨ આ પ્રમાણે છે.

"No Labour Court shall take cognizance of any offence except on a complaint (of facts constituting such offence made by the person affected thereby) 2 (or by a representative untion which is also an approved union) or on a reprot in writing by the Labour Officer."

આ સંદર્ભમાં શ્રી પી. એન. શેઠની આ રીવીજનના અરજદારો વતીની રજુઆતના અન્વયે અગાઉ ફરીયાદીની ફરીયાદ રજુ થાય ત્યારે લેબર જજે મેજીસ્ટ્રેટ તરીકે કરવી જોઇતી પ્રક્રિયાની ચર્ચા કરેલી છે, એટલે કે લેબર જજે ફરીયાદીનું સોગંદ પર નીવેદન લેવાનું છે અને તેના સાક્ષી હાજર હોય તો તેનું નીવેદન લેવાનું છે અને તેમાં ફરીયાદીની અને સાક્ષીની સહીઓ લેવાની છે. આ નીવેદનમાં ફરીયાદી કે સોગંદ પર કહે છે તેનો સાર લખવાનો છે તે પ્રથમ પગલું ગણાય. હવે તેટલી પ્રક્રિયા કર્યા પછી જ લેબર જજ પાસે સોગંદ પરના નીવેદનમાં જેટલી માહિતી આવી અને જેટલી હકીકતો રજુ થઇ તે તેણે માઇન્ડ એપ્લાય કરીને ચકાસવાની છે અને તે હકીકતો ઉપરથી કોઇ ઓફેન્સ કોન્સ્ટીટયુટ થતો હોય એટલે કે ઓફેન્સ કોન્સ્ટીટયુટ થાય તેવી હકીકત હોય તો જ લેબર કોર્ટ તે અંગે કોગ્નીજન્સ લઇ શકે અને જો તેવી હકીકતો ઓફેન્સ કોન્સ્ટીટયુટ થાય તેવા પ્રકારની

INDEX

રજુ થતી ન હોય તો કોગ્નીજન્સ લેવા સામે આ કલમ-૮૨ રુકાવટ બને છે. હવે આ મજુર અદાલત સમક્ષની ફરીયાદમાં મજુર અદાલતે આવી હકીકતો રજુ થતી હોઇ પોતે સમન્સ ઇસ્યુ કરવા હુકમ કરે છે તેની કોઇ નોંધ કરેલી નથી, એટલું જ નહિ આ હકીકતો ઉપરથી કલમ ૧૦૬ ૧૦૭ મુજબ ગુનો બને તેવી હકીકતો આ ફરીયાદમાં રજુ થઇ છે તેવું પણ નકકી કરેલ નથી અને તે સંજોગોમાં તેણે આ હકીકતો પ્રત્યે માઇન્ડ એપ્લાય કર્યુ હોય તેવું જણાતું નથી. આ અંગે તે બાબત ઉપરથી ખ્યાલ આવે છે કે, ફરીયાદીની ફરીયાદમાં સર્ટીફાઇડ સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧ (૮) નો ભંગ કરેલ છે તેટલી જ હકીકત છે અને ગેરકાયદેસર ફેરફાર અંગેની હકીકત નથી, તેમ છતાં આરોપીઓ સામે બીઆઇઆર એકટની કલમ ૧૦૬ મુજબ પણ સમન્સ કાઢવામાં આવ્યો છે, એટલું જ નહિ ફરીયાદમાં ૩ આરોપીઓને જોડવામાં આવ્યા છે અને તે ત્રણેય આરોપીઓએ વ્યકિતગત રીતે શું કર્યુ છે અથવા તો વ્યકિતગત રીતે શું કરવું જોઇએ અને નથી કર્યુ જેનાથી તે વ્યકિત સામે તેણે ગુનો કર્યો છે તેવું પ્રથમ તબકકે કહી શકાય તે બાબતની હકીકતો રજુ નથી થઇ, તેમ છતાં લેબર જજે વ્યકિતઓ સામે સમન્સ ઇસ્યુ કર્યો છે. આ સમન્સ વ્યકિતના નામે છે. જો હોદ્દાથી ચેરમેન કે મેનેજીંગ ડીરેકટર સામે સમન્સ કાઢવો હોય તો તે કોઇપણ વ્યકિત હોઇ શકે, અગાઉ ઔદ્યોગિક અદાલત, અમદાવાદમાં રીવીજન ૧૦/૯૩ માં શ્રી એસ. કે. મહાપાત્ર-મેનેજીંગ ડીરેકટર, ગુજરાત સ્ટેટ ટેક્ષટાઇલ કોર્પોરેશન સામે કરવામાં આવેલી ક્રીમીનલ અરજી નં. ૫૮/૯૩ માંના બનાવના સંબંધમાં શ્રી એચ. આર. કમોદીયા મેમ્બર, ઇન્ડસ્ટ્રીયલ કોર્ટે એવું અવલોકન કરેલું છે કે, વ્યકિતને તેવી ફરજ બાબતમાં જયારે જવાબદાર ગણવામાં આવે ત્યારે તેને હોદ્દાની રુઇએ જોડવામાં આવતા હોય છે અને વ્યકિત તરીકે નહિ, તેમાં પણ એ પ્રશનની ચર્ચા કરવામાં આવી હતી કે, તે આરોપીએ શું કર્યુ છે તે બાબત તેના સામેની ફરીયાદમાં હકીકત આવવી જોઇએ. લેબર જજે આ રીતે પ્રાથમીક તબકકે ચકાસ્યું નથી તે જણાઇ આવે છે. તે જ રીતે જેટલી હકીકતો રજુ થઇ તેટલી હકીકતો સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧(૮) નો ભંગ થાય અને ગુનો બને તેવું પ્રાથમીક તબકકે માની શકાય તે પ્રકારની છે ? તે પ્રશ્ન પણ લેબર જજે ચકાસ્યો નથી અને જો સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧(૮) ચકાસવામાં આવે તો તેનો પ્રથમ ભાગ આ પ્રમાણે છે :

"An employee may voluntarily retire on completing the age of 55 years and he shall compulsorily retire on completing the age of 58 years."

હવે આ કમ્પલસરી રીટાયર શબ્દમાં એક ફરજીયાતપણું છે, તેના પરથી તેના પછીનો પ્રોવિઝો એકસ્ટેન્શન આપવા અંગેનો છે, એટલે જો તે માલીકના વિવેકાધીન હોય તો ગુનો ન બને અને જો તે ભાગ ફરજીયાત હોય તો આગળ મુળ કલમમાં કમ્પલસરી રીટાયર ન લખ્યું હોય, આમ પ્રશ્ન અર્થઘટનનો આવીને ઉભો રહે અને હજુ આ અંગે કોઇ અદાલત તરફથી અર્થઘટન કરી સ્પષ્ટતા કરવામાં આવી નથી, જેથી મજુર અદાલતે

INDEX

પ્રથમ માઇન્ડ એપ્લાય કરી આ સ્ટેન્ડીંગ ઓર્ડર જોવો જોઇએ. ફરીયાદનું સોગંદ પર નીવેદન લેવું જોઇએ, આરોપીને કરેલ કૃત્ય કે કાર્યલોક પ્રાથમીક તબકકે ગુનો બને છે તેમ જણાય છે તેવું તારણ આપવું પડે, ત્યારપછી જ તે સમન્સ ઇસ્યુ કરી શકે. આ ફરીયાદમાંની હકીકતો જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદ દાખલ ત્યારે ફરીયાદી નોકરીમાં ચાલુ હતા અને તેનો પેરા-૩ જોતાં આરોપીઓ સંસ્થાના સર્ટીફાઇડ સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૧(૮) ની જોગવાઇનો ખુલ્લેઆમ ભંગ કરી ફરીયાદની લાંબા સમયથી ચાલી આવતી નોકરીનો ગેરકાયદેસર અંત તા. ૧લી મે, ૨૦૦૨ થી લાવવા માગે છે, એટલે આ ફરીયાદ તા. ૪થી એપ્રિલ, ૨૦૦૨ ના રોજ દાખલ થયેલ છે અને તેમાં તે સમયે ફરીયાદી નોકરીમાં ચાલુ છે અને આરોપીઓ કાયદાનો ભંગ કરી, નોકરીનો ગેરકાયદેસર અંત તા. ૧લી મે, ૨૦૦૨ થી એટલે કે ફરીયાદ દાખલ થયા પછી એટલે કે લગભગ ૨૬-૨૭ દિવસ પછી લાવવા માગે છે, આ ભવિષ્યના ઇરાદા સાથે સંબંધીત હકીકત થઇ. જો આટલા જ શબ્દો જોવામાં આવે તો આરોપીઓના ઇરાદાના આધારે આ ફરીયાદ દાખલ થાય તેવું જણાય અને તે સમયે ગુનો બની ચુકયો નથી તેવું જણાય. શ્રી શેણમારેએ એવી સ્પષ્ટતા કરી છે કે, એક સાથે ૧ વર્ષનું એકસ્ટેન્શન આપવું જોઇએ તેવી જોગવાઇ છે અને તે એકસ્ટેન્શન તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૯ થી આપવું જોઇએ, ત્યારે આપ્યું નથી માટે ગુનો બને છે અને આ જે ૪ મહીનાનું એકસ્ટેન્શન મળ્યું છે તે પહેલાંના યુનીયન સાથેના સમાધાન મુજબના એવોર્ડ હેઠળ આપવામાં આવ્યું છે. આ રજુઆત જોતાં આ એકસ્ટેન્શન કોઇ એવોર્ડની જોગવાઇ હેઠળ આપવામાં આવ્યું હોય તેવું ફરીયાદમાં લખેલું નથી અને તે પ્રકારે એકસ્ટેન્શનનો હુકમ પણ ફરીયાદ સાથે રજુ થયો નથી કે જેથી તે એકસ્ટેન્શન કોઇ એવોર્ડના અનુસંધાનમાં આપવામાં આવ્યુ હતું તેવું મજુર અદાલત જાણી શકે કે આ એવોર્ડ જાણી શકે, એટલે આ માત્ર મૌખિક રજુઆત બની ગયેલ છે, તે બાબત પ્રથમ વખત આ રીવીઝનના જવાબમાં પેરા-૧૩ માં સામાવાળા કામદારે જણાવી છે અને તા. ૩૦-૪-૨૦૦૦ સુધી એકસ્ટેન્શન આપ્યા પછી વધુ એકસ્ટેશન નથી આપવાના તે બાબત ફરીયાદી પાસે મજુર અદાલત માની શકે તેવો કયો આધાર છે તે સ્પષ્ટ થતું નથી અને જો તા. ૩૦-૪-૨૦૦૦ સુધી એકસ્ટેશન આપ્યુ હોય અને તા. ૧-૫-૨૦૦૦ થી નોકરીનો અંત આણવામાં આવે તો જ એકસ્ટેશન આપવામાં આવ્યું નથી તેમ કહી શકાય. આ બાબત પણ ફરીયાદ દાખલ થઈ ત્યારે ગુનો બન્યો છે તેવી હકીકત ફરીયાદમાં છે કે કેમ ? તે મજુર અદાલતે જો સોગંદ પર નીવેદનનો સાર નોંધેલ હોત તો કોગ્નીજન્સ લેવા માટે નિર્ણય કરી શકી હોત, પણ મજુર અદાલત સંપૂર્ણ પ્રક્રિયા કરવાથી દુર રહી છે. શ્રી શેણ મારેએ રજુઆત કરી શકે છે કે, કંપની સધ્ધર છે અને વર્ષોથી કર્મચારીઓને નિવૃતી પછી એકસ્ટેશન આપે છે અને આ પ્રકારનો આ પ્રથમ બનાવ છે. તે અંગે તે બાબત સ્પષ્ટ કરવાની કે, જો કામદારનો હકક બનતો હોય તો અદાલત કંપનીની આર્થીક પરિસ્થિતિ ધ્યાનમાં લીધા વિના કામદારને આપવું જ જોઈએ તેવો દ્રષ્ટિકોણ અપનાવી શકે અને જો હકદાર ન બનતો હોય તો અદાલત આનું ચાલ્યું આવે છે અને આ પહેલા પ્રકારનો બનાવ છે તેવી

INDEX

કોઈ બાબત ધ્યાનમાં લઈ શકે નહિ, કારણ કે આ સ્ટેન્ડીંગ ઓર્ડરના પાલન અથવા તેના ભંગ બાબતનો કાયદાનો મુદ્દો છે અને અદાલત તે મુદ્દાથી મુળભુત બાબત જ ચર્ચા કરી શકે. પ્રાથમીક તબક્કે આ સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ ગણાય કે સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ ન ગણાય તેવી બાબત મજુર અદાલત સાથે નિર્ણય લે છે તે કોઈપણ ફરીયાદમાં મજુર અદાલતનો વિષય હોઈ શકે છે અને તેમાં જો મજુર અદાલતે કોઈ માઈન્ડ એપ્લાય કરીને તેને અમુક કલમ પ્રમાણે ગુનો બને છે તેવી હકીકતો જણાય છે તેવું લખ્યુ હોય તો તેના સમક્ષની સંપુર્ણ કાર્યવાહી તેણે કાયદાની જોગવાઇ પ્રમાણે કરી છે તેવું ફલીત થાય અને તે સંજોગોમાં આ રીવીજનલ કોર્ટ ઇન્ટરફીયર ન થાય, પરંતુ આગળ જણાવ્યુ તેમ જયારે મજુર અદાલતે કોઇ રીતે માઇન્ડ એપ્લાય કરેલ નથી અને મેન્ડેટરી કાર્યવાહી કરેલી નથી, ત્યારે આરોપીઓ સામે તેનાથી પ્રોસેસ ઇસ્યુ કરી શકાય નહિ અને તેવા સંજોગોમાં સમન્સ કાઢવાના હુકમ દ્વારા તેણે જે પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કરેલ છે તે ગેરકાયદેસર હોવાથી રદ થવા પાત્ર છે, જે સંજોગોમાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ રીવીજન અરજી મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદારો સામે સામાવાળા કામદારની બીઆઇઆર એકટની કલમ-૧૦૧, ૧૦૬ અને ૧૦૭ મુજબની કરવામાં આવેલી ફરીયાદમાં પ્રોસેસ ઇસ્યુ કરવા અંગેની મજુર અદાલતની કાર્યવાહી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે અને પ્રોસેસ ઇસ્યુ કરવાનો હુકમ કર્વાસ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

પી.આર. દવે
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

[અંક - ૪૧

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 41, *Gujarat Government Gazette*, Part I—L, dated 10th October, 2002 and for pages VAD-14457 to VAD-15020 (in 1 set) *read* page Nos. 19382 to 20004.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજયના રાજયપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૦મી ઓકટોબર ૨૦૦૨ના ગુજરાત રાજયના રાજયપત્ર ભાગ-૧-એલના અંક ૪૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૪૪૫૭ થી વીએડી-૧૫૦૨૦ (૧ બંચમાં) ને પાન નંબર ૧૯૩૮૨ થી ૨૦૦૦૪ વાંચવા.

Vadodara, 10th October, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૭૫/૫ ૫./આઇડીઆર/એજે/૪૯/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી કલીસ્ટ એપરલ્સ મેન્યુ. લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થા દ્વારા તમામ કામદારો પાસેથી માહે સપ્ટેમ્બર-૨૦૦૦ અને ઓકટોબર-૨૦૦૦ એ બે માસ દરમ્યાન રાજીનામા જે કામદારોની ઈચ્છા અને મરજી વિરૂધ્ધ તેમજ પ્રેશર ટેકટીશ હેઠળ લેવામાં આવેલા હોઈ તમામ રાજીનામા રદ બાબત ગણી કામદારોને સળંગ નોકરી ગણી પડેલા દિવસોથી પુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ?

અમદાવાદ, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૮૧/૫.૫./આઇડીઆર/એજે/૬૪/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મરુધર ઈન્ડસ્ટ્રીઝ. લી., અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

૧. મુળ પગાર અને વર્ગીકરણ :-

(અ) સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાલમાં મળતા મુળ પગારમાં માસીક રૂ. ૧૦૦૦/- નો પગાર વધારો નીચે મુજબ ત્રણ કેટેગરીમાં વર્ગીકરણ કરી તેઓને દરેક કેટેગરી સામે દર્શાવ્યા મુજબનો મુળ પગાર દર મહીને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦થી ચુકવી આપવો કે કેમ ?

અકુશળ : ૨૩૦૦-૫૦-૨૫૫૦-૬૦-૨૮૫૦-૭૦-૩૫૫૦.
અર્ધ કુશળ : ૨૪૦૦-૬૦-૨૭૦૦-૭૦-૩૦૫૦-૮૦-૩૮૫૦.
કુશળ : ૨૬૦૦-૭૦-૨૯૫૦-૮૦-૩૩૫૦-૯૦-૪૨૫૦.

(બ) કંપનીમાં કામ કરતા કામદારોને ઉપર જણાવ્યા મુજબના ગ્રેડમાં કામદારોની નોકરીના વર્ષ પ્રમાણે જે તે ગ્રેડમાં આવતા હોય તે ગ્રેડ અને સ્કેલમાં કામદારોની નોકરીના વર્ષ પ્રમાણે મુકવા કે કેમ ?

INDEX

૨. **મોંઘવારી ભથ્થાઓ :-**

(અ) **સ્થાયી મોંઘવારી ભથ્થુ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને તેમના મુળ પગાર ઉપરાંત દર મહીને રૂા. ૧૨૦૦/- સ્થાઇ મોંઘવારી ભથ્થા તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી આપવા કે કેમ ?

(બ) **અસ્થાઇ મોંઘવારી ભથ્થુ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર મહીને તેમના મુળ પગાર, સ્થાઇ મોંઘવારી ભથ્થા ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષ (૧૯૬૦-૧૦૦) પ્રમાણે ગણતા ૧૮૦૦ આંક ઉપર એકપણ આંક વધે તે દરેક એક આંકના રૂા. ૩/- લેખે ગણતરી કરી તા. ૧-૪-૨૦૦૦ થી દર મહીને અસ્થાઇ મોંઘવારી ભથ્થા તરીકે આપવું કે કેમ?

૩. **અન્ય ભથ્થાઓ :-**

(અ) **મકાનભાડા ભથ્થુ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને રૂા. ૮૦૦/- માસીક મકાનભાડા ભથ્થા તરીકે દર મહીને તા. ૧-૪-૨૦૦૦ થી આપવા કે કેમ ?

(બ) **કન્વેયન્સ એલાઉન્સ :-** કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૩૦૦/- કન્વેયન્સ એલાઉન્સ તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી ચુકવી આપવા કે કેમ ?

(ક) **શિક્ષણ ભથ્થુ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૫૦૦/ શિક્ષણ ભથ્થા તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી ચુકવી આપવા કે કેમ ?

(ડ) **ધોલાઈ ભથ્થુ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧૦૦/ ધોલાઈ ભથ્થા તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી ચુકવી આપવા કે કેમ ?

(ઈ) **મેડીકલ એલાઉન્સ :-** કંપનીમાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૩૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી ચુકવી આપવા કે કેમ ?

(એફ) **લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ :-**સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે રૂા. ૨૫૦૦/- લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે તા. ૧-૪-૨૦૦૦ થી ચુકવી આપવા કે કેમ ?

૪. **રજાઓ :-**

(અ) **કેજ્યુઅલ રજાઓ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે કેજ્યુઅલ રજાઓ આપવી કે કેમ ?

(બ) **હક્ક રજાઓ :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હક્ક રજાઓ આપવી કે કેમ ?

INDEX

(ક) **માંદગીની રજાઓ** :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે માંદગીની રજાઓ આપવી કે કેમ ?

(ડ) **તહેવારની રજાઓ** :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે તહેવારોની રજાઓ આપવી કે કેમ ?

(ઈ) **અકસ્માતની રજાઓ** :-કંપનીમાં કામ કરતા કામદારને જ્યારે ચાલુ નોકરી દરમ્યાન અકસ્માત થાય ત્યારે જ્યાં સુધી સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી ભરપગારે અકસ્માતની રજાઓ આપવી કે કેમ ?

૫. **યુનિફોર્મ :-**

(અ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે ત્રણ જોડી ટેરીકોટન પેન્ટ અને શર્ટ યુનિફોર્મ તરીકે આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર વર્ષે એક જોડી ચામડાના બુટ રૂ. ૭૦૦/- ની કિંમતથી ઓછા નહિ તે રીતે આપવા કે કેમ ?

(ક) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર બે વર્ષે એક વુલન જરસી રૂ. ૧૦૦૦/- ની ઓછામાં ઓછી કિંમતની આપવી કે કેમ ?

(ડ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને દર બે વર્ષે એક રેઈનકોટ આપવો કે કેમ ?

૬. **બોનસ** :-કંપનીમાં કામ કરતા તમામ કામદારોને તેઓની કુલ વાર્ષીક આવકના ૨૦% પ્રમાણે બોનસ ચુકવવું કે કેમ ?

૭. **ગ્રેજ્યુઈટી** :-કંપનીમાં કામ કરતા કામદારો જ્યારે નોકરીમાંથી નિવૃત થાય કે નોકરીમાંથી રાજીનામુ આપી છુટા થાય કે તેમની નોકરીનો અંત કોઈપણ કારણસર આવે ત્યારે તેઓએ જેટલા વર્ષની નોકરી કરી હોય તે દરેક વર્ષ દીઠ ૩૦ દિવસનો પગાર ગણી ગ્રેજ્યુઈટી ચુકવવી કે કેમ ?

૮. **કેન્ટીન સુવિધા** :-કંપનીમાં કામ કરતા કામદારો માટે કંપનીએ કેન્ટીનની સુવિધા ઊભી કરી નીચે જણાવેલ ચીજ વસ્તુઓ સબસીડાઈઝ ભાવથી આપવી કે કેમ ?

(૧) ચા : ૦-૨૫ પૈસા
(૨) નાસ્તો : ૧-૫૦ ૧૦૦ ગ્રામ દીઠ
(૩) બપોરનું ભોજન અથવા રાત્રીનું ભોજન : ૫-૦૦ થાળી દીઠ

INDEX

૯. **લોનની સુવિધા :-**કંપનીમાં કામ કરતા તમામ કામદારોને નીચે જણાવ્યા મુજબ લોન આપવી કે કેમ ?

(૧) અંગત લોન :- તમામ કામદારોને રૂા. ૧૦,૦૦૦/- અંગત લોન તરીકે આપવી અને ૫૦ સરખા હપ્તે વગર વ્યાજે વસુલ કરવી કે કેમ ?

(૨) મકાન લોન :- તમામ કામદારોને પોતાના રહેઠાણ માટે મકાન બનાવવા કે રીપેરીંગ કરાવવા રૂા. ૧,૦૦,૦૦૦/- મકાન લોન તરીકે આપવા કે કેમ ?

૧૦. નિવૃતિ કમ મૃત્યુ લાભ :-

(અ) કંપનીમાં કામ કરતા કોઈ કામદારનું અવસાન થાય ત્યારે તેની અંતીમક્રિયા માટે રૂા. ૫,૦૦૦/- તેના વારસદારને અંતીમક્રિયા માટે તાત્કાલીક ચુકવી આપવા કે કેમ ?

(બ) કંપનીમાં કામ કરતા કામદારનું અવસાન થાય કે નોકરીમાંથી નિવૃત થાય ત્યારે રૂા. ૫૦,૦૦૦/- જે તે કામદાર અથવા તેના વારસદારને ચુકવી આપવા કે કેમ ?

૧૧. ટ્રેડ યુનિયન સુવિધા :-

કંપનીમાં કામ કરતા કામદારોના આગેવાનોને યુનિયનની મીટીંગ, સંમેલનો, સેમીનારો કે કામદાર શિક્ષણ વર્ગમાં જવા આવવાનો તમામ ખર્ચ, હોલ્ટીંગ ખર્ચ તેમજ આ દિવસોની ભરપગારે રજાઓ આપવી કે કેમ ?

૧૨. કંપનીમાં કામ કરતા કામદારોને મળતા ચાલુ તમામ લાભો જેનો આ માંગણી પત્રમાં ઉલ્લેખ કરેલ ન હોઈ તે તમામ લાભો કામદારોને આપવાના ચાલુ રાખવા કે કેમ ?

૧૩. અમલ :-

ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તારીખ ૧-૪-૨૦૦૦ થી તારીખ ૩૧-૩-૨૦૦૨ સુધી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૫મી ઓક્ટોબર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૮૩/૫.૫./આઇડીઆર/એજે/૪૮/૨૦૦૦.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હોફીન્સ કોન્સ ઈન્ડસ્ટીયલ સર્વિસીસ લી., સુરત (૨) એસ્સાર સ્ટીલ લી., હજીરા, સુરત અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૧ : માન્યતા

સુરત (હજીરા) કામદાર કર્મચારી યુનિયનના તમામ કામદારોને રોજબરોજના પ્રશ્નો તથા ન્યાયી માંગણીઓ માટે માન્યતા આપવી કે કેમ ?

માંગણી નં. ૨ : કાયમી કરવા બાબત

કોન્ટ્રાક્ટમાં કામ કરતા તમામ કામદારો કેટલા વર્ષોથી એસ્સાર સ્ટીલ લી. માં તેના કંપાઉન્ડમાં નોકરી કરે છે હોફીન્સ કોન્સ ઈન્ડસ્ટીયલ સર્વિસીસના તમામ કામદારોને એસ્સાર સ્ટીલ લી.માં કાયમી કામદાર તરીકે સમાવેશ કરવો કે કેમ ?

માંગણી નં. ૪ : મોંઘવારી ભથ્થુ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૧-૧૯૯૭ થી દર માસે સને ૧૯૯૭ ડીસેમ્બર માસના મુળ પગાર ઉપરાંત નીચે મુજબ જણાવેલ મુળ પગારમાં જોડીને મોંઘવારી ભથ્થુ આપવું કે કેમ ?

INDEX

(૧) કુશળ સને ૧૯૯૭ : રૂા. ૪૦૦૦-૦૦
(૨) અર્ધ કુશળ સને ૧૯૯૮ : રૂા. ૫૦૦૦-૦૦
(૩) અકુશળ સને ૧૯૯૯ : રૂા. ૬૦૦૦-૦૦

માંગણી નં. ૫ : પગાર વધારો

કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને કામના હોદ્દાની નિમણુંક મુજબ તારીખ ૧-૧-૧૯૯૭ થી મુળ પગાર ઉપરાંત સને ડીસેમ્બર ૧૯૯૭ના મળતા મુળ પગાર ઉપરાંત નીચે મુજબનો પગાર વધારો આપવો કે કેમ ?

(૧) કુશળ સને ૧૯૯૭ : રૂા. ૩૦૦૦-૦૦
(૨) અર્ધ કુશળ સને ૧૯૯૮ : રૂા. ૪૦૦૦-૦૦
(૩) અકુશળ સને ૧૯૯૯ : રૂા. ૫૦૦૦-૦૦

માંગણી નં. ૬ : ભર પગારની રજાઓ

(૧) હક્ક રજા : કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૧-૧-૯૭ થી તારીખ ૩૧-૧-૯૯ સુધી દર વર્ષે વાર્ષિક ૧૬ દિવસની હાજરી પર એક દિવસની હક્ક રજાનો ભરપગાર દર વર્ષે આપવો કે કેમ ?

(૨) માંદગી રજા : કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૧-૧-૯૭ થી તારીખ ૩૧-૧-૯૯ સુધી દર વર્ષે વાર્ષિક ૧૦ દિવસની માંદગીની રજા ભરપગારે આપવી કે કેમ ?

(૩) કેજ્યુઅલ રજા : કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૧-૧-૯૭ થી તારીખ ૩૧-૧-૯૯ સુધી દર વર્ષે વાર્ષિક ૧૦ દિવસની કેજ્યુઅલ રજા ભરપગારે આપવી કે કેમ ?

(૪) રાષ્ટ્રીય અને જાહેર તહેવારી રજા : કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને તારીખ ૧-૧-૯૭ થી તારીખ ૩૧-૧-૯૯ સુધીમાં આવતા દર માસે ૨૬મી જાન્યુઆરી, ધુળેટી, દશેરા, આઠમ, ગાંધી જયંતિ, બકરી ઇદ, મહાવીર જયંતિ, દિવાળી, હિન્દુ નવું વર્ષ અને ભાઇબીજ જેવી તમામ રજાઓ ભરપગારે કામદારોને આપવી કે કેમ ?

માંગણી નં. ૭ : મેડીકલ સુવિધા

કોન્ટ્રાકટમાં કામ કરતા તમામ કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧-૯૯ સુધી તેમના પરિવારના સભ્યોને પુરી મેડીકલ સુવિધા મળવી જોઇએ કે કેમ ?

માંગણી નં. ૯ : પ્રોડકશન બોનસ

કોન્ટ્રાકટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૮ સુધી પ્રોડકશન બોનસ દર માસે રૂા. ૫૦૦-૦૦ આપવું કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૦ : ઘરભાડા એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી દરેક કામદારના બેઝીક પગારના હિસાબે ૧૦% ઘરભાડા એલાઉન્સ મળવું જોઈએ કે કેમ?

માંગણી નં. ૧૧ : વાર્ષિક ઈન્ક્રીમેન્ટ ડબલ આપવો

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી હાલ જે ઈન્ક્રીમેન્ટ છે તેના કરતા ડબલ વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવું કે કેમ ?

માંગણી નં. ૧૨ : લોન સુવિધા

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી ઈમરજન્સી સમયે જેવા કે લગ્ન, એકસીડન્ટ, મરણના સમયે તાત્કાલિક લોન આપવી કે કેમ ?

માંગણી નં. ૧૩ : વોશીંગ તથા ટી. એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી દરેક કામદારને વોશીંગ તથા ટી. એલાઉન્સ રૂા. ૧,૦૦૦/- આપવા કે કેમ ?

માંગણી નં. ૧૪ : યુનિફોર્મ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી દરેક કામદારને બે શર્ટ તથા બે પેન્ટ દર વર્ષે આપવા કે કેમ ?

માંગણી નં. ૧૫ : લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ બેઝીક પગારના પ્રમાણે ડબલ આપવું કે કેમ ?

માંગણી નં. ૧૬ : ડસ્ટ એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી ડસ્ટ વાતાવરણમાં કામ કરવા બદલ તેની શારીરિક તંદુરસ્તી અને આરોગ્ય માટે દર મહિને પાંચ કીલો ગોળ આપવો કે કેમ ?

માંગણી નં. ૧૭ : હિટ એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૧-૧-૯૯ સુધી દરેક કામદારને હિટ એલાઉન્સ રૂા. ૨૫૦-૦૦ દર માસે આપવા કે કેમ ?

માંગણી નં. ૧૮ : હાઈટ એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૮ સુધી દરેક કામદારને હાઈટ એલાઉન્સ રૂા. ૧૫૦-૦૦ દર માસે આપવું કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૯ : હજીરા એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી દરેક કામદારને હજીરા એલાઉન્સ રૂા. ૩૦૦-૦૦ દર માસે આપવું કે કેમ ?

માંગણી નં. ૨૦ : રેઈનકોટ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી દરેક કામદારને દર વર્ષે રેઈનકોટ આપવો કે કેમ ?

માંગણી નં. ૨૧ : ગમ બુટ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી દરેક કામદારને દર વર્ષે ગમ બુટ આપવા કે કેમ ?

માંગણી નં. ૨૨ : ફુડ ગેઈન એલાઉન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી દરેક કામદારને દર માસે ફુડ ગેઈન એલાઉન્સ આપવું કે કેમ ?

માંગણી નં. ૨૩ : ટ્રાન્સફર

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને ટ્રાન્સફર ન કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૪ : હોસ્પીટલ ખર્ચ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારો માટે સુરતની મહાવીર જનરલ હોસ્પીટલમાં બે બેડની સારવાર કરવા કામદાર જાય ત્યારે હોસ્પીટલ સાથે યોગ્ય કરાર કરવા કે કેમ ?

માંગણી નં. ૨૫ : તહેવાર એડવાન્સ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા કામદારોને નીચે મુજબના તહેવારોમાં એડવાન્સ તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી આપવું કે કેમ ?

(૧) દિવાળી તેમજ રમજાનમાં રૂા. ૨,૦૦૦-૦૦

માંગણી નં. ૨૬ : પાછળના સમયની બાકી

કોન્ટ્રાક્ટના તમામ કામદારોને જે કાંઈ એરીયર્સ રકમ બાકી હોય તે આપવું કે કેમ ?

માંગણી નં. ૨૭ : કરારનો અમલ

કોન્ટ્રાક્ટના તમામ કામદારો માટે કરારનો અમલ તા. ૧-૧-૯૭ થી તા. ૩૧-૧૨-૯૯ સુધી રાખવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૮૬/૫.૫./આઇડીઆર/એજે/૭૬/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૧

એ. એમ. ટી. એસ.માં કામ કરતાં તમામ નવા અને જુના ડ્રાયવરોને તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી પહેલા કે પછી દાખલ થયા હોય તેવા તમામ (ડી) ડ્રાયવરો સહિત, ડ્રાયવરોનો પગાર ગ્રેડ રૂા. ૩૫૪૦-૭૫-૩૯૬૦-૮૦-૫૦૦૦ રાખવો. એટલે કે, અગાઉના પગાર ગ્રેડ રૂા. ૧૧૫૦-૨૫-૧૫૦૦ના બદલે પગાર ગ્રેડ રૂા. ૩૫૪૦-૭૫-૩૯૬૦-૮૦-૫૦૦૦ આપવો અને તેનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી કરવો કે કેમ ?

માંગણી નં. ૨

ડ્રાયવરોના પગારના વાર્ષિક ઇન્ક્રીમેન્ટના સ્ટેજ ઘણા ઓછા છે. તેથી ડ્રાયવરોનો પગાર ગ્રેડ રૂા. ૫૦૦૦/- ઉપર બ્લોક ન કરી. ત્યાર બાદ પણ દર વર્ષે વાર્ષિક

INDEX

ઇન્ક્રીમેન્ટ રૂા. ૮૦/- નવા પગાર પંચનો એવોર્ડ ન આવે ત્યાં સુધી અથવા ડ્રાયવર નિવૃત થાય કે છુટા થાય ત્યાં સુધી તમામ ડ્રાયવરોને ચુકવવાનું ચાલુ રાખવું અને તેનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી કરવો કે કેમ ?

માંગણી નં. ૩

એ. એમ. ટી. એસ.માં કામ કરતાં તમામ ડ્રાયવરોને કંડકટરોની જેમ એસ. એસ. સી. પાસ હોય તો તેમને સીનીયોરીટી મુજબ એ. ટી.આઇ. અને ટી. આઇ. તેમ જ તેની ઉપરની પ્રમોશન ચેનલ પ્રમાણે પ્રમોશન આપવું જોઇએ. આ માંગણીનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦ થી કરવો કે કેમ ?

માંગણી નં. ૪

એ. એમ. ટી. એસ.ના ડ્રાયવરથી સંજોગવશાત્ અકસ્માત થાય તો આર. ટી. ઓ. એ સુધારેલા નિયમોના કારણે ડ્રાયવરોનું ડ્રાયવીંગ લાયસન્સ જપ્ત કરી લેવામાં આવે છે. તેના કારણે સંસ્થા તેમને ડ્રાયવર તરીકે ફરજ પર ચડાવતી નથી. લાયસન્સ પાછું મેળવવામાં ઘણો સમય લાગતો હોવાથી તે સમય દરમિયાન ડ્રાયવરને સંસ્થાએ વૈકલ્પિક કામ આપવું જોઇએ અને મળવા પાત્ર માસિક પગાર ચાલુ રાખવો જોઇએ. આ માંગણીનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી કરવો કે કેમ ?

માંગણી નં. ૫

ચાલુ નોકરી દરમિયાન સંજોગવશાત્ એ. એમ. ટી. એસ.ના ડ્રાયવરથી થતાં અકસ્માતના કેસમાં ફોજદારી કેસ લડવાની ફી સંસ્થા માત્ર રૂા. ૨૦૦/- જ ચુકવે છે તેને બદલે તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી અમલમાં આવે તે રીતે ઓછામાં ઓછા રૂા. ૫૦૦૦/- અને અથવા વકીલને ચુકવેલ ફીની રકમની પહોંચ મુજબની રકમ કામદારને ચુકવી આપવી જોઇએ અને કામદારને ચાલુ પગારે ફોજદારી કેસની મુદતમાં હાજર રહેવા દેવો જોઇએ કે કેમ ?

માંગણી નં. ૬

એ. એમ. ટી. એસ.માં કામ કરતા તમામ ડ્રાયવરો અને કંડકટરોને અતિશય શ્રમબોજવાળુ અને માનસિક - શારિરીક તાણવાળું કામ કરતાં હોઇ. તમામ ડ્રાયવરો અને કંડકટરોને મળતાં તેમના કુલ પગાર - મોંઘવારી ભથ્થાના ૨૫ ટકા હેવી ડ્યુટી એલાઉન્સ આપવું જોઇએ. આ માંગણીનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી કરવો કે કેમ ?

માંગણી નં. ૭

એ. એમ. ટી. એસ.માં કામ કરતાં તમામ કંડકટરોને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી અમલમાં આવે તે રીતે કેશ કારકુનોની જેમ કેશ એલાઉન્સ આપવું જોઇએ કે કેમ ?

માંગણી નં. ૮

એ. એમ. ટી. એસ.માં કામ કરતાં, વર્કશોપ-ટ્રાફીક-ઓફીસ સ્ટાપ-કલેરિકલ સ્ટાફ સહિતના તમામ વિભાગોમાં નવા દાખલ થયેલ કામદાર-કર્મચારીઓને એક વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી થાય ત્યારથી કાયમી કામદાર-કર્મચારીઓને અપાતા તમામ લાભો આપવાનું ચાલુ કરવું જોઇએ. આ માંગણીનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦થી કરવો કે કેમ ?

માંગણી નં. ૯

એ. એમ. ટી. એસ.નાં ડેપો અને વર્કશોપમાં કામ કરતાં ઓપરેટરો-ઇલેકટ્રીશીયનો-ફીટરો કે જેઓને અગાઉ રૂા. ૧૧૫૦-૧૫૦૦નો પગાર ગ્રેડ મળતો હતો અને હવે રૂા ૩૦૫૦-૪૫૯૦નો ગ્રેડ આપવામાં આવે છે. તેવા તમામ કમાદારોને ૩૫૪૦-૫૦૦૦ના પગાર ગ્રેડ આપવો જોઇએ. આ માંગણીનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૯મી ઓક્ટોબર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૮૫/૫.૫./આઇડીઆર/એજે/૭૫/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ એન્ડ કેમીકલ કંપની લી. અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

માંગણી નં. ૧ : પગાર શ્રેણી :

૧.૧ હાલનો પગાર શ્રેણી નીચે મુજબ સુધારવો જોઇએ કે કેમ ?

હાલની પગાર શ્રેણી	**પસ્તાવિત પગાર શ્રેણી**
એસ-૫ ૨૪૦૦-૧૦૫-૩૪૫૦-૧૩૦-૬૦૫૦	૩૮૫૦-૧૭૦-૪૭૦૦-૨૧૦-૬૧૭૦-૨૬૦-૯૫૫૦
એસ-૪ ૧૯૦૦-૭૫-૨૬૫૦-૧૦૦-૪૬૫૦	૩૨૫૦-૧૫૦-૪૦૦૦-૧૯૦-૫૩૩૦-૨૪૦-૮૪૫૦
એસ-૩ ૧૬૦૦-૪૫-૨૦૫૦-૬૫-૩૩૫૦	૨૮૦૦-૧૩૦-૩૪૪૫-૧૭૦-૪૬૪૦-૨૨૦-૭૫૦૦
એસ-૨ ૧૩૫૦-૩૦-૧૬૫૦-૪૫-૨૫૫૦	૨૪૦૦-૧૧૦-૨૯૫૦-૧૫૦-૪૦૦૦-૨૦૦-૬૬૦૦
એસ-૧ ૧૧૨૫-૨૦-૧૩૨૫-૩૦-૧૯૨૫	૨૦૫૦-૯૦-૨૫૦૦-૧૩૦-૩૪૧૦-૧૮૦-૫૭૫૦

માંગણી નં. ૨ : ૧.૨ દરેક કામદાર કે જે તારીખ ૩૦મી જુન, ૨૦૦૦ના રોજ મસ્ટર ઉપર હોય તેમના મૂળ પગારમાં ૩૦ ટકા રકમ ઉમેરવી કે કેમ ?

૧.૩ તારીખ ૩૦મી જુન, ૨૦૦૦ અને તે પછીના દરેક કામદારના મુળમાં નીચેની ઉચ્ચક રકમ ઉમેરવી કે કેમ ?

દરજ્જો	**ઉચ્ચક રકમ**
એસ-૫	૧૪૫૦
એસ-૪	૧૩૫૦
એસ-૩	૧૨૦૦
એસ-૨	૧૦૫૦
એસ-૧	૯૨૫

INDEX

૧.૪ સુધારેલી પગાર શ્રેણી નીચે મુજબ નક્કી કરવી કે કેમ ?

૧.૨. અને ૧.૩ સાથે ભેગી કરી ઉમેરવી અને કુલ રકમ પગારની તે પ્રમાણે ગોઠવવી (ફીક્સ) કરવી. વધેલ રકમ આગળના ઇજાફા મુજબ ગોઠવવી (પર્સોનલ પે રાખવો).

માંગણી નં. ૨ : ભથ્થાઓ :-

૨.૧ હાલના ભથ્થાઓ નીચે મુજબ સુધારવા જોઇએ કે કેમ ?

૨.૨ **મોંઘવારી ભથ્થુ :-**

૨.૨.૧ સમતલ વધારો રૂા. ૨૫૦/-નો હાલના મોંઘવારી ભથ્થામાં કરવો જોઇએ.

૨.૨.૨ મોંઘવારી ભથ્થુ અમદાવાદ સિમલા શ્રેણી ૧૯૬૦-૧૦૦ ગ્રાહક ભાવ સુધીના આંક ઉપર સુધારવું જોઇએ અને દરેક વધારાનો દર સમતલ કરવાના મુદ્દે રૂા. ૩.૫૦નો દર નક્કી કરવો જોઇએ.

હાલનો મો. ભ. દર	**પ્રસ્તાવિત**
૩ પોઇન્ટ ૮/-રૂપિયા	૩ પોઇન્ટ, રૂા. ૧૦.૫૦ (૮ + ૨૫)

૨.૩ **ઘરભાડા ભથ્થુ :-**

જુદી જુદી કક્ષાઓના ઘરભાડા ભથ્થાનો હક્ક નીચે મુજબ સુધારવો કે કેમ ?

હાલનો	**પ્રસ્તાવિત**
૨૭ %	૨૭ % + ૪.૫% = ૩૧.૫ પ્રતિમાસ
૨૯.૫ %	૨૯.૫% + ૪.૫% = ૩૪.૦ પ્રતિમાસ
૫૦ % પાટનગરનું	૫૦% - ૪% = ૫૪.૦ પ્રતિમાસ શહેર

૨.૪ **શહેરી વળતર ભથ્થુ :**

હાલનું	**પ્રસ્તાવિત**
૨.૫ ૪૫/- રૂા. પ્રતિમાસ	૪૫ + ૨૦= ૬૫.૦ પ્રતિમાસ આપવું કે કેમ ?

૨.૬ શહેરી વળતર ભથ્થું ભારત સરકારના ચોથા પગારપંચમાં આપેલા વર્ગીકરણ મુજબના શહેરો માટે યથાયોગ્ય વધારાશે કે કેમ ? એ કામદારો માટે કે જે આ શહેરો નીચે આવતા હોય.

INDEX

૨.૭ **પાળી ભથ્થુ (સીફટ)** નીચે મુજબ વધારવા કે કેમ ?

હાલનુ	**પ્રસ્તાવિત**
એ-બી-સી	એ પાળી ૧૦ + ૧૦ = ૨૦/-
૧૦/- ૧૦/- ૨૦/-	
	બી પાળી ૧૦ + ૧૦ = ૨૦/-
	સી પાળી ૨૦ + ૨૦ = ૪૦/-

૨.૮ **ઉપાહાર ગૃહ ભથ્થુ**

હાલનુ	**પ્રસ્તાવિત**
૨૬૫/- પ્રતિમાસ	૨૬૫ + ૨૬૦ = ૫૨૫ પ્રતિમાસ આપવું કે કેમ?

ઉપાહાર ગૃહના ખાનપાનનો હાલનો દર યથાવત રહેશે.

૨.૯ **વ્યાવસાયિક જોખમ ભથ્થુ**

હાલનુ	**પ્રસ્તાવિત**
૭૦/- તાંત્રિક સ્ટાફ	૭૦ + ૫૫ = ૧૨૫/- પ્રતિમાસ
૨૫/- બીનતાંત્રિક સ્ટાફ	દરેક કામદારને આપવું કે કેમ?

૨.૧૦ **ધંધાકીય કાર્યકુશળતા ભથ્થુ (વિશિષ્ટ આવક)**

હાલનુ	**પ્રસ્તાવિત**
૬૦/-	૬૦ + ૨૫ = ૮૫/- પ્રતિમાસ આપવું કે કેમ?

૨.૧૧ **શિક્ષણ ભથ્થુ**

હાલનુ	**પ્રસ્તાવિત**
૮૦/-	૮૦ + ૪૫ = ૧૨૫/- પ્રતિમાસ આપવું કે કેમ?

૨.૧૨ **રોકડ વહીવટ ભથ્થુ**

હાલનુ	**પ્રસ્તાવિત**
૨૦૦/-	૨૦૦ + ૫૦ = ૨૫૦/- પ્રતિમાસ બે કામદાર માટે આપવું કે કેમ?

૨.૧૩ **રહા બનાવવાનું ભથ્થુ**

હાલનુ	**પ્રસ્તાવિત**
૮૦/-	૮૦ + ૨૦ = ૧૦૦/- પ્રતિમાસ એક કામદાર માટે આપવું કે કેમ?

INDEX

૨.૧૪ દફતરી કામગીરી ભથ્થુ

હાલનુ	**પ્રસ્તાવિત**
કાંઇ નહિ	જે કામદારો કે જે ઉચ્ચ પાયરીમાં કામ કરેછે તેમને ૨૦ ટકા (મો. ભથ્થુ + મુખ્ય પગાર) ઉચ્ચ પાયરીનો હોદાની દફતરી કામગીરીભથ્થા તરીકે આપવું જોઇએ કે કેમ ?

૨.૧૫ **પડાવ, વીશી (લોજીંગ બોડીંગ) ભથ્થુ નીચે મુજબ આપવું કે કેમ ?**

હાલનુ	**પ્રસ્તાવિત**
૨.૧૫.૧ પડાવ	એસ-૪ અને એસ-૫ ૧૨૦ + ૩૦= ૧૫૦/- એસ-૩ - ૮૦/- ૮૦ + ૨૦= ૧૦૦/- એસ-૧ અને એસ-૨ ૬૦ + ૧૫ = ૭૫/-
૨.૧૫.૨ લોજીંગ	એસ-૪ને એસ-૫-૩૦૦/-૩૦૦+૨૦૦ = ૫૦૦/ એસ-૩ - ૨૦૦/- ૨૦૦+૧૫૦ = ૩૫૦/- એસ-૧ ને એસ-૨ ૧૨૫/-૧૨૫+૭૫ = ૨૦૦/
૨.૧૫.૩ બોર્ડીંગ	એસ-૪ને એસ-૫-૧૧૦/-૧૧૦ + ૫૦ ૧૬૦/ એસ-૧,૨,૩ - ૯૦/- ૯૦ + ૩૫ = ૧૨૫/-

૨.૧૬ **વાહન ભથ્થુ** નીચે જણાવ્યા મુજબ આપવું કે કેમ ?

હાલનુ	**પ્રસ્તાવિત**
એસ-૪ ને એસ-૫ કક્ષા	નથી
સ્કુટર મોટર સાયકલ	
એસ-૩ કક્ષા મોપેડ	સ્કુટર/મોટર સાઇકલ
એસ-૧ ને એસ-સાયકલ	મોપેડ એસ-૨ની કક્ષામાં

માંગણી નં. ૩ : સુવિધા નીચે જણાવ્યા મુજબ આપવી કે કેમ ?

હાલની	**પ્રસ્તાવિત**
૩.૧.૧ સલામતી બુટ/બુટ ૬૭૫/	૬૭૫+૩૨૦ = ૯૯૫/- પ્રતિવર્ષે
૩.૧.૨ લેડીઝ ચમ્પલ ૨૯૦/	૨૯૦+૧૧૦ = ૪૦૦/- પ્રતિવર્ષે
૩.૧.૩ (એ) ઉનની જર્સી ૬૦૦/- ૩વર્ષે	૬૦૦+૩૩૦ = ૯૩૦/- બેવર્ષે
(બી) રેઇન કોટ ૫૫૦/- ૩વર્ષે	૫૫૦+૨૦૦ = ૭૫૦/- પ્રતિવર્ષે
૩.૧.૪ ટોવેલ ૧૨૦/	૧૨૦+ ૪૫ = ૧૬૫/- પ્રતિવર્ષે
૩.૧.૫ નેપકીન ૩૫/	૩૫+૧૫ = ૫૦/- પ્રતિવર્ષે
૩.૧.૬ સફારી ૧૪૦૦/- બે વર્ષે	૧૪૦૦+૩૫૦= ૧૭૫૦/- બેવર્ષે

INDEX

૩.૨ સલામતી ગોગલ્સ (ચશ્મા)

હાલમાં પોલી અને રીકવરી અને ટેક્ષટાઇલ ખાતાના કામદારો સલામતી ચશ્માના માટે હક્કદાર છે. તેને લંબાવીને વીજસંગ્રાહક કોષના વિસ્તારમા આવતા તમામ કામદારો સુધી આ સુવિધા વધારી આપવી જોઇએ કે કેમ ?

૩.૩ બહિઁવસ્ત્ર (બાહ્યવસ્ત્ર)

ક્વોલીટી કંટ્રોલ અને મેડીકલ ખાતામાં બહીઁવસ્ત્ર (અધિકારીનો પોશાક) પુરો પાડતા હતા પણ કમનસીબે અંત લાવવામાં આવ્યો છે. જે કક્ષામાં પુરા પાડવા જોઇએ કે કેમ ?

૩.૪ રજાઓ : નીચે જણાવ્યા મુજબની આપવી કે કેમ ?

	હાલની		પ્રસ્તાવિત
૩.૪.૧	પી. એલ.	૩૩	૩૫
૩.૪.૨	સી. એલ.	૧૪	૧૬
૩.૪.૩	એસ. એલ.	૧૫	૨૦
૩.૪.૪	પી. એચ.	૧૪ (૨ એન. એચ.)	૧૪ (૩ એન. એચ.)

૩.૫ ટૂંકી રજાઓ (નવી માંગણી) :

તમામ કામદારોને ૨ કલાક ટૂંકી રજા એક માસમાં ચાર વખત મંજૂર કરવી જોઇએ કે કેમ ?

૩.૬ સનિવારે અડધા દિવસની રજા (નવી માંગણી) :

જનરલ શીફ્ટમાં કામ કરતાં તમામ કામદારોને શનિવારે અડધા દિવસની રજા પ્રાપ્ત કરવી કે કેમ ?

૩.૭ અગ્નિસંસ્કાર ખર્ચ :

તે નીચે મુજબ સુધારવા જોઇએ કે કેમ ?

હાલનુ	પ્રસ્તાવિત
૧૫૦૦/-	૧૫૦૦ + ૫૦૦ = ૨૦૦૦/-

૩.૮ આશ્રિત આવક મર્યાદા :

હાલનુ	પ્રસ્તાવિત
૧૦૦૦/-	૧૦૦૦ + ૫૦૦ = ૧૫૦૦/-

આશ્રિત માતાપિતાનું તેમના પુત્ર, પુત્રી સાથે કાયમી રહેઠાણ બદલી ન શકાય તેવું જોઇએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૪ રજા પ્રવાસ રાહત :

૪.૧ એલ.ટી.સી.માં નીચે મુજબ સુધારો કરવો જોઇએ કે કેમ ?

હાલનુ	**પ્રસ્તાવિત**
૪૫૦૦ કિ.મી. બે વર્ષ માટે વર્ષ સાથે	૫૨૦૦ કી.મી. બે વર્ષ માટે
૪૫૦ × ૧૩ વિભાજન	૪૦૦ × ૧૩ વિભાજીત

૪.૨ પાત્રતા નીચે પ્રમાણે માન્ય રાખવી કે કેમ ?

હાલનુ	**પ્રસ્તાવિત**
એસ.૫ સેકન્ડ એ.સી.	ફર્સ્ટ એ.સી.
એસ.૪ ફર્સ્ટ કલાસ	સેકન્ડ એ.સી.
એસ.૩ સેકન્ડ કલાસ	ફર્સ્ટ કલાસ
એસ.૨ સેકન્ડ કલાસ	ફર્સ્ટ કલાસ
એસ.૧ સેકન્ડ કલાસ	સેકન્ડ કલાસ

માંગણી નં. ૫ ડાકટરી સુવિધા (મેડીકલ સુવિધા) :

૫.૧ ડોકટરી ખર્ચ ભરપાઇ કરવાનો દર નીચે મુજબ સુધારવો જોઇએ કે કેમ ?

૫.૧.૧ પરચુરણ ખર્ચ.

હાલનુ **પ્રસ્તાવિત**

૫૦/-૫૦ + ૨૦ = ૭૦/- પ્રતિદિન આપવું કે કેમ ?

૫.૧.૨ દર્દીને બહાર સારવાર માટે મુસાફરીમાં લઇ જવા માટે રાખેલ સેવકની હાલ એક છે તેને બદલે બે ની કરવી જોઇએ કે કેમ ?

૫.૧.૩ **લાંબી અવધિના રોગ :**

લાંબી અવધિના રોગોની સંખ્યા તે મુજબ વધારવી જોઇએ કે કેમ?

૫.૧.૪ ડીપ્લોમા તથા ડીગ્રી ધારક આર્યુવેદિક, હોમીયોપેથીક અને નિર્સગોપચારક ની સારવાર તેમજ સલાહ મસલત માટેના ખર્ચ ભરપાઇ કરવા બાબત-વિચારણા કરવી કે કેમ?

૫.૧.૫ **લાંબી અવધિના રોગો માટેનો ખર્ચ ભરપાઇ કરવા :**

લાંબી અવધિના રોગોનો ખર્ચ ભરપાઇ કરવાની સીમા નીચે મુજબ સુધારવી જોઇએ કે કેમ?

હાલનું	**પ્રસ્તાવિત**
૬૦૦૦/- અને વધારાના ૭૫ ટકા.	૬૦૦૦+ ૨૦૦૦ = ૮૦૦૦/- અને વધારાના ૧૫ ટકા.

INDEX

૫.૧.૬ **ડૉક્ટરી ખર્ચ ભરપાઇ કરવાની મર્યાદા :**

તે નીચે મુજબ સુધારવી જોઈએ કે કેમ ?

હાલની	**પ્રસ્તાવિત**
મુળ પગાર પર ૨૮૦૦/-	૪૦૦૦/- દરેક કામદારને પ્રતિવર્ષ
	૨૯૦૦/-
	૧૦૦૦/-

૫.૧.૭ **જગ્યા નિવૃત્તિ દાક્તરી લાભ :**

તે નિવૃત્ત કામદારો સુધી લંબાવવી આપવા જોઈએ કે કેમ ?

૫.૧.૮ **કુટુંબ નિયોજન :**

તે પ્રથા યોગ્ય રીતે સુધારી આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ નિવૃત્તિ સમારંભ :

જે કામદારો નોકરીમાંથી નિવૃત્ત થાય છે તેમને છેલ્લે સંભારણુ રૂા. ૨૦૦૦/ નું આપવામાં આવે છે જે વધારીને રૂા. ૪૦૦૦/- નું કરવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ લાંબી નોકરીનો પુરસ્કાર :

તે નીચે મુજબ પ્રસ્તાવ મંજુર કરવો કે કેમ ?

નોકરીનો સમય કંપનીમાં	**હાલમાં**	**પ્રસ્તાવિત**
૧૦ વર્ષ પૂર્ણ કર્યા	કાંડા ઘડિયાળ	-
૧૫ વર્ષ પૂર્ણ કર્યા		૩૦૦ ગ્રામ ચાંદી
૨૦ વર્ષ પૂર્ણ કર્યા		૫૦૦ ગ્રામ ચાંદી

માંગણી નં. ૮ ઉચ્ચ લાયકાત પ્રાપ્ત કરતા રોકડ પુરસ્કાર :

તેમા યથા યોગ્ય સુધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ કુદરતી આપત્તિ વખતે લોન આપવા બાબત :

હાલનુ	**પ્રસ્તાવિત**
૮૦૦૦/-	૧૦,૦૦૦/- આપવી કે કેમ ?

માંગણી નં. ૧૦ યુનિટ કક્ષા વર્ગ (નવી માંગણી) :

યુનિટ કક્ષા વર્ગમાં ૨૫ ભાગ લેનારા વ્યક્તિઓથી ૪ વર્ષમાં એકવાર ચલાવવામાં આવશે. દરેક ભાગ લેનારને ઔદ્યોગિક પ્રવાસ માટે ટી.એ. ડી.એ. નિયમ મુજબ ચુકવણી કરવી કે કેમ ?

માંગણી નં. ૧૧ રમત ગમત :

જી.એસ.એફ.સી. ફાઈબર યુનીટ માટે સામાન્ય રમતગમત નીતિની રચના કરી અમલ કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ રુણ અને આગોતરી રકમ :

૧૨.૧ ગીરોલોન (લગ્ન માટે લોન) :

પોતાના લગ્ન અથવા તેના/તેણીના પુત્ર કે પુત્રીના લગ્ન માટે મળતી લોન ૭ માસથી ૯ માસ (મુળ પગાર + મો. ભથ્થુ) સુધારવો જોઈએ. લોનની રકમ ૬૦ સમાન માસીક હપ્તાથી પરત લેવી જોઈએ કે કેમ ?

૧૨.૨ **વાહન લોન :** નીચે જણાવ્યા મુજબ આપવી કે કેમ ?

વાહનનો પ્રકાર	**હાલનો**	**પ્રસ્તાવિત**
અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધીરૂભાઇ ધનજીભાઇ મકવાણાને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૩૯/૦૧/૯૪ મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિ નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી શીવાનંદજી સ્ટી રોલીંગ મીલ, ભાવનગર અને તેના કામદારશ્રી દિનેશકુમાર રાધેશ્યામ વચ્ચેની છે

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વ ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬ માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપે કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગર સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીદિનેશકુમાર રાધેશ્યામને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૪૧/૦૧/૯૪૩૮.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ન્યુ સ્વસ્તીક સ્ટીલ રોલીંગ મીલ, ભાવનગર અને તેના કામદારશ્રી રફિકભાઇ અંસારી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રફીકભાઇ અંસારીને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૪૬/૦૧/૯૪૬૮.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી શીલ્પાબાઈન્ડીંગ વર્કસ, સોનગઢ, તા. શિહોર અને તેના કામદારશ્રી કનૈયાલાલ ગોવિંદજી વ્યાસ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીકનૈયાલાલ ગોવિંદજી વ્યાસને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૪૭/૦૧/૯૪૬૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી શીલ્પા બુક બાઈન્ડીંગ વર્કસ, સોનગઢ, તા. શિહોર અને તેના કામદારશ્રી શામજીભાઈ ભીખાભાઈ મકવાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શામજીભાઈ ભીખાભાઈ મકવાણાને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૫૦/૦૧/૯૪૪૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી શિવાનંદજી સ્ટીલ રી રોલીંગ મીલ, ભાવનગર અને તેના કામદારશ્રી નાગેન્દ્ર જનાર્દન યાદવ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નાગેન્દ્ર જનાર્દન યાદવને તેમના પડેલા દિવસોના પૂરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૫૧/૦૧/૯૪૩૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નીલેશ પ્લાસ્ટીક, ભાવનગર અને તેના કામદારશ્રી સમીરભાઇ યુસુફભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સમીરભાઇ યુસુફભાઇને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૫૩/૦૧/૯૪૫૮.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર અને તેના કામદારશ્રી નરેન્દ્રભાઈ રામજીભાઈ ચાવડા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નરેન્દ્રભાઈ રામજીભાઈ ચાવડાને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૫૪/૦૧/૯૪૨૮.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નવયુગ સ્ટીલ રોલીંગ મીલ, ભાવનગર અને તેના કામદારશ્રી રામલાલ ભંડારીસિંઘ ચૌહાણ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રામલાલ ભંડારીસિંઘ ચૌહાણને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૫૨૪/૦૧/૯૪૨૩.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત મોટર્સ, ભાવનગર અને તેના કામદારશ્રી જાવેદભાઇ અબ્દુલભાઇ કુરેશી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એમએચ/૩૬૭/ આઇડી/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-વિભાગ (૧) ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું શ્રી કે. એમ. પટેલ, મદદનીશ મજુર કમિશનર, ભાવનગર, મજુર અદાલત, ભાવનગરને સદરહુ તકરાર-ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જાવેદ અબ્દુલભાઇ કુરેશીને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૨૦૦૧.

કે. એમ. પટેલ,
મદદનીશ મજુર કમિશનર,
ભાવનગર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૦૧/૨૦૮૬.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, (બંદર), ગુજરાત મેરી ટાઇમ બોર્ડ, પોરબંદર તથા તેના કામદારશ્રી ભગવાનજી કચરાભાઇ સિદ્ધપરા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટાવિભાગ (સી)ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર, આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી ભગવાનજી કચરાભાઇ સિદ્ધપરાને તેમના પડેલા રોજના પગાર સાથે પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૦૧/૨૦૮૭.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર સંદિપરાજ સી ફુડઝ/ સંદિપરાજ ડ્રાઇ ફીસ, પોરબંદર અને તેના કામદારશ્રી વાલજી સવદાસભાઇ વાળા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એમએચ/આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગ રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા વિભાગ (સી)ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર, આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી વાલજી સવદાસભાઇ વાળાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૯મી નવેમ્બર, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૦૧/૨૧૧૨.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર કોલ્ડ સ્ટોરેજ, ઝાપર નાકા, પોરબંદર તથા તેના કામદારશ્રી સુરેશ દેવજીભાઈ કોઢીયા, પોરબંદર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મપજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ-૧ના પેટા વિભાગ (સી)ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર, આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી સુરેશ દેવસીભાઈ કોઢીયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૦૧/૨૧૧૩.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર કોલ્ડ સ્ટોરેજ, ઝાપર નાકા, પોરબંદર તથો તેના કામદારશ્રી ધનજી મુળુભાઇ રાઠોડ, પોરબંદર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ-૧ના પેટા વિભાગ (સી)ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર, આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી ધનજીભાઇ મુળુભાઇ રાઠોડને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY, NOVEMBER 28, 2002/AGRAHAYANA 7, 1924 [No. 48

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

આંક-૮

ઔદ્યોગિક ન્યાયપંચ સુરત દ્વારા

શ્રી પી. આર. દવે સમક્ષ

અપીલ (આઈ.સી.) નં. ૨૯/૨૦૦૦.

સાઈબા વૃન્દાવન નાહક, **એપેલન્ટ;**
C/O. એસ. ટી. ચૌધરી (એડવોકેટશ્રી),
વિનોબાનગર સોસાયટી સામે, ઉધના યાર્ડ પાછળ,
ઉધના, સુરત.

વિરૂદ્ધ

INDEX

જે. બી. ટેક્ષટાઈલ્સ, **રીસ્પોન્ડન્ટ;**
પ્લોટ નં. ૧૭૫, જી.આઈ.ડી.સી.,
પાંડેસરા, સુરત.

બાબત :- સુરતની મજુર અદાલતે તેના સમક્ષની ફરી ફાઈલ અરજી નં. ૧૫૨/૯૭ના કામમાં અરજી મંજુર કરતા કરેલા તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૦ના હુકમ સામે બી.આઈ.આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

ઉપસ્થિત :- એપેલન્ટ તરફે એડવોકેટશ્રી :- શ્રી એસ. ટી. ચૌધરી,
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટશ્રી :- શ્રી મયંક જે મહેતા, હર્ષદ પંડયા.

ચૂકાદો

(૧) આ કામના એપેલન્ટ (મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૪૦૬/૯૧માં અરજદાર અને ફરી ફાઈલ અરજી નં. ૧૫૨/૯૭ માં સામાવાળા જેને હવે પછી ''કામદાર'' તરીકે ઉલ્લેખવામાં આવે છે.) તરફથી આ કામના રીસ્પોન્ડન્ટ (મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૪૦૬/૯૧માં સામાવાળા અને ફરી ફાઈલ અરજી નં. ૧૫૨/૯૭માં અરજદાર જેને હવે પછી સામાવાળા ''કંપની'' તરીકે ઉલ્લેખવામાં આવે છે.) સામે બી.આઈ.આર. એકટની કલમ-૮૪ મુજબની આ અપીલ અદાલત સમક્ષ દાખલ કરી મજુર અદાલત સમક્ષની ફરી ફાઈલ અરજી નંબર ૧૫૨/૯૭માં સામાવાળા કંપનીની રજુઆતત મંજુર રાખી મજુર અદાલતે ૧૫૨/૯૭માં મુળ અરજી ટી. નંબર ૪૦૬/૯૧ ફરી ફાઈલે લેવા અને મુળ અરજી ૪૦૬/૯૧માં મજુર અદાલતમાં તા. ૨જી મે, ૧૯૯૨નો હુકમ યથાવત રાખવા દાદ માંગવામાં આવી છે. અપીલની હકીકતો ટુંકમાં આ પ્રમાણે છે.

કામદારે સામાવાળા કંપનીને તેને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરવા સામે પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો કેસ મજુર અદાલત સુરતમાં ટી. અરજી નં. ૪૦૬/૯૧ થી દાખલ કરેલ જેમાં તા. ૨જી મે, ૧૯૯૨ના રોજ અરજદાર કામદાર તરફે મજુર અદાલતે હુકમ કરેલ, ત્યારબાદ સામાવાળા કંપનીએ તે હુકમ વિરૂદ્ધ ફરી ફાઈલ અરજી નં. ૫૮/૯૨ દાખલ કરેલ અને તેમાં મુળ કામ ટી. અરજી નં. ૪૦૬/૯૧ નિર્દોષ પર ચલાવવામાં અરજદાર કામદારે સહમતી આપેલ હોવા છંતા સામાવાળાએ તે અંગે કોઇ તક ઝડપેલ ન હતી અને તે કામમાં પણ સતત મુળ અરજીમાંનો હુકમ યથાવત રાખવાનો થયેલ હુકમ જેના સામે સામાવાળા કંપનીએ ફરીથી ફરી ફાઈલ અરજી નં. ૧૫૨/૯૭ દાખલ કરેલ તેમાં કામદાર તરફથી વિસ્તારપૂર્વક દલીલો કરવામાં આવેલ છંતા તે ગ્રાહ્ય ન રાખી સામાવાળા કંપનીની ફરી ફાઈલ અરજી મજુર અદાલતે મંજુર કરે જે હુકમ તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૦૦ના રોજ થયેલ જે એપેલેન્ટ કામદારને તા. ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ મળેલ જેનાથી નારાજ થઇ નીચેના મુદ્દાઓવાળી આ આપીલ રજુ કરવામાં આવી.

INDEX

અપીલના મુદ્દાઓ

(૧) સામાવાળા ફરી ફાઈલ નંબર મંજુર કરવા માટેના એક પણ કારણ ધ્યાન પર લેવા યોગ્ય નથી કે કાયદેસરનું નથી છંતા નામદાર કોર્ટે આવા ગેરકાયદેસરના કારણોસર આ ફરી ફાઈલ મંજુર કરેલ છે જે રદ્દ થવા પાત્ર છે. હકીકતમાં ફરી ફાઈલ અરજી મંજુર થવા માટેના તમામ નિર્ધારીત કારણોની અને સિદ્ધાંતોનો અભાવ હોવા છંતા આ અરજી મંજુર કરવા પહેલા નામદાર કોર્ટ ન્યાયીક શાણપણ દાખવેલ નથી.

(૨) નામદાર નીચલી કોર્ટે પુરાવાઓનું જરાક પણ મુલ્યાંકન કરેલ હોય તેવું લાગતું નથી કે તેની છણાવટ કરેલ હેય તેમ દેખાતું નથી. નામદાર કોર્ટે કયા કારણોસર સામાવાળાની અરજીના કારણો સાચા હોવા માટે પ્રેરાયેલા છે તેના કોઇ કારણો આપેલ નથી તેમજ અમોએ કેરલ દલીલો માન્ય ન રાખવા માટેના કોઇ કારણો આપેલ નથી. માત્ર ચાર લીટીનો હુકમ કરી સામાવાળાની અરજી મંજુર કરી જાણે માથાભારેનો બોજ ઉતારેલ હોય તેમ લાગે છે.

(૩) નામદાર કોર્ટે આ ફરી ફાઈલની ફરી ફાઈલ છે તે બાબત ધ્યાન પર લીધી નથી. આ અરજી સામાવાળાની પ્રથમ ફાઈલ અરજી મંજુર થયા બાદ હાથ પર લેવામાં આવેલ હતી તેમાં તેઓને હીયરીંગ માટેની કે જવાબ રજુ કરવા માટેની અલગથી નોટીસ બજાવવી જોઇતી હતી તેમાં તમામ મુદ્દાઓ માત્ર બહાનાઓ છે. હકીકતમાં તો તેઓની પ્રથમ ફરી ફાઈલ મંજુર થતા આગળની તમામ તકો જાતે જ ઝડપી લેવાની હોય છે છંતા તેમને એક પણ તક ઝડપેલ નથી અને વર્ષો સુધી આવી રીતે સામાવાળાની ગલતીઓનો ભોગ અને જાણીબુઝીને ન્યાયીક પ્રક્રિયા લંબાવવાની રીતના કારણે ગરીબ મજદુરને કેટલું નુકશાન વેઠવું પડે તેનો વિચાર કર્યા વગર આ હુકમ કરેલ હોઇ નામદાર નીચલી કોર્ટનો બીજી વખતની ફરી ફાઈલ મંજુર કરવા અંગેનો હુકમ રદ થવા પાત્ર છે.

(૪) નામદાર નીચલી કોર્ટને સમસ્ત કેસમાં પુરાવાઓનું મુલ્યાંકન કરેલ નથી ફરી ફાઈલ મંજુર કરવા માટેના કોઇ સિદ્ધાંતોનું પાલન કરેલ નથી કે આપેલ ચુકાદાઓનું રીઝનીંગ પણ નથી કે જેની યથાર્થતા દેખાઈ આવે.

(૨) અપીલ સાથે ફરી ફાઈલ નંબર ૧૫૨/૯૭ના કામમાં મજુર અદાલતે કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. અપીલમાં આ અદાલતે નીચલી અદાલતનું રેકર્ડ મંગાવેલ જે આ કામમાં સામેલ છે.

(૩) આ કામમાં રીસ્પોન્ડન્ટ કંપની તેમના વકીલ મયંકભાઈ અને હર્ષદભાઈ દ્વારા હાજર થયેલ છે. આ અદાલતે એપેલન્ટ કામદાર તરફે શ્રી એસ. ટી. ચૌધરી તથા રીસ્પોન્ડન્ટ કંપની તરફે શ્રી હર્ષદભાઇ પંડયાની દલીલો સાંભળી છે.

INDEX

(૪) આ આપીલમાં નીચેના મુદ્દા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(અ) શું એપલેન્ટ પુરવાર કરે છે કે ફીર ફાઈલ અરજી મંજુર કરવા માટે નિર્ધારીત કારણો અને સિદ્ધાંતોનો અભાવ હોવા છતાં અરજી મંજુર કરી મજુર અદાલતે ભુલ કરેલ છે ?

(બ) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, મજુર અદાલતનો હુકમ અરજીના કારણો સાચા માનવા માટેના કારણો વિનાના છે ?

(ક) શું એપેલન્ટ પુરવાર કરે છે કે, ફરી ફાઈલ મંજુર કરવામાં મજુર અદાલતે પુરાવાઓનું મુલ્યાંકન કરેલ નથી તેમજ કાયદાકીય સિદ્ધાંતોનું પાલન કરેલ નથી ?

(ડ) શો હુકમ ?

ઉપરોકત મુદ્દઓ અંગે નિર્ણય નીચે મુજબ છે.

(અ) હકારમાં.

(બ) હકારમાં.

(ક) હકારમાં.

(ડ) આખરી હુકમ મુજબ.

(૫) કારણો :-

ઉપરોક્ત નિર્ણય માટેના કારણો પરસ્પર સંકડાયેલા અને સમાન હોવાથી તેની ચર્ચા સાથે કરવામાં આવેલ છે. સૌ પ્રથમ નોંધપાત્ર બાબત એ છે કે, મજુર અદાલત સમક્ષની મુળ ટી. અરજી નં. ૪૦૬/૯૧માં પરચુરણ અરજી નં. ૫૮/૯૨ અને ફરી ફાઈલ અરજી નં. ૧૫૨/૯૭ના કેસનું રેકર્ડ કેસમાંની પ્રક્રિયા અને હકીકતોને એટલી સ્પષ્ટ રીતે રજુ કરી દે છે કે નિર્ણય પર આવવા માટે બંને પક્ષમાંથી કોઇની પણ દલીલોની મદદ લેવાનું આ અદાલત માટે બીનજરૂરી બની જાય છે. મજુર અદાલત સમક્ષના કેસની પ્રક્રિયા કંઇક આવી છે મુળ ટી. અરજી નં. ૪૦૬/૯૧ તા. ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ દાખલ થઇ છે અને તેની નોટીસ તા. ૩જી ઓકટોબર, ૧૯૯૧ના રોજ સામાવાળા કંપનીને મળેલ છે, ત્યારબાદ ફરી એક નોટીસ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ સામાવાળા કંપનીને મળી છે અને તે પછી પણ સામાવાળા કંપની મજુર અદાલત સમક્ષ હાજર થયેલ નથી જેથી તા. ૨જી મે, ૧૯૯૨ના રોજ આ કામમાં આંક-૭ થી અરજદાર કામદારને પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યા પર નોકરીના સાતત્યતા તથા આનુસાંગીક લાભો સહીત પુનઃ સ્થાપિત કરવા હુકમ થયેલ છે. આ હુકમ સામે તા. ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૨ના રોજ સામાવાળા કંપનીએ એક તરફી હુકમ રદ કરી પરચુરણ અરજી નં. ૫૮/૯૨ દાખલ કરેલ છે અને તે મંજુર કરી તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ મુળ ટી. અરજી નં. ૪૦૬/૯૧ ફરી ફાઈલે લેવા

INDEX

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે પ્રતિનિધિ :- શ્રી જગુભાઈ પટેલ,
રીસ્પોન્ડન્ટ તરફે એડવોકેટ :- શ્રી સતીષભાઈ પંડયા.

ચૂકાદો

(૧) આ કામના એપેલન્ટ (મુળ ટી. અરજી નં. ૪/૯૭ માં અરજદાર કામદાર - જેને હવે પછી ''કામદાર'' તરીકે ઉલ્લેખવામાં આવશે.) તરફથી આ કામના રીસ્પોન્ડન્ટ (ટી. અરજી નં. ૪/૯૭ ના કામમાં માં સામાવાળા - જેને હવે પછી ''સામાવાળા કંપની'' તરીકે ઉલ્લેખવામાં આવશે.) સામે હાલની અપીલ દાખલ કરી નવસારીની મજુર અદાલત દ્વારા ટી. અરજી નં. ૪/૯૭માં ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ આંક-૮૭ હેઠળ પસાર કરેલો એવોર્ડ રદ કરવા અને અરજદાર કામદારને આપવામાં આવેલું તા. ૨૮મી ડીસેમ્બર, ૧૯૯૬નું આરોપનામું પુરવાર કરવામાં આવેલું નહિ હોવાથી તે રદ કરવા અને કામદારને તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭ના રોજથી બરતરફ કરવાનો સામાવાળા કંપનીનો હુકમ ગેરકાયદેસર ઠરાવવા અને કામદારની નિવૃત્તિ સુધીના સમય દરમિયાનના પગાર અને આનુસાંગિક તમામ લાભોનું નાણાંકીય વળતર ચુકવી આપવા હુકમ કરવા દાદ માંગવામાં આવી છે.

આ અપીલની ટુંકમાં હકીકત આ પ્રમાણે.છે.

એપેલેન્ટ એટલે કે, કામદારને સામાવાળા મીલ કંપનીએ તા. ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૬નાં કહેવાતા બનાવનાં સંદર્ભમાં તા. ૨૮મી ડીસેમ્બર, ૧૯૯૬નું ચાર્જશીટ આપવામાં આવેલ અને તેના સંદર્ભમાં ખાતાકીય તપાસ પછી તેમને બરતરફ કરવામાં આવેલ જેના સામે તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭નો વિનંતી પત્ર આપી તે પછી અરજદાર કામદારે બરતરફીના હુકમ સામે દાદ મેળવવા નવસારીની મુજર અદાલત સમક્ષ ટી. અરજી નં. ૪/૯૭ દાખલ કરેલ, જેમાં મજુર અદાલત દ્વારા ખાતાકીય તપાસ ગેરકાયદેસરની જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ કંપનીને અદાલત સમક્ષ ગેરવર્તણુંક અંગે પુરાવા રજુ કરવા તક આપવામાં આવેલ જે કામ ચાલી ગયા પછી નવસારીની મજુર અદાલતે તેના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના આંક-૮૭ પરના હુકમથી અરજદાર કામદારની ટી. અરજી નં. ૪/૯૭ રદ કરતો હુકમ પસાર કરેલ, જે હુકમથી નારાજ થઈ કામદારે આ અદાલત સમક્ષની હાલની અપીલ રજુ કરેલ છે, આ અપીલમાં એપેલેન્ટ કામદારે મોટે ભાગે ખાતાકીય તપાસની બાબતો અને ચાર્જશીટ તેમજ પત્ર વ્યવહાર ઉપરાંત તેમને કુદરતી ન્યાયના સિધ્ધાંત હેઠળની બચાવની તકથી વંચિત રાખવામાં આવ્યા છે તે બાબતો રજુ કરી મજુર અદાલતના તારણોને પડકારતા એવી રજુઆત કરી છે કે મજુર અદાલત સમક્ષના પ્રશ્નોના તારણો માટે અદાલતે જે આધાર હસ્તગત કરેલો છે તે ટુકડે ટુકડે હસ્તગત કરવાને બદલે, સંવાગી મુલ્યાંકન હાથ ધરાત તો રચનાત્મક પરિણામ હસ્તગત થાત. ઉપરાંત ચાર્જશીટ વહીવટી નિયમોની જોગવાઈઓ વિરૂધ્ધ આપવામાં આવેલ અને કામદાર મીલના ડીસ્પોઝલ ખાતામાં

પરિણામે મજુર અદાલત સમક્ષની ૪૦૬/૯૧માં તા. ૨જી મે, ૧૯૯૨ના રોજનો હુકમ યથાવત રહે છે. આ અપીલના ખર્ચ પેટે અપીલમાંના હુકમ મળેલથી ત્રીસ દિવસમાં રીસ્પોન્ડન્ટે એપેલેન્ટ કામદારને રૂા. ૨૦૦૦/- ચુકવી આપવા પણ હુકમ કરે છે.

સુરત, તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

આંક - ૭

ઔદ્યોગિક અદાલત સુરત દ્વારા

શ્રી પી. આર. દવે સમક્ષ

અપીલ (આઈ.સી.) નં. ૨૯/૨૦૦૧.

(ટી. અરજી નં. ૪/૯૭માં)

એપેલેન્ટ;

મહિપતસિંહ હરુભા ઝાલા,
C/o. રહે. રૂમ નં. ૨૬, બ્લોક નં. ૧૪,
ગુજરાતી શાળા પાછળ, જુની બેઠી ચાલ,
મફતલાલ મીલ લેબર કોલોની, વિજલપોર રોડ
નવસારી-૩૯૬ ૪૪૫.

વિરૂદ્ધ

રીસ્પોન્ડન્ટ;

૧. વાઇસ પ્રેસીડેન્ટ,
મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
ટેક્ષટાઇલ ડીવીઝન, નવસારી યુનિટ,
વિજલપોર રોડ, નવસારી, ૩૯૬ ૪૪૫.

૨. શ્રી નટુભાઈ વિઠ્ઠલભાઈ કાપડી,
ડેપ્યુટી મેનેજર, સીકયોરીટી,
મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ,
ટેક્ષટાઇલ ડીવીઝન, નવસારી યુનિટ,
વિજલપોર રોડ, નવસારી, ૩૯૬ ૪૪૫.

બાબત :- નવસારીની મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૪/૯૭ના કામમાં મજુર અદાલતે આંક - ૮૭ થી પસાર કરેલ હુકમ સામે બી.આઈ.આર. એકટની કલમ-૮૪ હેઠળ અપીલ.

INDEX

હોય જ્યારે ફરી ફાઈલ અરજી નં. ૫૨/૯૭ના અરજદાર કંપની તરફથી કોઇ જ પુરાવો મૌખિક કે દસ્તાવેજી રજુ થયો ન હોય ત્યારે કંપનીને નોટીસ નથી મળી તેવું અરજીમાં બતાવેલ કારણ અસ્તિત્વમાં છે તે પણ પુરવાર થતું નથી તો, તે કારણ યોગ્ય અને પુરતું છે તે પુરવાર થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. મજુર અદાલતની નબળાઈનો સૌથી આઘાતજનક હિસ્સો એ છે કે, પોતાના હુકમમાં તેણે એટલું જ નોંધ્યું છે કે ''બંને પક્ષકારોની દલીલો તથા ઉપલબ્ધ દસ્તાવેજોને આધારે'' આ નોંધમાં કયા દસ્તાવેજો ચકાસ્યા ? શી રીતે ચકાસ્યા અને તેના પરથી શું તારણ કાઢ્યું કોઇ સ્પષ્ટતા નથી. આ વાકયમાં આગળ નોંધ્યુ તેમ મજકુર ફરી ફાઈલ અરજીમાં ''એક તરફી ચુકાદો થવાનું કારણ અરજદારે જે બતાવેલ છે તે'' આ શંબ્દોમાં અરજદારે કયું કારણ બતાવેલ છે ? અને તે કારણનું અસ્તિત્વ પુરવાર કરવા માટે કયો પુરાવો રજુ કર્યો છે ? અને તે પુરાવો શી રીતે પુરતો કે માનવા યોગ્ય છે ? તેની કશી જ સ્પષ્ટતા નથી અને મજુર અદાલતે માત્ર તે યોગ્ય અને વ્યાજબી જણાય છે તેટલું જ નોંધ્યુ છે. અરજદાર કામદારને મુળ કામમાં ૧૯૯૧ થી ૧૯૯૭ સુધી સંઘર્ષ કર્યા પછી જે ચુકાદો મળ્યો તેને આ ત્રણ લીટીના લખાણથી મજુર અદાલતે કંપની તરફથી કોઇપણ પુરાવો રજુ થયો ન હોવા છતાં નિરર્થક બનાવી દીધો. મજુર અદાલતે એ પણ ન નોંધ્યુ કે આંક-૯ના હુકમમાં કંપનીને નોટીસ મળી ગઇ છે તે નોંધેલું છે અને તેના પર ફરી ફાઈલ અરજી નં. ૫૮/૯૭ તે નોંધેલ છે અને ફરી રેકર્ડમાં સંસ્થાને મળી છે અને નોટીસ નથી મળી તેવો સંસ્થા રજુ કરતી નથી અને તેનો અર્થ એ કે ગેરહાજર રહેવા માટે સંસ્થા પાસે કારણ હોવાનું પુરવાર થતું નથી તો તે કારણ પુરતું કે યોગ્ય હોવાનું પુરવાર થાય તે પણ સંભવ નથી અને મજુર અદાલત આવા કોઇપણ બાબતની નોંધ કર્યા વિના સાત વર્ષ સુધી ન્યાય માટે લડનાર અરજદાર કામદારને સાત વર્ષમાં સુનાવણીની એક પણ મુદતે બે નોટીસ મળ્યા પછી પણ હાજર ન રહેનાર અને ગેરહાજરના કારણ માટે કોઇપણ પુરાવો રજુ ન કરનાર કંપનીને ન્યાય આપવા માટે તેના સમક્ષના રેકર્ડની અવગણના કરીને અન્યાય કરે છે. આ સંજોગોમાં મુજર અદાલતોનો ફરી ફાઈલ અરજી નં. ૫૨/૯૭નો હુકમ તમામ સંજોગોમાં કાયદાની જોગવાઈઓ અનેક ચુકાદાની પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો વિરૂદ્ધનો, કોઇપણ પુરાવાના આધાર સિવાયનો કે પુરાવાની કોઇપણ પ્રકારની ચર્ચા વિનાનો અને મુલ્યાંકન વિનાનો અને પરિણામે માઇન્ડ એપ્લાઇડ કર્યા વિનાનો પુરવાર થાય છે અને તે સંજોગોમાં તે હુકમ રદ થવા પાત્ર છે અને તેથી આ અપીલ સંપૂર્ણપણે મંજુર થવા પાત્ર છે.

ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

એપેલેન્ટ કામદારની આ અપીલ મંજુર કરવામાં આવે છે અને રીસ્પોન્ડન્ટ કંપનીની અરજી ફરી ફાઈલ અરજી નં. ૫૨/૯૭માં મજુર અદાલતે તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ કરેલ હુકમ કાયદાની જોગવાઇ વિરૂદ્ધનો જણાવી રદ જાહેર કરવામાં આવે છે. જેના

INDEX

હુકમ કરેલ છે. હવે તે હુકમમાં મુળ કામ તા. ૧૮મી ઓકટોબર, ૧૯૯૫ના રોજ આગળ ચાલશે તેવી સુચના આપવામાં આવી છે અને ત્યાર બાદ પણ સામવાળા કંપનીને અનેક મુદતો આપવા છતાં તે ટી. અરજી નં. ૪૦૬/૯૧માં બચાવ કરવા હાજર રહેલ નથી અને બચાવ કરેલ નથી તેથી મજુર અદાલતે તા. ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૭ના રોજ આંક-૯નો હુકમ કરી અરજદાર કામદાર તરફે થયેલ હુકમ કાયમ રાખવો જોઇએ તેમ માની પડેલા દિવસોના પગાર સહીત પુન: સ્થાપિત કરવા હુકમ કરેલ છે. આમ પ્રથમ હકીકત એ જોવા મળે છે કે, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૨ની મજુર અદાલતની નોટીસ મળ્યા પછી. તા. ૬ઠ્ઠી ઓકોટબર, ૧૯૯૭ સુધી એક પણ દિવસ સામાવાળા કંપની ટી. અરજી નં. ૪૦૬/૯૧ના કામમાં સુનાવણીની મુદતે હાજર રહેલ નથી અને ફરી મજુર અદાલત સમક્ષ ફરી ફાઇલ નં. ૧૯૨/૯૭ દાખલ કરવા તા. ૧૨મી ડીસેમ્બર, ૧૯૯૭ના રોજ ઉપસ્થિત થયેલ છે. આ ફરી ફાઇલ અરજી નં. ૧૫૨/૯૭ મજુર અદાલત સમક્ષ રજુ થાય તો મજુર અદાલતે ફરજની દ્રષ્ટિએ અદાલત તરીકે શું કરવું જોઇએ ? શું મજુર અદાલતે તે કરેલું છે ? આ બાબત ગંભીરતાથી વિચારવી પડે તેમ છે. સામાન્ય રીતે આ અપીલ અદાલત મજુર અદાલતની ટીકા કરવાનું ટાળે છે. પરંતુ મજુર અદાલત સમક્ષના કામમાં જ્યારે મજુર અદાલત કશી જ પ્રક્રિયા કર્યા સિવાય તેના પ્રમાણમાં વિવાદાગ્રસ્ત મુદ્દાને સમાવિષ્ટ કર્યા સિવાય અને ચર્ચા કર્યા સિવાય કોઇપણ હુકમ કરી દે ત્યારે અદાલતની બેપરવાહીને કારણે પક્ષકારને ગંભીર અન્યાય થતો હોય તેવી પરિસ્થિતિ ઉભી થાય. ફરી ફાઇલ અરજી નં. ૧૫૨/૯૭ તે બાબતનું જીવતું દ્રષ્ટાંત છે. આ અરજીમાં સામાવાળા કંપનીએ એવી રજુઆત કરી છે કે ટી. અરજી નં. ૪૦૬/૯૧નો એક તરફી ચુકાદો તા. ૧૫મી નવેમ્બર, ૧૯૯૭ના રોજ કંપનીને મળેલ છે અને તે હુકમ પહેલા અદાલત તરફથી કોઇ સમન્સ કે નોટીસ કે કોઇ ખાસ કેસની નોટીસ પણ મળેલ નથી કોઇ જવાબ અંગેની નોટીસ અથવા હીયરીંગ અંગેની નોટીસ મળેલ નથી. હવે આ બાબતમાં સામાવાળા કંપનીએ આ અરજીમાં પરચુરણ અરજી નં. ૫૮/૯૨ તેણે કરેલી તેનો ઉલ્લેખ ટાળ્યો છે અને આ અરજી ૧૫૨/૯૭ માં પણ તા. ૧૨મી ડીસેમ્બર, ૧૯૯૭ના રોજ દાખલ કર્યા પછી સંસ્થાએ કોઇપણ પ્રકારનો પુરાવો પોતે મુળ અરજીમાં નોટીસ નથી બજી માટે ગેરહાજર રહ્યા છે તે બતાવવા માટે કે ગેરહાજરીનુ કોઇ કારણ બતાવવા રજુ કરેલ નથી તેથી ઉલટું રોજકામ જોતા બે વર્ષથી વધુ સમય સુધી કંપનીએ આ અરજીમાં દલીલ કરવાનું કે રજુઆત કરવાનું ટાળ્યું છે તેથી કામદારે તા. ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૦ની અરજી રજુ કરી છે જે રેકર્ડમાં છે પરંતુ વચ્ચે રોજકામ લખાયેલ ન હોવાને કારણે તેની નોંધ જોવા મળતી નથી. આ અરજી રેકર્ડના પાના - ૧૧ પર છે જેમાં કંપની આ અરજી ચલાવવા પણ હાજર રહેતી ન હોય અરજી ડીસમીસ કરવા કામદારે અરજી કરેલ હોય છે ફરી તા. ૯મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ આંક-૫ની અરજી આ કામનો નિકાલ લાવવા માટે અને કંપની પોતાનો કેસ ચલાવતી નથી તેવી રજુઆત કરેલ છે. અને તા. ૧૭મી ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ કામદાર તરફથી પોતાની દલીલના સમર્થનમાં ગુજરાત હાઇકોર્ટનો ડીવીઝનનો એક ચુકાદો અને દીલ્હી હાઇકોર્ટનો એક ચુકાદો રજુ કરેલ છે. કંપની કરફે ગેરહાજરી માટે કોઇ કારણ રજુ થયું નથી જે યોગ્ય માનવા માટે પુરાવાની પ્રક્રિયા થઇ

INDEX

અધિકારીઓના હાથ અને દેખરેખ હેઠળ કામ કરતા હતા, સ્વતંત્રપણે કામ કરતા નહોતા અને તેમણે કહેવાતા વાહનમાં માલ ભરાવેલો નહિ અને તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ સદરહુ ગાડી પ્રથમ વજન કાંટા ઉપર વજન કરાવી, ગેટ નં. ૩ પરના સીકયોરીટી ગાર્ડ વસંતભાઈ હસ્તક હતી અને તેમની દેખરેખથી જે કાંઈ માલસામાન ભરવામાં આવેલો તે સંબંધથી કામદારને કોઈ અંગત જાણકારી ન હતી અને જેમાં ભંગાર રાખવામાં આવે છે તે ગોડાઉનની ચાવી મીલના ડેપ્યુટી મેનેજર-સીકયોરીટી ઓફિસર શ્રી નટુભાઈ કાપડી હસ્કત રહે છે, જે મીલના મુખ્ય દરવાજે રહે છે અને તે જવાબદાર વ્યકિત સિવાય કોઈને આપવામાં આવતી નથી અને તેથી આ બાબત નટુભાઈ કાપડીની જવાબદારી થાય, જેમને કામદાર સામે અણબનાવ બનેલો અને તે અંગત અદાવત-કિન્નાખોરી રાખેલી છે અને ભૂતકાળમાં પણ તેમણે કામદારને હેરાન પરેશાન કરેલ છે, આ અંગે કામદારનો લેખીત જવાબ આંક-૨૦ અદાલતના દફતરમાં મોજુદ હોવા છતાં અને પુરાવા તુલ્ય દસ્તાવેજ હોવા છતા અદાલતના હુકમના પાના ૨૮, ૨૯ ઉપરનુ વર્ણન આંચકો અપાવે તેવું છે અને મીલ કંપની તરફે કોઈપણ રીતે આરોપનામું પુરવાર કરી શકેલ નથી અને જરૂરી પુરાવા સુધ્ધા રજુ કરવામાં આવેલા નથી અને નટુભાઈ કાપડી સામેનો ખુલ્લો આક્ષેપ નિર્મુળ કરવાનો પ્રયત્ન સુધ્ધા કરવામાં આવેલ નથી અને મીલ કંપની તરફે ભંગાર લેનાર વેપારી ટ્રક ડ્રાયવર, ટ્રકના મજૂરો, ટ્રક ભરાવનાર અન્ય વોચમેનો વગેરેની જુબાની પણ લેવામાં આવેલ નથી અને કામદાર સામેનો આક્ષેપ પુરવાર કરવામાં આવેલો નથી, તે સંજોગોમાં કામદાર સામેનો ચોરી કરવાનો ઈરાદો કોઈ કાળે પુરવાર કરવામાં આવેલ નથી તે સંજોગોમાં મજુર અદાલતનો હુકમ રદ થવા પાત્ર છે.

(૨) આ અપીલ સાથે મજુર અદાલત નવસારી સમક્ષની ટી. અરજી નં. ૪/૯૭માં આંક-૮૭ થી કરવામાં આવેલ હુકમની નકલ રજુ કરવામાં આવેલ છે.

(૩) આ અદાલતે નવસારીની મજુર અદાલત સમક્ષની ટી. અરજી નં. ૪/૯૭ના કામનું, રેકર્ડ મંગાવેલ છે, જે સુનાવણી દરમ્યાન આ અપીલમાં સામેલ છે અને અદાલતે રીસ્પોન્ડન્ટ મીલ કંપનીને નોટીસ બજાવતા તે તેમના એડવોકેટ શ્રી સતીષભાઈ પંડ્યા મારફતે અપીલમાં હાજર થયેલ છે.

(૪) આ અદાલતે એપેલેન્ટ કામદાર તરફે તેના પ્રતિનિધિ શ્રી જગુભાઈ પટેલની દલીલો સાંભળેલી છે તેમજ મીલ કંપની તરફે એડવોકેટ શ્રી સતીશભાઈ પંડ્યાની દલીલો સાંભળેલી છે.

(૫) શ્રી જગુભાઈ પટેલે કામદાર તરફે તેમની ટી. અરજીમાંની હકીકતોનો ઉલ્લેખ કરતા કામદારને આપવામાં આવેલ આરોપનામા વિરૂધ્ધ કામદારના બચાવની હકીકત રજુ કરેલ છે અને તે બાબત પર ભાર મુકેલ છે કે, આ કામદાર સામાવાળા કંપનીમાં ડીસ્પોઝલ ખાતામાં કામ કરતા હતા અને તેમના પર ચોરીના ઈરાદે વધારાનો માલ આપી દીધો તેવો આક્ષેપ કરવામાં આવેલો છે, પરંતુ આંક-૨૦ના સંદર્ભમાં જોતા તે માલ ભરાવા માટે તેનો કબજો કામદાર પાસે નથી રહેતો અને જે તારીખનો બનાવ કહેવામાં આવે છે તે તારીખે કામદારની નોકરીનો સમય ૮ થી ૫ નો હતો અને જે ગાડીમાંથી માલ પકડાયો છે

તેમ કહેવાય છે તે ગાડી આ કામદાર હસ્તક ભરવામાં આવી નથી અને ગેટપાસ એ કામદાર હસ્તકની ચિઠ્ઠી નથી, તેમજ વધારાના માલનું કોઈ પંચનામું કરવામાં આવ્યું નથી અને આ તમામ સંજોગો અંગે સામાવાળા કંપનીએ કામદાર સામેનો આરોપ મજુર અદાલત રૂબરૂ પુરાવા લઈ પુરવાર કરવાનો હતો પરંતુ કોર્ટ સમક્ષના સાહેદો ચોરીની કે ગેરવર્તણુંકની વાત કરતા નથી કે પુરાવો આપતા નથી તે સંજોગોમાં અદાલત સમક્ષ આરોપ પુરવાર થતો ન હોવા છતાં અદાલતે ખોટું તારણ આપેલ છે. શ્રી જગુભાઈએ રેકોર્ડમાંથી આંક-૭૬, ૭૭ અને ૭૮ના સાહેદો અંગે ઉલ્લેખ કરેલ છે તથા ગેટપાસ અંગે આંક-૧૭નો પણ ઉલ્લેખ કરેલ છે. એટલું જ નહિ મજુર અદાલતના હુકમમાંથી પાના ૨૮-૨૯ પર જે તારણ આપવામાં આવ્યા છે તેનો ઉલ્લેખ કરેલ છે અને એવી રજુઆત કરી છે કે અદાલતે પાના ૨૮ પર જે લખેલ છે તે જોતા પરિસ્થિતિ પરથી અનુમાન અને ધારણા પર આધાર રાખેલ છે અને પુરાવો આવેલ હોવા છતા અરજદારનો ચોરીનો ઈરાદો હતો વગેરે બાબતે માનવાને કારણ રહે છે તેવું જણાવેલ છે અને જાણે પુરાવાનો બોજો એરજદાર પર હોઈ તેવું વલણ અપનાવેલ છે. શ્રી જગુભાઈ પટેલે ભારપૂર્વક એવી પણ રજુઆત કરી છે કે, ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠર્યા પછી અદાલતે તપાસની પ્રક્રિયા કે રેકોર્ડ પર આધાર રાખવાનો ન હોઈ પરંતુ કંપની કામદાર સામેનો આક્ષેપ કોર્ટ રૂબરૂ પુરાવા લઈને પુરવાર કરી શકે છે કે કેમ ? એટલે કે આક્ષેપ કોર્ટ રૂબરૂ પુરવાર થાય છે કે તે જોવાનું હોઈ અને આ કામદાર સામે કંપનીએ કરેલો આક્ષેપ પુરવાર થાય તેવો કોઈપણ પુરાવો મજુર અદાલત સમક્ષ રજુ કરેલ ન હોઈ કામદાર સામેનો આક્ષેપ પુરવાર થતો નથી તેવું મજુર અદાલતે માનવું જાઈએ, તેમ ન કરીને મજુર અદાલતે ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી અન્યાયી હુકમ કરેલ છે.

(૬) આ કામમાં રીસ્પોન્ડન્ટ કંપની તરીકે તેમના એડવોકેટ શ્રી સતીષ પંડ્યાએ લેબરકોર્ટ સમક્ષની કાર્યવાહીનો ઉલ્લેખ કરતા એવું જણાવેલ છે કે, ખાતાકીય તપાસમાં લેવામાં આવેલા નિવેદનો એ દસ્તાતવેજોનો ભાગ છે અને તેને આંકે પાંડવા સામે વાંધો નથી તેવું તે સમયે લખીને અરજદાર પક્ષે તે કબુલ કરેલા છે જેને એડમીશન ગણવું જોઈએ અને તે રીતે જોતા મજુર અદાલત સમક્ષ તેમના નિવેદનોથી જે કામદારની ગેરવર્તણુંક પુરવાર થઈ જાય છે તેથી મીલ કંપનીએ ફરી વાર પુરાવા લેવાની જરૂર પડે નહિ, તેમજ ખાતાકીય તપાસણી કાયદેસરતા બાબતે કામ ચલાવી મજુર અદાલતે ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવતો જે હુકમ કર્યો તેની સામેની રીવીઝનમાં માત્ર નિર્વાહ ભથ્થો પુરાતો મુદ્દો અદાલતે રદ કરેલો છે અને તે પછી મજુર અદાલત સમક્ષ કામ આગળ ચાલ્યું છે ત્યારે મજુર અદાલત સમક્ષ ગેરવર્તણુંક પુરવાર થાય છે કે કેમ તેટલું જોવું જોઇએ અને જયારે દસ્તાવેજોને આંક અપાવી તેમના નિવેદનને અરજદાર કબુલ કરતા હોય ત્યારે આ ગેરવર્તણુંક અંગે બીજા પુરાવાની જરૂર ન પડે તેમ છતાં કંપનીએ આંક-૭૬, ૭૭, ૭૮ના સાહેદોને તપાસેલ છે અને તેના દ્વારા તે બાબત પુરવાર કરેલ છે કે, અરજદારે લોખંડના ભંગારની ડીલીવરી આપવા તે ટ્રકમાં ભરાવવાનો હતો અને તે પ્રમાણે ભરાવ્યા પછી તે ટ્રકમાંથી ચેકીંગ સમયે તાંબુ તથા એલ્યુમિનિયમનો ભંગાર નીકળ્યો છે, તે સંજોગોમાં

INDEX

આવી ગેરવર્તણુંક બદલ જે શિક્ષા થવી જોઈએ તે થઈ છે. શ્રી પંડ્યાએ એવી પણ દલીલ કરી છે કે, ફોજદારી અદાલતમાં આરોપી સામે ગુનો નિશ:ક રીતે પુરવાર કરવા માટે જે રીતે સ્ટ્રીકટ પ્રૂફની જરૂર પડે તે પ્રમાણે ખાતાકીય તપાસમાં આવો ચોક્કસ સ્ટ્રીકટ પ્રુફ જરૂરી નથી. પરંતુ ઘટનાની સંભાવીતતા કે પ્રીપોન્ડરન્સના આધારે નિર્ણય કરવાનો હોય છે અને મજુર અદાલત સમક્ષ પણ જયારે આ રીતે પુરાવો લેવામાં આવે છે ત્યારે ફોજદારી અદાલતમાં હોય છે તે પ્રમાણે સ્ટ્રીકટ પ્રુફ જરૂરી ગણી શકાય નહિ. શ્રી પંડ્યાએ એવી પણ રજુઆત કરી કે ખાતકીય તપાસમાં પત્રો દ્વારા માત્ર ટેકનીકલ મુદ્દાઓ ઉભા કરવામાં આવ્યા છે જેમકે પ્રતિનિધિ તરીકે જગુભાઈને હાજર રહેવા પરવાનગી આપવાનાં આવી નથી કે કામદારને તક આપવામાં નથી આવી પરંતુ તપાસમાં જે નિવેદનો લેવામાં આવ્યા છે તે દસ્તાવેજોમાં રજુ થયા છે, તેને આંકે પાડવામાં વાંધો નથી તેવું લખી કામદાર પક્ષે કબુલ કરેલ છે અને તે સંજોગોમાં ખાતાકીય તપાસમાં રજુ થયેલ આ દસ્તાવેજો કે જેને પાકા આંક આપવામાં આવ્યા છે તે ઈન્કવાયરી અંગેના વચગાળાના હુકમથી ''વાઈપઆઉટ'' થતા નથી કે તે દસ્તાવેજોની અસર ''વાઈપઆઉટ'' થતી નથી, તે સંજોગોમાં તે નિવેદનો સાચા છે કે ખોટા છે તે બાબત કામદાર મજુર અદાલતમાં પડકારતા પણ નથી ત્યારે તેના આધારે પણ ગેરવર્તણુંક પુરવાર થયેલ ગણે તો તે યોગ્ય છે અને આવા પુરવાર થયેલા દસ્તાવેજોને બીજી વાર મજુર અદાલત સમક્ષ પુરવાર કરવાના હોય. શ્રી પંડ્યાએ તેમની દલીલોના સમર્થનમાં એડમીશનના મુદ્દા બાબતે એ. આઈ. આર. ૧૯૬૬ સુપ્રિમ કોર્ટ ૪૦૫ પરનો ભરતસિંહ વિરૂદ્ધ ભાગીરથી તથા એ.આઈ.આર. ૧૯૬૬ સુપ્રિમ કોર્ટ ૧૬૯૭ પરનો સીતારામ મોતીલાલ કલાલ વિરૂધ્ધ શાન્તુપ્રસાદ જયશંકર ભટ્ટ, એ. આઈ. આર. ૧૯૭૭ સુપ્રિમકોર્ટ ૧૭૨૪ પરનો ઠીરૂજહોન વિરૂધ્ધ સુબ્રમણ્યમ એ. આઈ. આર. ૧૯૭૮ કર્ણાટક ૨૫ પરનો એસ. ટી. થીમપ્પા વિરૂધ્ધ એસ. એલ. પ્રસાદ, ૧૯૭૯ સુપ્રિમ કોર્ટ કેસીસ (ક્રિ.) ૮૯૩ પરનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂધ્ધ વિશ્વનાથ તુકારામ વગેરે ચુકાદાઓમાંથી અંશો રજુ કરેલા છે તેમજ પુરાવાનો બોજો અને કેવા પ્રકારનો પુરાવો જરૂરી છે તેમજ પ્રીપોન્ડરન્સના મુદ્દા અંગે ૨૦૦૦ (૧) એલ. એલ. જે. ૧૧૮૭ (દિલ્હી) પરનો યુ. કો બેંક વિરૂધ્ધ પ્રીસાઈડીંગ ઓફિસર, ૨૦૦૦ (૨) એલ. એલ. જે. ૧૭૭ (કલકત્તા) પરનો મોડર્ન ફુડ ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડીયા) લી. વિરૂધ્ધ સેકન્ડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રીબ્યુનલમાના કેસમાનો ઉલ્લેખ કરેલ છે.

(૭) બંને પક્ષકારોને ઉપરોકત રજુઆતોના સંદર્ભમાં રેકોર્ડ જોઈએ તો પ્રથમ વાત એ નોંધવી જોઈએ કે મજુર અદાલતે ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવી અને સસ્પેન્સનું એલાઉન્સ ચુકવવાની શરતે અદાલતમાં ફેર તપાસ કરવા પરવાનગી આપ્યા પછી તેના સામે ઔદ્યોગિક અદાલતમાં રીવીઝન કરવામાં આવેલી અને તે રીવીઝનમાં ઔદ્યોગિક અદાલતે સસ્પેન્શન અલાઉન્સ પુરતો હુકમ રદ કરી બાકીનો હુકમ કાયમ રાખેલો એટલે કે ખાતાકીય તપાસને ગેરકાયદેસર ઠરાવતો અને કંપનીને કામદારની ગેરવર્તણુંક કોર્ટ સમક્ષ પુરાવા રજુ કરી પુરવાર કરવાની તક આપતો હુકમ કાયમી રાખેલો એટલે આ કામની પરિસ્થિતિ મજુર અદાલત સમક્ષ એ થાય કે સામાવાળા કંપનીએ

INDEX

ફ્રેશ એવીડન્સ રજુ કરી અને કામદાર સામે મુકવામાં આવેલ આરોપ પુરવાર કરવાના છે અને તે સંજોગોમાં મજુર અદાલતે તેના હુકમમાં નોંધ્યા પ્રમાણે ''અરજદારને આપવામાં આવેલ તારીખ ૨૮મી ડીસેમ્બર ૧૯૯૬ના આરોપનામું /ચાર્જશીટમાં દર્શાવેલ ગેરવર્તણુંક પુરવાર થાય છે કે કેમ ?'' તેવો મુદ્દો પ્રથમ વિચારેલો છે અને બીજો મુદ્દો પુન:સ્થાપન અંગે કામદાર હક્કદાર છે કે કેમ તે વિચારેલો છે. હવે આ સંજોગોમાં કંપનીએ કામદાર તરફથી ચોરીના ઈરાદાથી એલ્યુમિનિયમના ભંગાર જેવો સામાન ટ્રકમાં ભરવામાં આવ્યો છે અને તે રીતે બહાર આપી દેવાનો પ્રયત્ન કર્યો છે તે પુરવાર કરવા માટે પુરાવાઓ રજુ કરવાના હતા. અહિ ખાતાકીય તપાસનું રેકોર્ડ અને તેમાના નિવેદનો પર કંપની આધાર રાખી શકે અને ગેરવર્તણુંક પુરવાર કરી શકે તેવા શ્રી સતીષ પંડ્યાના રજુઆતના મુદ્દાને ચકાસીએ તો સૌ પ્રથમ બાબત એ છે કે, ખાતાકીય તપાસના દસ્તાવેજોને આંકે પાડવામાં વાંધો નથી તેવું કામદાર પક્ષે લખ્યું, જેને શ્રી પંડ્યા એડમીશન ગણે છે તે બાબત એ દષ્ટિકોણથી જોવી જોઈએ કે આ દસ્તાવેજોમાંની પ્રક્રિયાને ખાતાકીય તપાસ ગેરકાયદેસરની અનેકુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની છે તે મુદ્દાને અનુસંધાનમાં કામદાર પક્ષે કબુલ કરી છે કારણ કે તે દસ્તાવેજોમાં થયેલ પ્રક્રિયા ખાતાકીય તપાસની પ્રક્રિયા તરીકે થયેલ છે અને તે ગેરકાયદેસર છે કારણ કે તેમાં કામદારને બચાવની તક મળી નથી. આ મુદ્દા પર તે વખતે મજુર અદાલતમાં કામ ચાલેલું છે એટલે કુદરતી રીતે સામાવાળાએ ખાતાકીય તપાસમાં જે પ્રક્રિયા કરી હોય તે અંગેના દસ્તાવેજો રજુ થાય અને તે પ્રક્રિયા માટે તે દસ્તાવેજો આંકે પડે તે સંજોગોમાં ખાતાકીય તપાસની પ્રક્રિયામાં આ નિવેદનો લેવામાં આવ્યા છે જેમાં ઉલટ તપાસની તક નથી મળી તે સંદર્ભમાં આ પ્રકારના નિવેદનો લેવામાં આવ્યા છે તે બતાવવા માટે પણ તે દસ્તાવેજોને કોઈપણ પ્રક્રિયાથી આંક પડવાના જ હોય ત્યારે તેને આંક પડવામાં વાંધો નથી તેવું કામદાર પક્ષ જણાવે છે તેનાથી તેમાં રજુ થયેલ સાક્ષીઓએ જે કંઈ બાબતો કહી તે બાબત કામદાર પક્ષે કબુલ કરી છે તેવું અર્થઘટનએ ભુલ ભરેલું અર્થઘટન છે. શ્રી પંડયાએ રજુ કરેલા ચુકાદાઓમાં ખાતાકીય તપાસણી પ્રક્રિયાનો સંદર્ભ નથી અને એવું પણ નથી કે કોઇ પ્રક્રિયાની કાયદેસરતાને પડકારવામાં આવેલ હોય. શ્રી પંડયા જે એડમીશનની વાત કરે છે તે દસ્તાવેજોને અદાલત પુરાવાના અંશ તરીકે એ સ્વીકારે અને ચકાસી શકે તે માટે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજોની વાત છે તેમાના નિવેદનો સાક્ષીના સરતપાસ અને ઉલટ તપાસ જેવી પ્રક્રિયા દરમ્યાન લેવામાં આવેલ નિવેદનો નથી. જયારે માત્ર સરતપાસ જ હોય અને તેમાં પોતાને ઉલટ તપાસ ફરવાની તક નથી, મળી તેવી સામા પક્ષની રજુઆત હોય ત્યારે સરતપાસ આ પ્રકારની છે તેટલી બાબત સ્વીકૃતી આપવાથી તે સરતપાસમા જણાવેલ બાબત ઉલટ તપાસમાં વેરીફાઇ થઇ નથી તેથી એડમીશન પર આધારીત સંપૂર્ણ પુરાવો નહી ગણાય, આ વિચારણા શ્રી પંડ્યા જે ચુકાદાઓ પર આધાર રાખે છે. તેમાં દલીલોનો કે નિર્ણયનો ભાગ નથી અને તે ચુકાદાઓની પ્રક્રીયા અને હકીકતોથી આ કેસની હકીકતો તે અંગેના સિદ્ધાંતો લાગુ પાડવા માટે પણ સમાન નથી.

INDEX

શ્રી પંડ્યા જે મુદ્દો ઉઠાવે છે તેને એક બીજા સંદર્ભમાં પણ ચકાસવો જોઇએ અને તે સંદર્ભ એ છે કે, ખાતાકીય તપાસની કાયદેસરતાને પડકારવામાં આવેલી હોય અને ખાતાકીય ગેરકાયદેસર ઠરે તે પછી જ્યારે માલિકને ફરીવાર અદાલત સમક્ષ ફ્રેશ એવીડન્સ લેવાનો રહે છે અને ખાતાકીય તપાસનું રેકોર્ડ તે બાબતમાં સુસંગત-રીલેવન્ટ-રહેતું નથી. આ બાબત અદાલતો તરફથી અનેક ચુકાદાઓથી એ સિદ્ધાંત સ્પષ્ટ કરવામાં આવ્યો છે કે અદાલતે ખાતાકીય તપાસ ને ગેરકાયદેસર અને કુદરતી ન્યાય સિધ્ધાંત વિરૂદ્ધની ઠરાવ્યા પછી જો માલિકે ગેરવર્તણુંક અદાલત રૂબરૂ પુરવાર કરવા માટે અદાલતમાં પુરાવો રજુ કરવા માટે ઇચ્છા વ્યક્ત કરી પરવાનગી માંગી હોય તો અદાલતે માલિકને તે પ્રકારે ગેરવર્તણુંક પુરવાર કરવા માટે અદાલત સમક્ષ પુરાવો રજુ કરવા ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવ્યા પછી તક આપવી જોઇએ. હવે આવો પુરાવો રજુ કરવાની તક ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવ્યા પછી મળવાની છે તો તે અંગેનો પુરાવો ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવ્યા પછી રજુ કરવાના હોય તે સ્વાભાવિક છે અને તે રીતે વિચારવામાં આવે તો ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરાવ્યા પછી માલિકે સજાના હુકમને જસ્ટીફાઇ ઠરાવવા માટે ગેરવર્તણુંક અંગે ફ્રેશ એવીડન્સ લેવાનો રહે છે અને પહેલા લેવાયેલો એવીડન્સ ફ્રેશ એવીડન્સ નહિ ગણાય. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો ૧૯૯૯ (૧) એલ. એલ. જે. ૨૭૫ (ડીવીઝન બેન્ચ)નો નીતા કપલીસ વિરૂદ્ધ પ્રીસાઇડીંગ ઓફિસર લેબર કોર્ટમાંને, ચુકાદો સમાન પરિસ્થિતિવાળો અને આ અંગેનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરતો હોવાથી વિશેષ ધ્યાન ખેંચે છે જેમાં ઇન્કવાયરીનું જે રેકોર્ડ છે તે ''મટીરીયલ ઓન રેકોર્ડ'' ગણાતું અટકી જશે અને તે સંજોગોમાં પરિસ્થિતિ એ થશે કે નામદાર સુપ્રિમ કોર્ટના શબ્દોમાં ''the only course open to the management was to Justify its achon by leading fresh evidence as required by the Labour court.'' હવે આ સંદર્ભમાં કંપનીએ મજુર અદાલત સમક્ષ કામદારની ગેરવર્તણું માટે ફ્રેશ એવીડન્સ રજુ કરવાનો હતો અને તેમાંથી જેટલો પુરાવો રજુ થાય તેના આધારે લેબર કોર્ટ કામદારની ગેરવર્તણુંક અંગે નિર્ણય કરવાનો હતો અને મજુર અદાલતે તેની સમક્ષ રજુ થયેલ આ પુરાવાઓને આધારે કામદારની ગેરવર્તણુંક પુરવાર થાય છે તેવું માનેલું છે ત્યારે આ અપીલ અદાલતે ખરેખર મજુર અદાલતનો આ નિર્ણય રજુ થયેલા પુરાવાઓના આધારે અને તેના મુલ્યાંકનના આધારે કાયદેસરનો અને યોગ્ય છે કે કેમ તે ચકાસવાનું રહે છે. આ તબક્કે એ બાબત નોંધીએ કે ખાતાકીય તપાસમાં પ્રીપોન્ડરન્સ આધારે ગેરવર્તણુંક પુરવાર થાય છે કે નથી થતી તે બાબત નક્કી થાય છે અને તેમાં ક્રીમીનલ કોર્ટમાં જે સ્ટ્રીક્ટ પ્રુફ અંગેનું સ્ટાન્ડર્ડ હોય છે તેની અપેક્ષા રાખી શકાય નહિ, આ બાબત સાથે આ અદાલતમાં સંમત થાય છે, પરંતુ જ્યારે કોઇ બાબત અદાલત સમક્ષ પુરવાર કરવાનો પ્રસંગ આવે અને તેમાં ઉચાપત કે ચોરી જેવા ગુન્હાહીત કૃત્યથી બાબત સંકળાયેલી હોય ત્યારે અદાલત સમક્ષ તો તે બાબત ચોક્કસ અને યોગ્ય પુરાવો આવવો જોઇએ અને મજુર અદાલતે તે તમામ સંજોગોમાં ''અદાલત'' છે ત્યારે મજુર અદાલત સમક્ષ જે પુરાવો આવ્યો છે તે બાબત મજુર અદાલત અનુમાન ધારણાઓ પર આધાર

INDEX

રાખીને ચાલી શકે નહિ અનેમજુર અદાલતે નોંધ્યું છે તેમ ''માનવાને કારણ છે'' માટે મજુર અદાલત નિર્ણય કરે છે, પરંતુ મજુર અદાલત સમક્ષ કંઇ ગેરવર્તણુંક પુરવાર કરવાની હતી અને તેના માટે શો પુરાવો આવ્યો તે બાબત મજુર અદાલતે પુરતી ગંભીરતાથી મુલ્યાંકન કર્યુ નથી તેમ સ્પષ્ટ જણાય છે. આ અંગે રેકોર્ડ જોઇએ તો આ કામદારે ટ્રૂકમાં લોખંડનો ભંગાર ભરાવવાનો હતો અને તેની તે ફરજ હતી એટલે તેણે ટ્રક ભરાવતી વખતે તે ભંગાર ઉપરાંત તાંબુ અને એલ્યુમિનિયમનો વધારાનો ભંગાર પણ પીપમાં મુકી આ ટ્રકમાં ચોરીના ઇરાદાથી આપી દેવા માટે ભરવેલો, આ તેના સામે આક્ષેપ છે અને તેના સંદર્ભમાં કામદારે બહુ સ્પષ્ટ ભાષામાં અદાલત સમક્ષ એવો બચાવ રજુ કરેલો છે કે તેના સામેનો આક્ષેપ ખોટો છે અને તે સંદર્ભમાં બનાવના દિવસે તેણે જે માલ ભરાવવામાં આવ્યો અને બહાર મોકલવામાં આવ્યો તે માલ ટ્રકમાં ભરાવવાનું કામ કરેલું કે કેમ તે મહત્વનો મુદો થઇ જાય છે અને તે બાબતે કોઇ ધારણા કે અનુમાનનો વિષય નથી. હવે આ અંગે મજુર અદાલત સમક્ષ આંક-૭૬ના સાક્ષી હીતેશ ગુણવંતભાઇ દેસાઇ રજુ થાય છે. પરંતુ તે એ રીતિ ઉપયોગી નથી કે તે ઇન્કવાયરી ઓફિસર હતા અને તેમણે ઇન્કવાયરી કરી છે અને તેમાં સાક્ષીઓના નિવેદનો લીધા છે અને રીપોર્ટ આપ્યા છે, તેટલા પુરતા તે સાક્ષી છે તેથી જ્યારે ખાતાકીય તપાસ ગેરકાયદેસરની ઠરી હોય અને તેના પછી બીજો પુરાવો ''ફ્રેશ'' જરૂરી હોય ત્યારે આ સાક્ષી પર આધાર રાખવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. મજુર અદાલત સમક્ષ બીજો સાક્ષી આંક-૭૭ ભગવંતલાલ શ્રોફ રજુ થયેલો છે. આ સાક્ષીનું કામ ડીસ્પોઝલ ખાતામાં વેસ્ટ અને સ્ક્રેપનો જે માલ બહાર મોકલવાનો હોય અને તેનો ગેટપાસ અને બીલ બનાવવાનું કામ છે અને તેમના કહેવા પ્રમાણે બનાવના દિવસે ''આ ભંગાર ડીસ્પોઝલ ખાતું સ્ક્રેપ યાર્ડમાંથી આપવાનો હતો. માલ ભરી આપવાની જવાબદારી આકામના અરજદારની તે વખતે હતી. સ્ક્રેપ માલ ટ્રકમાં ભરવાનો હતો. માલ ભરાયા પછી ગેટપાસ બનાવવાનો હોય, ગેટપાસ મેં બનાવેલો અરજદાર ની સૂચનાને કારણે ગેટપાસ બનાવવામાં આવેલો. ''આ સાક્ષીએ ત્યાર પછી એવું કહ્યું છે કે સાડા ચાર થી પાંચની વચ્ચે ગેટપાસે બોલાવવા આવેલો તે વખતે ગાડીમાંથી કોપર એલ્યુમીનીયમ વગેરે વધારાનો માલ નીકળેલો જે ગેટપાસમાં લખવામાં આવેલો નહિ પરંતુ ઉલટ તપાસમાં આ સાક્ષીએ એ બાબત સ્પષ્ટ કરી છે કે ટ્રકમાં માલ ભરવા માટે ૪ થી ૫ મજુરો હોય છે અને એ '' પહેલો ભંગાર વાઇન્ડીંગ ખાતામાંથી ભરવામાં આવેલો, ડીસ્પોઝલ ખાતું અને વાઇન્ડીંગ ખાતા વચ્ચે ૧/૨ માઇલનું અંતર છે'' હવે આ સાક્ષીએ એ બાબત પણ સ્પષ્ટ કરી છે કે તેણે ગેટપાસ બનાવતા કે બીલ બનાવતા પહેલા ટ્રકમાંનો સામાન એક કરેલો નહિ અને વાઇન્ડીંગ ખાતામાં ટ્રક કોણે ભરાવેલી તેની તેને ખબર નથી અને આ કોપર કે એલ્યુમીનીયમ અરજદારે ભરાવેલું હોય તેવું તેણે જોયું નથી.

મજુર અદાલત સમક્ષ તે પછીના સાક્ષી આંક-૭૮ બીનસીંગ કેસરસીંગ રાજપુત છે. આ સાક્ષીએ સ્પષ્ટ કહ્યું છે કે નટુભાઇ કાપડીએ તેને સુચના આપી કે ટ્રક નં. ૩૯૦૩ પર શંકા છે અને એટલે તેણે ચેક કરી ત્યારે આ વધારાનો સામાન નીકળેલો અને તેના કહેવા

INDEX

પ્રમાણે સામાન ભરાવવાની જવાબદારી અરજદારની હતી. હવે તે દિવસે આ જવાબદારી અરજદારે બજાવી અને આ સામાન ભરાવેલો તેવું તેનું કહેવાનું નથી કારણ કે તે સ્પષ્ટતા કરે છે કે, '' આઠ બેરર ક્યાંથી ટ્રકમાં ભરવામાં આવેલા તેની મને જાણ નથી, તે વાત ખરી છે, આઠ બેરર મહીપતસિંહ અરજદારે ભરાવેલા કે કેમ ? તેની પણ મને ખબર નથી.'' જો આટલો જ પુરાવો હોય તો તે દિવસે અરજદાર ફરજ પર હતા અને તેણે આ નંબરની ટ્રકમાં ભંગાર ભરાવેલો કે મુકેલો તે બાબત કહી શકાય તેમ નથી કારણ કે આ સાક્ષીઓ કહે છે કે પ્રથમ ટ્રક વાઈન્ડીંગ ખાતામંથી સામાન ભરાવવા ગયેલી અને પછી આ ડીસ્પોઝલ ખાતામાં આવેલી અને ડીસ્પોઝલ ખાતામાં આ ટ્રક ભરાયેલી અને તે જ બાબત અરજદાર પણ કહે છે એટલે બંને પક્ષના સાક્ષીઓ વચ્ચે તે બાબત વિવાદ નથી કે વિરોધાભાસ નથી, તે જ રીતે કંપનીના બંને સાક્ષીઓ અરજદાર કામદારે આ ટ્રક ભરાવેલી તેવું ચોક્કસ કહેતા નથી અને તેના સંદર્ભમાં અરજદાર કામદારની આંક-૮૪ની જુબાની જોઇએ તો તે બહુ સ્પષ્ટ કહે છે કે, '' બનાવના દિવસે જે ટ્રક ભરવામાં આવેલી તે સૌ પ્રથમ ગેટ નં. ૩ કેન્ટીન પાસેથી ભરવામાં આવેલી, તે જગ્યાએ તે દિવસે વસંતભાઈ વોચમેન હતા. શ્રી વસંતભાઈએ વાઈન્ડીંગ ખાતાનું મશીન ટ્રકમાં ભરાવેલું ત્યાર પછી ટ્રક ગેટ નં. ૯ પર ગયેલી ત્યાં વાસુભાઈ વોચમેન હતા અને તેમણે લોખંડ ભરાવેલું, ત્યાર પછી વોચમેને વજન કરી ટ્રક ઝાંપા તરફ રવાના કરેલી. આ ટ્રક મારી પાસે કે મારા વિભાગમાં આવેલી નહી.'' અરજદાર એમ પણ કહે છે કે, '' કોઇપણ ભંગાર ટ્રકમાં ભરાવવાનો હોય તો તે મારા ખાતાધિકારી મંજુર કરે તે વખતે જે. બી. ગોહિલ ખાતા અધિકારી હતા. બનાવના દિવસે કોઇ સરસામાન કે ભંગાર ભરવાનું શ્રી ગોહિલ સાહેબે કહેલ નહિ.'' અરજદારે એમ પણ કહ્યું છે કે ''ડીસ્પોઝલ વિભાગમાં તાંબાનું, એલ્યુમીનીયમ, પીતળનું, સીસાનો ભંગાર આવે નહિ. આ ભંગાર સીક્યોરીટીના કબજામાં રહે. આ માટે અલગ ગોદામ છે. આ ગોદામનો કબજો સીક્યોરીટીના શ્રી નટુભાઈ કાપડીના હાથમાં હતો. ચાવી સીક્યોરીટીના શ્રી કાપડી પાસે રહેતી હતી.'' હવે આ જ મુદ્દા અરજદારે સરતપાસમાં કહ્યા છે તેમાંની એક પણ બાબતને ઉલટ તપાસમાં નકારવામાં આવી નથી અને તો તાંબુ કે એલ્યુમીનીયમ વગેરે ભંગાર તાળાબંધ અલગ ગોદામમાંથી અરજદાર કામ કરતા હતા તે ડીસ્પોઝલ વિભાગમાં શી રીતે આવે અને તે ભંગાર ટ્રકમાં શી રેતી ભરવામાં આવે, તે બાબાત કોઇ સ્પષ્ટતા નથી અને આ સમગ્ર પ્રક્રિયામાં ટ્રક ભરવાની કામગીરી એક માત્ર અરજદાર જાતે એકલા જ કરતા નથી તે પણ પુરાવાઓથી સ્પષ્ટ થઇ જાય છે. ત્યારે મજુર અદાલત એવું કહે છે કે લોખંડનો ભંગાર ભરાવાવની કામદારની ફરજ હતી અને ટ્રક ચેક કરવામાં આવી ત્યારે તે ટ્રકમાંથી તાંબાનો અને એલ્યુમીનીયનો ભંગાર નીકળેલો ત બાબત કામદાર કબુલ કરે છે માટે કામદારનો ચોરીનો ઇરાદો હતો તેવું માનવાને કારણ રહે છે. આમ મજુર અદાલતનું તારણ તેના સમક્ષના પુરાવાઓના નક્કર પાયા પર આધારીત રહેવાને બદલે, અનુમાન અને ધારણા પર આધાર રાખવા તરફ ચાલ્યું જાય છે. આ સંજોગોમાં આ મુદ્દા અંગે મજુર અદાલતનો નિર્ણય પુરાવા પર અને તે પુરાવાના યોગ્ય મુલ્યાંકન પર આધારીત ન હોય ભુલ ભરેલો છે, તે સંજોગોમાં કામદારની ગેરવર્તણુંક

INDEX

અદાલત સમક્ષ પુરાવા રજુ કરી પુરવાર કરવામાં કંપની નિષ્ફળ ગઇ છે તેમ માનવું જોઇએ અને તેથી કામદારને બરતરફ કરતો હુકમ ગેરકાયદેસર અને પાયા વિનાનો ગણાય અને તે કોઇ રીતે જસ્ટીફાઇ થતો નથી તેથી રદ થવા પાત્ર છે. જેના પરિણામે કામદાર નોકરીમાં પુનઃ સ્થાપિત થવા હક્કદાર ગણાય પરંતુ કામદારની નિવૃત્તિ વયમર્યાદા આ કાર્યવાહીઓ દરમ્યાન આવી ગઇ હોવાથી તેનું પુનઃ સ્થાપન તેની કાયદેસરની નિવૃત્તિની તારીખ સુધી ગણીને તેને તેના કારણે મળતા તમામ લાભો મળવા પાત્ર છે તેમ ઠરાવવું જોઇએ. તે બાબાત નોંધ લેવી ઘટે કે બરતરફીના હુકમના અમલ દરમ્યાન અને ચાલુ વિવાદે આ કામદાર બીજે કોઇપણ જગ્યાએ કામ કરીને કે નોકરીમાં રહીને કોઇ આવક મેળવી છે તેવી બાબત મજુર અદાલત સમક્ષ કોઇપણ પુરાવો રજુ થયેલ ન હોય પુરવાર થતી નથી, તે સંજોગોમાં તેની નોકરીના પડેલા દિવસોના સમય માટે પુરૂં વેતન મેળવવા કામદાર માટે હક્કદાર હતા તેમ ઠરાવવું જોઇએ.

(૮) ઉપરોક્ત કારણોસર આ આપીલમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આ અપીલ મંજુર કરવામાં આવે છે. મજુર અદાલતે તેના સમક્ષની ટી. અરજી નં. ૪/૯૭ના કામમાં અરજી રદ કરતો કરેલો હુકમ ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી ઠરાવી રદ કરવામાં આવે છે અને તેના પરિણામે કામંદારની મુળ અરજીમાં મળવા પાત્ર દાદના સંદર્ભમાં કામદારની કાયદેસરની નિવૃત્તિ વયમર્યાદાની તારીખ સુધી કામદારની નોકરીમાં સાતત્ય ગણી પુનઃ સ્થાપિત થયેલ ગણી તે રીતે મળવા પાત્ર તમામ લાભો પડેલા દિવસોના તમામ પગાર સહિત આ અપીલનો હુકમ મળ્યેથી દિવસ-30માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે તેમજ આ અપીલના ખર્ચ પેટે રીસ્પોન્ડન્ટેને રૂા. ૨000/- એપેલન્ટ કામદારને હુકમ મળ્યેથી દિવસ-30માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.

સુરત, તારીખ ૧૬મી ઓક્ટોબર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

[PART I—L]

[અંક - ૪૮

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 48, *Gujarat Government Gazette,* Part I—L, dated 28th November, 2002 and for pages VAD-16657 to VAD-17174 (in 1 set) *read* page Nos. 23397 to 23914.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૮મી નવેમ્બર ૨૦૦૨ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૪૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૬૬૫૭ થી વીએડી-૧૭૧૭૪ (૧ બંચમાં) ને પાન નંબર ૨૩૩૯૭ થી ૨૩૯૧૪ વાંચવા.

Vadodara, 28th November, 2002.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૦૧/૨૧૧૪.-નીચે સહી કરનાર મદદનીશ મજુર કમિશનર, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અમર કોલ્ડ સ્ટોરેજ, ઝાપર નાકા, પોરબંદર તથા તેના કામદારશ્રી મહેન્દ્ર મનસુખલાલ ચૌહાણ, પોરબંદર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' સાથે વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના તમામ મદદનીશ મજુર કમિશનરોને તેમના કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ની પેટા-કલમ-૧ના પેટા વિભાગ (સી)ની મળેલ સત્તાની રૂએ હું શ્રી પી. પી. જોષી, મદદનીશ મજુર કમિશનર, પોરબંદર, આથી મજુર અદાલત જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી મહેન્દ્ર મનસુખલાલ ચૌહાણને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૨મી નવેમ્બર, ૨૦૦૧.

પી. પી. જોષી,
મદદનીશ મજુર કમિશનર,
પોરબંદર.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૯૮/૫.૫/આઇડીઆર/એજે/૭૦/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જે. બી. કેમકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લી., જી.આઇ.ડી.સી. અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

જે. બી. કેમીકલ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લીમીટેડ, પ્લોટ નં. ૧૨૮/૧, જી.આઇ.ડી.સી, અંકલેશ્વર જિ. ભરૂચ.

માંગણીઓનું પરિશિષ્ટ

માંગણી નં. ૧ પગાર વધારો વર્ગીકરણ-મોંઘવારી :-

કર્મચારીઓના અનુભવ સીનીયોરીટી તેમજ કામ કરવાની ક્ષમતાના આધારે નક્કી કરવું જરૂરી છે. જેથી અમારૂં સુચવેલ વર્ગીકરણ તથા પગાર ધોરણ બીલકુલ વ્યાજબી ન્યાયી અને કાયદેસર છે.

હવા, પાણી કુદરતી સંપત્તિઓ પણ પૈસા આપી ખરીદવી પડે છે. સાયકલવાળાની દુકાને હવા મફત ભરી આપતાં તેનો રૂા. ૧ લેવાય છે. પાણીની પરબોને બદલે લારીઓ

INDEX

ઉભી થઈ છે. અને ગુજરાનનું સાધન થઈ જવાથી એક ગ્લાસનો રૂા. ૧ થઈ ગયો જ્યારે હવે પૈસાને બદલે રૂપિયાની વાત થઈ ગઈ છે. શાકભાજીના ભાવ કિલોના બદલે ૧૦૦ ગ્રામના ૨-૩ રૂપિયા સાંભળવા મળે છે. ત્યારે હવે દરેક કામદાર કર્મચારીઓને મળતાં બેઝીક પગાર રૂા. ૭૭૦/-નો વધારો ઘણો ન્યાયી ને વ્યાજબી છે. કે કેમ ? ૨૦૦૦-૭૦-૨૨૧૦-૮૦-૨૪૫૦-૯૦-૨૨૦-૧૦૦-૩૨૨૦-૧૧૦-૩૩૫૦-૧૨૦-૩૭૧૦-૧૩૦-૪૧૦૦-૧૪૦-૪૫૨૦-૧૫૦-૪૯૭૦-૧૬૦-૫,૪૫૦-૧૭૦-૫૯૬૦.

માંગણી નં. ૨ :- મોંઘવારી ભથ્થું

ઉપર મુજબનું વર્ગીકરણ કર્યા બાદ ઓલ ઈન્ડિયા કન્ઝુંમર્સ પ્રાઈસ ઈન્ડેક્ષની શ્રેણી (૧૯૬૦-૧૦૦) ના આંક ૫૦૦/- નિર્ધારીત કરીને ઉપરના દરેક પોઈન્ટ ઉપર રૂા. ૨/- પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવાની અમારી માંગણી ન્યાયી ને વ્યાજબી છે. અને આ માંગણી હાલની પ્રવર્તમાન પદ્ધતિને અનુરૂપ હોય તો ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

માંગણી નં. ૩ ઘરભાડું :-

વસ્તી વધારો ઔદ્યોગીક વિકાસની હરણફાળ તેમજ મોંઘવારી ઉત્તરોત્તર વધારો થવાથી ઘરનાં ભાડાં ઘણાં ઉચકાયા છે. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. હોવાને લીધે મકાનો ભાડે મળતાં નથી અને જે મકાનો ભાડે મળે છે. તે ઉંચા દરે મળે છે. તેથી દરેક કર્મચારીને તેઓને મળતાં પુરા પગારના ૧૫ ટાકા ઘરભાડા તરીકે આપવાની અમારી માંગણી બિલકુલ ન્યાયી ને ઘણી વ્યાજબી છે કે કેમ ?

૪. મેડીકલ એલાઉન્સ :-

સંસ્થામાં રાસાયણીક પ્રક્રિયા સતત થાય છે. જેથી કામદારો સતત નવા નવા રોગના ભોગ બનવું પડે છે. અથવા બનતા હોય છે. અને હાલની સારવાર ખુબ જ મોંઘી થઈ છે. આજનું વાતાવરણ પ્રદુષિત થયેલ છે. અને કામદારો વારવાર માંદગીનો ભોગ બને છે. તેવા સમયે દવાખાનું તથા દવા તેમજ તેને લગતા અન્ય ખર્ચાઓ કરવા જરૂરી છે. તેથી દરેક કામદાર કર્મચારીઓને તેના કુલ પગારના ૨૦ ટકા ના ધોરણે માસીક મેડીકલ એલાઉન્સ આપવું તેમજ ગંભીર માંદગીનો ભોગ બને તેવા સમયે દવાખાનાનો તેમજ દવા તેમજ તેને લગતા અન્ય ખર્ચાનો સંપૂર્ણ ખર્ચ કંપનીએ આપવો અને જો તેની માંદગીની રજા ખર્ચાઈ ગઈ હોય તો તેને ભરેલા પગારની એડવાન્સ રજા આપવી અને આવી માંદગીમાં જો કર્મચારીને કાયમી નોકરી છોડવાનો પ્રશ્ન આવે તો તેના કુલ પગારના ૫૦ ટકા લેખે સભ્ય જીવે ત્યાં સુધી માસિક જીવન નિર્વાહ ખર્ચ આપવાની માંગણી પણ ન્યાયી ને વ્યાજબી છે. કે કેમ ?

INDEX

૫. એજ્યુકેશન એલાઉન્સ :-

હાલની શિક્ષણ પદ્ધતિમાં ધરખમ ફેરફાર થયા છે. શિક્ષણમાં કોમ્પ્યુટરનો પ્રવેશ થઈ ચૂક્યા છે. હવે સ્લેટ અને પેનનો જમાનો જતો રહ્યો છે. તેના સ્થાને નોટબુક અને બોલપેન આવી છે. ટુકમાં શિક્ષણ પદ્ધતિ ઘણી મોંઘી થઈ છે. ટ્યુશનો પણ વધતાં ચાલ્યા છે. જેથી તેને પહોંચી વળવા હાલમાં મળતા પગારમાં કર્મચારીઓ પોતાના બાળકોને વિદ્યા અભ્યાસ કરાવી શકતા નથી. જેથી કર્મચારીને દર મહિને મળતા પુરા પગારના ૧૦ ટકા લેખે એજ્યુકેશન એલાઉન્સ તરીકે આપવાની અમારી માંગણી ઘણી ન્યાયી, વ્યાજબી ને કાયદેસર છે. કે કેમ ?

૬. ચા એલાઉન્સ (ટી એલાઉન્સ) :-

કંપનીમાં કર્મચારીઓને ટી. એલાઉન્સ પેટે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૦થી ૧ કપના રૂા. ૫ ચુકવવાની માંગણી ઘણી ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ?

૭. લીવ ટ્રાવેલ્સ એલાઉન્સ (એલ.ટી.એ.) :-

કર્મચારીઓ વર્ષોત્તર કામ કરી કંટાળેલા હોય તેવા સમયે આનંદ મજા કરવા માટે કોઈ ઐતિહાસિક ધાર્મિક સ્થાનો, હવાખાવાના સ્થાને જવાને આવવા માટે દરેક કામદાર કર્મચારીઓને દર વર્ષે રૂા. ૩૦૦૦/- એલ.ટી.એ. તરીકે ચુકવવાની માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

૮. ટ્રાન્સપોર્ટ ફેસીલીટી :-

દરેક કર્મચારીઓને ઘરેથી આવવા તેમજ જવા માટેની વ્હીકલની ફેસીલીટી કંપનીએ આપવાની રહેશે. જે દિવસે વ્હીકલ સંજોગોના કારણે ન આવી શકે તો કર્મચારીઓને આવવા તેમજ જવા માટેનું સ્પેશીયલ રીક્ષા કરીને જવું પડતું હોય છે. જેથી મળતાં અપુરતા પગારમાં જવા ને આવવાના નાણાં ખર્ચાય જાય તો જીવન નિર્વાહ ખોરંભે પડે છે. તેથી ટ્રાન્સપોટ ફેસીલીટીની અમારી માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

૯. શીફ્ટ એલાઉન્સ :-

દરેક કર્મચારીઓને નીચે મુજબ શીફ્ટ એલાઉન્સ આપવાની માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

૧. ફસ્ટ શીફ્ટ અને જનરલ શીફ્ટ રૂા. ૮/-
૨. સેકન્ડ શીફ્ટ રૂા. ૧૦/-
૩. થર્ડ શીફ્ટ રૂા. ૧૨/-

૧૦. હેઝાર્ડ એલાઉન્સ :-

ઉદ્યોગ કેમીકલ્સ છે. પ્રદુષણને લીધે સ્વાસ્થય માટે જરૂરી હોઈ કર્મચારીને દરરોજ ૨૫૦ ગ્રામ દુધ તેમજ કેળા ૫૦૦ ગ્રામ આપવાની માંગણી ઘણી ન્યાયીને વ્યાજબી ને કાયદેસર છે કે કેમ ?

૧૧. હાજરી બોનસ :-

કંપનીમાં જે તે કામદાર કર્મચારી તેની નોકરીના ૨૪ દિવસ દર મહિને ભર્યા હોય તો તેઓને બે દિવસની રજા અથવા પગાર આપવાની અમારી માંગણી ઘણી ન્યાયીને વ્યાજબી છે કે કેમ ?

૧૨. રજાઓ :-

૧. હક્ક રજા :- આજે માનવીય જીવન ચારેબાજુથી ઘેરાયેલું છે. સામજીક પ્રસંગોએ જવા-આવવા, પ્રસંગો માટે કૌટુંબીક કામો માટે જેવા કે મકાન બાંધવા કુટુંબના મરણ પ્રસંગે, લગ્ન પ્રસંગે રજાઓની વારંવાર જરૂર પડે છે. જેથી જે કર્મચારી તેની નોકરીના વર્ષમાં ૨૪૦ દિવસ ભર્યા હોય તો તેઓને હક્ક રજા આપવી. ત્યારબાદ બાકીના ૧૦ દિવસની હાજરીની ગણતરીએ ૧ વધારાની રજાનો ઉમેરો કરવાની માંગણી બિલકુલ ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ?

૨. કેજ્યુઅલ રજા :- દરેક કર્મચારીને દર વર્ષે ૧૨ કેજ્યુઅલ રજા આપવાની માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

૩. માંદગીની રજા :- કામદાર કર્મચારી રોગના ભોગ બને ત્યારે આવી રજા ખૂબ જ જરૂર છે. જેથી દરેક કર્મચારીઓને દર વર્ષે ૧૫ રજા માંદગીની આપવાની અમારી માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

૪. જાહેર તહેવારની રજા :- પારસ્પારિક સંબંધ છે, વધ્યા છે. લોકશાહીમાં સંગઠીત થઈ કામ કરતા થયા છે. ઉત્સવો પણ સંગઠીત થઈ ઉજવાય છે. સમાજમાં રહેવાનું હોવાથી આવા પ્રસંગોમાં જવું ફરજીયાત થઈ ગયું છે કે કેમ ? જેથી દરેક કર્મરીઓને દર વર્ષે ૧૨ રજા જાહેર તહેવારની આપવી અને તે પ્રતિનિધિઓ સાથે બેસીને નક્કી કરવું અને બોર્ડ ઉપર જાહેર કરવાની અમારી માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે.

૧૩. લીવરીઝ :-

૧. દરેક કર્મચારીઓને દર વર્ષે ત્રણ જોડી પેન્ટ તેમજ શર્ટ સારી ક્વોલીટીના આપવા તેની સીલાઈ પણ કંપનીએ ચુકવવાની માંગણી ઘણી ન્યાયી વ્યાજબી ને કાયદેસર છે કે કેમ ?

૨. દરેક કર્મચારીઓને ઉત્તમ ક્વોલીટીના ટકાઉ સેફટી સૂઝ આપવા તથા દર જુન માસમાં રેઇની સૂઝ આપવા કામદાર કર્મચારીઓને શરીર રક્ષણ માટે સેફટીની જરૂરી હોય છે. તો દરેક કામદારને સેફટી સૂઝ તથા રેઇની સૂઝ આપવાની માંગણી પણ ન્યાયી ને વ્યાજબી ને કાયદેસર છે કે કેમ ?

૩. દરેક કામદાર કર્મચારીઓને દર બે વર્ષે રેઈની શુટ (પેન્ટ-શર્ટ) તેમજ સ્વેટર સીઝન પહેલાં આપવાની માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે.

૪. દરેક કર્મચારીઓને દર વર્ષે બે મોટા ટુવાલ નાના ૬ નંગ નેપકીન તથા મહીને ત્રણ ડઝન સાબુ આપવા નહાવા તેમજ ધોવાના સાબુની માંગણી ઘણી ન્યાયી ને વ્યાજબી છે કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૯૬/પ.પ/આઇડીઆર/એજે/૮/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બિરલા સેલ્યુલોઝીક, ખરચ જિ. ભરૂચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર , વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થાએ દરેક કામદાર કર્મચારીઓને વિધાઉટ સીલીંગ સને. ૧૯૯૮-૯૯ના વર્ષનું ૨૦ % લેખે બોનસ ચુકવવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૪૯૭/૫.૫/આઇડીઆર/એજે/૬/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બિરલા સેલ્યુલોઝીક, ખરચ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર , વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ :- દરેક કામદાર કર્મચારીને વિદાઉટ સીલીંગ સને. ૧૯૯૭-૯૮ તથા સને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષનું ૨૦ % લેખે બોનસ ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ :- દરેક કામદાર કર્મચારી યુનિયન સાથે ચર્ચા કરી જરૂરી દિવાળી ગીફ્ટ તથા ૧ કીલો મીઠાઇ આપવી જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૪થી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૩૭/૫.૫/આઇડીઆર/એજે/૭૮/૦૧.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લી., પેટ્રોકેમીકલ્સ લી., જિ. વડોદરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧-૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧-૬૦૭(મ) (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર , વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાયનિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

જી.એ.સી. કામદાર યુનિયન

ચાર્ટર ઓફ ડિમાન્ડ

(દસ્તાવેજી માંગણી પત્રક)

માંગણી ક્રમાંક : ૧ મૂળ પગાર (બેઝીક પે)

હાલના પગાર ધોરણમાં નીચે જણાવ્યા પ્રમાણે ફેરફાર કરવામાં આવે કે કેમ ?

અનુ. નંબર	હાલનું પગાર ધોરણ	નવું પગાર ધોરણ
એસ-૧	૨૪૫૦-૧૦૫-૩૫૦૦-૧૨૫- ૪૭૫૦-૧૫૦-૫૨	૪૭૫૦-૧૯૦-૬૬૫૦-૨૩૦-૮૯૫૦-૨૭૦-૧૧૬૫૦
એસ-૨	૨૧૫૦ - ૮૫-૩૦૦૦-૧૦૫-૪૦૫૦-૧૨૫-૪૮૦૦	૪૦૫૦-૧૬૦-૫૬૫૦-૧૯૦- ૭૫૫૦-૨૩૦-૯૮૫૦
એસ-૩	૧૯૦૦-૭૦-૨૬૦૦- ૮૫ - ૩૪૫૦-૧૦૦-૪૧૫૦	૩૪૫૦-૧૪૦-૪૮૫૦-૧૬૦-૬૪૫૦-૧૯૦-૮૩૫૦
એસ-૪	૧૭૦૦-૬૦-૨૩૦૦- ૭૦ - ૩૦૦૦-૮૦-૩૮૦૦	૩૦૦૦-૧૨૦-૪૨૦૦-૧૪૦-૫૬૦૦-૧૬૦-૭૨૦૦
એસ-૫	૧૫૫૦-૫૦-૨૦૫૦-૬૦-૨૬૫૦- ૭૦ ૩૩૫૦-૮૦-૩૮૩૦	૨૬૫૦-૧૦૦-૩૬૫૦-૧૨૦-૪૮૫૦-૧૪૦-૬૨૫૦-૧૬૦-૭૮૫૦
એસ-૬	૧૪૨૫-૪૫-૧૮૭૫-૫૦-૨૩૭૫- ૫૫ ૨૯૨૫-૬૦-૩૫૨૫	૨૩૭૫-૯૦-૩૨૭૫-૧૦૦- ૪૨૭૫- ૧૧૦-૫૩૭૫-૧૨૦-૬૫૭૫
એસ-૭	૧૩૦૦-૪૦-૧૭૦૦-૪૫-૨૧૫૦-૫૦ ૨૬૫૦-૫૫-૩૨૦૦	૨૧૫૦-૮૦-૨૯૫૦-૯૦-૩૮૫૦-૧૦૦-૪૮૫૦-૧૧૦-૫૯૫૦
એસ-૮	૧૧૦૦-૩૦-૧૪૦૦-૩૫-૧૭૫૦ -૪૦-૨૧૫૦-૪૫-૨૪૬૫	૧૭૫૦-૭૦-૨૪૫૦-૮૦-૩૨૫૦-૯૦-૪૧૫૦-૧૦૦-૫૧૫૦
એસ-૯	૯૦૦-૨૫-૧૧૫૦-૩૦-૧૪૫૦	૧૪૫૦-૬૦-૨૦૫૦-૭૦-૨૭૫૦-૮૦-૩૫૫૦-૯૦-૪૪૫૦

૧-(એ) દર વર્ષે મળતાં ઈજાફાની તરીખ ૧લી જાન્યુઆરી હોવી જોઈએ કે કેમ ?

(બી) મૂળ પગારમાં થતો વધારો હાલના લાયકાત વિસ્તાર (એલિજીબીલીટી)ની સાથે સંબંધિત ન હોવો જાઈએ કે કેમ ?

INDEX

(સી) મૂળ પગારની અગ્રતા હાલના પગાર નક્કી કરતી વખતે જળવાવી જોઈએ કે કેમ?

(ડી) અંગત પગારને તેના નજીકના ઉપરના સ્ટેજ પર મૂકીને નાબૂદ કરવું જોઈએ કે કેમ ?

(ઈ) મૂળ પગારમાં તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૯થી ઉચ્ચક રકમ નીચે પ્રમાણે ઉમેરવામાં આવે.

દરજ્જો (ગ્રેડ)	ઉચ્ચક રકમ
૨૪૫૦-૫૨૦૦	૧૯૦૦
૨૧૫૦-૪૮૦૦	૧૭૦૦
૧૯૦૦-૪૧૫૦	૧૫૫૦
૧૭૦૦-૩૮૦૦	૧૪૫૦
૧૫૫૦-૩૮૩૦	૧૩૫૦
૧૪૨૫-૩૫૨૫	૧૨૫૦
૧૩૦૦-૩૨૦૦	૧૨૦૦
૧૧૦૦-૨૪૬૫	૧૧૫૦
૯૦૦-૧૪૫૦	૧૧૦૦

(એફ) દરેક ગ્રેડની સામે હોદ્દો એક જ રહેશે કે કેમ ?

(જી) જ્યારે કેરીયરનો માર્ગ રોકાવાનો પ્રશ્ન ઉભો થાય ત્યારે ઉપલી ગ્રેડમાં નવો હોદ્દો ઉમેરવામાં આવે કે કેમ ?

માંગણી ક્રમાંક-૨ સર્વિસ ઈજાફા :

(એ) મૂળ પગારના ૨૫ % સર્વિસ ઈજાફા તરીકે બધાજ કર્મચારીઓને આપવામાં આવે કે કેમ ?

(બી) બે વર્ષનો નોકરીનો ગાળો પૂર્ણ કરેલ કર્મચારીને સર્વિસ ઈજાફા ઉપરાંત વિશેષ એક વધારાનો હાલની ગ્રેડનો ઈજાફો આપવામાં આવે. દોઢ વર્ષ ને બે વર્ષ ગણીને વધારેમાં વધારે ૫ ઈજાફા આપવા જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૩ મોંઘવારી ભથ્થું :

(એ) નક્કી કરેલ મોંઘવારી ભથ્થું (એફ.ડી.એ.) સી.પી.આઈ. ૧૪૦૧ પોઈન્ટ સુધી દરેક કર્મચારીને રૂા. ૨૦૦૦/-થી વધારી રૂા. ૩૦૦૦/-આપવામાં આવે કે કેમ ?

INDEX

(બી) ભિન્ન મોંઘવારી ભથ્થું (વી.ડી.એ.) ભિન્ન મોંઘવારી ભથ્થું હાલના રૂા. ૨.૭૦ના બદલામાં સી.પી.આઇ. પોઇન્ટ ૧૪૦૧ પછીના દરેક પોઇન્ટના રૂા. ૫.૦૦ના પ્રમાણે આપવા જોઈએ કે કેમ ?

(સી) દર વર્ષે કેન્દ્ર સરકારના અંદાજ પત્રની રજુઆત પછી વધતો ફુગાવો તેમજ આવશ્યક ચીજ વસ્તુઓની કિંમત/ભાવ વધતા હોય છે તેથી યુનિયન તેને સરભર કરવા નીચે જણાવ્યા પ્રમાણેની છટક બારીનું બંધન (એસકેલેશન ક્લોઝ) મૂકે છે.

વર્ષ	મોંઘવારી ભથ્થાનો દર પ્રતિ પોઇન્ટ
૧.૭.૧૯૯૯	રૂા. ૫.૦૦
૧.૭.૨૦૦૦	રૂા. ૬.૦૦

માંગણી ક્રમાંક-૪ ઘરભાડા ભથ્થું (એચ.આર.એ.) :

મૂળ પગારના ૫૦ % લેખે ઘર ભાડા ભથ્થું ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૫ સીટી કોમ્પેન્સેટરી ભથ્થું (સી.સી.એ.) :

સીટી કોમ્પેન્સેટરી ભથ્થું કોઈપણ બંધન વગર મૂળ પગારના ૩૫ % લેખે આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૬ ધોલાઈ ભથ્થું :

દરેક કર્મચારીને દર મહિને રૂા. ૪૫૦/-પ્રમાણે ધોલાઈ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૭ પાળી ભથ્થું (શીફ્ટ એલાઉન્સ) :

(એ) જે કર્મચારીઓ પાળીમાં ફરજ બજાવે છે તેઓને નીચે જણાવ્યા પ્રમાણે પાળી ભથ્થું આપવું જોઈએ.

અ. નં.	પાળી (શીફ્ટ)	પાળી પ્રમાણે ભથ્થું
૧.	એ	રૂા. ૨૦/-
૨.	બી	રૂા. ૩૦/-
૩.	સી	રૂા. ૨૦/-

(બી) નિશ્ચિત પાળીની સામે પી.એચ. અને ઓવર ટાઈમનો સમાવેશ કરીને કર્મચારીઓને પાળી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

INDEX

(સી) જનરલ પાળીમાં કામ કરતો કર્મચારી જનરલ પાળી વત્તા બે કલાક રોકાય તો તેને પણ શિફ્ટ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

(ડી) પાળીના ભથ્થાની ગણતરી માટે શોર્ટ લીવને બાકાત રાખવામાં આવે કે કેમ ?

માંગણી ક્રમાંક-૮ વાહન ભથ્થું :

(એ) જે કર્મચારીઓ કંપનીના વાહન સુવિધાનો ઉપયોગ ન કરતાં હોય તેમને નીચે જણાવ્યા પ્રમાણે વાહન ભથ્થું આપવું જોઈએ.

અ. નં.	વાહન પદ્ધતિ	વાહન ભથ્થું (પ્રતિ માસ)
૧.	સાયકલ	રૂા. ૪૦૦/-
૨.	સ્કુટર/મોટર સાયકલ	રૂા. ૨૦૦૦/-
૩.	કાર	રૂા. ૩,૫૦૦/-

(બી) વાહન ભથ્થું પગારમાં ન આપતા અલગ વાઉચરથી આપવું જોઈએ કે કેમ ?

(સી) દરેક કર્મચારી પોતાની પસંદગી પ્રમાણે કોઇપણ વાહન પદ્ધતિના વાહનનું ભથ્થું મેળવવાને પાત્ર બનશે.

(ડી) હાલના કિલોમીટરના સ્લેબની મર્યાદાને બદલે સમાન દરે વાહન ભથ્થું આપવું કે કેમ ?

(ઇ) વખતો વખત વધતાં પેટ્રોલના ભાવ પ્રમાણે વાહન ભથ્થામાં પણ (એસ્કેલેશન ક્લોઝ પ્રમાણે) વધારો લાગુ કરવો કે કેમ ?

માંગણી ક્રમાંક-૯ કર્મચારીઓની અવેજીમાં કામ કરવા બદલ ભથ્થું :

કોઇપણ કર્મચારી રજા ઉપર હોય કે ન હોય ત્યારે કામની બદલીમાં ભથ્થું આપવું જોઇએ તે મૂળ પગારના ૨૦ ટકા પ્રમાણે આપવું કે કેમ ?

માંગણી ક્રમાંક-૧૦ વ્યવસાયિક વિકાસ ભથ્થું (પી. એસ. ડી.) :

વ્યવસાયિક વિકાસ ભથ્થું બધાંજ કર્મચારીઓને એક સરખું આપવું જોઇએ. હાલમાં મળતું પી. એસ. ડી. ભથ્થું જે રૂ. ૧૦૦/- પ્રતિ માસ છે તેને વધારીને રૂ. ૪૦૦/- પ્રતિ માસ આપવું જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૧૧ નાણાં ભથ્થું :

(એ) જે કર્મચારી કંપનીના નાણાંનો વહીવટ કરતો હોય તેને નીચે જણાવ્યા પ્રમાણે નાણાં ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

રૂા. ૪૦૦/- પ્રતિ માસ પ્રથમ કેશિયરને આપવા.

રૂા. ૩૦૦/- પ્રતિ માસ દ્વિતિય કેશિયરને આપવા.

રૂા. ૨૦૦/- પ્રતિ માસ તૃતિય કેશિયરને આપવા.

(બી) જે કર્મચારી પેટી કેશની વ્યવસ્થા સાથે સંબંધિત હોય તેઓને ઉચ્ચક પ્રતિ માસ રૂ. ૧૦૦/- લેખે નાણાં ભથ્થું આપવું કે કેમ ?

(સી) જે કર્મચારી પગાર વિતરણ / કવર ફિલિંગ સાથે સબંધિત હોય તેઓને રૂ. ૧૦૦/- પ્રતિ માસ નાણાં ભથ્થું આપવું કે કેમ ?

(ડી) જે કર્મચારી કેન્ટીન કુપન વિતરણ સાથે સંબંધિત હોય તેને પણ પ્રતિ માસ રૂા. ૧૦૦/- આપવા કે કેમ ?

માંગણી ક્રમાંક-૧૨ પ્રવાસ અને પડાવ/રોકાણ ભથ્થું :

(એ) મૂળ પગારને ધ્યાનમાં ન લેતા જે કર્મચારીઓ ઓફીસના કામ માટે બહાર ગામ જતા હોય તેઓને ઉચ્ચ દરજ્જાની સુવિધા આપવી જોઈએ કે કેમ ?

(બી) હાલના હોટલના દર અને પ્રવાસી ભથ્થા જન સંખ્યાને ધ્યાનમાં ન લેતા નીચે પ્રમાણે વધારાવા જોઈએ કે કેમ ?

- વાસ્તવિક હોટલ દર આપવા અને નાણાં ભથ્થું રૂા. ૪૦૦/-
- બધુંજ આવર્તી લેનારું એચ.એ. પ્રતિ દિન રૂા. ૭૦૦/-
- પ્રવાસ પદ્ધતિ : ૧. પ્રથમ કક્ષાનો પ્રવાસ/લકઝરી બસ
  ૨. સેકન્ડ એ.સી. સ્લીપર
  ૩. હવાઈ/વિમાન ઉડ્ડયન

નોંધ :

૧. મેટ્રોપોલીટન તેમજ કેપિટલ શહેરો માટે નાણાં ભથ્થું તેમજ બધુંજ આવર્તી લેનારું એચ. એ. ૪૦ ટકા વધારવું જોઈએ કે કેમ ?

૨. કોઈપણ મર્યાદાને ધ્યાનમાં રાખ્યા વગર વાહન (કન્વેયન્શ) ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૩ મનોરંજન ભથ્થું :

બધાજ કર્મચારીઓને રૂા. ૩૫૦/-પ્રતિ માસ મનોરંજન ભથ્થું ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી ક્રમાંક - ૧૪ અલ્પાહાર ભથ્થું :

જે કર્મચારીઓ કંપનીના કામ માટે બહાર જતા હોય તેઓને રૂા. ૨૦૦/- પ્રમાણે અલ્પાહાર ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૫ રસાયણ ભથ્થું :

બધાજ કર્મચારીઓને રૂા. ૨૦૦/- લેખે પ્રતિ માસ રસાયણ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૬ બાગાયત ભથ્થું :

બધાજ કર્મચારીઓને રૂા. ૨૫૦/- લેખે પ્રતિ માસ બાગાયત ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૭ ફાયર ફાઈટીંગ ભથ્થું :

સિક્યુરીટી ખાતાના કર્મચારીઓને પ્રતિ માસ રૂા. ૨૫૦/-પ્રમાણે ફાયર ફાયટીંગ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૮ શિક્ષણ ભથ્થું :

બધાજ કર્મચારીઓને રૂા. ૩૫૦/- પ્રતિ માસ પરચુરણ શિક્ષણ ખર્ચ પગારમાં આપવા જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૧૯ શિક્ષણ ખર્ચ ભરપાઈ :

(એ) રૂા. ૬૦૦૦/- પ્રતિ બાળક પ્રતિ વર્ષ શિક્ષણ ખર્ચ આપવું જોઈએ કે કેમ ?

(બી) ઉપરોક્ત ભથ્થું ત્રણ બાળકો સુધી આપવું જોઈએ કે કેમ ?

(સી) પરીક્ષામાં નપાસ થયેલ બાળકની બાબતમાં એક વાર છુટછાટ આપવી જોઈએ કે કેમ ?

(ડી) દર વર્ષે જુન મહિનામાં શિક્ષણ ભથ્થું ચુકવવું જોઈએ કે કેમ ?

(ઈ) શિક્ષણ ભથ્થું નર્સરી/પ્લે ગ્રુપ વર્ગ, અઢી વર્ષની ઉંમરના બાળક માટે આપવું જોઈએ કે કેમ ?

(એફ) જે કર્મચારીઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા હોય તેઓને પણ શિક્ષણ ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

(જી) શાળામાં લેવાતી કોમ્પ્યુટર શિક્ષણ માટેની ફી પૂર્ણ પણે ભરપાઈ કરી આપવી જોઈએ કે કેમ ?

(એચ) ટાઈપિંગ, સંગીત, ડાન્સીંગ જેની ખાનગી વર્ગમાં લેવાતી ફી ટ્યુશન ફી તરીકે ગણતરીમાં લેવી.

INDEX

માંગણી ક્રમાંક-૨૦ ખેલકૂદ ભથ્થું :

ખેલાડીઓને નીચે જણાવ્યા પ્રમાણે ખેલકૂદ ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

(એ) ખેલકૂદ ભથ્થું રૂા. ૨૦૦/-પ્રતિ માસ.

(બી) બહારગામના પ્રસંગે જી.એ.સી.એલનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓને પ્રથમ શ્રેણીનો હક્ક આપવો જોઈએ કે કેમ ?

(સી) કેન્દ્રીય અને રાજ્ય સ્તરના પ્રસંગો માટે ખાસ રજા આપવી જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૧ હાજરી બોનસ :

પી.એચ., વીકલી ઓફ તેમજ પૂર તથા કોમી રમખાણો આવરી લેતા ૨૩ દિવસની પ્રતિ માસ હાજરી હોય તેવા બધાજ કર્મચારીઓને રૂા. ૫૦૦/- લેખે હાજરી બોનસ આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૨ વિજળી અને ટેલીફોન બીલની ભરપાઈ :

(એ) બધાજ કર્મચારીઓને ૧૫૦ યુનિટ સુધી પ્રતિ માસ વિજ બીલની રકમ ભરપાઈ કરી આપવી જોઈએ કે કેમ ?

(બી) ઓછામાં ઓછા નિરધારીત દર પ્રમાણે ટેલીફોન બીલની રકમ ભરપાઈ કરી આપવી જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૩ વૈદ્યકીય લાભ :

(એ) હાલમાં પગારમાં આપવામાં આવતા વૈદ્યકિય લાભની રકમ બધાજ કર્મચારીઓને રૂા. ૧૦૦૦/- પ્રતિ માસ એક સરખી મળવી જોઈએ કે કેમ ?

(બી) હોસ્પીટલનો વૈદ્યકીય ખર્ચ ૧૦૦ ટકા આપવો જોઈએ કે કેમ ?

(સી) જે કર્મચારીઓને સારવાર અર્થે બહાર ગામ જવાની ડોક્ટર દ્વારા સલાહ આપવામાં આવે તો તેને અને તેની કાળજી/દરકાર રાખનારનો સંપૂર્ણ ખર્ચ ભરપાઈ કરી આપવો. જે કર્મચારીઓ લાબાં ગાળાના રોગ માટે ડોક્ટર દ્વારા પ્રમાણીત થયા હોય તેવા કર્મચારીઓને પગાર સાથેની ખાસ રજા આપવી જોઈએ કે કેમ ?

(ડી) જે કર્મચારી અને તેના આશ્રિત સભ્યો ટી.બી., કમળો, વગેરેથી પીડાતા હોય તેઓને રૂા. ૩૦૦/- પ્રતિ માસ, જ્યાં સુધી પૂર્ણપણે સાજા ન થાય ત્યાં સુધી આપવા જોઈએ કે કેમ ?

(ઈ) લાંબા ગાળાના રોગ ડોક્ટરે પ્રમાણિત કર્યા હોય તેને ગણતરીમાં લેવા જોઈએ કે કેમ ?

INDEX

(એફ) ત્રણ માસ કરતાં વધુ સમય માટે સારવારની જરૂર હોય તેવા રોગને લાંબો ગાળાના રોગ તરીકે ગણવા જોઈએ કે કેમ ?

(જી) કર્મચારીના આશ્રિત સભ્યો જેઓ કંપનીમાં નોંધાયેલ હોય તેવા આશ્રિત સભ્યો જે પણ જગ્યાએ રહેતા હોય તેઓને ખાસ (સ્પેશીયલ) કેશ બિલ ચુકવવું જોઈએ કે કેમ ?

(એચ) ચામડીના રોગો જેવા કે સોરાયશિસ, લીંનચેન્ટલેનસ, વિટિલીગો અને એકિઝમેટસ,ડર્મિટાઈહિસ, વિગેરે મેન્ટલ ડિસિઝઝ, લિવર ડિસિઝઝ જેવા કે સિરોસીસ ઓફ લિવર, પોર્ટલ હાઈપર ટેન્શન અને ક્રોર્નિક હિપાટાઈટિસ, વિગેરે. આંતરડાના રોગો જેવા કે અલ્સટેટિવ, કોલાઈટિસ, ક્રોન્સ ડિસિઝઝ અને માલ એબસોરપશન સિન્ડ્રોમ વિગેરે, શ્વસન ક્રિયાને લગતા રોગો, કિડનીના રોગો, ઓટોઈન્યુન રોગો, એન્ડ્રો ક્રાઈનલ સિસ્ટમને લગતા રોગો અને મહાબાલિઝમને લગતા ડિસઓર્ડર, બધાજ હૃદયને લગતા ડિસઓર્ડર, એઈડસ, વિગેરે લાંબાગાળાની બિમારી તરીકે ગણવા જોઈએ.

(આઈ) ડોક્ટર પ્રમાણિત કરેલ ફીઝીયોથેરાપીનો સારવાર ખર્ચ પૂર્ણપણે ભરપાઇ કરી અપવો જોઈએ કે કેમ ?

(જે) આવકની કોઈપણ મર્યાદા રાખ્યા સિવાય કર્મચારીઓના માતા-પિતા અને બેરોજગાર કોઈપણ ઉંમરના બાળકોને વૈદ્યકિય લાભ માટે આવરી લેવા જોઈએ. એપ્રેન્ટીશ તેમજ કોન્ટ્રાકટ સર્વિસમાં કામ કરતાં ને બેરોજગાર તરીકે ગણવા જોઈએ કે કેમ ?

(કે) વૈદ્યકીય લાભ માટેની કર્મચારીઓના માતા-પિતાની આવકની કલમ જે પ્રતિ માસ રૂા. ૧,૫૦૦/- નિરધારીત કરેલ છે તે નાબૂદ કરવી જોઈએ કે કેમ ?

(એલ) અકસ્માતને લીધે ઉદભવેલ દાંતની સારવાર/સર્જરી અને કોસ્મેટીક સર્જરીને સ્પેશ્યલ કેસ તરીકે ગણી લેવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૪ કેન્ટીન સુવિધા :

(એ) કેન્ટીન કંપનીએ ચલાવી જોઈએ અથવા તો રૂા. ૨,૦૦૦/-પ્રતિ માસ કેન્ટિન ભથ્થાં તરીકે બધાજ કર્મચારીઓને ભરપાઈ કરી આપવા. આ ભરપાઈ રકમ કન્ઝુમર પ્રાઇઝ ઈન્ડેક્ષ સાથે સાંકળેલ હોવો જોઈએ કે કેમ ?

(બી) શાકાહારી તેમજ બિન-શાકાહારી ખોરાક કેન્ટિનમાં મળવો જોઈએ કે કેમ ?

(સી) કુપનની સામે દરેક પ્રકારની બેકરીની વસ્તુઓ સાથે ડ્રાય લંચ ફળો તેમજ ઠંડા પીણા મળવા જોઈએ કે કેમ ?

INDEX

(ડી) કંપની કર્મચારી તેમજ કોન્ટ્રાક્ટ લેબર સહિત કોઈપણ મર્યાદા રાખ્યા વગર કેન્ટિન કુપન દરેકને આપવી જોઈએ કે કેમ ?

(ઈ) કેન્ટિનમાં ગુણવત્તા, જથ્થો તેમજ સમયનું કડકપણે પાલન થવું જોઈએ કે કેમ?

(એફ) પાળીમાં કામ કરતા કર્મચારીઓને કેન્ટિનમાં જમવાની છુટ આપવી જોઈએ કે કેમ ?

(જી) દરેક પેઈડ હોલીડેના દિવસે કંપનીમાં કામ કરતા કર્મચારીઓને કેન્ટિનમાં વિના મૂલ્યે સ્પેશ્યલ લંચ મિઠાઈ સહિત આપવું જોઈએ કે કેમ ?

(એચ) સૂકા તેમજ લીલા નાસ્તાનું વજન ૭૦ ગ્રામથી વધારીને ૧૦૦ ગ્રામ કરવું જોઈએ કે કેમ ?

(આઈ) જી શિફ્ટ તેમજ શિફ્ટના કર્મચારીઓને કેન્ટિન કુપનની રકમની ભરપાઈ એક સરખી કરવી જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૫ એલ.ટી.એ. /એલ.ટી.સી. :

(એ) ત્રણ બેઝીક પગાર અને ત્રણ મોંઘવારી ભથ્થું (ડી.એ.) પ્રતિ વર્ષ પ્રમાણે એલ.ટી.એ. આપવું જોઈએ કે કેમ ?

(બી) એલ.ટી.સી. (હોમ ટાઉન) પ્રતિ વર્ષે એક વાર આપવું કોઈપણ ફેરફાર કર્યા વગર આ હક્ક આશ્રિત સભ્યોને મળતો રહેવો જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૬ મકાન (ઘર) બાંધવા માટે લોન :

(એ) ૧૦૦ બેઝીક પગાર અને ડી.એ.ના મુલ્ય બરાબર લોન આપવી જોઈએ કે કેમ ?

(બી) કંપનીના ફંડમાંથી લોન આપવી જોઈએ કે કેમ ?

(સી) એક કલ્યાણકારી પ્રવૃત્તિ તરીકે માકન બાંધવા લોન વ્યાજ મુક્ત હોવી જોઈએ કે કેમ ?

(ડી) ૩૬૦ સમ ભાગ હપ્તામાં અથવા તો નિવૃત્તિ સમયે લોનની ભરપાઈ થાય તેવો સમયગાળો નક્કી કરવો જોઈએ કે કેમ ?

(ઈ) કાયમી દરેક કર્મચારીને મકાન લોન માટે હક્કદાર ગણવા જોઈએ કે કેમ ?

(એફ) જોઈતા કાગળો/પુરવા આપ્યા બાદ ૩૦ દિવસમાં લોન મળવી જોઈએ કે કેમ ?

(જી) શરૂઆતનો હપ્તો અથવા તો જમીન મેળવવા માટે રૂ. ૫૦,૦૦૦/- એડવાન્સ જરૂરત મંદ કર્મચારીને અગાઉથી આપવા જોઈએ કે કેમ ?

(એચ) ભારતમાં કોઈપણ જગ્યાએ મકાન માટે કર્મચારીને પરવાનગી આપવી જોઈએ કે કેમ ?

(આઈ) પહેલી લોનના પાંચ વર્ષ બાદ વધારાના બાંધકામની લોન માટે કર્મચારી હક્કદાર બનવો જોઈએ. એ લોનની જોગવાઈ કંપની ફંડમાંથી કરવી જોઈએ કે કેમ ?

(જે) બધાજ કર્મચારીઓને વધારાના બાંધકામની લોન વ્યાજ મુક્ત ધોરણે આપવી જોઈએ કે કેમ ?

(કે) ૨૪૦ ઈ.એમ. આઈ. હપ્તા ભરપાઈ થયા પછી બાકી પડતી લોન માફ કરી દેવી જોઈએ કે કેમ ?

(એલ) જ્યાં વધારાના બાંધકામ માટેની લોન આપવી શક્ય ન હોય ત્યાં મકાનના સમારકામ, ફેરફાર, સુધારો કરવા આપી તેને વધારાના બાંધકામની લોન ગણવી જોઈએ કે કેમ ?

(એમ) જે કર્મચારીઓએ સંપૂર્ણ ઈ. એમ. આઈ. (પ્રિન્સપલ અને સંપૂર્ણ વ્યાજ) ચૂકતે કર્યુ હોય તેઓને ભરપાઈ કરેલ કુલ વ્યાજ કંપનીએ ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૭ : વાહન લોન :

બધાજ કર્મચારીઓને વાહન લોન નીચે જણાવ્યા પ્રમાણે આપવી જોઈએ.

(એ) વાહનની વાસ્તવિક કિમત જેટલી ૧૦૦ ટકા લોન આપવી જોઈએ કે કેમ ?

(બી) વાહન લોન વ્યાજ મુક્ત હોવી જોઈએ કે કેમ ?

(સી) ફંડની અછતને લીધે કોઈપણ કર્મચારીને વાહન લોનથી વંચિત ન રાખવો જોઈએ કે કેમ ?

(ડી) પહેલી લોનના પાંચ વર્ષ પછી બધા કર્મચારીઓને બીજ લોન વાહનની કિમતના ૧૦૦ ટકા આપવી જોઈએ કે કેમ ?

(ઈ) કોઈપણ કર્મચારી મોડેલના વાસ્તવિક કિમત કરતાં ઓછી લોન લેવા માંગતો હોય તો તેને આપવી જોઈએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૨૮ લગ્ન : (મેરેજ) લોન :

નીચે જણાવ્યા પ્રમાણે બધાજ કર્મચારીઓને લગ્નની લોન આપવી.

એ) પોતાના લગ્ન માટે રૂા. ૫૦,૦૦૦/-

બી) દિકરાના લગ્ન માટે રૂા. ૭૫,૦૦૦/-

સી) દિકરીના લગ્ન માટે રૂા. ૧,૦૦,૦૦૦/-

ડી) મેરેજ લોન વ્યાજ મુકત હોવી જોઇએ અને તેની ભરપાઇ કર્મચારીની નિવૃતિ સુધી એક સરખા હપ્તા વસુલ કરવી જોઇએ કે કેમ?

માંગણી ક્રમાંક-૨૯ ફર્નિચર લોન :

બધાં જ કર્મચારીઓને નીચે જણાવ્યા પ્રમાણે ફર્નિચર લોન આપવી જોઇએ કે કેમ?

એ) રૂા. ૭૫,૦૦૦/- ફર્નિચર લોન તરીકે આપવા જોઇએ કે કેમ?

બી) ઉપરોક્ત લોનની વસુલાત નિવૃતિ સુધી એક સરખાં હપ્તામાં કરવી જે વ્યાજ મુકત હોવી જોઇએ કે કેમ?

માંગણી ક્રમાંક-૩૦ કુદરતી આફતો માટે લોન :

કુદરતી આફતો જેવી કે વાવાઝોડું, ભારે વરસાદ, ભૂકંપ, આગ, વગેરેથી કર્મચારીઓને અનઅપેક્ષિત આર્થિક નુકશાનના ભોગ બન્યા હોય તેમને કંપનીએ નીચે જણાવ્યા પ્રમાણે લોન આપવી જોઇએ કે કેમ?

એ) લોન વાસ્તવિક કિમતના ખર્ચની ગણતરી કરી આપવી જોઇએ કે કેમ?

બી) ઉપરોક્ત લોનની વસુલાત નિવૃતિ સુધી એક સરખાં હપ્તામાં કરવી જે વ્યાજ મુકત હોવી જોઇએ.

માંગણી ક્રમાંક-૩૧ ધાર્મિક બાબતો માટે લોન :

એ) ધાર્મિક વિધિ જેવી કે વાસ્તુ પૂજા, જનોઇ, સુન્નત તેમજ ખ્રિસ્તી ધાર્મિક વિધીઓ માટે રૂા. ૩૫,૦૦૦/- લોન આપવી જોઈએ.

બી) ઉપરોક્ત લોનની વસુલાત નિવૃતિ સુધી એક સરખાં હપ્તામાં કરવી જે વ્યાજ મુકત હોવી જોઈએ કે કેમ?

માંગણી ક્રમાંક-૩૨ ઉચ્ચ ભણતર માટે લોન :

એ) ઉચ્ચ શિક્ષણ લેવા માટે પેમેન્ટ તરીકે અપાતી રકમ લોન તરીકે આપવી જોઈએ કે કેમ?

બી) કોઈપણ જગ્યાએ સ્કુલ/કોલેજમાં દાખલ થવા ઉપરોક્ત લોન આપવી જોઈએ કે કેમ?

સી) ઉપરોક્ત લોનની વસુલાત નિવૃતિ સુધી એક સરખાં હપ્તામાં કરવી જે વ્યાજ મુકત હોવી જોઈએ કે કેમ?

INDEX

માંગણી ક્રમાંક-૩૩ ફૂડ ગ્રેઈન એડવાન્સ :

એ) બધાજ કર્મચારીઓને પ્રતિ વર્ષ નવેમ્બર મહિનામાં રૂા. ૧૦,૦૦૦/- ફૂડ ગ્રેઈન એડવાન્સ આપવા કે કેમ?

બી) ફૂડ ગ્રેઈન એડવાન્સમાં ૫૦ ટકા માફી આપવી જોઈએ કે કેમ?

માંગણી ક્રમાંક-૩૪ કુટુંબ નિયોજન પારિતોષિક :

જે કમચારી પુરૂષ/સ્ત્રી કુટુંબ નિયોજન માટેની શસ્ત્રક્રિયા કરાવી હોય તેઓને નીચે જણાવ્યા પ્રમાણે પારિતોષિક આપવું જોઈએ.

એ) કુટુંબ નિયોજન પારિતોષિક એક સંતાનની હયાતી બાદ કરાવેલ શસ્ત્ર ક્રિયા પછી રૂા. ૧૦,૦૦૦/- આપવું જોઈએ કે કેમ?

બી) કુટુંબ નિયોજન પારિતોષિક બે સંતાનની હયાતી બાદ કરાવેલ શસ્ત્ર ક્રિયા પછી રૂા. ૭,૦૦૦/- આપવું જોઈએ કે કેમ?

સી) કુટુંબ નિયોજન પારિતોષિક ત્રણ સંતાનની હયાતી બાદ કરાવેલ શસ્ત્ર ક્રિયા પછી રૂા. ૪,૦૦૦/ આપવું જોઈએ કે કેમ?

ડી) પોતાની કે બીજી જાતિની કુટુંબ નિયોજનની શસ્ત્ર ક્રિયા માટે ૧૫ દિવસની ખાસ રજા આપવી જોઈએ કે કેમ?

માંગણી ક્રમાંક-૩૫ નિવૃતિ/સ્વૈચ્છિક નિવૃતિ લાભ :

નીચે જણાવ્યા પ્રમાણે માર્ગદર્શનમાં સ્વૈચ્છિક નિવૃતિ તેમજ નિવૃતિ યોજના દાખલ કરવી જોઈએ કે કેમ?

એ) ૫૦ વર્ષની વય પછી સ્વૈચ્છિક નિવૃતિ માટે મંજૂરી આપવી જોઈએ કે કેમ ?

બી) જી. એ. સી. એલ. માં ૧૫ વર્ષની ફરજ બાદ સ્વૈચ્છિક નિવૃતિ માટે મંજૂરી આપવી કે કેમ ?

સી) કર્મચારીના નજીકના સગાને તેની લાયકાત પ્રમાણે જી. એ. સી. એલ. માં નોકરી આપવી જોઈએ કે કેમ ?

ડી) એક વર્ષની નોકરી પૂર્ણ કર્યા બાદ ત્રણ મહિનાનો પગાર ગ્રેજ્યુઈટીમાં ગણત્રી કરવી જોઈએ કે કેમ ?

ઈ) કર્મચારી તેમજ તેની પત્નિને બાકીની જિંદગી માટે રૂા. ૨/- લાખ ઉચ્ચક રકમ વૈદ્યકીય ખર્ચ તરીકે આપવા જોઈએ. આ રકમ નિવૃતિ વખતે ચુકતે કરવી જોઈએ કે કેમ ?

INDEX

એફ) નિવૃતિ વખતે મળતી રકમ ઉપર કોઈપણ પ્રકારનો કર કપાત થવી જોઈએ નહિ કે કેમ ?

જી) બાકી નિકળતી બધીજ રકમ કર્મચારીની છેલ્લા દિવસની હાજરીના દિવસે ચૂકતે થવી જોઈએ કે કેમ ?

એચ) ૬ મહિના કરતા વધારે કરેલ નોકરીને એક સંપૂર્ણ વર્ષ તરીકે ગણવું જોઈએ દા. ત. કોઈપણ કર્મચારી ૯ વર્ષ અને ૭ મહિના પૂર્ણ કર્યા હોય તો તેને ૧૦ વર્ષ ગણવા જોઈએ કે કેમ ?

આઈ) નિવૃત થતા કર્મચારીઓ માટે એક દિવસના પગારની પદ્ધતિ લાગું કરવી. એક મહિનાના પગારમાંથી એક દિવસના પગારની કપાત જાળવી રાખવી: જો એક મહિનામાં બે કર્મચારી નિવૃત થતા હશે તો નિવૃતિ સમયે તેની ચૂકવણી કંપની દ્વારા કરવામાં આવે અને તેની કપાત બે માસમાં કર્મચારીના પગારમાંથી કપાત કરવી જોઈએ કે કેમ ?

જે) કંપની તરફથી પણ એક દિવસના પગાર જેટલી રકમ આપવી જોઇએ. એક દિવસનો પગાર જ્યાં લાગુ પડતો હશે ત્યાં અસ્તિત્વમાં લાવવો જોઇએ કે કેમ ?

કે) સ્વૈચ્છિક નિવૃતીમાં કર્મચારીને માસીક પગારના ૫૦ ટકા બાકી પડતાં ૬૦ વર્ષની ઉંમર સુધી આપવા જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક - ૩૬ પરોપકારી (બેનોવેલ્ટન્ટ) ફંડ :

(એ) પરોપકારી ફંડની રકમ રૂા. ૫૦,૦૦૦/- સુધી વધારવી જોઈએ કે કેમ ?

(બી) કંપનીમાં ભરતી થયે તરત જ પરોપકારી ફંડનું સભ્ય પદ ફરજીયાત કરવું જોઈએ કે કેમ ?

(સી) કર્મચારીના મૃત્યુ બાદ ૨૪ કલાકમાં તેના કુટુંબીજનોના સભ્યોને રૂા. ૧૦,૦૦૦/ આપવા તે સાથે પર્શનલ ખાતાના જવાબદાર વ્યકિત એક વાહન સાથે જ્યાં સુધી સ્મશાન વિધિ પતે ત્યાં સુધી હાજરી આપવી.

(ડી) કર્મચારીના નજીકના સભ્યને તેની લાયકાત પ્રમાણે જી.એ.સી.એલ. માં નોકરી આપવી જોઈએ કે કેમ ?

(ઈ) ''પરોપકારી ફંડ'' ના બીજા બધાજ ધારધોરણો ફેરફાર કર્યા વિના ચાલુ રાખવા જોઈએ કે કેમ ?

INDEX

માંગણી ક્રમાંક - ૩૭ ગણવેશ :

(એ) બધાજ કર્મચારીઓને ચાર જોડી ગણવેશ આપવો જોઈએ કે કેમ ?

(બી) બધાજ સ્તરના કામદારો માટે ગણવેશની ગુણવત્તા એક સમાન હોવી જોઈએ એટલે કે ૬૭ ટકા પોલીયેસ્ટર અને ૩૩ ટકા કોટન/વિસકોસ પેન્ટ માટે અને શર્ટીંગ માટે ૬૫ ટકા પોલીયેસ્ટર અને ૩૫ ટકા કોટન/વિસકોસ.

(સી) કાપડની ગુણવત્તા ફેરબદલ કર્યા વગર જાળવી રાખવી.

(ડી) પ્રતિ શર્ટ માટે ૨.૫૦ મીટર અને પેન્ટ માટે ૧.૩૦ મીટર કાપડ આપવું જોઈએ કે કેમ ?

(ઈ) સીક્યુરીટી ગાર્ડને જરૂરીયાત પ્રમાણે કાપડનો જથ્થો આપવો જોઈએ કે કેમ ?

(એફ) રૂા. ૩૫૦/- પ્રતિ જોડી લેખે સિલાઈ ખર્ચ આપવો જોઈએ કે કેમ ?

(જી) બધાજ કર્મચારીઓને ૬ જોડી મોજાં ગણવેશમાં સામેલ કરી આપવા જોઈએ કે કેમ ?

(એચ) પેઇડ હોલીડે અને જન્મ દિવસે ગણવેશ પહેરવામાં મુક્તી આપવી જોઇએ કે કેમ?

(આઇ) સફારીના બદલામાં સુટ માટે રૂા. ૫૦૦૦/- બધાજ કર્મચારીઓને સિલાઇ ખર્ચ સાથે આપવા જોઇએ કે કેમ ?

(જે) બધાજ કર્મચારીઓને પ્રતિ વર્ષ વુલન જર્સી આપવી જેની કિંમત રૂા. ૧૦૦૦/-થી ઓછી ના હોય.

(કે) બધાજ કર્મચારીઓને પ્રમાણિત કંપનીના સિવિલ સુઝ દર વર્ષ આપવા જેની કિંમત રૂા. ૧૦૦૦/-થી ઓછી ના હોય.

(એલ) બધાજ કર્મચારીઓને રેઇની સુટ (ટ્રાઉઝર અને પેન્ટ) દર વર્ષે આપવા જેની કિંમત રૂા. ૧૦૦૦/-થી ઓછી ના હોય.

(એમ) બધાજ કર્મચારીઓને ગમ બુટ અને રેઇની સુઝ પ્રતિ વર્ષ આપવા કે કેમ ?

(એન) એન્જીનીયરીંગ ખાતાના કર્મચારીઓને ત્રણ જોડી બોઇલર સુટ તેમજ ક્યુ.સી.ડી. ખાતાના કર્મચારીઓને ત્રણ જોડી એપ્રોન આપવા જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૩૮ રજા :

બધાજ કર્મચારીઓને નીચે જણાવ્યા પ્રમાણે રજાઓ આપવી જોઇએ કે કેમ ?

(એ) પ્રતિ વર્ષ ૨૦ દિવસની કેઝ્યુલ રજા આપવી જોઇએ કે કેમ ?

(બી) દર વર્ષે ૨૦ દિવસની માંદગીની રજા આપવી જોઇએ કે કેમ ?

INDEX

(સી) દર વર્ષે પી.એલ. ૪૦ દિવસની રજા આપવી જોઇએ કે કેમ ?

(ડી) રાજ્ય સરકારે જાહેર કરેલ બધીજ રજાઓ આપવી જોઇએ કે કેમ ?

(ઇ) કર્મચારીએ લીધેલ કોઇપણ રજા ને વિકલી ઓફ કે પી. એચ. થી મુક્ત ગણવી જોઇએ કે કેમ ?

(એફ) એન્કેશમેન્ટની ગણતરી કુલ પગાર પર થવી જોઇએ કે કેમ ?

(જી) બધાજ કર્મચારીઓને મહિનામાં ૪ વખત ૪ કલાકની ઓછામાં ઓછી ૨ કલાક ના ટુકડમાં ટૂંકી રજા આપવી જોઇએ કે કેમ ?

(એચ) અઠવાડિક રજાને દિવસે જે કર્મચારીએ કામ કર્યું હોય તેને કોમ્પેન્સેટરી ઓફ આપવો જોઇએ કે કેમ ?

(આઈ) હાલની ૪ દિવસની પી. એલ. ની મર્યાદા ઘટાડીને ૨ દિવસની કરવી જોઇએ કે કેમ ?

(જે) કોમી રમખાણ / કુદરતી આપત્તી / કરફ્યુ, વગેરે ને લીધે કર્મચારી કામ પર હાજર ના રહી શકે તો તેને ખાસ રજા આપવી.

(કે) નિયુક્ત કરેલ બસ સ્ટોપ પર કંપનીનું વાહન ન આવે તો રહી ગયેલ કર્મચારીને ખાસ રજા આપવી જોઇએ કે કેમ ?

(એલ) બધાજ કર્મચારીઓને પેટરનેટીવ (પીતૃત્વ) લીવ ૬ દિવસની આપવી કે કેમ ?

(એમ) પરીક્ષાના દિવસો દરમ્યાન બધાજ કર્મચારીઓને ભણવા માટેની રજા આપવી જોઇએ કે કેમ ?

(એન) રક્તઃ દાન માટે ૧ દિવસની ખાસ રજા આપવી જોઇએ કે કેમ ?

(ઓ) સી. એલ. અને એસ. એલ. ના હોય તેવા કિસ્સામાં કર્મચારીને કોઇપણ મર્યાદા વગર પી. એલ. આપવી જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક -૩૯ મંડળે પાછી ખેંચેલ છે.

માંગણી ક્રમાંક -૪૦ ઉત્પાદન સાથે જોડાયેલ બોનસ :

નીચેના જણાવ્યા અનુસાર ઉત્પાદન સાથે જોડાયેલ બોનસની ગણતરી કરવી.

(એ) કોસ્ટીક સોડાના ઉત્પાદન સામે ઉત્પાદન સાથે જોડાયેલ બોનસની ગણતરી કરવી જોઇએ કે કેમ ?

(બી) મુકરર ઉત્પાદન સાથે જોડાયેલ બોનસ. બધાજ કર્મચારીઓને રૂા. ૧૭૦૦૦/- પ્રતિ વર્ષ ૧.૫ લાખ ટન કોસ્ટિક સોડાના ઉત્પાદન સુધી ઉચ્ચક રકમ સ્થિર રાખવી. ઉપરોક્ત રકમમાં ભવિષ્યમાં વધારો કરવા માટે યુનિયન અને મેનેજમેન્ટની મંજૂરી સિવાય ફેરફાર થઇ શકશે નહિ.

INDEX

(સી) ઉપર સિવાયના વધારાના ઉત્પાદન માટે પ્રતિ ટન દિઠ રૂા. ૧ પ્રમાણે બોનસ દરેક કર્મચારીને આપવાનું રહેશે કે કેમ ?

(ડી) ઉત્પાદનની ગણતરી માટે કામનું બંધ થવુ, માર્કેટીંગ ખાતાની હડતાળ અને કાચા માલની અછતને ગણતરીમાં ન લેવું જોઇએ કે કેમ ?

(ઇ) જો યુનિયનને મેનેજમેન્ટમાં દરેક જગ્યાએ તથા બોર્ડ ઓફ ડાયરેકટરમાં સરખા અધિકારો અને સત્તા મળે તો યુનિયન ઉત્પાદન સાથે જોડાયેલ બોનસ પધ્ધતિ દાખલ કરવા સંમત થશે કે કેમ ?

માંગણી ક્રમાંક - ૪૧ દીર્ઘકાલિન સેવા માટે પુરસ્કાર :

દીર્ઘકાલીન સેવા પુરસ્કાર માટે ચાલુ પધ્ધતિને બદલે નીચે મુજબના સુધારા સાથે અમલ કરવો જોઇએ કે કેમ ?

૧. ૧૦ વર્ષ પુરા થયે ૫૦૦ ગ્રામ ચાંદીનો સિક્કો અને બે ઇજાફા
૨. ૧૫ વર્ષ પુરા થયે ૬૦૦ ગ્રામ ચાંદીનો સિક્કો અને ત્રણ ઇજાફા
૩. ૨૦ વર્ષ પુરા થયે ૭૦૦ ગ્રામ ચાંદીનો સિક્કો અને ચાર ઇજાફા
૪. ૨૫ વર્ષ પુરા થયે ૨૫ ગ્રામ સોનાનો સિક્કો અને પાંચ ઇજાફા
૫. ૩૦ વર્ષ પુરા થયે ૩૦ ગ્રામ સોનાનો સિક્કો અને છ ઇજાફા
૬. ૩૫ વર્ષ પુરા થયે ૪૦ ગ્રામ સોનાનો સિક્કો અને સાત ઇજાફા
૭. ૪૦ વર્ષ પુરા થયે ૪૦ ગ્રામ સોનાનો સિક્કો અને આઠ ઇજાફા

માંગણી ક્રમાંક - ૪૨ પ્રમોશન (બઢતી) પધ્ધતિ :

હાલની પ્રમોશનની પદ્ધતિમાં કેટલા કર્મચારીઓને થઇ રહેલ અન્યાયને દુર કરવા તેમાં સુધારો જરૂરી છે.

(એ) દરેક કર્મચારીને હાલના હોદ્દામાં પાંચ વર્ષ પુરા થયે ઉપરના હોદ્દા ઉપર બઢતી આપવી જોઇએ કે કેમ ?

(બી) બઢતીના સમયે હાલ અપાતા બે ઇજાફા સામે પાંચ ઇજાફા આપવા જોઇએ કે કેમ ?

(સી) હાલની બઢતી પદ્ધતિના આધારે શૈક્ષણિક લાયકાતના અભાવના કારણે કર્મચારીને બઢતી મળતી નથી આવા લોકો માટે કોઇ પ્રગતિનો માર્ગ નથી જે બીજા સમાન હોદ્દાના કર્મચારી સાથે સમાવેશ થયેલ છે આના કારણે ઓછી શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્મચારીઓની કારકીર્દીનો વિકાસ વહેલો રોકાઇ જાય છે અને હતાશા જન્મ લે છે.

યુનિયન નીચે દર્શાવ્યા મુજબ નવા હોદ્દાઓ અને માર્ગદર્શિકાઓ દાખલ કરવા ધારે છે જેનાથી ઉપરોક્ત સમસ્યાનું નિવારણ થાય.

ગ્રેડ	**નવો હોદ્દો**
૨૧૫૦-૪૮૦૦	એક્સપર્ટ ડ્રાયવર, એક્સપર્ટ પે લોડર ડ્રાયવર કમ ઓપરેટર, સીની.હેડ લેબ ટેકનીશીયન, સીની. મોસ્ટ નાયક, સીની. મોસ્ટ રીગર, સીની.મોસ્ટ પ્લમ્બર, સીની. મોસ્ટ કારપેન્ટર, સીનીમોસ્ટ મેશન, ગ્રાન્ડ દફતરી, ગ્રાન્ડ વે બ્રીજ ઓપરેટર, ગ્રાન્ડ ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ, ગ્રાન્ડ પ્યુન, ગ્રાન્ડ હેલ્પર, ગ્રાન્ડ ટી બોય કમ પ્યુન, વિગેરે
૧૯૦૦-૪૧૫૦	સીની. હેડ ડ્રાયવર,સીની. પે લોડર ડ્રાયવર કમ ઓપરેટર, હેડ લેબ ટેકનીશીયન, સીની. હેડ નાયક, સીની.હેડ રીગર, સીની હેડ પ્લમ્બર, સીનીહેડ કારપેન્ટર, સીની હેડ મેશન, સીની. મોસ્ટ દફતરી, સીનીમોસ્ટ વે બ્રિજ ઓપરેટર, સીની મોસ્ટ ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ., સીની. મોસ્ટ પ્યુન, ગ્રેડ-૧, સીની મોસ્ટ હેલ્પર ગ્રેડ-૧, સીની. મોસ્ટ ટી બોય કમ પ્યુન ગ્રેડ-૧, વિગેરે.
૧૭૦૦-૩૮૦૦	હેડ ડ્રાયવર, પે લોડર ડ્રાયવર કમ ઓપરેટર, સીની લેબ ટેકનીશીયન, હેડ નાયક, હેડ રીગર, હેડ પ્લમ્બર, હેડ કારપેન્ટર, હેડ મેશન, સીની. હેડ દફતરી, સીની. હેડ વે બ્રિજ ઓપરેટર, સીની હેડ ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ., સીની. મોસ્ટ પ્યુન, સીની મોસ્ટ હેલ્પર, સીની. મોસ્ટ ટી બોય કમ પ્યુન, વિગેરે.
૧૫૫૦-૩૮૩૦	માસ્ટર પ્યુન, ડ્રાયવર ગ્રેડ ૧, લેબ ટેકનીશીયન, સીની. નાયક, સીની. રીગર, સીની. પ્લમ્બર, સીની કારપેન્ટર, સીની. મેશન, જુનીયર પે લોડર ડ્રાઇવર કમ ઓપરેટર, સીની. હેડ પ્યુન, સીની હેડ હેલ્પર, સીની. હેડ ટી બોય કમ પ્યુન, સીની. હેડ વે બ્રિજ ઓપરેટર, હેડ ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ., હેડ દફતરી વિગેરે.
૧૪૨૫-૩૫૨૫	હેડ પ્યુન, હેડ હેલ્પર, હેડ ટી બોય કમ પ્યુન, સીની વે બ્રીજ ઓપરેટર, સીની. ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ., સીની. દફતરી, નાયક, રીગર,. પ્લમ્બર, કારપેન્ટર, ડ્રાયવર ગ્રેડ-૨, જુન. લેબ ટેકનીશીયન, વિગેરે.
૧૩૦૦-૩૨૦૦	સીની. પ્યુન, સીની. હેલ્પર, સીની ટી. બોય કમ પ્યુન, વે બ્રિજ ઓપરેટર, ઝેરોક્ષ કમ ડી.એમ.ઓ., દફતરી, સીક્યુરીટી ગાર્ડ, વિગેરે.

INDEX

(ડી) ઉપરોકત કારણોને લીધે કેટલાક કર્મચારીઓને નોન-મેનેજમેન્ટ કેટેગરીમાંથી મેનેજમેન્ટ કેટેગરીમાં બઢતી મળતી નથી. જે ઉપરોકત માર્ગદર્શિકાઓને દાખલ કરવાથી નિવારી શકાય છે. આવી અલગ સ્તરની પધ્ધતિ એસ.એસ.સી. ફોરમેન અને બી.એસ.સી. ફોરમેનના કિસ્સામાં જી.એ.સી.એલમાં અમલમાં છે.

(ઇ) ટાઇપીસ્ટ કમ કલાર્ક અને કલાર્ક કમ ટાઇપીસ્ટ જ્યારે આસીસ્ટંટ કમ ટાઇપીસ્ટના હોદ્દા ઉપર બઢતી મેળવે ત્યારે ટાઇપીસ્ટ શબ્દ હોદ્દા માથી કાઢી નાખી ખાલી આસીસ્ટંટ રાખવું.

(એફ) વધારાની શૈક્ષણિક લાયકાત :

- જ્યારે કોઇ કર્મચારી પોતાના વિષયોમાં વધારાની શૈક્ષણિક લાયકાત મેળવે ત્યારે તે કંપનીના કામકાજમાં ફાયદો કરે તેવા કિસ્સામાં કંપનીએ સીનીયોરીટી તેમજ જગ્યા ખાલી ન હોય તો પણ ઉપલા હોદ્દા ઉપર બઢતી આપવી જોઇએ કે કેમ ?
- જો કોઇ કર્મચારી પોતાના કામ કરતા અન્ય શૈક્ષણિક લાયકાત મેળવે તો તેને ખાલી જગ્યા થાય ત્યારે બઢતીમાં અગ્રતા આપવી જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક-૪૩ નોકરીમાં અગ્રતાક્રમ :

કર્મચારીઓના પુત્ર/પુત્રીઓને ઓછી શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવ ન હોય તો પણ નોકરીમાં અગ્રતાક્રમ આપવો. જી.એ.સી.એલ.ની જરૂરીયાત હોય ત્યાં જે કર્મચારીના પુત્ર/પુત્રી ધંધો કરતા હોય તો તે ધંધામાં અગ્રતા આપવી જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક -૪૪ હંગામી બદલી :

(એ) હંગામી બદલીની અવધી એક મહીનાથી વધુ ન હોવી જોઇએ કે કેમ ?

(બી) હંગામી બદલીના લીધે ઉદ્દ્ભવતી અસુવિધાઓ માટે રૂા. ૨૦૦૦/-પ્રતિ માસ ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

માંગણી ક્રમાંક ૪૫ વચગાળાની રાહત :

કર્મચારીઓને જુલાઇ, ૧૯૯૯થી નીચે જણાવ્યા મુજબ વચગાળાની રાહત આપવી.

ગ્રેડ	**રકમ પ્રતિ માસ**
એસ-૧ થી એસ-૩	રૂા. ૩૦૦૦/-
એસ-૪ થી એસ-૬	રૂા. ૨,૮૦૦/-
એસ-૭ થી એસ-૯	રૂા. ૨,૫૦૦/-

INDEX

માંગણી ક્રમાંક-૪૬ ભરૂચ ખાતે રહેણાંકની સુવિધા :

(એ) કોલોની ખાતે દરેક પ્રકારના સમારકામ કંપની દ્વારા કંપનીના ખર્ચે થવું જોઇએ કે કેમ ?

(બી) મકાનની ફાળવણી અને તે સામે કરવામાં આવતી વસુલાત વિગેરે સમસ્યાઓ માટે દહેજ ખાતેના યુનિયનના પ્રતિનિધિઓને સામેલ કરીને અલગ સમિતિ બનાવવી જોઇએ કે કેમ ?

(સી) જે કર્મચારીઓને કંપનીની કોલોનીમાં મકાન ફાળવવામાં આવ્યું ન હોય તેમજ મકાન માટેની લોન સુવિધાથી વંચીત રહેલ કર્મચારીને રૂા. ૨૦૦૦/- પ્રતિમાસ વધારાનું ઘરભાડું આપવું કે કેમ ?

માંગણી ક્રમાંક-૪૭ સામાન્ય માંગણીઓ :

(એ) દરેક પ્રકારની સુરક્ષાની સામગ્રી સમયસર દરેક કર્મચારીઓને મળવી જોઇએ કે કેમ ?

(બી) બધા કર્મચારીઓને દર ત્રણ મહિને વિલ્સન બોલ પેન આપવી કે કેમ ?

(સી) બધા કર્મચારીઓને પ્રતિ વર્ષ આઠ નેપકીન આપવા જોઇએ કે કેમ ?

(ડી) બધા કર્મચારીઓને પ્રતિવર્ષ ચાર નાહવાના રૂમાલ આપવા કે કેમ ?

(ઇ) બધા કર્મચારીઓને ત્રણ લાઇફ બોય સાબુ પ્રતિમાસ આપવા કે કેમ ?

(એફ) બધા કર્મચારીઓને દર વર્ષે ડાયરી તેમજ કેલેન્ડર આપવા કે કેમ ?

(જી) બધા કર્મચારીઓને દર બે વર્ષે હેલ્મેટ આપવો જોઇએ કે કેમ ?

(એચ) બધા કર્મચારીઓને દર માસે બોલ પેન રીફીલ આપવી જોઇએ કે કેમ ?

(આઇ) બધા કર્મચારીઓને તેમના જન્મ દિવસે રૂા. ૫૦૧/- ભેટ આપવા જોઇએ કે કેમ ?

(જે) બધા કર્મચારીઓને આપવામાં આવતી કોઇપણ ભેટમાંથી કર કપાત કરવી નહી જોઇએ કે કેમ ?

(કે) કંપનીએ બંને યુનિટમાં યુનિયનને કોન્ફરન્સ ટેબલ, ઇન્ટર કોમ અને એકસ્ટરનલ ટેલીફોન સાથેની એ.સી. રૂમ વાળી ઓફીસ આપવી જોઇએ કે કેમ ?

(એલ) દરેક વસ્તુઓની ગુણવત્તા યુનિયનની સંમતીથી નકકી થવી જોઇએ કે કેમ ?

(એમ) બધા કર્મચારીઓને દર વર્ષે ઇન્ડસ્ટ્રીયલ સ્ટડી માટે ટુરમાં મોકલવા જોઇએ કે કેમ ?

INDEX

(એન) જી.એ.સી.એલ.ના દરેક યુનિટમાં રેસ્ટ રૂમની સગવડ ઉભી કરવી જોઇએ કે કેમ?

(ઓ) સેટલમેન્ટ, લીવ રૂલ્સ, મેડીકલ રૂલ્સ અન્ય ઓફીસ ઓર્ડરની કોપીઓની પુસ્તીકા દરેક કર્મચારીઓને આપવી.

(પી) આ સેટલમેન્ટ તા. ૧લી જુલાઇ, ૧૯૯૯ થી બે વર્ષ માટે દરેક પ્રોબેશનર્સ અને કાયમી કર્મચારીને લાગુ પડશે કે કેમ ?

(ક્યુ) હાલની બધી સગવડો કોઇપણ જાતના ફેરફાર કર્યા વગર ચાલુ રાખવી કે કેમ ?

(આર) એગ્રીમેન્ટ પર સહી થતા પહેલા ચાર્ટર ઓફ ડિમાન્ડમાં ઉમેરો કે ઘટાડો કરવાની સત્તા યુનિયનના પ્રતિનિધિઓને રહેશે કે કેમ ?

(એસ) યુનિયનના પ્રતિનિધિઓને કાર્ડ પંચીગ પધ્ધતિને બદલે રજીસ્ટરમાં સહી કરવાની પરવાનગી આપવી જોઇએ કે કેમ ?

(ટી) જો તા. ૧લી જુલાઇ, ૧૯૯૯ થી છ મહીનાની અંદર સેટલમેન્ટ ના થયું તો યુનિયન સુધારેલી માંગણીઓ સાથે અન્ય પગલાં લેવા માટે હક્કદાર બનશે કે કેમ ?

(યુ) જનરલ શિફટનો સમય સુધારી સવારે ૮.૩૦ થી સાંજના ૫.૦૦નો કરવો કે કેમ?

(વી) કલેરીકલ ખાતામાં કામ કરતા કર્મચારીઓને દર ત્રણ-ચાર વર્ષે ખાતા બદલી કરવી કે કેમ ?

(ડબ્લ્યુ) માસિક પગારમાં રજા વિનાની ગેરહાજરીના કિસ્સામાં કોઇપણ પ્રકારના ભથ્થાં કાપવા નહી કે કેમ ?

(એકસ) બધા કર્મચારીઓને દરેક સ્તરે સરખાં ભથ્થાં મળવા જોઇએ કે કેમ ?

(વાય) બધા કર્મચારીઓને દરેક સ્તરે સરખી લોન મળવી જોઇએ કે કેમ ?

(ઝેડ) અન્ય કોઇપણ વધારાની માંગણી પાછળથી અલગ રીતે રજુ કરવા યુનિયન હક્કદાર રહેશે કે કેમ ?

અમદાવાદ, તા.૧૧મી, ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશ્નર,
ગુજરાતરાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૩૯/૫.૫/આઇડીઆર/એજે/૭૯/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુ. ટ્રાન્સપોર્ટ સર્વિસ, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૧, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતાં એ.ટી.આઇ. કર્મચારીઓને એ.ટી.આઇ.માંથી સીનીયોરીટી મુજબ ટ્રાફીક ઇન્સપેક્ટરમાં પ્રમોશન આપવું જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૧મી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૪૦/૫.૫/આઇડીઆર/એજે/૮/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૧, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગમાં ફરજ બજાવતાં સેનેટરી ઇન્સ્પેકટર, કેટેગરી ઇન્સ્પેકટર, પબ્લીક બેલ્થ સુપરવાઇઝર તથા સેલટેક્ષ સુપ્રીટેન્ડન્ટના હોદ્દાના કર્મચારીઓને મળવાપાત્ર વાહન લોટના ૧% વાહન મેઇન્ટેન્સ પ્રતિમાસ પગાર સાથે વાહન ભથ્થામાં આકારવા/આપવા બાબતે જેનો અમલ વાહન લોન બતાવ્યા તારીખથી કરવો જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૪૧/૫.૫/આઇડીઆર/એજે/૨૭/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નંબર ૧, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગમાં શીડયુઅલ ૨૩/૩ અને ૨૩/૪ મુજબ મેલેરીયા સુપરવાઈઝર ૬ જગ્યા, મેલેરીયા ઈન્સ્પેકટર ૬ જગ્યા, મેલેરીયા સબ ઈન્પેકટર ૪૭ જગ્યા, સર્વે ઈન્વેસ્ટીગેટર્સ ૧૨૨ જગ્યા, હવાલદાર ૪૨ જગ્યા, ઈન્સેકટ કલેકટર ૪ જગ્યા, મેલેરીયા મજુર ૨૬૩ જગ્યાઓમાં ફરગ્યુભૂવી કંપનીના અહેવાલનો અમલ કરવે કરાવવો નહી, ઉપર જણાવેલ જગ્યાઓમાં કોઈ ફેરફાર કરવો નહીં તેમજ નોકરીની શરતોમાં ફેરફાર કરવો જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૪૭/૫.૫/આઇડીઆર/એજે/૮૪/૨૦૦૧ -નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હરિયાણા શીટ ગ્લાસ લી. અંકલેશ્વર અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

હરીયાણા શીટ ગ્લાસ લીમીટેડ, પ્લોટ નં. ૯૨૦૮-૯૨૧૩ જી.આઈ.ડી.સી., અંકલેશ્વર.

કન્સીલેશન કેસ નંબર :- ૭૪/૨૦૦૧

પરિશિષ્ટ

માંગણી નં. ૧ : હાલ મળતા બેઝીક પગારના ૩૦ % વાર્ષિક પગાર વધારો તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવો જોઈએ કે કેમ?

માંગણી નં. ૨ : ઘરભાડા ભથ્થું રૂા. ૭૦૦/- માસીક તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧થી આપવો જોઈએ કે કેમ?

માંગણી નં. ૩ : હાલ મળતા પગાર ઉપરાંત ટેક્ષટાઈલ મીલ કામદારોને મળતા ૧૦ % મોંઘવારી ભથ્થાના ૫૦ % મોંઘવારી ભથ્થું આપવા તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવા જોઈએ કે કેમ?

INDEX

માંગણી નં. ૪ : કનવેન્સ એલાઉન્સ દરેક કામદારને રૂા. ૩૦૦ /- માસીક તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૧થી આપવા જોઇએ કે કેમ?

માંગણી નં. ૫ : એલ. ટી. એ. દરેક કામદારને વર્ષે રૂા. ૩૦૦૦/- આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૬ : વોશીંગ એલાઉન્સ :- દરેક કામદારોને રૂા. ૨૫૦/- માસીક તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવા કે કેમ?

માંગણી નં. ૭ : યુનીફોર્મ :- દરેક કામદારને વર્ષે ૨ જોડી સારી ક્વોલીટીના યુનીફોર્મ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવા કે કેમ?

માંગણી નં. ૮ : દરેક કામદારને ૧ જોડી સેફટી શુઝ, ૧ જોડી ગમબૂટ, ૧ રેઇનકોટ અને ૧ સ્વેટર સારી ક્વોલીટીના આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૯ : ટી એલાઉન્સ :- બે ટાઇમ કંપનીના ખર્ચે ચા અથવા રૂા. ૨૫૦/-માસીક આપવા કે કેમ ?

માંગણી નં. ૧૦ : એટેન્ડેન્સ એલાઉન્સ ૨૪ દિવસની હાજરી ઉપર :- દરેક કર્મચારીને રૂા. ૧૫૦/- માસીક તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવા કે કેમ ?

માંગણી નં. ૧૧ : એજ્યુકેશન એલાઉન્સ :-દરેક કામદારને બાળક દીઠ રૂા. ૨૫૦/- માસીક તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ થી આપવા કે કેમ ?

માંગણી નં. ૧૨ : સ્પેશીયલ એલાઉન્સ :- દરેક કામદારને રૂા. ૩૦૦ /- માસીક તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૧થી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ : ૨૦ દિવસની હક્ક રજા દર વર્ષે આપવી કે કેમ ?
૧૦ દિવસની માંદગીની રજા દર વર્ષે આપવી કે કેમ ?
૧૦ દિવસની તહેવારની રજા દર વર્ષે આપવી કે કેમ ?
૧૦ દિવસની કેજ્યુઅલ રજા દર વર્ષે આપવી કે કેમ ?

માંગણી નં. ૧૪ : દરેક કામદારને ૫૦૦ મી. લી. દૂધ તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧થી રોજ આપવી કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૫૧/૫.૫/આઇડીઆર/એજે/૮૫/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૦/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૧) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૫૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મજુર કમિશનર, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, મજુર કમિશનર, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ ૧, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં કન્જરવન્સી કામગીરીમાં વોર્ડદીઠ એક સેનેટરી ઇન્સ્પેક્ટરની જગ્યા કાયમી ધોરણે ભરવી તથા ખાલી પડેલ જગ્યાઓ ઉપર નિયત તારીખથી પ્રમોશનને પાત્ર કર્મચારીઓને પ્રમોશન આપવું તથા પગારગ્રેડ ૫૫૦૦-૯૦૦૦નો આપવો જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૪મી ડીસેમ્બર, ૨૦૦૧.

સંજય પ્રસાદ,
મજુર કમિશનર,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૩૫૫૨/૫.૫/આઇડીઆર/એજે/૯૦/૨૦૦૧.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચાવડા અશોકભાઈ લવજીભાઈ ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૦/૨૦૦૧.- મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી નાયર રાજુભાઇ બાલાભાઇ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નાયર રાજુભાઇ બાલાભાઇને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૧/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી દાફડા અજયકુમાર લાખાભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા..........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દાફડા અજયકુમાર લાખાભાઈને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૨/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી સૈયદ માસુમરજાક આબિદઅલી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સૈયદ માસુમરજાક આબીદઅલીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૩/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી જેઠાભાઇ દાનાભાઇ રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જેઠાભાઇ દાનાભાઇ રાઠોડને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૪/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી પ્રવિણભાઈ ભલાભાઈ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા..........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રવિણભાઈ ભલાભાઈ પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૫/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી પટેલ અનિલ સુરેશચંદ્ર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પટેલ અનિલ સુરેશચંદ્રને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આર/ક/ /એજે/આઇડીઆર/૮૯૬/૨૦૦૧.– મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔધોગિક તકરાર સીટી એન્જી. વત્તા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને તેના કામદારશ્રી ભલાભાઇ વાઘજીભાઇ રાઠોડ વચ્ચેની છે.

અને હવે, ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. જી. મુખી, મદદનીશ મજુર કમિશનર, અમદાવાદ આથી મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા...........ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ ....થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભલાભાઇ વાઘજીભાઇ રાઠોડને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧લી ડીસેમ્બર, ૨૦૦૧.

જે. જી. મુખી,
મદદનીશ મજુર કમિશનર,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY, DEC., 5, 2002 / AGRAHAYANA 14, 1924 [No. 49

Separate paging is given to this part in order that it may be filed
as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત દ્વારા

વંચાણમાં લીધું :- (૧) ઔદ્યોગિક અદાલત, ગુજરાત, ગુજરાતના તા. ૧૦-૧-૨૦૦૨ના જાહેરનામા ક્રમાંક મકમ/૨/૪૪૬.

સુધારો

ક્રમાંક મકમ/૨/૨૦૦૨/૧૦૯૫૫.- આથી ઉપરોક્ત વંચાણે લીધેલ ઔદ્યોગિક અદાલત, ગુજરાતના તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૨ના જાહેરનામા પાના નં. ૧ ઉપર દર્શાવેલ પેરા (૨) મુજબ-

INDEX

(૨) નાતાલની રજાઓ :

સોમવાર, તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૨ થી રવિવાર તા. ૨જી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત)

ને બદલે

(૨) ગુરૂવાર, તા. ૨૬મી ડિસેમ્બર, ૨૦૦૨ થી ગુરૂવાર તા. ૨જી જાન્યુઆરી, ૨૦૦૩ સુધી (બંને દિવસો સહિત)

તેમ વાંચવુ.

માનનીય પ્રમુખશ્રીના હુકમથી,

અમદાવાદ, તા. ૮મી નવેમ્બર, ૨૦૦૨.

ની. ન. પટેલ,
રજિસ્ટ્રાર,
ઔદ્યોગિક અદાલત (ગુજરાત),
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૨-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધ અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સબંધ (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું (૧) રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટ (૨) નેશનલ ટેક્ષટાઈલ્સ કોપેરિશન, અમદાવાદ અને પ્રતાપસિંહ કે. બધોરા, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ ના ઓકટોબર માસના ૧૦ દિને આથી નોંધ કરું છું.

આંક-૧૮

રાજકોટની ઔદ્યોગિક અદાલતના સભ્યશ્રી એમ. પી. ચાવડા સમક્ષ

બિ. આઈ. આર. અપીલ. નંબર

[જુનો નંબર : ૧૨૦ / ૧૯૮૪]

નવો અપીલ નં.૧૮ / ૧૯૮૪.

પ્રતાપસિંહ કે. બધોરા, ... **અરજદારું**
C/O.શ્રી પી. એલ. વસાવડા એડવોકેટ,
ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

વિરૂધ્ધ

(૧) રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ., ... **સામાવાળા.**
યુનિટ આઠ એમ.ટી.સી. કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ.

(૨) નેશનલ ટેક્ષટાઈલ્સ કોપેરિશન,
આશ્રમ રોડ, પોષ્ટ ઓફીસ સામે, અમદાવાદ.

બાબત : બી. આઈ. આર.--એકટ ૧૯૪૬ ની કલમ-૮૪ મુજબ મજુર અદાલત રાજકોટે અરજી નં. ૧૩ / ૧૯૭૯ ના કામમાં તા. ૫મી જુન, ૧૯૮૪ ના રોજ કરેલા હુકમ વિરૂધ્ધની અપીલ :--

વકીલો :--
અરજદાર તરીકે :--એડવોકેટ શ્રી પી. એલ. વસાવડા
સામાવાળા તરીકે :--એડવોકેટ શ્રી એસ. બી. ગોગીયા.

INDEX

હુકમ

સદર અપીલ રાજકોટની પ્રથમ મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે તેમની સમક્ષ રહેલ અરજીનો નં. ૧૩/૭૯ ના કામમાં તા. ૫ મી જુન, ૧૯૮૪ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈ હાલની અપીલ કરેલ છે.

(૨) મજુર અદાલતનો હુકમ તા. ૬ઠ્ઠી જુન, ૧૯૮૪ ના રોજના પત્રથી અરજદારને મોકલેલ જે અરજદારને તા. ૧૧મી જૂન, ૧૯૮૪ના રોજ મળેલ છે અને તેથી સદર અપીલ ૩૦ દિવસની સમય મર્યાદામાં દાખલ કરેલ છે. જેની ટુંકમાં વિગતો જોઈએ તો,

(૩) અરજદાર સામાવાળા મીલમાં કલાર્ક તરીકે નોકરી કરતાં હતા. અપજદારને તા, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના હુકમથી તેઓની બે વર્ષની નોકરી બાદ ડીસચાર્જ કરવામાં આવેલ. સદર હુકમ અનેક કારણોસર અરજદારે ચેલેન્જ કરેલ છે. તેમાંનું એક કારણ અરજદારને સાંભળ્યાં વિનાં સદર હુકમ કરવામાં આવેલ છે. અરજદારને છુટો કરવાનું કોઈ કાયદેસરનું કારણ નથી. અરજદારને વીકટીમાઈઝ કરવામાં આવેલ હતો. અરજદારને ડીસચાર્જ કરતાં પહેલા કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ નથી. કરવામાં આવેલ હુકમ કુદરતી ન્યાયના સિદધાંતો વિરૂદ્ધનો છે. અને તેથી તે ગેરકાયદેસર છે. સામાવાળાનો બચાવ એવો છે કે, અરજદાર કે જેઓ કેન્ટીન ઈન્ચાર્જ હતા ત્યારે તેમના ખાતામાં નાણાંની શોકોઝ મળી આવેલ અને તે અરજદારે જાતે કબુલ કરેલ. જો નામદાર કોઈ એવા તારણ ઉપર આવે કે સામાવાળાનું કૃત્ય સજા રૂપ છે તો તેવા સંજોગોમાં અરજદારની ગેરવર્તણુંકને પુરવાર કરવા તક આપવા સામાવાળાએ માંગણી કરેલી પક્ષકારોએ તેમના દસ્તાવેજી અને મૌખિક પુરાવાઓ રજુ કર્યા બાદ રાજકોટની મજુર અદાલતે તેમનો નિર્ણય આપીને સામાવાળાના કૃત્યને યોગ્ય ઠરાવેલ. અને આપવામાં આવેલ હુકમ સીમ્પલ ડીસ્ચાર્જ ઠરાવેલ. અને તેથી સામાવાળાને આવો હુકમ કરવાની સત્તા છે તેમ ઠરાવેલ. અને તેથી આ હુકમથી નારાજ થઈ નીચે મુજબનાં કારણોસર હાલની અપીલ કરવામાં આવેલ છે.

(૪) મજૂર અદાલતનો પુર્વસ છે. કારણ કે ડીસચાર્જ હુકમ જ સ્પષ્ટ કરે છે કે કેન્ટીનમાં પૈસાની શોર્ટેજ હતી કે જેથી અરજદારની જવાબદારી થતી હતી. અને તેથી હુકમમાં સ્ટીગ્મા સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને તેથી સામાવાળાનું કૃત્ય જ અન્ય કાંઈ નહિ પણ સજાના રૂપે જ છે અને તેથી મજૂર અદાલતે ઉપરોક્ત સંજોગોને કારણે સીમ્પલ ડીસ્ચાર્જ ઠરાવવું જોઈતુ ન હતું. અને તેથી અરજદારની અરજી રદ કરવી જોઈતી ન હતી.

(૫) મજૂર અદાલતને અરજદારના સ્વૈચ્છિક સ્વીકારવાના કૃત્યના દલીલ ઉપર આધાર રાખેલ છે. પરંતુ અરજદારનો ગુનો કોઈપણ સંજોગોમાં જણાઈ આવતો નથી.

INDEX

(૬) એક તબક્કે માની લેવામાં આવે કે આપવામાં આવેલ હુકમ સીમ્પલ ડીસ્ચાર્જ હુકમ છે . છટણીના અર્થમાં સારીરીતે પ્રસ્થાપિત થયેલા પ્રમાણમાં કોઈ પણ પ્રકારનું છટણી વળતર આપવાની ઓફર કરેલ નથી અને તેથી સામાવાળાનું કૃત્ય આઈ. ડી. એક્ટનીકલમ ૨૫ એફ ના ભંગ સમાન છે. અને મજૂર અદાલતે ઉપરોક્ત પાસાનો જરાપણ વિચાર કરેલો નથી કે જે કેસની હકીકતો જોતાં કરવો જોઈતો હતો. કે જે રોજ રોજ મજૂર અદાલત સમક્ષ આ મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવે છે. મજુર અદાલતે એ પણ જોવું જોઈતું હતું કે આઈ. ડી. એક્ટની કલમ ૨૫-જી અથવા ૨૫ એફ, એચની જોગવાઈઓનો પણ ભંગ કરેલો છે કે કમ ? કે જેમાં આપણી નામ. હાઈકોર્ટ પણ આવા કેસમાં પુના: સ્થાપિત કરેલ છે. એક તબક્કે એમ માની લેવામાં આવે કે કરવામાં આવેલ કૃત્ય છટણીનું છે. તો પણ મંજુર અદાલતે એ જોવું જોઈતું હતું કે છટણી કરતાં પહેલાં નોટીસ પગાર આપવામાં આવેલ છે કે કેમ ? મજુર અદાલત સમગ્ર અભિગમ ભુલ ભરેલો છે. મજૂર અદાલતે તેમના આપેલા જજમેંટ ઉપર આધાર રાખવો હતો કે જે અપીલ કોર્ટ સ્ક્રુટીની કરશે. મજુર અદાલતનો કેસની હકીકતો અંગેની અભિગમ મીકેનિકલ તરીકેનો હતો નહિ કે ક્રિટીકલ સંબધિત કામદારના સ્વીકૃતિના કાર્યનો સંજોગો જોઈ, તપાસીને કરવામાં આવેલ. અરજદારે જવાબદારી ગણત્રી કરીને સ્વીકારવાની ખાત્રી આપેલ. પણ પૈસા ઓછા થવા અંગેની આપેલ નહિ.

(૭) મજૂર અદાતલનો હુકમ તેમ છતાં અયોગ્ય, ગેરકાયદેસરનો હોવાથી સેટ એલાઈટ કરવો જોઈએ કે જે પુરાવાનાં ભારથી વિરૂધ્ધનો અને કાયદાના પ્રસ્થાપિત નિયમોથી વિરૂધ્ધનો છે.

(૮) ઉપરોક્ત રજુ કરવામાં આવેલા કારણો તથા અપીલ ચાલે ત્યારે રજુ કરવામાં આવે તે કારણે ધ્યાને લઈને મજુલ અદાલતનો હુકમ રદ કરી સદર અપીલ મંજુર કરી અરજદારને પુન : સ્થાપિત યોગ્ય બેંક વેનીસ સાથે કરવો અથવા મજુર અદાલતને સદર કેસ કાયદાની જોગવાઈઓ મુજબ ચલાવવા પરત મોકલવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૯) આ કામમાં સામાવાળા મીલ કંપની તરીકે તા.૩૦મી ઓગષ્ટ, ૧૯૯૯ ના રોજ આંક ૧૫ થી અરજી આપી સામાવાળા મીલ કંપનીને બોમ્બે રીબક અંડર ટેકીંગ એક્ટ ૧૯૫૮ હેઠળ ૧ લી નવેમ્બર, ૧૯૯૯ સુધી મીલ સામે જુદી જુદી કોર્ટોમાં ચાલતા કેસો ચાલે નહિ. તે પ્રકારનું ગુજરાત સરકારનું નોટીફીકેશન બહાર પાડેલ તે રજુ કરી હાલનો કેસ પણ સ્ટે કરવા માંગણી કરેલ. જે જે તે વખતના ન્યાયપંચે આંક-૧૫ ની અરજી સાંભળવા માંટે રાખેલ. રજુ થયેલ નોટીફીકેશન મુજબ ૧લી નવેમ્બર. ૧૯૯૯ સુધી જ પ્રોસીડીંગ્સ સ્ટે કરવા તેમાં જણાવેલ છે. અને ત્યારબાદના કોઈપણ હુકમનામાઓ કે જાહેરનામાઓ રજુ કરેલા નથી તેથી સદર કેસ ત્યારબાદ સ્ટે કરી શકાય નહિ અને ત્યારબાદ સામાવાળાના વિદ્વાન ધારાશાસ્ત્રીએ સદર અરજી 'નોટપ્રેસ' કરેલ છે.

INDEX

આ કામમાં અરજદાર તરીકે તેમના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી પી. એલ. વસાવડાની દલીલો સાંભળી જ્યારે સામાવાળા તરીકે આંક-૨૨ થી રજુ કરેલ લેખીત દલીલો વેચાણમાં લીધા તથા હાલનું તથા મજૂર અદાલતનું અસલ રેકર્ડ વેચાણમાં લીધું હવે નક્કી એ કરવાનું છે કે રાજકોટની મજુર અદાલતે તેમની સમક્ષ પડતર રહેલ બી. આઈ. આર. અરજી નં. ૧૩/ ૭૯ માં તા. ૫મી જુન, ૧૯૮૪ ના રોજ કરેલો હુકમ યોગ્ય, વાજબી અને કાયદેસરનો છે કે કેમ ? એ હુકમ કરાવો જોઈએ?

(૧૧) આ અંગે સૌથી પ્રથમ જોઈએ તો સામાવાળા મીલ કંપની તરીકે આંક-૨૩ થી પુરસીસ રજૂ કરી સામાવાળા મીલ્સ કંપનીમાં ડિસેમ્બર, ૧૯૯૨ થી પ્રોડકશન સતત બંધ છે. તેમજ મીલ કંપનીએ બધા કામદારોને વી. આર. એસ. આપીને માર્ચ- ૨૦૦૨ થી છુટા કરેલ છે. તેથી મીલ સદંતર બંધ થઇ ગયેલ છે તે જાહેર કરેલ છે.

(૧૨) સંબધિત કામદારને તા. ૧ લી ઓગષ્ટ, ૧૯૭૬ થી એપ્રેન્ટીસ કલાર્ક તરીકે સામાવાળા મીલ્સ કંપનીમાં એક વર્ષ માટે રાખવામાં આવેલ જે મજુર અદાલતના રેકર્ડમાં આંક-૧૫ જોતાં સ્પષ્ટ થાય છે જ્યારે આંક- ૧૭ જોતાં એપ્રેન્ટીસશીપ પુરા થયા બાદ સંબધિત કામદારને તા. ૩૦મી જુલાઈ, ૧૯૭૭ થી ટેમ્પરરી કલાર્ક તરીકે નિમણુંક માલિક રૂા. ૧૫૦ ના પગારથી આપવામાં આવેલ અને લગભગ આઠ મહિના કામગીરી કર્યા બાદ તા. ૨૯મી માર્ચ, ૧૯૭૮ ના રોજ સંબંધિત કામદારની કામગીરી સંતોષકારકની હોવાથી કેન્ટીનમાં ઈન્ચાર્જ કલાર્ક તરીકે ૧લી એપ્રીલ, ૧૯૭૮ થી ૬ મહિના માટે માસિક રૂા.૩૦૦ના પગાર થી નિમણુંક આપવામાં આવેલ અને ત્યારબાદ તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના આંક-૧૮ ના હુકમથી સંબંધિત કામદારને નોકરીમાંથી છૂટો કરનાનો બુકમ કરલો. તે જોઈએ તો, The services of Shri P. K. Bhagora is terminated with effect from 1st October, 1978 as his Services are no longer required by this mills. He will be paid one month's notice pay i. e. Rs. 300/--

A sum of Rs. 707/-- has been found deficit on account of canteen coupens which you are unable to explain. A sum of Rs. 411/-- due to you will be adjusted against this shortage."

તે રીતનો જનરલ મેનેજરશ્રીનો હુકમ છે. જ્યારે સંબાધિત કામદાર તરીકે તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના રોજ લખેલ આંક-૨૫ નો પત્ર જોઈઅ તો. '' હું નીચે સહિ કરનાર પી. કે. બઘોરા આથી લખી જણાવું છું કે આજરોજ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના રોજ કેન્ટીનનાં માહે એપ્રિલ, ૧૯૭૮ થી આજ તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૮ સુધીના હિસાબો એક કરતા રૂા. ૭૦૭.૦૦ નો ફેર આવેલ છે. જે હિસાબનું માટે અનિવાર્ય સંજોગોને કારણે બહાર ગામ જવાનું થતાં બહારગામથી તા. ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૮ સુધીમાંનું આવીને આ હિસાબમાં નિકળતો કેન્ટીન કુપનનો ફેર મેળવી આપીશ. અથવા તે નીકળતા રકમ ૭૦૭.૦૦ ની બધી જવાબદારી મારી રહેશે. આ કામનું છેલ્લા ૬

માસથી સંભાળતો હતો. અને તેની જવાબદારી મારી હતી. આ હિસાબ બરાબર લખાય છે તે મારા પોતાના હસ્તક હોવાથી તેની ચકાસણી કરી હું ગોતી આપીશ. તેમ લખી તની નીચે અંગ્રજીમાં સહિ સંબંધિત કામદારે કરેલ છે. અને નીચે કેન્ટીન કલાર્ક લખેલ છે.

(૧૩) સદર આંક-૨૫ નો સંબંધિત કામદારનો પત્ર જોતાં એક હકીકત સ્પષ્ટ થયેલ છે કે તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના રોજ છેલ્લા ૬ માસના હિસાબો એક કરતા રૂા. ૭૦૭ નો ફેર આવેલ અને તે ફેર સંબંધિત કામદારને બહારગામ જવાનું થવાથી તે બહારગામથી પરત આવ્યા બાદ મેળવી આપવાનું જણાવેલ છે. એટલે કે કયાં ભુલ થયેલ છે. તે શોધી કાઢશે અથવા તો થયેલી ભુલની જવીબદારી સ્વીકારશે તેમ જણાવેલ છે. પરંતુ સામાવાળા મીલ્સ કંપનીએ તેનું રેકર્ડ જોતાં ભુલ થયેલ છે તે સ્પષ્ટ છે અને તે ભુલ સંબંધિત કામદારથી થયેલ છે તે પણ આંક-૨૫ નો પત્ર જોતાં સ્પષ્ટ થયેલ છે. અને તેના આધારે સંબંધિત કામદારને તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના રોજ આંક- ૧૮ નો હુકમ આપી નોકરીમાંથી છૂટા કરેલ છે. અને તેના આધારે મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે લેસ ઓફ કોન્ફીડન્સમાં ઠરાવી સામાવાળા મીલ્સ કંપનીના હુકમને યોગ્ય અને વાજબી ઠેરવેલ છે. વળી સંબંધિત કામદારે જ્યારે આંક-૨૫ થી કબુલાત આપેલ હોવાથી તે કબુલાત સ્વૈચ્છિક આપવામાં આવેલ નથી તેમજ કબુલાત કરવાનું લખાણ જોતાં તે જે રીતે લખાયેલ છે તે રીતની કબુલાત સંબંધિત કામદાર લખી આપેલ નહિ પરંતું તે ધાક ધમકી કે અન્ય રીતે લખવવામાં આવેલ છે તેમ અરજદાર તરફે દલીલો કરતાં જણાવે છે પરંતું આ લખાણ ધાક-ધમકી કે અન્ય રીતે લખાવી લેવામાં આવેલ છે તે બતાવતો કોઈ પણ જાતનો પુરાવો અરજદાર તરીકે રજુ કરી પુરવાર કરવામાં આવેલ નથી તેથી અરજદાર તરીકે તેમના વિદ્વાન ધારાશાસ્ત્રીની આ દલીલો માની શકાય તેમ નથી.

(૧૪) વધુમાં અરજદાર તરીકે દલીલો કરતાં વિદ્વાન ધારાશાસ્ત્રી જણાવે છે કે સામાવાળા મીલ્સ કંપનીએ અરજદારને સીમ્પલ ડીસ્ચાર્જ કરેલ છે અને મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે તેને અનુમોદન આપેલ છે. જે ગેરવાજબી ગેરકાયદેસર છે કારણ તે જ્યારે સંબાધિત કામદારને કોઈ શોકોઝ નોટીસ આપવામાં આવેલ નથી. કે બચાવ કરવાની તક આપેલ નથી. અને આંક-૧૮ ના હુકમથી છૂટા કરવામાં આવેલ છે. તેમાં પણ રૂા. ૭૦૭ નો હિસાબ અંગે જણાવવામાં આવેલ હોવાથી સંબંધિત કામદારની વિરૂધ્ધ સ્ટીગમા લગાડેલ છે. અને તેથી ઉપરોક્ત બાબતોનો વિચાર કર્યા વિના જ મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે જે હુકમ કરેલો છે તે ભૂલ ભરેલો છે તેમ જણાવે છે અને તેથી આ અંગે જોઈએ તો સંબંધિત કામદારને તા. ૨૩મી જુલાઈ, ૧૯૭૭ ના રોજ આંક-૧૫ નો હુકમ આપવામાં આવેલ તે જોઈએ તો,‘‘

‘‘જત તમોને એપ્રેન્ટીસશીપ એકટ ૧૯૬૧ હેઠળ તા. ૧ લી ઓગષ્ટ, ૧૯૭૬ થી ૧ વર્ષ માટે એપ્રેન્ટીસશીપ કલાર્ક તરીકે મીલમાં રાખવામાં આવેલા હતા તમારી ટ્રેનીંગનોસમય

INDEX

બાદ તા. ૩૧મી જુલાઈ, ૧૯૭૭ના રોજ સમડના તપારે ટ્રેનીંગનો સમય પૂરો થતો હોવાથી તમોને ૧-ઓગષ્ટ, ૧૯૭૭ ના રોજથી છુટા કરવામાં આવે છે.'' જની નોંધ લેશો. તે રીતેનો જનરલ મેનેજરશ્રીનો પત્ર છે. જ્યારે તા. ૩૦મી જુલાઈ, ૧૯૭૭ ના રોજ સંબંધિત કામદારને સામાવાળા મીલ્સ કંપનીના જનરલ મેનેજર આંક-૧૬ નો પત્ર આપેલ તે જોઈએ તો,''Shri P. K. Bagnora is hereby appointed purely as temperary clerk in the leave vancency of Shri M. S. Amin on a consolidated salary of Rs. 150 per month. This appointment is purely temporary and in leave vacancy and may be terminated at any time."

તે રીતનો લીવ વેકેન્સી ઉપરનો ટેમ્પરરી હુકમ આપવામાં આવેલો જ્યારે આંક-૧૭ નો તા. ૨૯મી માર્ચ, ૧૯૭૮ નો ઓફીસ ઓર્ડર જોઈએ તો,

" Shri P. K. Baghora , Who has completed one year as an Appentice Clerk under the Apprenticeship Act, and has further worked for some months on a consolidated Salary on temporary basis and as his work has been found satisfactory, he has been appointed as a clerk in-chage of canteen with effect from 1st April, 1978. He will be paid consolidated salary of Rs. 300 per month for a period of 6 months with effect from 1st April, 1978 and he will be placed in the regular pay-scale of junior clerk on his completing satisfactory 6 months service as a clerk in-charge of canteen." તે રીતનો જનરલ મેનેજરની સહિવાળો ઓફિસ ઓર્ડર છે. એટલે કે સંબંધિત કામદારને ૧લી એપ્રિલ, ૧૯૭૮ થી ૬ મહિના માટે કેન્ટીન-ઈન્ચાર્જ કલાર્ક તરીકેનો માસિક રૂા. ૩૦૦ ના પગાર થી નિમણુંક આપવામાં આવેલ અને ૬ મહિના પૂરા થાય તે પહેલા તા. ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૭૮ ના રોજ આંક-૧૮ નો ઓફિસ ઓર્ડર આપવામાં આવેલ જે જોઈએ તો, અગાઉ આંક-૧૮ થી જોઈ ગયા છીએ. સામાવાળા મીલ્સ કંપનીએ સંબંધિત કામદારના આંક-૨૫ ના પત્ર ઉપરથી સંબધિત કામદારે ભુલ સ્વીકારેલ છે તે માનેલ છે. અને મજૂર અદાલતના વિદ્વાન ન્યાયાધિશે પણ તેમના હુકમમાં આ હકીકતોને કારણો સાથે સ્વીકારેલ છે. વળી, જ્યારે સમબંધિત કામદારને ૬ મહિના માટે જ નિમણુંક આપેલ હોય તથા સંબંધિત કામદારે થયેલી ભુલ સ્વીકારેલ હોય તેને સીમ્પલ ડીસ્ચાર્જનો હુકમ આપીને છુટા કરવામાં આવેલ છે જે મજુર અદાલતે પણ સ્વીકારેલ છે.

(૧૫) સામાવાળા મીલ્સ કંપનીએ ૧૯૭૯ લેબ આઈ. સી. ૧૦૪૧ નું રજુ કરેલ અને તેમાં નિરીક્ષણ કરેલ છે કે કાયદેસરનો પુરાવો સીધો પણ હોઈ શકે અથવા ઈનડાયરેક્ટ પુરાવો પણ હોઈ શકે. અન્ય તેમજ અન્ય પ્રકારનો પુરાવો જેવો કે સાંયોગિક પુરાવો પણ હોઈ શકે. અને સીધો પુરાવો અને સાંયોગિક પુરાવો તે કાયદેસરનો પુરાવો કરી શકાય. મજુર અદાતલના વિદ્વાન ન્યાયાધિશે પણ આ જ બાબતોને નજર સમક્ષ રાખેલ છે. સામાવાળા મીલ્સ કંપની તરફે એવી રજુઆત છે કે સૌરાષ્ટ્રની કાપડ સુતરની માલમાં કામ

INDEX

કરતા કારીગરો માટે સુતરની મીલમાં કામ કરતાં કારીગરો માટે વહિવટી નિયમો તા. ૨૫મી ઓગષ્ટ, ૧૯૭૬ થી મંજુર કરવામાં આવેલ અને તે નિયમોની કલમ ૧૯(અ) પ્રમાણે કોઈપણ કારીગરને છુંટા કરવા માંટે ૧૪ દિવસની નોટીસ કે તેના બદલામાં ૧૩ દિવસનો પગાર આપવા છુટ કરી શકાય છે. અને કારીગરોને છુટા કરવા વખતે છુટા કરવાના કારણોની લેખીત નોંધ કરવી પડશે તે જણાવેલ છે. પરંતુ મારી સમક્ષ બતાવવામાં આવેલ સ્ટેન્ટીંગ ઓર્ડર ફોર ઓપરેટીગ્સ ઓફ રાજકોટ ટેક્ષટાઈલ્સ મીલ્સ, રાજકોટના જતાં તેમાં કલમ ૧૯(એ) ૬૦ વર્ષ નોકરીમાંથી છુટા થવા અંગેની જોગવાઈઓ અંગેની છે. જ્યારે કલમ-૨૧ ગેરવર્તણુંકો અંગેની છે. અને કલમ ૨૨ માં તેની સજા અંગેની જોગવાઈઓ દર્શાવવામાં આવેલ છે. અને જ્યારે સામાવાળા મીલ્સ કંપની તરફે પણ જણાવતાં હોય કે કોઈપણ કરીગરને છુટા કરવા માંટે ૧૪ દિવસની નોટીસ નોટીસના બદલામાં ૧૩ દિવસનો પગાર આપી કરી શકાય છે. અને સામાવાળા મીલ્સ કંપનીએ પણ સંબંધિત કામદારોને આ અંગે આંક-૧૮ નો હુકમ કરી નોટીસના બદલે એક માસનો પગાર આપી કારણો સાથે છુટા કરેલાનું જણાવે છે અને હુકમ પ્યુનીટીવ નથીપરંતુ સીમ્પલી ડીસ્ચાર્જ છે. તેમ જણાવે છે.

(૧૬) સામાવાળા મીલ્સ કંપની તરીકે ૧૯૮૦ લેબ. આઈ.સી. ૪૭ નામ. મધ્યપ્રદેશ હાઈકોર્ટથી નાથુરામ નામદેવ વિરુધ્ધ સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ ઈન્દોર અને બીજાઓનું જામીનો રજુ કરેલ છે. તેનાં નામ. હાઈકોર્ટ ઠરાવેલ છે કે પ્રોબેશનરને નોકરીમાંથી છુટો કરવાનો તેનો પ્રોબેશન પીરીયડ પૂરો થાય તે પહેલા કરવો હોય તો તેના વિગતવાર કારણો હુકમમાં કરવા જોઈએ. વધુ સામાવાળા મીલ્સ કંપની તરફે ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ ગુજરાત અમદાવાદનું અપીલ નં. ૫૮/૧૯૭૬ નું શ્રી દુષ્યંતકુમાર ચીનુભાઈનું શાહ વિરુધ્ધ ધી મેનેજર, ધી નવનિર્માણ કો. ઓ. બેન્ક લી., માધુપુરા, અમદાવાદનું રજુ કરેલ છે. તેમાં સંબંધિત કામદાર સામાવાળા બેંકમાં ૪થી ઓકટોબર, ૧૯૭૨ ના રોજ કલાર્ક તરીકે નિમણુંક થયેલ તેને મેનેજીંગ ડીરેકટર ના હુકમથી શો-કોઝ નોટીસ આપવામાં આવેલ. તેનો સંબંધિત કામદારે જવાબ આપેલો. શો-કોઝ નોટીસ અન્વયે કોઈ તપાસ રાખવામાં આવેલ નહી અને તા. ૧લી મે, ૧૯૭૩ ના રોજ ટર્મીનેટ કરવાનો હુકમ કરવામાં આવેલ તેમ સંબંધિત કામદારોનો કેસ હતો. જ્યારે બેંક એમ જણાવેલ કે સંબંધિત કામદારની સામે સંબંધિત કામદારની હાજરીમાં ઈન્કવાયરી કરવામાં આવેલ. અને તેમાં બેંકે સંબંધિત કામદાર ઉપરનો વિશ્વાસ ગુમાંવેલાનું પુરવાર થયેલ. અને તેથી સંબંધિત કામદારની વિરુધ્ધમાં ડીસ્ચાર્જ સમ્પલીસીટરનો હુકમ કરવામાં આવેલ. કે જે કાયદેસરનો હતો. તેમજ માલાફાઈડ ન હતો. તેમાં ટ્રાયલ કોર્ટના ન્યાયધિશે ડોમેન્સ્ટ્રીક ઈન્કવાયરીને કાયદેસરની ઠરાવેલ. અને સંબંધિત કામદારને બચાવની સંપૂર્ણ તકો આપેલ અને ટ્રાયલ કોર્ટનાં ન્યાયધિશે ટર્મીનેશનના હુકમને પણ ડીસ્ચાર્જ સીમ્પલીસીટર છે તથા તેથી કામદાર સામે કોઈ સ્ટેગ્મા નથી તેવું ઠરાવીને સંબંધિત કામદારની અરજી રદ કરેલ પરંતુ અત્રેનાં કેસમાં પણ સંબંધિત કામદારે રૂા. ૭૦૭ ની ભુલ આવેલ છે તે સ્વીકારેલ છે.

INDEX

(૧૭) સામાવાળા મીલ્સ કંપની તરફે ૧૯૭૦ (૨) એલ.એલ.જે. ૨૦ નું દિલ્હી ટ્રાન્સપોર્ટ અંડર ટેકીંગ વિરૂધ્ધ બલવીર શરણ ગોયેલનું નામ સુપ્રિમ કોર્ટમાં રજૂ કરેલ છે તે કેસમાં સંબંધિત કામદાર શરૂઆતમાં બુકીંગ એજન્ટ તરીકે ગ્વાલીયર નોર્ધન ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ કંપનીમાં નિમણુંક પામેલા અને તેઓને ૧૯૪૭ માં ટ્રાવેલીંગ ટીકીટ એકઝામીનર તરીકે પ્રમોશન આપવામાં આવેલ. ૧૯૪૮ માં ભારત સરકારનાં ટ્રાન્સપોર્ટ મંત્રાલયે સદર કંપની ટેકઓવર કરેલી. અને ૭મી માર્ચ, ૧૯૫૦ ના રોજ દિલ્હી રોડ ટ્રાન્સપોર્ટ ઓથોરેટી એકટ પસાર કરવામાં આવેલ. અને સંબધિત કામદારને ત્યાં ટ્રાન્સફર કરવામાં આવેલ. માર્ચ, ૧૯૫૨ માં સંબંધિત કામદારને ટ્રાવેલીંગ ટીકીટ એકઝામીનરમાંથી કંડકટર તરીકે નીચી પીચરીએ મુકવામાં આવેલ. અને તેથી સંબંધિત કામદારે એપ્રિલ, ૧૯૫૩માં પંજાબ હાઈકોર્ટની સર્કીટ બેંચ સમક્ષ દિલ્હી ખાતે રીટ પીટીશન દાખલ કરેલ કે જે રદ થયેલી અને તેથી સંબંધિત કામદારને તા. ૧૧મી નવેમ્બર, ૧૯૫૩ના રોજ હુકમ કરી તેઓની સેવાની તા. ૧૨મી નવેમ્બર, ૧૯૫૩ થી આ સંસ્થાને જરૂરત ના હોવાથી તેઓને એક મહીનાની નોટીસના બદલે એક માસનો પગાર ચુકવી આપવામાં આવે છે. તેમ જણાવી છુટો કરેલ અને તેથી સામાધાન અધિકારી સમક્ષ આ અંગે ઘણી કાર્યવાહીઓ થયેલ અને સામાધાન અધિકારીના પુછાયેલા પ્રશ્નો અન્વયે સંસ્થાના જનરલ મેનેજરે તા. ૧૪મી ઓગષ્ટ, ૧૯૫૬ ના રોજ પત્ર લખી જણવેલ કે સંબંધિત કામદારને એક સ્ટેજ નીચે ઉતારવાનાં પગલાં અંગે સંબંધિત કામદારે ઓફીસીયલ ચેનલ મારફત રજુઆત કર્યા સિવાય અને પોતાની માંગણીઓ અંગેની સક્ષમ ઓથોરીટી સમક્ષ નોટીસના નિયમોની જોગવાઈઓ અનુસાર રજુઆતો કર્યા વગર નામ હાઈકોર્ટનાં રીટ પીટીશન સંસ્થા વિરૂધ્ધ કરતાં સંસ્થાએ તેના નિયમો મુજબ સંબંધિત કામદારોને એક માસની નોટીસના બદલામાં એક માસનો પગાર ચુકવીને છુટો કરેલ અને તેથી પીટીશન ફીઈલ કરેલ. અને તેમાં નોટીસના નિયમોના નિયમ ૧૫ મુજબ નોટીસમાંથી છુટા કરતા પહેલા તેના કારણે જણાવદ જોઈએ જે જણાવેલ ન હોવાથી છુટા કરવાનો હુકમ ગંભીર સજારૂપ હોવાથી રદ કરવા માંગણી કરેલ જે ટ્રાયલ કોર્ટે સંબંધિત કામદારની નોટીસની શરતોના નિયમ-૯(બી) માં નહિ પડતા નિયમ ૧૫(૨) માં પડે છે. તેમ ઠરાવી સંબંધિત કામદારને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી નોકરીમાં પુનઃસ્થાપિત કરી રૂા. ૪૫૦૦ પગાર અને ભથ્થાઓના થઈને આપાવેલા. આ હુકમ સામે ડીસ્ટ્રકટ કોર્ટમા અપીલ થતાં ડીસ્ટ્રકટ કોર્ટે પણ આ હુકમ યથાર્થ ઠરવેલ. જે નામ હાઈકોર્ટનાં રીટ પીટીશન થતાં નામ હાઈકોર્ટ પણ યથાર્થ ઠરાવેલ. તેમાં ત્યારબાદ સ્પે. અપીલ થતાં નામ સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ કે જ્યારે હુકમ ડીસ્ચાર્જ સીમ્પલીસીટર હોય અને તેનો ઉપયોગ કરેલો હોય ત્યારે તેનો ઈરાદો ધ્યાનમાં લેવાય નહિ. સદર કામમાં પણ સંબંધિત કામદાર રજા ઉપરથી પાછા આવ્યા બાદ હિસાબ મેળવી આપશે તેમ જણાવેલ પરંતુ તેનો ઈરાદો ધ્યાનમાં લેવામાં આવેલ નથી. વધુમાં સામાવાળા માલ્સ કંપની તરીકે વોલ્યુમ-૬૦ એફ.જે.આર.-૬૦ નું ફીશનવેલ પુરી વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા

INDEX

અને બીજીઓનું નામ દિલ્હી હાઈકોર્ટનું જજમેન્ટ રજુ કરેલ છે. તેમાં પણ સંબંધિત કામદાર પંજાબ નેશનલ બેંકમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. અને તેને બેંકની ઉચ્ચ ઓથોરીટી વિરૂધ્ધમાં લેખીતમાં ધમકીભર્યા શબ્દોમાં પત્રો લખેલા તેમજ તેનો ભુતકાળ તથા પરફોરમન્સ પણ સંતોષકારક ન હતું તેમ છતાં બેંકનો છુટા કરવાનો હુકમ માલકફાઈડ તેમજ કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો ઠરાવવા માંગણી કરેલ. બેંકે સંબંધિત કામદારોને ડીસ્ચીર્જ સીમ્પલીસીટર કરેલો. અને તેની સાથે એક માસની નોટીસનાં બદલામાં એક માસનો પગાલ ચુકવી આપેલો. જેમાં સંબંધિત કામદારના કૌટુંબિક કારણો જોતાં બેંકને સંબંધિત કામદારને રૂા. ૧૨,૫૦૦ ની રકમ માનવતાના ધોરણે ચુકવી આપવા વિનંતી કરતા બેંકે તે રકમ અન્ય કોઈ અદાલતમાં અપીલ ના કરે તો આપવા સંમત થતા સદર પીટીશન કેસના સંજોગો જોતાં રદ કરવામાં આવેલ.

(૧૮) વધુમાં સામાવાળા મીલ્સ કંપની તરફે ૨૯૯૫ (૨) એલ.એલ.જે. ૪૯૨ નું કે. વેંકટેશ્વરણું અને નાગાર્જુન ગ્રામીણ બેંક અને બીજાઓનું નામ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટનું રજુ કરેલ છે તેમાં ડેલીકવેન્ટનું એડમીશન- ગુનાની કબુલાત હોય તો ઈન્કવાયરીની જરૂર નથી અત્રેના કેસમાં પણ સંબંધિત કામદારે ભૂલ થયેલ છે. અને તે પોતાની ભુલ છે તેમ કબુલ કરેલ છે. અને તેથી ઈન્કવાયરીની જરૂરત નથી તે પણ હકીકત છે.

(૧૯) સામાવાળા મીલ્સ કંપની તરીકે ૧૯૯૫ (૧) એલ.એલ.જ. ૯૬૬ નું નાં હાઈકોર્ટનું ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનનું અને બીજાઓ વિરૂધ્ધ અમરભાઈ કોદરભાઈ પરમારનું રજુ કરેલ છે. તેમાં કેસની હકીકતનો સંબંધિત કામદારે સ્વીકારેલ હતી અને તે સંજોગોમાં માલિકે પુરાવો લેવાનો કે અન્ય કોઈ બીજા સુધી તપાસવા જરૂરી ન હતા અને તેમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો અમલ થયેલ છે. તેમ ઠરાવીને મજુર અદાલતનો હુકમ મોડીફાઈડ કરવામાં આવેલ. અત્રેના કેસમાં તો સંબંધિત કામદારે પોતાની થયેલ ભુલ છે તે કબુલ કરેલ છે. સામાવાળા મીલ્સ કંપની તરીકે ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૦૮ નું સ્ટેટ ઓફ યુ.પી. અને બીજાઓ વિરૂધ્ધ કૃષ્ણ કુમાર શર્માનું નામ સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે. તેમાં સંબંધિત કામદાર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસની ઓફીસમાં ટેમ્પરરી ફાયરમેન કોન્સ્ટેબલ તરીકે તા. ૨૩મી નવેમ્બર, ૧૯૭૧ના રોજ નિમણુંક થયેલી. તા. ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૦ના રોજના હુકમથી તેઓને એક માસની નોટીસના બદલે એક માસનો પગાર આપીને છુટા કરવાનો હુકમ યુ.પી. ટેમ્પરરી ગવર્નમેન્ટ સર્વન્ટસ રૂલ્સ ૧૯૭૫ મુજબ કરેલો તેથી સંબંધિત કામદારે યુ.પી. સર્વીસ ટ્રીબ્યુનલમાં આ હુકમ ચેલેન્જ કરેલો અને યુ.પી. સર્વીસ ટ્રીબ્યુનલે તા. ૨૧મી નવેમ્બર, ૧૯૮૫ના રોજ હુકમ કરીને સંબંધિત કામદારની અરજી રદ કરેલી અને સંબંધિત કામદારે નામ ઉત્તર પ્રદેશ હાઈકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ જેમાં નામ હાઈકોર્ટ તા. ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૧ના રોજ હુકમ કરીને સંબંધિત કામદારની રીટ પીટીશન મંજૂર કરીને સંબંધિત કામદાર સામેનો હુકમ

INDEX

શિક્ષાત્મક રૂપે કરવામાં આવેલ છે અને તેને તેનો બચાવ કરવાની યોગ્ય તકો આપવામાં આવેલ નથી અને તેથી તે હુકમ બંધારણના આર્ટીકલ ૩૧૧(૨) મુજબ ના માંગ સમાન છે. તેમ ઠરાવેલ અને આ પ્રમાણે ઠરાવતા પહેલા સંસ્થાએ જે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ તેમાં જણાવેલ કે સંબંધિત કામદારનું કામ સંતોષ કારક ન હતું અને તે રજા મંજુર કરાવ્યા સિવાય વારંવાર ગેરહાજર રહેવાને ટેવાયેલા હતી અને તેની નોકરી ટર્મીનેટ કરવામાં આવેલ તેમ જણાવેલ હોવાથી સંબંધિત કામદારની નોકરી સજારૂપે ટર્મીનેટ કરવામાં આવેલ છે. તેવું નામ હાઈકોર્ટ ઠરાવેલ તે હુકમની સામે સંસ્થાએ સીવીલ અપીલ નામ સુપ્રિમ કોર્ટમાં કરતાં નામ સુપ્રિમ કોર્ટે તે સીવીલ અપીલ મંજુર કરી સંબંધિત કામદારનો પાંચ વર્ષની નોકરીમાં ૪ વર્ષની કામગીરી યોગ્ય અને સારી ન હોવાથી તથા વારંવાર ગેરહાજર રહેવાને ટેવાયેલા હોવાથી જે ટર્મીનેશનનો હુકમ કરલો છે તે સજાના ભાગ રૂપે ગણી શકાય નહિ તેમજ તેનાથી બંધારણના આર્ટીકલ ૩૧૧(૨) નો કોઈ ભંગ થતો નથી તેમ ઠરાવેલ અત્રેના કેસમાં પણ સંબંધિત કામદારને શરૂઆતના એક વર્ષ માટે એપ્રેન્ટીસ તરીકે રાખવામાં આવેલ છે. અને ત્યાર બાદ લગભગ આઠેક માસ લીવ વેકેન્સી ઉપર રાખવામાં આવેલ અને ત્યારબાદ ૬ મહિના માટે પ્યોરલી કામચલાઉ ધોરણે ઈન્ચાર્જ કેન્ટીન કલાર્ક તરીકે રાખવામાં આવેલ અને ૬ મહિના પુરા થાય તે પહેલા જ સંબંધિત કામદાર ને એક માસની નોટીસના બદલામાં એક માસનો પગાર ચુકવી તથા હિસાબના બાકી લેણાં પડતા નાણા કાપીને ચુકવી આપવાનો કેસ કરેલો જે ડીસ્ચાર્જ સીમ્પલીસીટનો છે. અને મજુર અદાલતને પણ તે કન્સીડર કરેલ છે.

(૨૦) સામાવાળા મીલ્સ કંપની તરફે ૧૯૯૭ સુપ્રિમ કોર્ટ કેલીસ (એલ એન્ડ એલ) ૧૯૭૬ નું યુનીયન ઓફ ઈંડિયા અને બીજાઓ વિરૂધ્ધ બિહારીલાલ સિધાનાનું નાં સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે. તેમાં સંબંધિત કામદાર કેશ કલાર્ક તરીકે દિલ્હી મીલ્ક સ્કીમમાં નોકરી કરતો હતો અને તેનાથી કેટલીક ટેમ્પરરી ઉચાપતનાં બનાવો બન્યાનું શોધાયેલ અને તેનાં એક બનાવમાં રૂા. ૧૭,૭૪૪.૯૧ પૈસાની ઉચાપત થયેલાનું શોધાયેલ અને તેથી તેની વિરૂધ્ધમાં ક્રીમીનલ કેસ નોંધાયેલ અને તેને સસ્પેન્ડ કરવામાં આવેલ અને સેન્ટ્રલ સીવીલ સર્વીસીસ રૂલ્સ ૧૯૬૫ ની કલમ ૫(૧) મુજબ પ્રોસીક્યુશનની કાર્યવાહી દરમ્યાન તેને ટર્મીનેટ કરવામાં આવેલ ત્યારબાદ સંબંધિત કામદાર ક્રીમીનલ કેસમાંથી નિર્દોષ છુટેલો અને તેથી તેણે પુન:સ્થાપિત થવા માટે રીટ પીટીશન દાખલ કરેલ જે નામ હાઈકોર્ટના સીંગલ જજે રદ કરેલ. પરંતુ નામ. હાઈકોર્ટની ડીવીઝન બેંચે સંબંધિત કામદારને પુન:સ્થાપિત કરવાનો હુકમ કરીને રૂપિયા અઢી લાખ વળતર તરીકે ચુકવવાનો હુકમ કરેલો. તે હુકમની સામે સંસ્થાએ નામ સુપ્રિમ કોર્ટમાં સ્પે. સીવીલ અપીલ કરતા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે ક્રિમીનલ કોર્ટમાંથી નિદોષ છુટવાથી સંબંદિત કામદાર ઓટોમેટીક પુન:સ્થાપિત થવાને હકદાર થાય નહિ. સંસ્થાએ આ અંગે સંબંધિત કામદારને નોકરીમાં લેવો કે તેની સામે ડીસીપ્લીનરી એકશન લેવા કે કેમ ? તે સંસ્થાના નિયમો મુજબ નક્કી કરવું જોઈએ

INDEX

અને તેમ ઠરાવી સંસ્થાની અપીલ મંજુર કરી ડીવીઝન બેંચનો હુકમ રદ કરવો.

(૨૧) સામાવાળા મીલ્સ કંપની તરીકે ૧૯૮૧ સુપ્રિમ કોર્ટ કેસીસ (એલ એન્ડ એસ) ૪૨૮ નું કોમોડોટ કમાન્ડીંગ, સાધિર્ન નવલ એરીયા, કોચીન, વિરૂધ્ધ, વી. એન. રાજાનું નામ સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે. તેમાં ટેમ્પરરી ગર્વમેન્ટ સર્વન્ટને બિનઅનુકળતાના કારણોસર ટર્મીનેશન સીમ્પલીસીટર કરવામાં આવેલ હોય તો બંધારણના આર્ટીકલ ૧૫ લાગુ પડે નહિ. ટેમ્પરરી ગર્વમેન્ટ સર્વન્ટને બંધારણના આર્ટીકલ ૩૧૧(૨) ત્યારે જ લાગુ પડે કે જયારે તેની નોકરી અંગે કોઈ સ્ટીગ્મા હોય અથવા સજાના રૂપે ટર્મીનેશન હોય. તેમ ઠરાવી સંસ્થાની સીવીલ અપીલ મંજૂર કરેલ વધુમાં સામાવાળા મીલ્સ કંપની તરફે સ્પે. સીવીલ અરજી નંબર ૪૬૦/૧૯૮૫નું ગુજરાત બેંક વર્કસ યુનિયન વિરૂધ્ધ વેરાવળ મર્કેન્ટાઈલ કા. ઓ. બેંક લી. નું તા. ૨૦મી નવેમ્બર, ૧૯૯૭ ના રોજ આપવામાં આવેલ નામ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની નકલ રજુ કરેલ છે. તેમાં પણ નામ હાઈકોર્ટ ઠરાવેલ છે કે જયારે બંન્ને નીચેની અદાલતોએ સામાવાળા બેંકમાં અનસુટેબીલીટી ઓફ વર્કના કારણે સંબંધિત કામદારનો કેસ કાઢી નાંખેલા હોવાથી તથા સંબંધિત કામદાર રોજમદાર હોવાથી તેણે કામ માંટે રોજ જવું પડે કામ હોય તો તેને મળે અને ભાનુમતી ટમુભાઈ મુલિયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૫(૨) ગુજરાત લો હેરાલ્ડ ૨૨૦ ના કેસમાં ઠરાવેલ ઉપરોકત સંજોગોમાં ટર્મીનેસનનો હુકમમાં નોટીસ આપવાની જરૂર નથી અને તેથી સંબંધિત કામદારની રીટ પીટીશન રદ કરેલ.

(૨૨) સામાવાળા મીલ્સ કંપની તરફે ૨૦૦૨ એલ.આઈ.સી. પાના નં. ૧૧૩નું પવનેન્દ્ર નારાયણ વર્મા વિરૂધ્ધ સંજય ગાંધી પી. જી. આઈ. ઓફ મેડીકલ સાયન્સ અને બીજાઓનું નામદાર સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે. તેમાં સંબંધિત કામદાર પ્રવેશનર તરીકે હતો તે દરમ્યાન તેનું ''કામ અને વર્તણુંક સંતોષકારક જણાઈ આવેલ નથી'' ના કારણોસર ટર્મીનેશનનો હુકમ કરવામાં આવેલ. હુકમમાં જણાવેલ હકીકતો જોતાં તે હુકમ સ્ટીગ્મેટીક કરી શકાય. નહિ તેમ ઠરાવી સંબંધિત કામદારની અપીલ રદ કરેલ.

(૨૩) સામાવાળા મીલ્સ કંપની તરફે ૧૯૯૭ લેબ.આઈ.સી. ૨૬૪૯ નું પંજાબ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. અને બીજાઓ વિરૂધ્ધ કાલાસીંગ અને બીજાઓનું નામ સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે. તેમાં મજૂર અદાલતે કામદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસને ડીફેકટીવ ઠરાવેલ. અને ફરીથી તપાસ પુરવાર કરવા તક આપવામાં આવેલ છે તે યોગ્ય ઠરાવેલ. મેનેજમેન્ટ પણ સંબંધિત કામદારની ગેરવર્તણુંક જોતાં તેના ઉપરનો વિશ્વાસ ગુમાવેલ અને મજુર અદાલતે આઈ.ડી. એકટની કલમ ૧૧(એ) મુજબ તેને મલેલ સત્તાનો ઉપયોગ કરી કામદારને હાળવી સજા કરવાની માંગણી ફગાવી દઈને કરલો હુકમ યોગ્ય હેરવેલો અને તેમ કરીને નામ. સુપ્રિમ કોર્ટ સીવીલ અપીલ મંજૂર કરેલ.

INDEX

(૨૪) સામાવાળા મીલ્સ કંપની તરીકે ૧૯૯૫ (૧) ગુજરાત લો હેરાલ્ડ ૩૪૫નું મે. અનુપ એન્જિનીયરીંગ લી. વિરુધ્ધ શ્રી નારાયણ કનૈયાલાલનું નામ સુપ્રિમ કોર્ટથી રજુ કરેલ છે તેમાં નામ. એપેક્ષ કોર્ટ ઠરાવેલ છે કે વચગાળાની અરજીમાં કામદારને પગાર ચુકવી આપવાનો હુકમ કરી શકાય નહિ. વચગાળાની અરજીમાં એવો હુકમ ના કરવો જોઈએ કે જેથી મુળ અરજીની દાદ સંતોજાઈ જાય અને આ જ બાબતોને નાં ગુજરાત હાઈકોર્ટના ડીવીઝનલ બેંચના એલ.પી.એ. ની ૧૫૨૮/૧૯૯૭ તથા ૧૫૨૯/૯૭ ના ટુંકમાં પમ જણાવેલ છે. વળી નામ ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ. ની ૫૪૬૫/૯૯ ના કામમાં મજુર અદાલત રાજકોટે સબસીડર એલાઉન્સ ચુકવી આપવાનો હુકમ કપલો તે સ્ટે કરેલો તેની નકલ રજુ કરેલ છે.

(૨૫) વળી સામાવાળા મીલ્સ કંપની તરીકે સ્પે. સી. એ. ની ૧૬૭૭/૧૯૯૯નું મોટી માપક જુથ વિવિધ કર્મચારી સરકારી મંડળી લી. વિરૂધ્ધ લાલજી કેશવજીનું નામ. ગુજરાત હાઈકોર્ટનું રજુ કરેલ છે. તેમાં જો સંસ્થાએ મજુર અદાલતમાં ઈન્કવાયરી કરવાની તક માંગેલી હોય તો તે નકારી શકાય નહિ. વધુમાં જો એક વખત નક્કી થાય કે તપાસના તારણો સ્વીકારવામાં આવતાં નથી કારણ કે તપાસ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની હતી તોતે સંજોગોમાં ડીસનીસલનો હુકમ સેટએલાઈડ ડાયરેકટ નહિ કરતા કરેલા આવેલો પુરવાર કરવાની તક આપવી જોઈએ તેમ ઠરાવેલ છે.

(૨૬) સદર કામમાં અરજદાર તરફે ૧૯૯૮(૧) ગુજરાત લો રીપોર્ટર ૮૫૦નું ભારત કો. ઓ. બેંક લી. અને બીજાઓ વિરૂધ્ધ કો. એલ. વાટીયા, જજ, લેબર કોર્ટ અને બીજાઓનું નામ ગુજરાત હાઈકોર્ટનું રજુ કરેલ છે. અને જણાવે છે કે જાયારે ગેરવર્તણુંનો આશ્રય હોય ત્યારે સીમ્પલી ટર્મીનેટ કરી શકાય નહિ પરંતુ નામ સુપ્રિમ કોર્ટ ૧૯૯૮ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૦૮ ના સ્ટેટ ઓફ યુ.પી. અને બીજાઓ વિરૂધ્ધ કૃષ્ણકુમાર શર્માના કામમાં સંબંધિત કામદારની પાંચ વર્ષની નોકરીમાં ૪ વર્ષની કામગીરી યોગ્ય અને સારી ન હોવાથી તથા વારંવાર ગેરહાજર રહેવાને ટેવાયેલા હોવાથી જે ટર્મીનેશનનો હુકમ કરેલ છે તે સજાના ભાગ રૂપે ગણી શકાય નહિ તેમજ તેનાતી બંધરણનાં આર્ટીકલ ૩૧૧(૧) નો ભંગ થતો નથી તેમ ઠરીવેલ છે. જ્યારે અત્રેના કેસમાં સંબંધિત કામદારને શરૂઆતમાં એક વર્ષ માટે એપ્રેન્ટીસશીપ એકટ અન્વયે એપ્રેન્ટીસ તરીકે રાખવામાં આવેલ અને ત્યારબાદ લગભગ આઠેક માસ લીવ વેકેન્સી ઉપર રાખેલ અને ત્યારબાદ ૬ મહિના માટે તદ્દન કામ ચલાઉ ધોરણે રાખેલ તે ૬ મહિના પૂરા થાય તે પહેલા તેઓને એક માસની નોટીસના બદલે એક માસનો પગાર સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબ આપીને છુટા કરેલ છે. વળી, સંબંધિત કામદારને તેઓના ગુના સબબ છુટા કરેલ નથી તેમ જે મજુર અદાલતે ઠરાવેલ છે તે ઉપયોગ સંજોગો અને હકીકતો જોતાં યોગ્ય, વાજબી અને ન્યાયી હોવાથી તેમાં દરમ્યાનગીરી કરવી જરૂરી જણાતું નથી.

INDEX

(૨૭) અરજદાર તરફે ૧૯૯૪ લેબ આઈ.સી. ૧૨૯નું નામદાર કરેલા હાઈકોર્ટનું વી. સદાનંદન વિરુધ્ધ ધી સર્કલ ઈન્સ્પેકટર, એકસાઈઝ સર્કલ ઓફીસ સીદુર અને બીજાઓનું રજુ કરી જણાવેલ છે કે આક્ષેપની ખરાઈનો નિર્દેષ હોઈ ત્યાં સીમ્પલ ટર્મીનેશન કરી શકાય નહિ પરંતુ સદર કામમાં સંબંધિત કામદાર સામે આશ્રેય કરવામાં આવેલ નથી તેમ સંસ્થાના વિદ્વાન ધારાશાસ્ત્રીએ જણાવેલ છે. વળી મજુર અદાલતે પણ આક્ષેપને નજર સમક્ષ રાખીને હુકમ કરેલો નથી પરંતુ ૧૯૭૯ લેબ. આઈ.સી. ૧૦૪૧ ના જજમેન્ટમાં કરેલ નિરીક્ષણ મુજબ કાયદેસરનો પુરાવો સીધો પણ હોઈ શકે અથવા ઈનડાયરેકટ પુરાવો પણ હોઈ શકે તેમજ અન્ય પ્રકારનો પુરાવો જવો કે સાંયોગિક પુરાવો પણ હોઈ શકે. અને સીધો પુરાવો અને સાંયોગિક પુરાવો તે કાયદેસરનો પુરાવો કરી સકાય તેને નજર સમક્ષ રાખેલો છે. વળી જ્યારે સંબંધિત કામદારને છુટો કરતા પહેલા નોટીસના બદલામાં નોટીસ પગાર આપીને છુટો કરવામાં આવેલ છે તેથી તે અંગે હુકમમાં કોઈ સ્ટીગમા કરી શકાય નહિ. અને આ અંગે પણ ૧૯૭૦(૨) એલ.એલ.જે. ૨૦નું દિલ્હી ટ્રાન્સપોર્ટ અંડર ટેકીંગ વિરૂધ્ધ બલવીર શરણ ગોયેલના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે જ્યારે હુકમ ડીસ્ચાર્જ સીમ્પલીસીટર હોય ત્યારે તેનો ઉપયોગ કરેલ હોય ત્યારે તેનો ઈરાદો ધ્યાનમાં લેવાય નહિ સદર કામમાં પણ સામાવાળ મીલ્સ કંપનીનો ઈરાદો મજુર અદાલતે ધ્યાનમાં લીધેલ નથી. અને તેથી કેસની હકીકતો અને સંજોગો જોતાં જે હુકમ કરેલો છે તે અંગે હસ્તક્ષેપ કરવાનું અત્રેની અદાલત પણ ન્યાયોચિત ગણતી નથી.

(૨૮) અરજદાર તરફે ૧૯૯૮ (૧) ગુજરાત લો રીપોર્ટ ૮૫૦નું ભારત કો. ઓ. બેંક લી., અને બીજાઓ વિરૂધ્ધ કે. એલ. વારીયા અને બીજાઓનું તથા ૨૦૦૧(૩) ગુજરાત લો હેરાલ્ડ પ૯૫નું શ્રી એન. માંડલીયા વિરૂધ્ધ મેનેજરનું નામદાર ગુજરાત હાઈકોર્ટનું રજુ કરીને જણાવે છે કે જ્યાં ઈન્કવાયરી ન થઈ હોય ત્યાં ઈન્કવાયરી પુરી થતા સુધીનું નિર્વાહ ભથ્થુ આપવું જોઈએ ઉપરોક્ત રજુ કરેલા બન્ને ચુકાદામાં પ્રદિપાદિત થયેલા સિધ્ધાંતો અત્રેની અદાલત નમ્રતાપુર્વક સ્વીકારે છે. પરંતુ અત્રેના કેસમાં તો જ્યારે સંબંધિત કામદારને સ્ટૅન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ મુજબ નોટીસના બદલામાં નોટીસ પગાર આપીને છુટા કરેલા છે. તથા સંબંધિત કામદારની ગુનાની કબુલાત હોવાથી તથા હુકમમાં કોઈ સ્ટીગમા ના હોવાથી મજુર અદાલતે જે હુકમ કરેલો છે તેમાં હસ્તક્ષેપ કરવો યોગ્ય જણાતો ના હોઈ રજુ કરેલ ચુકાદાઓ અરજદારના કેસને મદદરૂપ થતા નથી. વળી, અરજદાર તરફે ૧૯૯૩ (૧) જી.એલ.આર. ૬૪૨નું જજમેન્ટ રજુ કરી જણાવેલ છે કે ગેરવર્તણુંકનો આક્ષેપ હોય ત્યાં સીમ્પલ ટર્મીનેશન કરાય નહિ. સદર કામમાં સંસ્થાને જે નોટીસના બદલામાં નોટીસ પગાર આપીને સ્ટેડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબ સંબંધિત કામદારને છુટા કરેલ છે અને તેમાં સંસ્થાના જણાવ્યાં મુજબ ગેરવર્તણુંકનો આશ્રય નથી પરંતુ સંબંધિત કામદારની ગુનાની કબુલાત હોવાથી અને તે મજુર અદાલતે પણ ગ્રાહ્ય રાખેલ હોવાથી જ્યારે સંબંધિત કામદારે હિસાબનો મેળ બેઠેલો નથી અને ભુલ થયેલ છે

INDEX

તે કબુલતા હોઈ તેમજ સામાવાળાને પણ લોસ ઓફ કોન્ફીડન્સ હોઈ મજુર અદાલતના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો યોગ્ય કે વાજબી કે કાયદેસર જણાંતુ નથી. વળી સંબંધિત કામદાર સામાવાળા મીલ્સ કંપનીમાં શરૂઆતમાં એપ્રેન્ટીસશીપ એકટ અન્વયે એક વર્ષ માંટે એપ્રન્ટીસશીપ કરેલ અને ત્યારબાદ તેઓને લીવ વેકન્સી ઉપર રાખવામાં આવેલ અને ૬ માસના માટે નિમણુંકનો હુકમ આપેલો હતો. અને છ મહિના પુરા થાય તે પહેલા જ સંબંધિત કામદારને છુટા કરવામાં આવેલ છે. અરજદાર તરફે ૧૯૯૪ લેબર એન્ડ ઈન્ડસ્ટ્રીયલ કેસીસ ૧૨૯નું રજુ કરી આક્ષેપની ખરાઈનો નિર્દેશ હોય ત્યાં સીમ્પલ ટર્મીનેશન કહી શકાય નહિ તેમ જણાવે છે. પરંતુ અગાઉ ઉપર ચર્ચા કરી તેમ સામાવાળા સંસ્થાએ સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈ મુજબનો હુકમ કરેલો છે. અને તેમાં કોઈ સ્ટીગ્મા ના હોવાથી લોસ ઓફ કોન્ફીડન્સ હોવાથી તેમજ સંબંધિત કામદારે ગુણાની કબુલાત કરેલ હોવાથી તેની ખરાઈ કરવાનો પ્રશ્ન જ નથી. અને તેથી ઉપરની તમામ હકીકતો અને સંજોગો જોતાં તેમજ સામાવાળા મીલ કંપનીનું ઉત્પાદન ૧૯૯૨ થી બંધ થઈ ગયેલ હોવાથી તેમજ સામાવાળા મીલ્સ કંપની માર્ચ, ૨૦૦૨ થી સદંતર બંધ થઈ ગયેલ હોવાથી મજુર અદાલતે કરેલો હુકમ યોગ્ય, વાજબી અને કામદારોનો હોવાથી તેમજ હસ્તક્ષેપ કરવો યોગ્ય કે વાજબી ન હોઈ તેમજ કાયદેસરનો હોઈ ઉપરોક્ત કારણોસર નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારની સદર અપીલ રદ કરવામાં આવે છે ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
(ગુજરાત), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગીક સંબંધ અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૩-આર.યુ.---સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું (૧) મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક સહકાર ભવન, જૂનાગઢ (૨) બ્રાંચ મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક, માધવપુરા (પેડ) અને રૂચિર દિલીપભાઈ સેવક, રહે. માધવપુરા (પેડ) જિલ્લા જૂનાગઢ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ ના ઓકટોબર માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

આંક-૧૭

શ્રી એમ. પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, રાજકોટ સમક્ષ, રાજકોટ.

અપીલ આઈ. સી. નં. ૮/૯૯

(૧) મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક, ... **એપેલન્ટસ;**
સહકાર ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની સામે, જૂનાગઢ.
(૨) બ્રાંચ મેનેજરશ્રી, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક,
માધવપુર (પેડ.)

વિરૂધ્ધ

(૧) રૂચિર દિલીપભાઈ સેવક, ... **રીસ્પોન્ડન્ટસ.**
રહે. માધવપુરા (પેડ.) જિલ્લા જૂનાગઢ.

એપેલન્ટસ તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.,
રીસ્પોન્ડન્ટસ તરફે વકીલ શ્રી મંગેશભાઈ છાયા,

બાબત : બી. આઈ. આર.--એકટ ૧૯૪૬ ની કલમ-૮૪ અન્વયે અપીલ.

ચુકાદો

૧. સદરહું અપીલ એપેલન્ટે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ-૮૪ અન્વયે જૂનાગઢની મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશે તેમની સમક્ષ પડતર રહેલ બી.આઈ.આર. અરજી નં. ૧૬/૯૯ નાં કામમાં આંક-૩ ની અરજી ઉપર તા. ૯મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈને તે હુકમ રદબાતલ ઠરાવવા માટે

હાલનાં એપેલન્ટે સદરહું અપીલ દાખલ કરેલ છે.

૨. એપેલન્ટની અપીલની વિગતો ટૂંકમાં જોઈએ તો, બી. આઈ.આર. અરજી નં.૧૬/૯૯ માં જે ચુકાદો તા. ૯મી ડિસેમ્બર, ૧૯૯૯ ના રોજ આપેલ છે તેની નકલ તેઓને તે દિવસે મોકલેલ છે અને હાલના અપીલ અરજી આજરોજ તેઓએ કરેલ છે જેથી હાલની અપીલ મુદતની અંદર છે અને આ અપીલ સાંભળવા આ અદાલતને હકૂમત છે. મજૂર અદાલત જૂનાગઢનાં ન્યાયાધીશશ્રીએ અનુમાનો દોરેલ છે તે અનુમાનો દોરવા ન જોઈએ, જે અનુમાનો ન દોરવા જોઈએ તેવા અનુમાનો દોરીને જે હુકમ કરેલ છે તે આકામમાં ન આપવો જોઈએ. હાલનાં સામાવાળા હાલનાં અરજદારનાં નિયમિત નિમણુંક પામેલ કર્મચારી નહોતાં, તેઓ ફકત રોજમદાર તરીકે બાંધેલા વેતનથી કામ કરતા હતા જેવી બી.આઈ. આર. અરજી નં. ૧૬/૯૯ કરવા તેમને કોઈ અધિકાર નહોતો. આવા કર્મચારીને છૂટા કરવાનો કાયદેસર હક્ક અને અધિકાર તેઓને છે, પરંતુ રોજમદાર કર્મચારીને આવી અરજી કરવાનો કોઈ અધિકાર નથી, સમાધાન મુજબ કર્મચારીની ભરતી કરવાનો અધિકાર બેંકને છે. બેંકમાં કામગીરીનું પ્રમાણ વધુ છે અને અરજદાર પાસેથી એકધારું કામ લેવામાં આવેલ છે તેવા અનુમાનો મજૂર અદાલતનાં ન્યાયાધીશે દોરવાની જરુર નહોતી. મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ સામાવાળા ફેવરનાં ચુકાદાઓનો આધાર લીધેલ છે તે પણ ગેરકાયદેસર છે તમજ એવું ઠરાવેલ છે કે,"બેંક દ્વારા અરજદારને નજીવી રકમનું જ વેતન આપવામાં આવે છે" તે વિધાનો પણ ખરા નથી. ખરેખર તો હાલનાં સામાવાળાને બાંધેલા વેતનથી ચોક્કસ સમય માટે રાખવામાં આવેલ જેથી બાંધેલો સમય પૂરો થતાં કામદારને છૂટા કરી શકાય તેવું ન્યાયાદ્ધીશશ્રીએ ઠરાવવાની જરૂર હતી જે ન ઠરાવી ગેરવાજબી અને ગેરકાયદેસરનો ચુકાદો આપેલ છે જે ચુકાદો રદબાતલ થવો જોઈએ તેવી માંગણી કરેલ છે.

૩. એપેલન્ટે મૂળ અપીલની સાથે આંક-૪ થી વચગાળાની એવી દાદ માંગેલ કે, સદરહુ અપીલે ચાલે ત્યાં સુધી મનાઈ હુકમની માંગણી કરેલ જે અંગે જે હુકમ કરલ તે જોઈએ તો, "અરજી વાંચી, શ્રી ગોગીયાને સાંભળ્યા, તેમનું કથન એવું છે કે, સંબંધિત કર્મચારી જેઓ હાલનાં રીસ્પોન્ડન્ટસ છે તમને છૂટા કરવામાં આવેલ છે. આ સંજોગોમાં હાલ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ અન્ય હુકમ સાંભળીને ન થાય ત્યાં સુધીનો આપવામાં આવે છે. રીસ્પોન્ડન્ટને કારણદર્શક નોટીસ કાઢવી' તે રીતનો જે તે વખતે હુકમ કરવામાં આવેલ છે.

૪. આ કામમાં અપીલની નોટીસો સામાવાળાન જતાં સામાવાળા (કે જેને હવે પછી સંબંધિત કામદાર તરીકે સંબોધવામાં આવશે) આંક-૧૦ થી તેઓનો લેખિત જવાબ રજૂ કરેલ છે તે ટૂંકમાં જોઈએ તો, એપેલન્ટે મૂળ અપીલમાં જ અસંદિગ્ધ હકીકતો જણાવેલ છે તથા તેઓ પોતાના નિર્ણયમાં ચોક્કસ નથી કે અપીલ થાય કે, ડિવીઝન થાય. જયારે

INDEX

કાયદામાં જ નક્કી કરેલ હોય કે, અપીલ ક્યારે થાય અને રિવીઝન ક્યારે થાય ? ત્યારે આવી બંને દાદો એપેલન્ટ માગી શકે નહીં અને અપીલની રિવીઝનમાં કે રિવીઝનને અપીલમાં તબદીલ થઈ શકે નહીં. તેમજ ના. અદાલત તરફથી સ્યુઓમોટ્ટો તેને અપીલમાંથી રિવિઝનમાં કે રિવીઝનમાંથી અપીલમાં તબદીલ કરી શકાય નહીં અને આ અંગે ના. અદાલતને હકૂમત નથી. એપેલન્ટનો અપીલ મેઈન્ટેનેબલ નહિ હોવાથી તે રદ થવાને પાત્ર હોવાથી વચગાળાનો મનાઈ હુકમ પણ ટકવાપાત્ર નથી તેથી તે રદ થવાને પાત્ર છે. જૂનાગઢની મજૂર અદાલતે જે નિર્ણય આપેલ છે તે બંને પક્ષકારોને સાંભળ્યાં પછી તથા રેકર્ડ ઉપર કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાનમાં લીને તથા ચકાસીને નિર્ણય કરવામાં આવેલ છે અને તેથી તે કાયદેસર છે. સંબંધિત કામદારનો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ સંબંધિત કામદારની તરફેણમાં છે તથા જો મનાઈ હુકમ ચાલુ રાખવામાં આવે તો રીસ્પોન્ડન્ટને પણું જ નાણાકીય નુકસાન જાય તેમ છે, કારણ કે, હંગામી કલાર્કની નિમણુંક આપવાની સત્તા બેંકનાં મેનેજર તથા સીનીયર ઓફિસરને આપવામાં આવેલ છે. આ રીતે તા. ૫મી ઓકટોબર, ૧૯૯૫ ના રોજ હંગામી કલાર્કની નિમણુંક કરવાની સત્તા માધવપુર શાખાને આપવામાં આવેલ અને ફરીથી પાછી તા. ૧લી જુલાઈ, ૧૯૯૭ થી ફીક્સ પગારમાં હંગામી કલાર્કની નિમણુંક કરવાની સત્તા આપવામાં આવેલ. આ નિમણૂંક કરવાની સત્તાનાં આધારે સંબંધિત કામદારને તા. ૧લી મે, ૧૯૯૬ ના રોજ કલાર્ક તરીકે નિમણુંક કરવામાં આવેલ અને રૂા. ૨૦૦૦ પગાર ચૂકવામાં આવતો હતો તથા તેઓની સતત હાજરી પૂરાતી હતી અને તેઓ સતત રીતે નોકરીમાં ચાલુ જ છે અને તેઓની ફરજ દરમિયાન ક્યારેય પણ તેઓને મેમો કે ઠપકો આપવામાં આવેલ નથી, અને સતત રીતે ૨૪૦ દિવસ ઉપરાંત કામ કરાવે છે. સંબંધિત કામદાર ગ્રેજ્યુએટ છે અને એપેલન્ટ તરફથી તેમા સીન્સીયર છે તેવું પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ છે તથા તેઓ કાયમી કામગારી અંગેની લાયકાતો ધરાવે છે તેમજ બેંક અને યુનીયન વચ્ચે થયેલ તથા મેનેજમેન્ટ વચ્ચે થયેલ સમજૂતી મુજબ ભરતી માટેનાં સિધ્ધાંતો નક્કી કરવામાં આવેલ છે તેમાંથ નવી ભરતી કરતી વખતે જે નોકરીયાત હંગામી હોય કે રોજમદાર હોય તેમને પ્રથમ નિમણુંક આપવી પરંતું આ સમજૂતીનો ભંગ કરીને એપેલન્ટ બેંક પોતાના લાગતા વળગતા વ્યકિતઓની ભરતી કરવા માંગે છે અને આ રીતે જૂનાગઢની મજૂર અદાલતમાં લગભગ ૨૨ વ્યકિતઓએ કેસ કરીને મનાઈ હુકમ માંગેલો અને તેઓ સંબંધિત કામદાર કરતાં જુનીયર હોવા છતાં પણ નોકરીમાં ચાલુ છે અને જૂનાગઢની મજૂર અદાલત નામ. હુકમ વિરૂધ્ધ અપીલ કરવામાં આવેલ નથી, જ્યારે તેઓનામ કેસમાં અપીલ કરવામાં આવેલ છે તેથી એપેલન્ટ બેંકનું પગલું ભેદભાવ ભરેલ છે. સબંધિત કામદાર સતત નોકરી કરતા આવેલ છે, તેઓ બેંકમાં જાય છે તેમ છતાં તેઓને કામ આપવામાં આવતું નથી તેઓને છૂટા કરવાનો હુકમ આપેલ નથી અને તેઓને ચાલુ નોકરીએ અડચણ કરવામાં આવે છે અને માનસિક તેમજ શારીરિક અને આર્થિક રીતે નુકસાન જાય છે. જ્યારે એપેલન્ટ

INDEX

બેંકને કોઈ નુકસાન નથી. જો સંબંધિત કામદારનો પગાર બંધ કરી દેવામાં આવે તો તેઓનું કુટુંબ ભૂખમરામાં ધકેલાઈ જાય તેમ છે. એપેલન્ટ બેંકે કામગીરી લઈને પગાર ચૂકવવાનો હોય છે તેથી તેઓને કોઈ નુકશાન નથી. અત્યારે બેંક તરફથી સંબંધિત કામદારને પગાર નહિ ચૂકવાતાં તેઓ આર્થિક તંગી ભોગવી રહ્યા છે. તેમ કરવા માટે એપેલન્ટ બેંકને કોઈ હક્ક કે અધિકાર નથી. માધવપુર પેડ શાખામાં કામ નથી તેવું નથી. કામગીરી ખુબ જ છે. પરંતુ એપેલન્ટ જે હકીકતો બતાવે છે તે માત્ર અદાલતની સહાનભૂતિ મેળવવા માંટે બતાવે છે તે અપીલનો નિર્ણય થયે પગાર ચૂકવવામાં આવશે. સબંધિત કામદારે જૂનાગઢની મજૂર અદાલતમાં હાજરી પત્રક નિમણુંકની સત્તા આપતો પત્ર ૧૯૯૬-૯૭, ૧૯૯૮-૯૯ સુધીનાં હાજરીપત્રક વગેરે રજૂ કરેલ છે અને આજની તારીખે આ દસ્તાવેજો જોતા તેઓ નોકરીમાં ચાલુ છે તેમ છતાં તેઓને છુટા કરી દેવામાં આવેલ છે. એપેલન્ટને સબંધિત કામદાર કન્ટેમ્ટનાં પગલા ન લઈ શકે તે કારણોસર જ મનાઈહુકમ આપી શકાય નહી કે મળી શકે નહીં અને તેથી એપેલન્ટની વચગાળાની સદરહું અરજી રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૫) આ કામમાં આંક-૧૪ થી સંબંધિત કામદારે તેઓનું સોગંદનામું રજૂ કરેલ છે અને તેઓ તા. ૧લી મે, ૧૯૯૬ થી સળંગ નોકરી કરે છે અને અત્યારે પણ નોકરીમાં ચાલુ છે તથા તેઓની નોટમાંહાજરી પૂરવામાં આવે છે અને તે એપેલન્ટ બેંકનાં કબજામાં રહે છે, તેઓને છૂટા કરવાની તજવીજ કરતાં તેઓએ જૂનાગઢની મજૂર અદાલતમાં કેસ કરેલ અને મનાઈ હુકમ માંગેલો અને તેમના હુકમ પણ કાયમી કરવામાં આવેલ છે તેવુ તેઓએ સોગંદ ઉપર જાહેર કરેલ છે તેની વિરુધ્ધમાં એપેલન્ટ બેંક તરફે આંક-૧૫ થી છગનભાઈ એમ. પટેલ કે જોઓ એપેલન્ટ બેંકના જી.એમ. છે તેઓએ સોગંદનામું રજૂ કરેલ છે અને તેમાં સબંધિત કામદારનાં આંક-૧૪ નાં સોગંદનામાની વિગતોને નકારી કાઢેલ છે અને જણાવે છે કે, સબંધિત કામદારને તો બાંધેલા વેતનથી ચોક્કસ સમય માટે કામ ચલાઉ ધોરણે રાખવામાં આવેલ હતા તેથી તેમને બેંકને છૂટા કરવાનો અધિકાર હતો તેમ જણાવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી આર. કે. નીરાલાને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૭૨/એજે/આઇડીઆર/૨૬૨/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી નંદલાલ વર્મા, ચણોદ કોલોની, મણીનગર, વાપી, તા. પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમ૧ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શ્રી નંદલાલ વર્માને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૬૮/એજે/આઇડીઆર/૨૬૧/૨૦૦૧.-આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી ગજાનંદ પ્રજાપતિ, ડુંગરી ફળીયા, પા. ડુંગરા, વાપી, તા. પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર ૨૦૦૦/૮૫-આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦-મ(૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગજાનંદ પ્રજાપતિને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરી સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર
વલસાડ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૬૪/એજે/આઇડીઆર/૨૬૦/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી શુમારુ રાઇ, ડુંગરી ફળીયુ, આઝાદ નગર. જી.આઇ.ડી.સી., વાપી, તા. પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર મિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની લમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. રમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, ચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, સાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શુમારુ રાઇને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં તત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

લસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૬૦/એજે/આઇડીઆર/૨૫૯/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી સંરદ નવધન લંકા, સંરદકુમાર લંકા, શિવધર બહેરા પ્લોટ, નં. ૩૧૮, હરેરામ ઇન્ડસ્ટ્રીઝ, G.I.D.C., Vapi., તા.પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સંરદ નવધન લંકાને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૫૬/એજે/આઇડીઆર/૨૫૮/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી સંજય માધવ ગોસ્વામી, ચણોદ, અમરનગર, સેલવાસ રોડ, વાપી, તા. પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સંજય માધવ ગોસ્વામીને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

INDEX

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૫૨/એજે/આઇડીઆર/૨૫૭/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી શીયમં કેર યાદવ, ટવાઇ વર્ક, વિયર પ્લોટ નં. C/1B, 6009, G.I.D.C., Vapi., જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/ ૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૨૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/ ૨૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શીયમં કેર યાદવને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

મદદનીશ મજુર કમિશનર દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/૬૪૮/એજે/આઇડીઆર/૨૫૫/૨૦૦૧.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર આદમ એક્ષપોર્ટસ, ૪૦, શેડ, પ્લોટ નં. એ/૩૨૨/૮, જી.આઇ.ડી.સી., વાપી, જી. વલસાડ અને તેના કામદારશ્રી રાજેશ પ્રસાદ, હરિચન્દ્ર કિરાણા સ્ટોર, દુર્ગા નિવાસની પાછળ, અમરનગર, ચણોદ ગામ, વાપી, તા. પારડી, જી. વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૭ (૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ મજુર કમિશનરોને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ મજુર કમિશનર, વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૦૦૦/૮૫ -આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦- મ (૪) થી રચાયેલ વલસાડ જીલ્લાની મજુર અદાલત, લસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજેશ પ્રસાદને તેના અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૨.

કે. એમ. પરમાર,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIII] THURSDAY, DEC., 19, 2002/AGRAHAYANA 28, 1924 [No. 51

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

ઔદ્યોગિક અદાલત, દ્વારા

આંક-૫

સુરતના શ્રી પી. આર. દવે સાહેબ સમક્ષ

અપીલ (આઈ.સી.) નં. ૨/૨૦૦૨.

શ્રીમતી મહારુખ સાવકસી મીર, **એપેલેન્ટ;**
મરહુમ સાવકસી મીરની વિધવા ઓરત,
રહેવાસી C/o. ખુશરુ જે. કાપડીયા,
૫/૧૭૮૫, તુરાવા સ્ટ્રીટ, સૈયદપુરા, સુરત.

વિરૂદ્ધ

INDEX

ધી સુરત ઈલેક્ટ્રીસીટી કું. લી.,
ઈલેક્ટ્રીસીટી હાઉસ, સિનેમા રોડ,
સુરત.

રીસ્પોન્ડન્ટ;

બાબત :- બી.આઈ.આર. એક્ટ ૧૯૪૬ની કલમ-૮૪ અન્વયે ટી. અરજી નંબર ૩૮૬/૯૬માં નામદાર મજુર અદાલતના તા. ૩જી જાન્યુઆરી, ૨૦૦૨ના હુકમ સામે અપીલ.

ઉપસ્થિતિ :- એપેલન્ટ તરફે :- શ્રી અનિલકુમાર બી. નાયક, એડવોકેટ.
રીસ્પોન્ડન્ટ તરફે :- શ્રી પી. એન. શેઠ, એડવોકેટ.

ચુકાદો

(૧) આ અપીલ આ કામના રીસ્પોન્ડન્ટ સુરત ઈલેક્ટ્રીસીટી કંપની લી. દ્વારા કરવામાં આવેલી, આ જ બાબતની અપીલ (આઈ.સી.) નં. ૧/૨૦૦૨ના સંદર્ભમાં કાઉન્ટર અપીલ છે. આ અપીલમાં એપેલેન્ટે મજુર અદાલત દ્વારા ટી. અરજી નં. ૩૮૬/૯૬ના કામમાં મજુર અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદાને નીચેના કારણોસર પડકારેલ છે.

અપીલના મુદ્દા

(૧) નામદાર પ્રથમ લેબર કોર્ટે તા. ૪થી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ જે ચુકાદો ટી. અરજી નંબર ૩૮૬/૯૬માં આવેલ છે, તેમાં કાયદાની અને હકીકતોની ભૂલો છે.

(૨) નામદાર લેબર કોર્ટે નિ. ૧૩/૧ થી રજુ થયેલા જન્મના અસલ પ્રમાણપત્રને પાકો આંક ન આપીને કાયદાની ગંભીર ભૂલ કરેલ છે. સદર દસ્તાવેજ એપેલેન્ટની જુબાનીથી પુરવાર થયેલ છે. તે ઉપરાંત સદર જન્મનું પ્રમાણપત્ર અસલ છે અને તે સરકારી દસ્તાવેજ હોય તેના પર આંક ન પાડવાની લેબર કોર્ટે ગંભીર ભૂલ કરેલ છે.

(૩) એપેલન્ટેના મર્હુમ પતિને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી નોકરીમાંથી છુટો કરવાનો હુકમ ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવેલ હોય, હમો એપેલન્ટને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી તા. ૪થી મે, ૧૯૯૭ સુધીનો મળવાપાત્ર પગાર તથા અન્ય (જેવા કે વાર્ષિક ઈજાફો, મળવાપાત્ર પગાર વધારાના સમાધાનના લાભો તથા જે તે સમયના સમયગાળાના મળવાપાત્ર હક્ક-રજાના નાણાં તથા તા. ૪થી મે, ૧૯૯૭ના રોજ મળવાપાત્ર પગારના આધારે ગ્રેજ્યુઇટીના ડીફરન્સ)ના નાણાં ચુકવી આપવાનો હુકમ નામદાર લેબર કોર્ટે કરવો જોઇતો હતો. પરંતુ નામદાર લેબર કોર્ટે તા. ૩જી એપ્રિલ, ૧૯૯૬ થી તારીખ ૪થી મે, ૧૯૯૭ સુધીનો સમયગાળાનો પગાર ચુકવવાનો હુકમ કરેલ છે, જે કાયદાના મુળભૂત સિદ્ધાંતોની વિરૂદ્ધનો છે.

(૪) એપેલેન્ટ તરફે રજુ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટના સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા વિ. રણબીરસિંહ ૨૦૦૧ (૩) એલ.એલ.એન. પાના નં. ૮૫૩ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતની યોગ્ય મુલવણી કરવામાં નામદાર લેબર કોર્ટ ગંભીર કાયદાકીય ભૂલ કરેલ છે અને તેથી તેટલા અંશે સદર ટી. અરજીનો ચુકાદો અંશતઃ રીતે કાયદેસરનો નથી.

INDEX

(૨) અપીલ આઇ.સી. નં. ૧/૨૦૦૨ અને અપીલ આઇ.સી. નં. ૨/૨૦૦૨ બંને સાંભળ્યા પછી આપીલ આઇ.સી. નં. ૧/૨૦૦૨ જે રીસ્પોન્ડન્ટ સંસ્થાએ કરેલી તે આ અદાલતે ગુણદોષ ઉપર રદ કરેલી છે અને મજુર અદાલતનો વાદગ્રસ્ત ચુકાદો કાયદેસરનો હોવાનો ઠરાવી તેનો અમલ કરવા માટે જણાવેલ છે. મજુર અદાલતના ચુકાદામાં મજુર અદાલતે પાના-૭ ઉપર એવું ઠરાવ્યું છે કે, ''અત્રે અગાઉ જણાવ્યા અનુસાર અરજદારની જન્મ તારીખ ૫મી મે, ૧૯૩૭ ઠરાવવામાં આવેલ હોય અરજદાર સામાવાળા સંસ્થામાં ૬૦ વર્ષ સુધી કામ કરવા હક્કદાર હોય તેમને તા. ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજથી નોકરીમાંથી રીટાયર્ડ કરવાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે અને અરજદાર તા. ૪થી મે, ૧૯૯૭ સુધી નોકરી કરવા કાયદેસર હક્કદાર હોવાનું ઠરાવવામાં આવે છે.'' આ કારણના અનુસંધાનમાં આ અપીલમાં કાયદાનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જો અરજદાર નોકરીમાં ચાલુ રહેવા હક્કદાર હોય અને તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ નિવૃત્ત કરતો હુકમ ગેરકાયદેસરનો હોય તો તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬થી અરજદાર નોકરીમાં ચાલુ હોય અને તા. ૪થી મે, ૧૯૯૭ સુધી નોકરીમાં ચાલુ રહેવા હક્કદાર હોય તે સંજોગોમાં અરજદારને તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી પડેલા દિવસોનો પગાર મળવાપાત્ર છે કે અરજીની તારીખથી પડેલા દિવસોનો પગાર મળવાપાત્ર છે ? બંને પક્ષને સાંભળ્યા પછી એ બાબત સ્પષ્ટ થઇ જાય છે કે જો. તા. ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ નિવૃત્ત કરવાનો હુકમ ગેરકાયદેસરનો ઠરાવે તો તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી કામદાર નિવૃત્ત ન ગણાય અને તે સંજોગોમાં તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી ૪થી મે, ૧૯૯૭ સુધી એટલે કે નિવૃત્તિની તારીખ સુધી તે નોકરીમાં રહેવા હક્કદાર ગણાય અને તેમને નોકરીમાં રાખ્યા નથી અને પહેલા નિવૃત્ત કરવામા આવ્યા છે, તે સંજોગોમાં તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી તેમને પડેલા દિવસોનો પુરો પગાર ચુકવવા હુકમ ન કરવાનું કોઇ કારણ રહેતું નથી. આ સંજોગોમાં હુકમના શબ્દો લખવામાં અને નિર્ણય કરવામાં મજુર અદાલતે કાયદાકીય ભૂલ કરી છે, તે સંજોગોમાં મજુર અદાલતનો તા. ૩જી એપ્રિલ, ૧૯૯૬ થી ૪થી મે, ૧૯૯૭ સુધી પડેલા દિવસોનો પગારના નાણાંની ચુકવણી કરવાના હુકમને યોગ્ય ઠરાવવા સાથે તેમાં તારીખ બાબતે દાદમાં સુધારો કરવાનું જરૂરી લાગે છે. કાયદાના મુદ્દા અંગે મજુર અદાલતનો ચુકાદો યોગ્ય જ છે પરંતુ તે પછી પરિસ્થિતિને મુલવી કંઇ તારીખથી પડેલા દિવસોનો પગાર અપાવવો જોઇએ તે બાબતે મજુર અદાલત યોગ્ય રીતે મુલવી શકી નથી, તે સંજોગોમાં આ અપીલ મંજુર કરવી જોઇએ તેમ જણાય છે.

(૩) ઉપરોકત કારણોસર આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

મજુર અદાલતના હુકમમાં નીચેના શબ્દો ઉમેરી તે રીતે એપેલન્ટને રકમ ચુકવવા હુકમ કરવામાં આવે છે. '' ઉપરાંત મરહુમ એસ. એન. મીરને નિવૃત્ત કર્યાની તારીખથી નોકરીમાં ચાલુ ગણી તા. ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી તા. ૨જી એપ્રિલ, ૧૯૯૬ સુધીના પડલા દિવસોના પગારની રકમ પણ તેના મરહુમ વારસદારને ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે.''

સુરત, તા. ૨જી નવેમ્બર, ૨૦૦૨.

પી. આર. દવે,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, સુરત.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૫-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ ૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું (૧) જૂનાગઢ ડિસ્ટ્રક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લિ. જુનાગઢ (૨) જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લિ., રાણાવાવ બ્રાંચ, રાણાવાવ. અને ધીરજલાલ કેશવલાલ જોષી, વાણીવાસ, રાણાવાવ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના ઓક્ટોબર માસના ૧૦ મા દિને આથી નોંધ કરું છું.

આંક-

શ્રી એમ.પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં.૨, રાજકોટ સમક્ષ, રાજકોટ.

અપીલ આઈ. સી. નં. ૬/૯૯.

(૧) મેનેજરશ્રી,
જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો. ઓપ. બેંક લિ., જૂનાગઢ, ... **એપેલન્ટસ;**

(૨) જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લિ.,, રાણાવાવ બ્રાંચ,
રાણાવાવ.

વિરુધ્ધ

ધીરજલાલ કેશવલાલ જોષી, ... **રીસ્પોન્ડન્ટસ.**
વાણીવાસ, રાણાવાવ.

એપેલેન્ટ તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.,
રીસ્પોન્ટન્ટસ તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા.

બાબત : બી. આઈ.આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૮૪ મુજબની અપીલ.

ચુકાદો

(૧) સદરહુ કામમાં એપેલન્ટે જૂનાગઢની મજૂર અદાલતમાં વિદ્વાન ન્યાયાધિશે તેમની

INDEX

સમક્ષ પડતર રહેલ બી.આઈ.આર. અરજી નં. ૭/૯૭ નાં કામમાં તા. ૧૮મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ કરેલ હુકમથી નારાજ થઈ સદર અપીલ બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ ની કલમ- ૮૪ મુજબની સામાવાળા વિરૂધ્ધ દાખલ કરેલ છે. એપેલન્ટ (કે જેને હવે પછી અરજદાર અથવા બેંક તે રીતે સંબોધવામાં આવશે.) વિરૂધ્ધ જૂનાગઢની મજૂર અદાલતે બી.આઈ. આર. અરજી નં. ૭/ ૯૭ નં. કામમાં તા. ૧૮મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ જે હુકમ કરેલ છે કે જે બેંકને તા. ૨૦મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ મળેલ છે અને તેથી સદર અપીલ કરવામાં આવેલ છે જે સમયમર્યાદામાં છે. સદર અપીલનાં કારણો નીચે મુજબ છે :

(એ) નામદાર મજૂર અદાલત, જૂનાગઢનાં ન્યાયાધિશશ્રીએ જે અનુમાનો દોરેલ છે તે દોરવા ન જોઈએ.

(બી) નામદાર મજૂર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રીએ જે અનુમાનો ન દોરવા જોઈએ તે અનુમાનો દોરીને જે ચુકાદો આપેલ છે તે ન આપવો જોઈએ.

(સી) એપેલન્ટે જયારે તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર રોજમદાર તરીકે છૂટકછૂટક દિવસે સેવા આપતા હતા. અરજદારે ૫૦૦ કે તેથી વધુ દિવસો કામ કરેલ નથી જેથી અરજદારને પુન:સ્થાપનની કોઈ દાદ મળવી ન જોઈએ. આમ છતાં ના. ન્યાયાધીશશ્રીએ વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધારે દિવસો કામ કરેલ હોવાનું અનુમાન કરીને અને સામાવાળા વિરૂધ્ધ એડવર્સઈન્ફરન્સ દોરેલ છે તે ખોટું, ગેરકાયદેસર અને ગેરવાજબી હોવાથી રદ થવું જોઈએ.

(ડી) એપેલન્ટે અરજદારને ૫૮-૫૮ દિવસ માટે અલગ હુકમ આપી કામચલાઉ કામદાર તરીકે રાખેલ છે જે જોતાં બેંકમાં કામગીરીનું પ્રમાણ વધુ નથી છતાં પણ કામગીરીનું પ્રમાણ વધુ હોવું જોઈએ તેવું જણાવેલ છે જે ખરેખર ગેરવાજબી અને ગેરકાયદેસર છે.

(ઈ) એપેલન્ટે વધુમાં જણાવેલ છે કે, દરેક અરજદારોને આવા રોજમદારી ધોરણે રાખનારને બાંધેલી વેતનથી ચોક્કસ સમય માટે કામચલાઉ ધોરણે નોકરીમાં રાખેલ જેથી ના. ન્યાયાધીશશ્રીએ આવા રોજમદાર કામચલાઉ અને બાંધેલી વેતનથી રાખેલ અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરી ગેરકાયદેસર અને ગેરવાજબી કરેલ છે. આ કામમાં ના. સુપ્રિમ કોર્ટ તેમજ ના. ગુજરાત હાઈકોર્ટનાં જુદાજુદા ચુકાદાઓ પણ ધ્યાનમાં લીધેલ નથી જેથી ગેરવાજબી અને ગેરકાયદેસર અને મારી મચડીને ચુકાદો આપેલ છે.

(એફ) ના. ન્યાયાધીશશ્રીએ ના. ગુજરાત હાઈકોર્ટનાં ૧૯૯૮(૧) જી. એલ. એચ. પાન-૩૬૫ નો જે ચુકાદો રજૂ કરેલ છે તે પણ ગેરવાજબી અને ગેરકાયદેસર છે.

INDEX

(જી) ના. ન્યાયાધીશશ્રીએ તેવી રીતે જે પંજાબ અને હરિયાણા હાઇકોર્ટનો ચુકાદો ૧૯૮૮ (૨) એસ.એલ.આર. ૭૭૦ નો આપેલ છે તે પણ ગેરકાયદેસર અને ગેરવાજબી છે તેવી જ રીતે ના. સુપ્રિમ કોર્ટનાં એ.આઇ.આર. ૧૯૬૭ પાન-૫૧૬ જે રીતે અર્થઘટન કરેલ છે તે પણ ગેરવાજબી અને ગેરકાયદેસર છે.

(એચ)ના. ન્યાયાધીશશ્રીએ એવું ઠરાવેલ છે કે, અરજદારની લેખિત અને મૌખિક રજૂઆતો, દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લીધેલ નથી કે, કામગીરી અંગે કોઇ ફરિયાદ કે વાંક નથી જેથી તેમને છૂટા ન કરી શકાય પરંતુ ના. ન્યાયાધીશશ્રીએ એ જોયેલ નથી કે, બેંકમાં જ્યારે ઉમેદવાર લેવામાં આવે છે ત્યારે છાપામાં કે રોજગાર કચેરી મારફત કે નોટીસ મારફત જાહેરાત આપીને અને ત્યારબાદ ઈન્ટરવ્યુ લઈને અને ત્યારબાદ જો પસંદ થાય તો જ નિમણુંક મળે છે જ્યારે હાલનાં અરજદારને આવી કોઇ પ્રક્રિયામાંથી પસાર થવું પડયું નથી કારણ કે તે હંગામી બાંધી મુદતનાં અને ચોક્કસ વેતનથી કામચલાઉ ધોરણે રાખવામાં આવેલ હતા જેથી ના. સુપ્રિમ કોર્ટે આપેલ આવા ચુકાદા તેમજ ના. ગુજરાત હાઇકોર્ટનાં ચુકાદા મુજબ કામદારને પાછા નોકરીમાં રાખી શકાય નહીં, તેમ છતાં પાછા રાખવાનો હુકમ કરેલ છે અને તેને ગેરકાયદેસર ફેરફાર સમાન ગણેલ છે એ ગેરકાયદેસરનું અને ગેરવાજબી કહેવાય જેથી પગાર ભરી આપીને સામાવાળાને પુનઃસ્થાપિતનો હુકમ કરેલ છે તે રદ બાતલ થવો જોઇએ.

ઉપરોકત તમામ કારણોસર તથા હવે પછી જે કારણો આપવામાં આવે તે તમામ કારણોસર તથા હવે પછી જે અન્ય કારણો આપવામાં આવે તે તમામ ધ્યાનમાં લઇ અપીલ ખર્ચસહિત મંજૂર કરવા વિનંતી કરેલ છે અને તેની સાથે જૂનાગઢની મજૂર અદાલતે આપેલ ચુકાદાની નકલ એનેક્ષર ''એ'' થી રજૂ કરેલ છે.

(૨) એપેલન્ટ બેંકની મૂળ અપીલની સાથે આંક-૨ થી તેઓએ મનાઇ હુકમની અરજી દાખલ કરેલ અને તેમાં મૂળ અપીલની વિગતોને સદર અરજીનાં ભાગ રૂપે ગણવા વિનંતી કરીને સદર અપીલ ચાલે ત્યાં સુધી મૂળ બી.આઇ.આર.અરજી નં. ૭/૯૭ માં તા. ૧૮મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ જૂનાગઢની મજૂર અદાલતે જે હુકમ આપેલ છે તે સ્ટે કરવા વિનંતી કરેલ.

(૩) ઉપરેકત આંક-૨ ની અરજી ઉપર જે તે વખતે મારા પુરોગામી સભ્યશ્રીએ જે હુકમ કરેલ તે જોઇએ તો, ''અરજી વાંચી, શ્રી ગોગીયાને એપેલન્ટ તરફે સાંભળ્યા, રીસ્પોન્ડન્ટ કર્મચારીને છૂટક છૂટક કામે રાખવામાં આવતા હતા તેમ શ્રી ગોગીયાનું કથન છે તે સંજોગોમાં મનાઇ અરજીનાં પારા-૩(૧) માં માંગ્યા મુજબનો મનાઇહુકમ એકતરફી અને તદ્દન કામચલાઉ રીતે તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૯ સુધીનો આપવામાં આવે છે.

INDEX

એક તરફી આપેલ મનાઈહુકમ કાયમી શા માટે ન કરવો તેવી કારણ દર્શક નોટીસ રીસ્પોન્ડન્ટને તા. ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૯ ની કાઢવી " તેવો હુકમ કરવામાં આવેલ છે.

(૪) આ કામમાં આંક-૧૫ થી રીસ્પોન્ડન્ટે આંક-૨ અન્વયે જ્યારે એપેલન્ટે આંક-૧૬ અન્વયે લેખિત દલીલો રજૂ કરેલ અને ત્યારબાદ પક્ષકારો સંમત થતાં સદરહું કામમાં મૂળ અપીલની અરજીની સાથે જ આંક-૨ ની વચગાળાની અરજીનો પણ નિકાલ કરવાનું નક્કી કરતાં એપેલન્ટ તરફે તેઓની લેખિત દલીલો, જવાબ તેમજ રીસ્પોન્ડન્ટ તરફે આંક-૧૭ થી તેનો લેખિતમાં જવાબ રજૂ કરેલ છે, જે વંચાણમાં લીધો. તેમજ પક્ષકારોનાં વિદ્વાન પ્રતિનિધિશ્રીઓને સાંભળ્યા. જૂનાગઢની મજૂર અદાલતમાંથી મંગાવવામાં આવેલ બી.આઈ.આર. અરજી નં. ૭/૯૭ ની અસલ રેકર્ડ વંચાણમાં લીધું. હવે નક્કી એ કરવાનું છે કે, જૂનાગઢની મજૂર અદાલતે તેમની સમક્ષ પડતર રહેલ બી.આઈ.આર. અરજી નં. ૭/૯૭ માં તારીખ ૧૮મી ઓકટોબર, ૧૯૯૯ ના રોજ જે હુકમ કરેલ તે યોગ્ય, વાજબી અને કાયદેસરનો છે કે કેમ ? શું હુકમ કરવો જોઈએ ?

(૫) આ અંગે સૌપ્રથમ જોઈએ તો બી.આઈ.આર. અરજી નં. ૭/૯૭ માં રીસ્પોન્ડન્ટે તારીખ ૨૮મી મે, ૧૯૯૭ ના રોજ જૂનાગઢની મજૂર અદાલતમાં બી.આઈ.આર.એકટ-૧૯૪૬ ની કલમ-૭૯(૪) મુજબ ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવા બાબતની અરજી દાખલ કરેલ તેની દાદ જોઈએ તો, સામાવાળા નં. ૧ અને ૨ અમોને અમારી નોકરીમાંથી છૂટા કરે નહીં અને અમારી ફરજો બજાવવા દે તેવો કાયમી મનાઈ હુકમ આપવા વિનંતી કરેલ છે. જ્યારે તેની સાથે જ આંક-૩ થી વચગાળાની મનાઈ હુકમની અરજી દાખલ કરેલ તેનાં આધારે પારા-૯ માં જે દાદ માંગેલ છે તે જોઈએ તો મૂળ અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી સામાવાળા નં. ૧ કે ૨ જાતે તેમજ તેમનાં એજન્ટો મારફત અમોને અમારી ફરજો બજાવતાં રોકે નહીં કે અમોને છૂટા કરે નહીં તેવો હુકમ આપવા વિનંતી કરેલ છે.

(૬) ઉપરોકત વચગાળાની અરજીમાં મજૂર અદાલતે જે તે વખત જે હુકમ કરેલ તે જોઈએ તો "આંક-૧ ની મૂળ અરજી તથા તેની સાથે આંક-૩ ની અરજી તથા તેનાં સમર્થનમાં થયેલ સોગંદનામું અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણમાં લીધાં. અરજદારે કામદારની આંક-૩ ની અરજી સંબંધમાં સામાવાળા નં. ૧ તથા નં. ૨ તારીખ ૪થી જુન, ૧૯૯૭ સુધી સદર કામદારની નોકરી સંબંધમાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા હુકમ કરવામાં આવે છે. આંક-૩ ની અરજીનાં પારા-૯ ની દાદ શાં માટે મંજૂર ન કરવી તે સંબંધમાં સામાવાળા નં. ૧ તથા નં. ૨ ને કારણદર્શક નોટીસ કાઢવી. સામાવાળા નં. ૧ તથા નં. ૨ એ પોતાનો લેખિત બચાવ તથા સુનાવણી માટે તારીખ ૪થી જુન, ૧૯૯૭ ના રોજ કોર્ટનાં સમયે હાજર રહેવું. કેસની વધુ કાર્યવાહી તારીખ ૪થી જુન, ૧૯૯૭ ના રોજ હાથ ધરવામાં આવશે" તેવો હુકમ કરવામાં આવેલ છે.

INDEX

(૭) આ કામનું રેકર્ડ જોતાં પક્ષકારોએ તેઓનાં કોઇ મૌખિક પુરાવાઓ રજૂ કરેલ નથી, પરંતુ દસ્તાવેજોનાં આધારે તેઓની વચગાળાની અરજીની સાથે જ મૂળ અરજીનો પણ અંતિમ હુકમ કરી દેવામાં આવેલ છે.

(૮) જૂનાગઢની મજૂર અદાલતમાં સામાવાળાએ એટલે કે, એપેલન્ટ બેંકે આંક-૧૯ થી તેનાં વાંધા જવાબ રજૂ કરેલ અને તેમાં તેઓએ જણાવેલ કે, સંબંધિત કામદારને જરૂરી મુજબ બેંક દ્વારા કામ ચલાઉ ધોરણે બાંધેલા પગારથી સંબંધિત કામદારને નિમણુંક અપાયેલ, પરંતુ તારીખ ૬ઠ્ઠી મે, ૧૯૯૭ ના પત્ર મુજબ કામચલાઉ પટાવાળાને તાત્કાલિક અસરથી છૂટા કરવાનું નક્કી થતાં બેંકની તમામ શાખાઓમાંથી કામચલાઉ ધોરણે નિમાયેલ પટાવાળાઓ તથા કલાર્કને છૂટા કરાયેલ છે. તે હકીકતે હાલનાં સંબંધિત કામદાર સામે કોઇ વ્યકિતગત નિર્ણય લેવાયેલ નથી તેમ જણાવેલ છે.

(૯) જ્યારે એપેલન્ટ બેંકની ઉપરોકત રજૂઆતો હોય ત્યારે સંબંધિત કામદાર કે જેઓ એમ કહેતા હોય કે, તેઓ સામાવાળા બેંકમાં રાણાવાવ બ્રાંચમાં તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી પટાવાળા તરીકે નોકરીમાં દાખલ થયેલ ત્યારથી તેઓ નોકરી ઉપર ચાલુ છે. નોકરી દરમિયાન કોઈપણ જાતની ફરિયાદ, વાંક-ગુન્હા અંગે ઈન્કવાયરી કે ગેરવર્તણૂંક અંગેની નોટીસ કે વ્યવહાર થયેલ નથી અને સર્વિસ રેકર્ડ સારો રહ્યો છે. તેઓને ટૂંકામાં ટૂંકા ગાળાનાં હુકમો આપીને અનફેર લેબર પ્રેકટીસ આચરેલ છે તેઓની કામગીરી ફુલટાઈમની હતી અને બેંક માટે કાયમી જરૂરિયાતવાળા છે. બીજી લાગતીવળગતી વ્યકિતઓને નોકરીએ રાખવા માંટે તેઓને છૂટા કરવાનો નિર્ણય સામાવાળા નં. ૧ તરફથી લેવામાં આવેલ છે તેવું તેઓને જાણવા મળેલ છે. તેઓને છેલ્લે જે હુકમ આપવામાં આવેલ છે તે મુજબ તારીખ ૯મી મે, ૧૯૯૭ ના હુકમથી ૫૮ દિવસ માટેનો હુકમ આપવામાં આવેલ છે અને તેની અમલવારી થઇ ગયેલ છે અને તેઓ નોકરી ઉપર ચાલુ છે અને તેમ છતાં તેઓને તાત્કાલિક અસરથી છૂટા કરવા માટે સામાવાળા નં. ૧ તરફથી સામાવાળા નં. ૨ ને હુકમ આપવામાં આવેલ છે. આ હુકમની અમલવારી ન થાય અને સામાવાળા તેઓને છૂટા ન કરે તે અંગેની હાલની અરજી દાખલ કરેલ છે તેમ જણાવેલ છે. હવે જ્યારે આ કામમાં કોઇ મૌખિક પુરાવો લેવામાં આવેલ નથી ત્યારે પક્ષકારોનાં પ્લીડીંગ્સ અને રજૂ થયેલ દસ્તાવેજો જોતા સંબંધિત કામદારની એક ફરજ હતી કે, તેઓએ ૧૯૯૬ થી સતત અને સળંગ સામાવાળા બેંકમાં નોકરી કરેલ છે તે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને પુરવાર કરવું જોઈતું હતું જે કરવામાં આવેલ નથી, તે છતાં મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધિશશ્રી એ તેમનાં ચુકાદાનાં પાન-૪નાં તેઓનાં તારણોમાં પાન-૫ ઉપર એમ જણાવેલ છે કે, અરજદારે તેમને ત્યાં કુલ કેટલો સમય કામ કરેલ છે તેવી કોઇ જ હકીકતો તેમનાં જવાબમાં કે અન્ય રીતે જણાવેલ નથી. આ સંજોગોમાં અરજદારે સામાવાળામાં ૨૪૦ દિવસ કરતાં વધારે દિવસ કામ કરેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે તેમ દર્શાવેલ છે.

INDEX

તેમજ સામાવાળા વિરુધ્ધ એડવર્સ ઈન્ફરન્સ દોરવાનું રહે છે. આ કામમાં જોઈએ તો અરજદારને સામાવાળાએ ૫૮--૫૮ દિવસ માટે અલગ અલગ હુકમો આપી કામચલાઉ કામદાર તરીકે રાખેલ છે જે જોતાં બેંકમાં કામગીરીનું પ્રમાણ વધુ હોવું જોઈએ તેમ જણાઈ આવે છે. અરજદારે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી સળંગ કામ કરેલ નથી તેવી કોઈ જ હકીકતો સામાવાળા અત્રે કોઈ દસ્તાવેજી પુરાવાઓથી કે અન્ય રીતે સાબિત કરી શકેલ નથી તેમ વિદ્વાન ન્યાયાધિશશ્રીએ તેમના તારણોમાં જણાવેલ છે અને વિદ્વાન ન્યાયાધિશ આ તારણો ઉપર આવવા માટે ગંભીર ભૂલ કરેલ છે કારણ કે, અરજદારે તેમની અરજીમાં તેઓએ પુરવાર કરવું જોઈએ કે, તેઓને તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી કામે રાખવામાં આવેલ તથા ત્યારથી તેઓએ સતત અને સળંગ કામગીરી કરેલ છે અને આ હકીકતો અરજદારે એટલે કે, સંબંધિત કામદાર તેઓનાં દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ નથી. તેમ છતાં વિદ્વાન ન્યાયાધિશશ્રીએ પુરાવા વિના સામાવાળાએ અરજદારે તેમને ત્યાં કુલ કેટલો સમય કામ કરેલ છે તે દસ્તાવેજી કે તેમનાં જવાબમાં હકીકતો રજૂ કરીને પુરવાર કરેલનું જે અનુમાન કરેલ છે તે કાયદાની જોગવાઈઓ જોતાં સ્પષ્ટપણે ભૂલભરેલું જણાઈ આવે છે.

(૧૦) મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશે તેમનાં ચુકાદામાં એમ પણ જણાવેલ છે કે, ''સામાવાળાએ અરજદારની હાજરી અંગેનો પુરાવો કે પગારપત્રક પ્રોડકશન અરજીમાં હુકમ થવા છતાં આ કામમાં રજૂ કરેલ નથી અને અરજદારે તેમને ત્યાં કુલ કેટલો સમય કામ કરેલ છે તેવી કોઈ જ હકીકત તેમણે જવાબમાં અન્ય રીતે જણાવેલ નથી. આ સંજોગોમાં અરજદારે સામાવાળામાં ૨૪૦ દિવસ કરતાં વધુ દિવસ કામ કરેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે અને સામાવાળા વિરૂધ્ધ એડવર્સ ઈન્ફરન્સ દોરવાનું રહે છે.'' અને તેથી આ કામમાં અરજદારે મજૂર અદાલતમાં આંક-૧૫ થી સામાવાળાનાં કબજામાં રહેલ હાજરીપત્રક, પગારપત્રક તેમજ અન્ય દસ્તાવેજો રજૂ કરે તેવી પ્રોડકશન અરજી આપવામાં આવેલ જેનાં ઉપર અદાલતે સામાવાળાનો જવાબ કે દસ્તાવેજો રજૂ કરવા ઉપર રાખવામાં આવે છે તેવો હુકમ કરેલ. ત્યારબાદ મજૂર અદાલતનું રેકર્ડ જોતાં આંક-૧૫ ની અરજીનો કોઈ જવાબ રજૂ કરવાનાં આવેલ નથી, પરંતુ આંક-૧૫/૪ ની સામાવાળાએ અરજદારને છૂટા કરવા અંગે કોઈ પત્ર આપેલ હોય તો તેનો આઉટવર્ડ નંબર તથા અરજદારને આપ્યા અંગેની પહોંચની માંગણી કરેલ છે તે અંગે એપેલન્ટ બેંક આંક-૨૦ નાં લીસ્ટથી બેંકની રાણાવાવ શાખાએ સામાવાળા નં. ૧ ને અરજદારને છૂટા કર્યા બાદ લખેલ પત્ર તારીખ ૨૯મી મે, ૧૯૯૭ નો તથા અરજદારને છૂટા કરવા સામાવાળા નં. ૧ નાએ રાણાવાવ શાખાને લખેલ પત્ર તારીખ ૨૦મી મે, ૧૯૯૭, અરજદારે સામાવાળા નં. ૨ ને લખેલ તારીખ ૨૯મી મે, ૧૯૯૭ નાં પત્રો રજૂ કરેલ છે અને તે જોતાં સ્પષ્ટ થાય છે કે, સંબંધિત કામદારને દિવસ ૫૮ માટે રાખવા હુકમ આપેલ તેઓને આ પત્ર મળ્યે તરત જ છૂટા કરવા સૂચના આપવામાં આવે છે તેમ કર્યાની અત્રેને જાણ કરશો તે પત્ર તારીખ ૨૦મી મે, ૧૯૯૭

ના રોજ અરજદાર બેંકનાં મેનેજર દ્વારા લખવામાં આવેલ છે જે રાણાવાવ શાખામાં તારીખ ૨૬મી મે, ૧૯૯૭ ના રોજ પહોંચેલ છે અને તેનાં આધારે તારીખ ૨૯મી મે, ૧૯૯૭ નારોજ સંબંધિત કામદારને છૂટા કરવાનો હુકમ કરેલ છે. ઉપરોકત આંક-૨૦/૧ તથા ૨૦/૨ નાં દસ્તાવેજો જોતા એ હકીકત સ્પષ્ટ થઈ જાય છે કે, સંબંધિત કામદાર તારીખ ૨૩મી મે, ૧૯૯૭ સુધી રાણાવાવ બેંકમાં હાજરી બુકમાં સહી કરેલ છે. તારીખ ૨૪મી મે, ૧૯૯૭ થી તેઓ પોતાની ફરજ ઉપર હાજર થયેલ ન હોઈ હાજરી બુકમાં તારીખ ૨૪મી મે, ૧૯૯૭ થી છૂટા કર્યા અંગેનો શેરો મારેલ છે , એટલે કે, તારીખ ૨૪મી મે, ૧૯૯૭ થી સંબંધિત કામદારને છૂટા કરવામાં આવેલ છે તે સ્પષ્ટ થાય છે, તેમ છતાં સંબંધિત કામદારે તારીખ ૨૮મી મે, ૧૯૯૭ ના રોજ જૂનાગઢની મજૂર અદાલતમાં આવીને તેઓ સામાવાળા સંસ્થામાં તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી સતત અને સળંગ કામગીરી કરે છે તેમ જણાવી મનાઈ હુકમની માંગણી કરેલ અને મજૂર અદાલતે પણ યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ એટલે કે, સંબંધિત કામદાર જયારે તારીખ ૨૪મી મે, ૧૯૯૭ થી નોકરીમાંથી છૂટા કરેલા જ હોય ત્યારે તેઓને ફરીથી પુન:સ્થાપિત થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. વળી, એક તબક્કે સંબંધિત કામદારની જૂનાગઢની મજૂર અદાલતમાં તેઓની મૂળ અરજીમાં કરેલ હકીકતો માનીનેચાલીએ કે, તેઓને તારીખ ૯મી મે, ૧૯૯૭ ના પત્રક્રમાંક : ૩/૩૭/ ૩૫૫૨ થી૫૮ દિવસ માટે હુકમ આપવામાં આવેલ અને છતાં તાત્કાલિક અસરથી છૂટા કરવા માટે સામાવાળા નં. ૧ તરફથી સામાવાળા નં. ૨ ને હુકમ આપવામાં આવેલ છે. આ હુકમની અમલવારી ન થાય અને સામાવાળા તેઓને છૂટા ન કરે તે અંગે અરજી દાખલ કરેલાનું જણાવે છે, એટલે કે તારીખ ૨૮મી મે, ૧૯૯૭ ના રોજ અરજદારનાં કહેવા મુજબ જો તેઓને નોકરીમાંથી છૂટા કરેલ ન હોય તો તેમની અરજી ગેરકાયદેસર ફેરફાર જાહેર કરવા અંગેની કરેલાનું જણાવે છે એટલે કે, જયારે છૂટા કર્યા ન હોય તેથી ગેરકાયદેસર ફેરફાર થયેલ સંબંધિત કામદારની દ્રષ્ટિએ ગણાય નહીં અને તેથી પણ સંબંધિત કામદારની મૂળ અરજી રદ થવાને પાત્ર છે. સંબંધિત કામદાર તરફ તેમના વિદ્વાન ધારાશાસ્ત્રીએ લેખિતમાં એમ જણાવેલ છે કે, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટને જયારે ફાઈન્ડીંગ્સ ઓફ ફેકટસ લેબર કોર્ટે આપેલ હોય ત્યારે લીમીટેડ પાવર્સ છે અને તેવા સંજોગોમાં આપવામાં આવેલ મનાઈ હુકમ રદ કરવા અરજી કરેલ છે અને તેની સાથે ૧૯૮૫, જી.એલ.એચ., અનરીપોર્ટેડ ચુકાદો પાન-૧૦ ઉપરનો ગુજરાત વિદ્યુત બોર્ડ અને બીજાઓ વિ. બુધ્ધિપ્રસાદ ગાંડાલાલ ત્રિવેદી અને બીજાઓનું રજૂ કરેલ છે. સદરહુ રજૂ કરવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અત્રેની અદાલત નમ્રતાપૂર્વક સ્વીકારે છે, પરંતુ તે સદર કેસમાં હકીકતો તથા કાયદાનાં બંને પ્રકારનાં પ્રશ્નો સયુકત રીતે સંકળાયેલ છે. સંબંધિત કામદારે જયારે તેઓ એપેલન્ટ બેંકમાં તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી નોકરીમાં દાખલ થયેલ છે તથા તેઓ સતત અને સળંગ કામગીરી બજાવે છે અને તેઓને છેલ્લો ૫૮-૫૮ દિવસનાં હુકમો આપવામાં આવતા હતા આ હકીકતો પુરવાર કરવાની જવાબદારી સંબંધિત કામદારની હતી તેમ છતાં જૂનાગઢની મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધિશશ્રીએ સદરહુ બાબત

INDEX

સામાવાળાએ લેખિત જવાબમાં તથા દસ્તાવેજો રજૂ કરેલ નહિ હોવાથી અરજદારે સતત અને સળંગ કામગીરી કરેલાનું જે અનુમાન દોરેલ છે તે ગંભીર ભૂલભરેલ છે અને તેથી અત્રેની અદાલતે કાયદાની જોગવાઈઓ મુજબ હસ્તક્ષેપ કરવો યોગ્ય, જરુરી અને વાજબી જણાય છે.

(૧૧) આ કામમાં બીજી એક નોંધપાત્ર બાબત એ છે કે, અરજદારે તેમની અરજીમાં જ તેઓને નોકરીમાંથી છૂટા કરે નહીં અને ફરજ બજાવવા દે તેમજ વચગાળા ની અરજીમાં સામાવાળા અરજદારને નોકરીએ ફરજ બજાવતા અટકાવે નહીં કે છૂટા કરે નહીં તેવા મનાઈહુકમની માંગણી કરેલ છે અને આ માંગણીઓ જોતાં સંબંધત કામદારની માંગણી બી.આઈ.આર.એકટનાં પરિશિષ્ટ-૩ ની આઈટમ નં. ૬ માં પડે અને તેથી સદરહું અરજી દાખલ કરતાં પહેલાં સંબંધિત કામદારે વિનંતીપત્ર આપવો જોઈતો હતો જે આપવામાં આવેલ નથી અને કાયદાની આ જોગવાઈઓ મુજબ સંબંધિત કામદારની માંગણી રદ થવાને પાત્ર છે.

(૧૨) સંબંધિત કામદાર તરફે તેમનાં વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રીએ તેમની લેખિત દલીલમાં અરજદાર બેંકે તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ ? બેલેન્સ ઓફ કન્વીનીયન્સ, હાર્ડશીપ તેમજ ઈરીપેરેબલ લોસનાં મુદ્દાઓ તેમની અરજી માં જણાવેલ નથી અને ફકત અપીલમાં તેમણે પ્રથમ દર્શનીય કેસ છે તેમ જણાવવામાં આવેલ છે તે પૂરતું કારણ નથી, કારણ કે, આ દરેક મુદ્દા તેઓએ જસ્ટીફાઈ કરવા પડે જે કરેલ નથી તેથી તે ફકત વેગ અને આધાર વિનાનું સ્ટેટમેન્ટ હોવાથી રદ થવાને પાત્ર છે, પરંતુ અગાઉ ચર્ચા કર્યા મુજબ સંબંધિત કામદારનાં વિદ્વાન ધારાશાસ્ત્રીની આ દલીલમાં તથ્ય નથી, કારણ કે, સંબંધિત કામદારે તેઓએ અરજ દાખલ કરેલ છે અને તેઓનું કથન પુરવાર કરવાની જવાબદારી સંબંધિત કામદારની છે. વળી, સંબંધિત કામદારની મૂળ અરજી જે જ્યારે પ્રથમ દ્રષ્ટિએ ટકવાપાત્ર ન હોય ત્યારે અન્ય મુદ્દાઓ ધ્યાનમાં લઈ શકાય નહીં.

(૧૩) આ કામમાં બીજી નોંધપાત્ર બાબત એ છે કે, અરજદાર બેંક તરફે બેંકમાં બેંક તથા અરજદાર કર્મચારીઓના યુનીયન વચ્ચે થયેલ સમાધાનની નકલ આંક-૪૦/૧ થી રજૂ થયેલ છે જેમાં બેંકમાં ભરતી કરવા અંગેના મુદ્દા પણ નક્કી કરવામાં આવેલ છે અને ભરતી અંગેની જોગવાઈઓ સમાધાનની કલમ-૭ માં દર્શાવેલ છે તે જોતાં પણ સંબંધિત કામદારની ભરતીનાં નિયમો મુજબ નિમણુંક થયેલ નથી અને તેથી પણ મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશે આ બાબતો ઉપર તેમનું માઈન્ડ એપ્લાય કરેલ નહિ હોવાથી મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધિશશ્રીનો હુકમ રદ થવાને પાત્ર છે.

(૧૪) સંબંધિત કામદાર તરફે તેમનાં વિદ્વાન ધારાશાસ્ત્રી ડી. ડી. [illegible] દલીલ

INDEX

કરતાં જણાવેલ છે કે, બી.આઈ. આર. એકટની કલમ-૮૪ મુજબ બેંકે અપીલ કરેલ છે અને તે અંગે મજૂર અદાલતનાં રેકર્ડ ઉપર પ્રોસીજીરીયલ શું ભૂલ કરી તે જોવાનું હોય, ફાઈન્ડીંગ્સ ઓફ ફેકટસ્ હોય તે કલમ-૮૪ મુજબ વાઈડ પાવર્સ કોર્ટ પાસે નથી. ફેકટસ અંગે રીવીઝન હોય તો ના. કોર્ટ માથું મારી ન શકે. આંક-૧૫ ની અરજી ઉપર મજૂર અદાલતે એડવર્સ ઈન્ફરન્સ ડ્રોન કરેલ છે, તે અપીલમાં ચેલેન્જ કરેલ નથી. સબંધિત કામદારની કામગીરી સંતોપકારક ન હતી તેવો બચાવ અંગે રજૂ થયેલ દસ્તાવેજો વગેરે બાબતો ધ્યાનમાં લઈને મજૂર અદાલતે હુકમ કરેલ છે. યોગ્ય તક આપવામાં આવેલ છે. અને તેથી મજૂર અદાલતનો હુકમ યોગ્ય વાજબી હોવાથી અપીલ રદ કરવા વિનંતી કરેલ છે.

(૧૫) અગાઉ ચર્ચા કરી તે મુજબ એ હકીકત છે કે, ફાઈન્ડીંગ્સ ઓફ ફેકટસ હોય તેમાં બી.આઈ.આર. એકટની કલમ-૮૪ નીચે વાઈડ પાવર્સ અત્રેની અદાલત પાસે નથી, પરંતુ જયારે હકીકતો અને કાયદાની સંયુક્ત રીતે ભૂલભરેલો નિર્ણય કરવામાં આવેલ હોય ત્યારે અત્રેની અદાલતે તે ધ્યાનમાં રાખવું પડે. આ કામમાં મજુર અદાલતે તેમનાં ચુકાદામાં જ જે બાબત કે હકીકત પુરવાર થયેલ નથી તે પુરવાર થયેલાનું અનુમાન દોરેલ છે જે ગેરકાયદેસર હોવાથી રદ્દ થવાને પાત્ર છે.

(૧૬) વધુમાં મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં પાન-૫ ઉપર ૧૯૯૮, (૧) જી.એલ.એચ. પાન-૩૬૫ નાં ચુકાદા બાબત જણાવેલ છે કે, બદલી કેઝયુઅલ અથવા હંગામી કામદારોને લાંબો સમય નોકરીમાં ચાલુ રાખવા છતાં તેઓને કાયમી કામદારનાં લાભો અને હકકો આપવામાં ન આવે તો તે અનફેર લેબર પ્રેકટીસ ગણાશે તેમ જણાવેલ છે. પરંતુ આ કામમાં સંબંધિત કામદાર કેટલો વખત કે કેટલો પીરીયડ સુધી તેઓ સતત અને સળંગ નોકરીમાં ચાલુ રહેલ છે તે દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ નથી. તે જ રીતે ૧૯૯૭(૧) જી.એલ.આર. પાન-૧૧૦ અન્વયેનાં ચુકાદામાંથી એડહોક કે હંગામી કામદારે લાંબો સમય સુધી નોકરી કરેલ હોય અને તેની નોકરી સંતોપ કારક હોય તો કાયદેસરની છટણીની શરતોનું પાલન કર્યા સિવાય આવા કામદારને નોકરીમાંથી છૂટા કરી શકાય નહીં અને આ જ બાબત ના. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે પણ ૧૯૮૧(૨) એસ.એલ.આર. પાન-૭૭૦ ઉપર જણાવેલ છે તેમ મજુર અદાલતે જણાવેલ છે. આ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અદપપૂર્વક સ્વીકારવામાં આવે છે, પરંતું સંબંધિત કામદારે લાંબો સમય નોકરી કરેલ હોય તેવો કોઈ પણ પુરાવો અત્રેનાં કેસમાં રજૂ કરી પુરવાર કરેલ નથી.તે જ રીતે મજૂર અદાલતે તેમનાં ચુકાદામાં પાન-૬ ઉપર ના. સુપ્રિમ કોર્ટ એ.આઈ.આર. ૧૯૬૭ પાન-૫૧૬ નાં ટાંકીને જણાવેલ છે કે, કાયમી કામદારની વ્યાખ્યા અંગે ના. સુપ્રિમ કોર્ટે ખૂબજ વિગતવાર ચર્ચા કરેલ છે અને તેમાં હંગામી કામદારની વ્યાખ્યા કરતાં એમ જણાવેલ છે કે,''જયારે કોઈ કામદારને હંગામી કે કેઝયુઅલ પ્રકારનાં કામ માટે અથવા કાયમી કે હંગામી જગ્યા ઉપર હંગામી ધોરણે રાખવામાં આવે તો તે હંગામી કહેવાય. જે કામદારની સમગ્ર વર્પ દરમિયાન કાયમી પ્રકારના કામ માટે

INDEX

રાખવામાં આવે તેઓને કાયમી કહેવાય તેમ જણાવી હાલનાં કેસમાં અરજદાર તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૬ થી સામાવાળામાં કામ કરે છે તે સંજોગોમાં તેમની કામગીરી કાયમી પ્રકારની હોય તેમ જણાય છે તેવું ઠરાવેલ છે કે જે કોઈપણ જાતના દસ્તાવેજી પુરાવાઓ સિવાય ઠરાવવામાં આવેલ છે અને તથી પણ મજૂર અદાલતનો હુકમ ગેરકાયદેસર, ભૂલભરેલો હોવાથી રદ્દ થવાને પાત્ર છે.

(૧૭) અરજદાર તરફે સ્પે.સી.એ.નં. ૨૬૯/૮૮ નું મજૂર મહાજન સંઘ વિ. ઉના તાલુકા ખાંડ સહકારી ખાંડ ઉદ્યોગ અને બીજા તથા સ્પે.સી.એ.નં. ૨૭૦/૮૮ નું ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ વિ. બિલાસપુર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., કેડીનાર અને બીજાઓનું તથા સ્પે.સી.એ.નં. ૨૮૯/૮૮નું સોરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, વિ. તાલાળા તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ લિ. અને બીજાઓનું ના. ગુજરાત હાઈકોર્ટનું ડિવીઝન બેંચનું જજમેન્ટ રજૂ કરેલ છે. તેમાં ના. હાઈકોર્ટે બી.આઈ.આર.એકટની કલમ-૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતને રીવીઝન પાવર્સ કેટલા છે ? તે અંગે વિગતવાર છણાવટ કરેલ છે અને તેમાં પ્રતિપાદિત થયેલ સિધ્ધાંતો અત્રેની અદાલત નમ્રતાપૂર્વક સવીકારે છે પરંતુ સદર અપીલ બી.આઈ.આર. એકટની કલમ-૮૪ મુજબ ફાઈનલ હુકમ કરવાનો પક્ષકારો સંમત થયેલ છે અને તેથી રજુ કરવામાં આવેલ જજમેન્ટ રીવીઝન અંગેનું છે.

(૧૮) સામાવાળા તરફે ૨૦૦૧(૧) એલ.એલ.જે. પાન-૧૬૭૮ નું રાજપાલામમ મ્યુનિસિપાલીટી રાજાપાલામમ વિ. પ્રિસાઈડીંગ ઓફિસર એડીશનલ લેબર કોર્ટ, મદુરાઈ અને બીજાઓનું કરેલ છે તેમાં સંબંધિત કામદાર રોજમદાર તેમજ તેનું કામ ફકત સીઝન પરતું હોવાથી તે કાયમી થવાને પાત્ર થતા નથી તેમ ઠરાવેલ છે. સામાવાળા તરફે ના. ગુજરાત હાઈકોર્ટનું ૧૯૯૭(૩) જી.એલ.આર. ૨૪૬૧ નું અર્જુનભાઈ જે. ચોહાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનું રજુ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદારની નિમણૂંક તેને જે તે ભરતી અંગેનાં નિયમો દ્વારા થયેલ નહીં પરંતુ હંગામી ધોરણે થયેલ અને તેથી સંબંધિત કામદારનો નોકરીમાં સતત ચાલુ રહેવાનો હક્ક ઉભો થતો નથી એક તબક્કે તેનું નામ રોજગાર વિનિમય કચેરી મારફત આવેલ હોય તો પણ હંગામી નિમણુંક હોવાથી તથા હંગામી ધોરણે કોઈ જગ્યાએ લાંબા ગાળા માટે નિમણુંક કરવામાં આવેલ હોય તો પણ તેનો હક્ક ઉભો થાય નહીં તેમ ઠરાવેલ છે. સામાવાળા સંસ્થા તરફે ૧૯૯૩(૧) એલ.એલ.જે. (સુ.કો.) ૧૯૦નું ડિસ્ટ્રિકટ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ યુ.પી. અને પુષ્પા શ્રીવાસ્તવનું ના. સુપ્રિમ કોર્ટનું રજુ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદારની કોન્ટ્રેકટ બેઝ ઉપર એડહોક ધોરણે નિમણુંક થયેલ હોવાથી તેની એક વર્ષ ઉપરની નોકરી થયેલ હોવાથી તે કાયમી થવાને હક્કદાર થાય નહીં તેમ ઠરાવેલ છે.

INDEX

(૧૯) સામાવાળા તરફે ૧૯૯૫(૧) જી.એલ.એચ. ૨૨૮ નું ભાનુમતિ ટપુભાઇ મુલીયા વિ. ગુજરાત રાજ્ય પ્રીન્સીપાલ ગવર્નમેન્ટ ઇન્ડસ્ટ્રીયલ ઇન્સ્ટી.નું ના. ગુજરાત હાઇકોર્ટનું ડિવીઝન બેંચનું જજમેન્ટ રજૂ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદારની નિમણુંક એડહોક ધોરણે ફીક્સ સમય માટે કરવામાં આવેલ. ફીક્સ સમય પૂરો થતાં સંબંધિત કામદારને તે જગ્યા ઉપર સતત ચાલુ રહેવાનો કોઇ હક્ક ઉભો થતો નથી તેમ ઠરાવેલ છે અને તેમાં સિવિલ પ્રોસીજર કોડ-૧૯૦૮ ના ઓર્ડર-૩૯ રૂલ-૧ અને ૨ માં જયારે કોઇ હક્ક અધિકારને પ્રોટેક્ટ કરવા માટેનું તથ્ય ન હોય તો હક્ક પ્રોટેક્ટ થાય નહીં અને તેથી મનાઇ હુકમ આપી શકાય નહીં. જો મનાઇ હુકમ મંજૂર કરવામાં આવે તો તેનો અર્થ નિમણૂંકને લંબાવવામાં આવે છે તેવો થાય અને તેથી કોર્ટને આ નિમણુંક લંબાવવા અંગેની કોઇ હકૂમત નથી તે જ રીતે અન્ય કેસમાં જો મનાઇ હુકમ મંજૂર કરેલ હોય તો મનાઇહુકમ આપવો જોઇએ તેવું નથી. ભારતીય બંધારણની કલમ-૩૦૯ મુજબ જો ભરતીના નિયમો ન હોય તો વહીવટી સૂચના અનુસાર ભરતી થઇ શકે અને તે મુજબ ડ્રાફટીંગ રૂલ્સ એ વહીવટી સૂચના કહેવાય અને ડ્રાફટસ રૂલનાં આધારે ભરતી થઇ શકે, નિમણુંક અંગેનો એલીજીબીલીટી ક્રાઇટેરીયા તેમાં અનુભવમાં છૂટછાટ આપવા અંગે-ઓથોરીટીને આ અંગે ડીસ્ક્રેશનરી પાવર્સ છે. કોર્ટ ઓથોરીટીને અનુભવમાં છૂટછાટ આપવા અંગેનો હુકમ થઇ શકે નહી. સામાવાળા સંસ્થાએ ૧૯૯૪(૧) સી.એલ.આર. ૧૦૭ નું ના. અલ્હાબાદ હાઇકોર્ટનું જી.પાઇ રેડ્ડી વિ. બ્રુક બોન્ડ ઇન્ડીયા લિ. ઘાટકેશ્વર અને બીજાઓનું રજૂ કરેલ છે તેમાં સંબંધિત કામદાર ૧૯૬૯ થી ૧૯૭૯ સધી કેઝયુઅલ કામદાર તરીકે કામ કરતો પરંતુ તે છટણી વળતર મેળવવાને હકદાર થતો નથી કારણ કે તેણે કોઇપણ વર્ષમાં ૨૪૦ દિવસ પૂરા કામ કરેલ નથી. કેઝયુઅલ વર્કર કામ કરવા આવેલ હોય તેથી માલિકની એ ફરજ નથી કે, તેને કામ આપવું જોઇએ કે જ્યારે તેની પાસે કામ ન હોય ત્યારે અને તેથી સંબંધીત કામદારની રીટ અપીલ રદ કરેલ. સામાવાળા સંસ્થા તરફે ૧૯૯૯(૧) સી.એલ.આર -૧૬ નું ના. સુપ્રિમ કોર્ટનું મ્યુનિસિપલ કોર્પોરેશન, બિલાસપુર વિ. વીરસીંગ રાજપૂત અને બીજાઓનું રજૂ કરેલ છે તેમા સંબંધિત કામદાર ડેઇલી રેટેડ કેઝયુઅલ કામદાર હતો અને તેને તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૩ થી છૂટા કરવાનો હુકમ કરેલ તે હુકમને ચેલેન્જ કરતાં હાઇકોર્ટે તે હુકમ સેટ-એ-સાઇડ કરેલો અને તે હુકમ સામે સંસ્થાએ સદર સિવીલ અપીલ ના. સુપ્રિમ કોર્ટમાં કરેલ અને ના. સુપ્રિમ કોર્ટે સદર સીવીલ અપીલ મંજૂર કરી ના. હાઇકોર્ટનો હુકમ સેટ-એ-સાઇડ કરેલ તેમાં સંબંધિત કામદારની નિમણુંક સ્ટેડીંગ કમિટીએ ઠરાવ કરી પોલીટીકલ કારણોસર કરેલ હતી અને સ્ટેન્ડીંગ કમિટીનું સુપરસીડ થતાં સંસ્થામાં વહીવટદાર આવવાથી વહીવટદારે સદર નિમણૂંકમાં ઘણી ગંભીર અયોગ્યતાઓ મળી આવેલ અને તેથી ના. સુપ્રિમ કોર્ટે ના. હાઇકોર્ટનો હુકમ રદબાતલ ઠરાવેલ.

(૨૦) સામાવાળા સંસ્થા તરફે ૨૦૦૨(૧) એલ.એલ.જે. ૮૩૨ નું ના. સુપ્રિમ કોર્ટનું રીજીયોનલ ડેપ્યુટી ડીરેક્ટર અને બીજાઓ વિ. પી. વેંકટારામનનું રજૂ કરેલ છે તેમા

INDEX

સંબંધિત કામદારની નિમણુંક જાન્યુઆરી ૨૯, ૧૯૯૨માં કરેલ હતી તેની પહેલાં તે સંસ્થામાં એટેન્ડન્ટ તરીકે કામ કરતો હતો. આંધ્રપ્રદેશની સબઓર્ડીનેટ સંબંધિત હુકમની જોગવાઇઓ મુજબ એટેન્ડન્ટની લીટરલી ટેમ્પરરી હતી અને સદર રૂલ્સની જોગવાઇઓ મુજબ કોઇપણ જાતનાં કારણો કે અગાઉ નોટીસ આપ્યા વિના છૂટા કરી શકાય છે અને ત્યારબાદ સંસ્થાનાં કામદારને તારીખ ૧૪મી મે, ૧૯૯૬ ના રોજ બીજો હુકમ કાઢી જણાવેલ કે, સંબંધિત કામદારે પાંચ વર્ષનો અનુભવ ન હોવાથી તેને એટેન્ડન્ટની જગ્યા ઉપર ટ્રન્સફર કરેલ તેમાં રૂલ્સની જોગવાઇઓ ન હોવા છતાં ટ્રાન્સફર કરેલ હોવાથી તે હુકમ ટ્રિબ્યુનલમાં કામદારે ચેલેન્જ કરેલ જે ટ્રિબ્યુનલે માન્ય રાખેલ અને તેની સામે ના. હાઇકોર્ટમાં પણ તે હુકમ યથાવત ઠેરવેલ તેથી સંસ્થા ના. સુપ્રિમ કોર્ટમાં ગયેલ જેમાં ના. સુપ્રિમ કોર્ટે પણ ટ્રિબ્યુનલનો હુકમ માન્ય રાખી સંસ્થાની સીવીલ અપીલ રદ્દ કરેલ.

(૨૧) સામાવાળા સંસ્થા તરફે વોલ્યુમ-૮૬ એફ.જે.આર. ૪૯૩ નું કેરાલા રાજય અને બીજાઓ વિ. સી.મોહનાતનું ના. કેરાલા હાઇકોર્ટનું રજૂ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદારની નિમણુંક કેઝયુઅલ લેબરર તરીકે થયેલ ન હતી પણ સંસ્થાના નિયમો મુજબ ડ્રાઇવરની જગ્યાનો અનુભવ હતો. પરંતુ સંસ્થા કેરાલા જનરલ સબઓર્ડીનેટ સર્વિસમાં પડતી હતી અને તે ભરતીનાં નિયમો મુજબ સંબંધિત કામદારની નિમણૂંક થયેલ નહીં અને તેથી સંબંધિત કામદાર કાયમી થવાની માગણી કરી શકે નહીં અને કરે તો તે રદ્દ થવાને પાત્ર છે તેમ ઠરાવેલ. સામાવાળા સંસ્થા તરફે ૧૯૯૪(૬૯) એફ.જે.આર. ૯૦૮ નું એકઝીકયુટીવ એન્જીનીયર, સેકન્ડ કન્સ્ટ્રકશન ડિવીઝન, અલ્હાબાદ અને બીજાઓ અને પ્રિસાઇડીંગ ઓફિસર, લેબર કોર્ટ, અલ્હાબાદ અને બીજાઓનું ના. અલ્હાબાદ હાઇકોર્ટનું રજૂ કરેલ છે તેમાં પણ સંબંધિત કામદાર ડેઇલી વેજીસ ઉપર કામચલાઉ કામ માટે રાખવામાં આવેલ કે જે કામ પૂરું થયેલ અને તે કામ જલ સંસ્થાનને સુપ્રત કરવામાં આવેલ તેથી સંબંધિત કામદારની નોકરી કામ પુરૂ થતાં ઓટોમેટીક પૂરી થયેલ. પરંતુ મજૂર અદાલતે સંબંધિત કામદારને પડેલા દિવસોનાં પગાર સહિત પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ તે અલ્હાબાદ હાઇકોર્ટે ઉપરોકત કારણોસર રદ્દ કરેલો.

(૨૨) સામાવાળા સંસ્થા તરફે ૧૯૯૯ લેબ.આઇ.સી.-૧૯૪૮નું ના. હિમાચલ પ્રદેશ હાઇકોર્ટનું બલવંદરસીંહ વિ. સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ અને બીજાઓનું રજૂ કરેલ છે, તેમાં સંબંધિત કામદારને સંસ્થાએ સ્ટેનો ટાઇપીસ્ટ તરીકે ડેઇલી વેજર તરીકેની વર્તમાનપત્રમાં જાહેરાત આપીને રાખવામાં આવેલ. જાહેરાતથી સ્પષ્ટ થયેલ કે, જગ્યા રોજમદાર માટેની છે. આ જગ્યા મંજૂર થયેલ ન હતી કે મંજુરી માટે જણાવેલ ન હતું. સંબંધિત કામદારને આપી શકાય તેવું પૂરતું કામ ન હોવાથી છૂટા કરેલ તેથી ગેરકાયદેસર રીતે સદર જગ્યા અયોગ્ય ઓથોરીટીએ રદ્દ કર્યાનો બચાવ સંબંધિત કામદારે લીધેલ જે ના. હાઇકોર્ટે રદ્દ કરેલ. સામાવાળા તરફે ૨૦૦૧ (૧) એલ.એલ.જે. પાન-૧૬૭૮નું રજૂ કરેલ છે જેની

INDEX

આપણે આગળ ચર્ચા કરેલ છે. સામાવાળા સંસ્થા તરફે ૧૯૯૩(૧) એલ.એલ.જે. પાના-૧૯૦ નું ડાયરેકટર ઓફ ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઓફ યુ.પી. અને પીયા શ્રીવાસ્તવનું ના. સુપ્રિમ કોર્ટનું રજૂ કરેલ છે તેમાં સંબંધિત કામદારની નિમણુંક એડહોક ધોરણે કોન્ટ્રેકટ બેઈઝ ઉપર મર્યાદિત સમય માટે કરેલ તેથી સંબંધિત કામદારને નિમણૂંક કાયદેસર ઠરાવવા માટે ના. હાઈકોર્ટમાં મેન્ડેમસની રીટ કરેલ અને તેમાં સફળ થયેલ તેથી સંસ્થાએ ના. સુપ્રિમ કોર્ટમાં સીવીલ અપીલ કરેલ તેમાં ના. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે જ્યારે સંબંધિત કામદારની નિમણુંક કરારથી અને ફીક્સ સમય માટે થયેલ હોવાથી તે કરાર મુજબ સમય પૂરો થતાં સંબંધિત કામદાર કાયમી થવાને હક્કદાવો કરી શકે નહી.

(૨૩) સંસ્થા તરફે ૧૯૯૯(૧) એલ.એન.એન. ૮૪૭ નું સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ અને લેબર કોર્ટ હલ્દવાની અને બીજાઓનું રજૂ કરેલ છે. તેમાં મજૂર અદાલતે ડેઈલી વેજર કામદારને નોકરીમાં કાયમી કરવાનો હુકમ કરેલ તેનાથી નારાજ થઈ અરજદારે ના. અલ્હાબાદ હાઈકોર્ટમાં રીટ પીટીશન કરેલ તેમાં નામ. હાઈકોર્ટે ઠરાવેલ કે, રોજમદાર કામદારની નોકરી દરેક સાંજે પૂરી થાય અને બીજા દિવસે નવી નિમણૂંક થાય તેથી તેવા કામદારને જો કોઈ દિવસ કામની ના પાડવામાં આવે તો તેથી આઈ.ડી. એકટની કલમ-૨૫-એફ ની જાગવાઈઓ મુજબ છટણી કહેવાય નહીં, કારણ કે, માલિક દ્વારા તેની છટણી કરવામાં આવતી નથી ફક્ત તે ફરીથી કામ આપતાં નથી તે થાય. રોજમદાર કામદારને કામે રાખતી સંસ્થાના ભરતીનાં નિયમોનું પાલન થયેલ હોતું નથી જેવી કે, ઉંમર, મેડીકલ ફીટનેસ, ચારિત્ર્ય વગેરે તપાસેલ હોતા નથી. અને બધી જોગવાઈઓનું પાલન થયેલ ન હોય ત્યારે રોજમદાર કામદારને બેંક ડોર એન્ટ્રીથી કાયમ કરી શકાય નહી તેમ ઠરાવેલ છે. સામાવાળા તરફે સ્પે. સિવીલ અરજી નં. ૬૧૦૦/--૨૦૦૦નું અમરસિંહજી મીલ્સ વિ. ટેક્ષટાઈલ્સ યુનીયનનું નામ. ગુજરાત હાઈકોર્ટનું રજૂ કરેલ છે તેમાં અરજદાર મીલ કંપની કે જે ટેક્ષટાઈલ્સ મીલ છે અને તેમાં કાપડનું ઉત્પાદન થાય છે અને તેમાં ૭૯૨ કામદારો કામ કરે છે. મીલ કંપની સામે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, મીલ કંપનીને ૧૯ દિવસમાં તેનું યુનીટ માંટે એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટની કલમ-૫ મુજબ નોટીસ આપેલ અને તે અંગે ફરિયાદ પણ કરેલ. મીલ્સ કંપનીને આ નોટીસની તારીખ ૨૭મી માર્ચ,૨૦૦૦ ના રોજ મળેલ. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે આ ફરિયાદની નકલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડને મોકલેલ અને બોર્ડ પણ આ હુકમ મીલ્સ કંપનીને મોકલેલ જે મીલ કંપનીને તારીખ ૫મી મે, ૨૦૦૦ના રોજ મળેલ અને બોર્ડે મીલ કંપનીને તેનું ફેબ્રીક કાપડનું ઉત્પાદન બંધ કરવા તથા પાણીનો પુરવઠો બંધ કરવા જે તે ઓથોરીટીને જણાવેલ. મીલ કંપનીએ બંન્ને બોર્ડોને વારંવાર તેનું યુનીટ બંધ નહી કરવા કરલો હુકમ પાછો ખેંચવા વિનંતીઓ કરેલી પણ આ વિનંતીઓ બોર્ડે માનેલ નહીં તેથી મીલ કંપનીએ બોર્ડે આપેલ નોટીસો મીલની નોટીસ બોર્ડ ઉપર મૂકીને તેઓ કલોઝર કરવા માંગતા નથી તેમ પ્રયત્ન કરેલ નથી તથી સદર નોટીસને સામાવાળા યુનીયને બી.આઈ.આર. એકટની

જોગવાઈ મુજબ મજૂર અદાલતમાં બોર્ડની તથા મીલ કંપનીની નોટીસને ચેલેન્જ કરેલ અને તેથી મજૂર અદાલતે હાલની યથાવત્ પરિસ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ કરેલ અને તે સમય દરમિયાન સેન્ટ્રલ પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડે બીજો હુકમ કરીને મીલ્સ કંપનીને તેની પ્રોસેસ હાઉસો અને તેની સામેનાં આનુપાંગિક વિભાગો બંધ કરવાનો તારીખ ૩૧મી મે, ૨૦૦૦ ના રોજ હુકમ કરેલ. મીલ્સ કંપનીએ આ તમામ વિગતોને વર્ણવતો જવાબ મજૂર અદાલતમાં રજૂ કરેલ. પક્ષકારોને સાંભળીને મજૂર અદાલતે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ અરજી પ્રિમેચ્યોર હોવાથી રદ કરેલો અને તેથી મીલ કંપની પાસે ગુજરાત પોલ્યુશન બોર્ડ તથા સેન્ટ્રલ પોલ્યુશન બોર્ડનાં હુકમોનું પાલન કર્યા સિવાયનો કોઈ અર્થ રહેલ નહીં અને તેથી મીલ કંપનીએ હુકમ મુજબનાં ડીપાર્ટમેન્ટ તારીખ ૩૧મી મે, ૨૦૦૦ થી બંધ કરેલ.

(૨૪) ઉપરોક્ત તમામ હકીકતો અને પુરાવાઓ જોતાં જુનાગઢની મજૂર અદાલતે તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૯ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોવાથી તે રદ કરવો જરૂરી હોઈ એપેલન્ટે બેંકની વચગાળની અરજી તથા મૂળ અપીલ મંજૂર કરવું યોગ્ય અને વાજબી જણાતી હોઈ તે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :–

હુકમ

એપેલન્ટ બેંકની સદર અપીલ આથી મંજૂર કરવામા આવે છે. અને જૂનાગઢની મજૂર અદાલતે બી.આઈ.આર.અરજી નં. ૭/૯૭ નાં કામમાં તારીખ ૧૮મી ઓક્ટોબર, ૧૯૯૯ ના રોજ કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨
(ગુજરાત), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૬-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ- ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, પોરબંદર કોમર્શીયલ કો. ઓ. બેંક લી., પોરબંદર અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ ના ઓક્ટોબર માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

આંક-૪

શ્રી એમ. પી. ચાવડા, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, રાજકોટ સમક્ષ, રાજકોટ.

રેફરન્સ આઈ. સી. આર. નં. ૨/૯૫

ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટ ... ... પ્રથમ પક્ષકાર;
"રાહબર" ૮, જાગનાથ પ્લોટ, રાજકોટ

વિરૂધ્ધ

પોરબંદર કોમર્શીયલ કો. ઓપ. બેંક લી., પોરબંદર ... ... બીજા પક્ષકાર.

પ્રથમ પક્ષકાર તરફે વકીલ શ્રી પી.એસ. વસાવડા,.
બીજા પક્ષકાર તરફે કોઈ નહીં.

ચુકાદો

(૧) આ વિવાદ ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટે બીજા પક્ષકાર સામાવાળા પોરબંદર કોમર્શીયલ. કો. ઓપ. બેંક લિ., પોરબંદર સામે બી.આઈ.આર. એક્ટની કલમ-૭૩(૧) અન્વયે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ વિવાદ ફોર્મ-એલ માં દર્શાવ્યા મુજબ જુદી જુદી ૧૩ જેટલી માંગણીઓ સંબંધે ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસ કાઢવામાં આવી હતી અને તે તેઓને બજીપણ ગઈ હતી. તદઅન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલા અરજદારનાં એડવોકેટ શ્રી પી. એસ. વસાવડાએ આંક-૩ ની એક પુરશીસ રજૂ કરી જણાવેલ છે કે, આ કામમાં અરજદારને સામાવાળા સાથે સમાધાન થઈ

INDEX

જતાં તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી અને તેથી તેઓ આ કેસ પાછો ખેંચી લે છે તેથી કેંસલ કરવા વિનંતી કરેલ છે. તેઓની આ જાહેરાત જોતાં હવે આ કામમાં અન્ય કાંઇ પણ કરવાનું રહેતું નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે ;-

હુકમ

આ વિવાદ આંક-૩ ની પુરશીસ અન્વયે પાછો ખેંચાઇ જાય છે તેથી પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે તદ્અન્વયે આ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૭મી ઓગષ્ટ, ૨૦૦૨.

એમ. પી. ચાવડા,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨
(ગુજરાત), રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૭-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઇ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું તલાલા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તલાલા અને સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ તરફે ઔદ્યોગિક વિવાદમાં

INDEX

ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ ના ઓકટોબર માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

આંક-૧૨

શ્રી ડી. એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) ૩૬/૮૪

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ ... ... પ્રથમ પક્ષકાર;

વિરૂધ્ધ

તાલાલા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., ... દ્વિતીય પક્ષકાર.
તાલાલા.

વિષય :- કામદારોને વિના મુલ્યે વૈદકીય સારવાર અથવા મેડીકલ એલા. આપવા બાબત.

પ્રતિનીધિત્વ : (૧) યુનીયન તર્ફે શ્રી વિજયભાઈ ટીંબડીયા.
(૨) સંસ્થા તર્ફે શ્રી એસ. બી. ગોગીયા.

હુકમ

(૧) આ કામના પ્રથમ પક્ષકાર સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ તરફથી આ કામના દ્વિતીય પક્ષકાર શ્રી તાલાલા તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તાલાલા (ગીર) ની સામે મુંબઈ ઔદ્યોગિક સંબધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૭૩ હેઠળ, આ રેફરન્સ કરેલ છે.

(૨) આ કામે સંસ્થાના કામદારોને વિના મલ્યે વૈદકીય સારવાર અથવા મેડીકલ એલાઉન્સ આપવા બાબતે વિવાદ ઉપસ્થિત કરેલ છે. તેમાં આંક-૪ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જેનો સંસ્થાએ આંક-૮ થી લેખીત જવાબ રજુ કરીને કામદારોની માંગણીઓનો વિરોધ કરેલ છે અને રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

(૩) આ રેફનન્સની સુનાવણી હાથ ધરતાં સંબંધિત યુનીયનના વિદ્વાન પ્રતિનિધીશ્રી તરફથી આ કામમાં આંક-૧૧ મુજબની પુરસીસ રજુ કરીને તેઓ હાલની તકે આ વિવાદ આગળ ચલાવવા ઈચ્છતા ન હોઈ પરત લેવા અંગે પરમીશન આપવા અરજ કરે છે. તે અંગે સંસ્થાના વકીલશ્રીને પણ વાંધો નથી જેથી આંક-૧૧ની પુરશીસ અન્વયે આ રેફરન્સ પાછો ખેચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે આ રેફરન્સનો નિકાલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

INDEX

રાજકોટ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૨.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં.
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૦મી ઓકટોબર, ૨૦૦૨.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ--૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૩૮૦૮-આર.યુ.--સને ૧૯૪૬ ના મુંબઈ ઔદ્યોગિક સબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ ૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું તલાલા તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તલાલા અને સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૨ના ઓકટોબર માસના ૧૦માં દિને આથી નોંધ કરું છું.

આંક-૯

શ્રી ડી. એન. બારોટ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ.

રેફરન્સ (આઈ. સી.) ૩૫/૮૪

સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ, રાજકોટ ... ... પ્રથમ પક્ષકાર;

વિરૂધ્ધ

તલાલા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., તલાલા ... દ્વિતીય પક્ષકાર.

I-L-2820

INDEX

વિષય :– સર્વ કામદારોને દરમાસે ૫-કિલો ખાંડ વિના મલ્યે તા.૧-૧-૧૯૮૨ થી આપવા.

પ્રતિનિધિત્વ : (૧) યુનીયન તર્ફે શ્રી વિજયભાઈ ટીંબડીયા.
(૨) સંસ્થા તર્ફે શ્રી એસ. બી. ગોગીયા.

હુકમ
